# સાધનજ્યોતિ

(તૃતીય દીપ)

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ
ભરૂચ

પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમપુર ( જિ. ભરૂચ

●

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૦૦૦
કીમત રૂ. ૨-૭૫

●

મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ.
મુંબઈ-૨.

# નિવેદન

સાધનજયોતિના આ તૃતીય દીપમાં જ્ઞાનયોગની સાધન સાધના માટેના વિવેકવિચારને અનુકૂળતા કરે એવા લેખોની સામગ્રી વિશેષ છે.

ચિત્તની શુદ્ધિ, વૃત્તિ અને કર્મના શુભાશુભ વિવેક, ધ્યાનમાં એકાગ્રતા, ધ્યેયની યોગ્ય પસંદગી, અહંગ્રહ ઉપાસના અને એ બધામાં વિશેષ સરલતા પ્રાપ્ત થાય એટલા માટે ઇષ્ટદેવ, સદ્ગુરુ અને શાસ્ત્રની કૃપાદૃષ્ટિ મેળવવાનાં રહસ્યભર્યાં સૂચનો છે.

મુમુક્ષુવર્ગ એનો યથેચ્છ ઉપયોગ કરીને ઇષ્ટમાર્ગે અગ્રસર થાય એવી અનેક શુભેચ્છાઓ સાથે હરિઃ ૐ તત્સત્।

જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમ્પુર (જિ. ભરૂચ)
જેઠ શુદિ ૧૦ સં. ૨૦૧૩

સ્વા. સ્વયંજયોતિ તીર્થ

# લેખાનુક્રમ

| લેખ | | પૃષ્ઠ |
|---|---|---|
| | નિવેદન | |
| ૧ | જ્ઞાન અને શાન્તિ | ૧ |
| ૨ | આત્મશુદ્ધિ | ૨૦ |
| ૩ | શુદ્ધિ અને શાન્તિ | ૪૩ |
| ૪ | અભ્યાસ અને વૈરાગ્ય | ૫૬ |
| ૫ | કૈંક ધ્યાન વિષે | ૭૩ |
| ૬ | ચિત્ત અને વૃત્તિ | ૯૫ |
| ૭ | સાધનસમીક્ષા | ૧૧૩ |
| ૮ | બ્રહ્મદૃષ્ટિ | ૧૩૭ |

# સાધનજ્યોત

(તૃતીય દીપ)

૧

# જ્ઞાન અને શાન્તિ

ભગવદ્ગીતાનો ચોથો અધ્યાય કર્મબ્રહ્માર્પણયોગ, કર્મસંન્યાસ-યોગ, યજ્ઞવિભાગયોગ, જ્ઞાનકર્મસંન્યાસયોગ, બ્રહ્માર્પણયોગ, જ્ઞાન-યોગ એવાં ભિન્ન ભિન્ન નામથી ઓળખાય છે, એ એની વિશિષ્ટતા છે. આ અધ્યાયનાં આટલાં બધાં નામ ઉપરથી એમ સૂચિત થાય છે કે આ સમસ્ત વિશ્વચક્ર અવિરત ગતિ તથા ભાવથી ચાલ્યા જ કરે છે. પ્રત્યેકક્ષણે ક્રિયાશીલ રહેતા સમસ્ત બ્રહ્માંડમાં કર્મમાં અકર્મબુદ્ધિ કેળવવા માટે જે બ્રહ્મજ્ઞાનની પરમ આવશ્યકતા છે, એવા જ્ઞાનની આ અધ્યાયમાં પ્રશંસા છે; ભિન્ન ભિન્ન જાતના યજ્ઞોનાં નામ તથા પ્રકાર સમજાવીને જ્ઞાનયજ્ઞને એમાં શ્રેષ્ઠ કહ્યો છે; જ્ઞાનનો મહિમા વર્ણવ્યો છે; એનાં સાધન બતાવ્યાં છે અને જ્ઞાનના ફલને, કર્મને ભસ્મીભૂત કરીને શાંતિ અપાવનાર તરીકે કહી બતાવ્યું છે. જન્મજન્માંતરમાં ફરતા અને પાપસમુદ્રમાં પડેલાને જ્ઞાનનૌકા જ તારણહાર બને છે. જ્ઞાનના જેવું બીજું કાંઈ પણ પવિત્ર નથી એટલે ચિત્તના સમસ્ત દોષોને એ ધોઇ નાંખે છે. ઉપ-રાંત એ નિત્ય છે તેથી એ દ્વારા નાશ પામેલો ભવમોહ માનવી અંતઃકરણમાં પુનઃ પ્રવેશી શકતો નથી. આવો આ યોગશિરોમણિ જ્ઞાનયોગ કોને અને કયારે પ્રાપ્ત થાય એનું એમાં વિસ્તૃત વિવેચન છે. આપણે એનું મનન કરીએ:

( ૧ ) આ મહાન્ યોગ પરંપરાપ્રાપ્ત હોય છે; અને મહાન્ ગુરુના મિત્રભક્તને જ પ્રાપ્ત થાય છે. ( શ્લો. ૨–૩ )

( ૨ ) જ્ઞાનયોગના ઉપદેશક આચાર્ય પોતાના આત્મસ્વરૂપને અજન્મા, અવ્યય, કર્મથી અલિપ્ત, કર્મફલમાં નિસ્પૃહ, કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ સમજવામાં વિવેકી તથા કામસંકલ્પથી વર્જિત કર્મના કર્તા તરીકે અનુભવનાર હોવા જોઈએ. ( શ્લો. ૪ થી ૧૯ )

( ૩ ) એનું પ્રત્યેક કર્મ બ્રહ્માર્પણભાવથી થવું જોઈએ. (શ્લો. ૨૪)

( ૪ ) બીજા બધા યજ્ઞો કર્મમાંથી ઉદ્‌ભવેલા હોય છે, ત્યારે આ જ્ઞાનયજ્ઞને કર્મ કે કર્મનાં સાધન સાથે કશોય સંબંધ જ નથી. ( શ્લો. ૩૨ )

( ૫ ) બધા યજ્ઞો કરતાં આ જ્ઞાનયજ્ઞ એટલા માટે શ્રેષ્ઠ છે કે જ્યાં કર્મની પૂર્ણાહૂતિ થાય, ત્યાં જ્ઞાનાગ્નિની જ્વલંત જ્યોતિ પ્રકટ થાય છે. ( શ્લો. ૩૩ )

( ૬ ) એ જ્ઞાન જ્ઞાનીઓ પાસેથી જ મળી શકે અને તે પણ વિનમ્ર ભાવે ગુરુનું શરણ ગ્રહણ કરીને, પ્રશ્નનું સમાધાન મેળવીને તથા એમની બ્રહ્માર્પણ ભાવે સેવા કરીને. ( શ્લો. ૩૪ )

( ૭ ) શ્રદ્ધા, તત્પરતા અને ઈંદ્રિયસંયમ એ સાધનત્રિપુટી એમાં આવશ્યક સાધન છે. એ વિના એ માર્ગે પ્રકાશ મેળવી શકાય એમ નથી. ( શ્લો. ૩૯ )

આ જ્ઞાન એટલે અનેક વિષયોનું ભેદજ્ઞાન નહિ, પણ સર્વવ્યાપી, સર્વાધાર એક આત્મસ્વરૂપનું અભેદજ્ઞાન; ભેદજ્ઞાનને નાશ કરી અભેદઆનંદનું સમર્થક બ્રહ્મજ્ઞાન. આ જ્ઞાનનું ફલ બતાવે છે શાંતિ. શ્લો. ૩૯ આ પ્રમાણે છે :–

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ॥
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥

અર્થ : શ્રદ્ધાળુ, તત્પર અને ઇંદ્રિયસંયમવાળો પુરુષ જ્ઞાન પામે છે; જ્ઞાન પામ્યા પછી તરત જ ઉત્કૃષ્ટ શાંતિ (કૈવલ્ય-મોક્ષ) પામે છે.

ભગવાન શંકરાચાર્ય આ શ્લોક ઉપર નીચે પ્રમાણે ભાષ્ય લખે છેઃ–

"શ્રદ્ધાળુ મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે; શ્રદ્ધાળુપણામાં પણ કોઇ મંદગતિવાળો (ધીમે ચાલનારો) હોય છે. માટે કહે છે કે તે તત્પર હોય એટલે કે શ્રીગુરુની પાસે જવું તથા શ્રવણ–મનન કરવું વગેરે જ્ઞાનપ્રાપ્તિનાં સાધન મેળવવા વગેરેમાં ઉદ્યોગવાળો હોય; શ્રદ્ધાવાન અને તત્પર હોવા છતાં પણ અજિતેન્દ્રિય હોય તો? (તે માટે) કહે છે કે તે સંયતેન્દ્રિય પણ હોવો જોઈએ. જે એવી રીતે શ્રદ્ધાળુ, તત્પર અને સંયતેન્દ્રિય પણ હોય છે તે અવશ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે. પ્રણિપાત (પ્રણામ) વગેરે સાધનો છે, પણ તે બહારનાં સાધનો છે. ઐકાન્તિક નથી, અને તે કપટથી પણ (દેખાવ) ખાતર કરી શકાય છે, તેથી તે (જ્ઞાનરૂપ ફળ ઉત્પન્ન કરવામાં) અનિશ્ચિત પણ નીવડી શકે છે. પરંતુ શ્રદ્ધાળુપણું વગેરે સાધનોમાં કપટ ચાલી શકતું નથી. માટે તે ઐકાન્તિક નિશ્ચયરૂપે જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય છે. એ જ્ઞાનપ્રાપ્તિમાં લાભ શું થાય? એમ પૂછો તો (એનો જવાબ શ્લોકના) ઉત્તરાર્ધમાં કહ્યો છે. જ્ઞાન પામી મોક્ષસ્વરૂપ શાંતિ એટલે (દ્વૈતમાંથી) ઉપરતિ તત્કાળ જ પામે છે. સમ્યગ્ દર્શન (યથાર્થજ્ઞાન) થી તરત જ મોક્ષ થાય છે. આ વાત સર્વશાસ્ત્ર અને ન્યાયથી પ્રસિદ્ધ થઇ ચૂકેલી તેમ જ સુનિશ્ચિત એટલે સારી રીતે પુરવાર થઈ ચૂકેલી છે."

આ અધ્યાયમાં જ્ઞાનપ્રાપ્તિનાં સાધન બતાવે એવા બે શ્લોક

મુખ્ય છે; એમાંનો એક તો આપણે ઉપર જોઇ ગયા; બીજો આ પ્રમાણે છે. જ્ઞાનની મહત્તા વર્ણવ્યા પછી ભગવાન એ જ્ઞાન મેળવવા માટે કહે છે કે :–

तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिन: ॥ ३४ ॥

અર્થ: એ જ્ઞાન તું પ્રણામ, પરિપ્રશ્ન અને સેવા કરીને જાણી અનુભવી લે; તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને તે જ્ઞાનનો ઉપદેશ કરશે.

આ ઉપર પણ ભગવાન શંકરાચાર્ય શું કહે છે તે જોઈએ:–

"જે વિધિ વડે એ જ્ઞાન પ્રાપ્ત થાય છે તે તું જાણ, સમજી લે. આચાર્યની પાસે જઇને ખૂબ નીચા નમી (સાષ્ટાંગ નમીને) 'બંધ કેવી રીતે, મોક્ષ કેવી રીતે, અવિદ્યા તે શું? અને વિદ્યા તે શું? એવી જાતના અનેકાનેક રીતના પ્રશ્નો વડે તથા સેવા વડે એટલે કે ગુરુની સેવા વડે તે જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ રીતે સેવા વગેરેથી પ્રસન્ન થયેલા આચાર્ય તને તે જ્ઞાન (જેનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે તે) કહેશે જ્ઞાનીઓમાં પણ કોઈક જ યથાર્થ તત્ત્વ જાણવાવાળા હોય છે, પરંતુ કાંઇ બધા જ તત્ત્વ જાણનારા હોતા નથી. તેથી જ્ઞાની કહ્યા પછી તત્ત્વદર્શી શબ્દ વાપરી ભગવાને આ બાબત વધારે સ્પષ્ટ કરી છે. જે જ્ઞાની સમ્યગ્દર્શી (યથાર્થ તત્ત્વ જાણનાર) છે, તેઓએ ઉપદેશેલું જ્ઞાન જ એનું કાર્ય કરવા શકિતમાન થાય છે, સંસારબંધન તોડવા સમર્થ બને છે, પણ બીજાની મારફત મળેલું જ્ઞાન એવું કાર્ય કરી શકતું નથી, એવો ભગવાનનો મત છે."

જ્ઞાનયોગનાં આંતર અને બાહ્ય અંતરંગ અને બહિરંગ એવાં બે જાતનાં સાધન આ બે શ્લોકમાં વર્ણવ્યાં છે, એમ ભ. શંકરાચાર્ય કહે છે; અને એનું વાસ્તવિક કારણ પણ બતાવે છે; એ બે સાધનો નીચે પ્રમાણે છે:–

(૧) બહિરંગ:–૧ પ્રણામ, ૨ પરિપ્રશ્ન, ૩ સેવા.

(૨) અંતરંગ:–૧ શ્રદ્ધા, ૨ તત્પરતા, ૩ ઈન્દ્રિય-સંયમ.

જિજ્ઞાસુએ એ બન્ને પ્રકારનાં સાધન વડે સાધના સાધી હોય તો જ આચાર્ય પ્રસન્ન થાય અને પ્રસન્ન આચાર્યના પ્રસાદથી જિજ્ઞાસુનાં આંતરપ્રદેશમાં આત્મજ્ઞાનનો દીપક પ્રજવલિત થઈ જન્મજન્માન્તરના ક્ષુદ્ર જીવભાવને ભસ્મીભૂત કરી શકે. બહિરંગ સાધનમાં પ્રથમ સાધન છે પ્રણિપાત એટલે પ્રણામ; આ પ્રણામ સાષ્ટાંગ હોવા જોઈએ એવો શાસ્ત્રસિદ્ધાન્ત છે; એ આઠ અંગો નીચે પ્રમાણે છે:–

૧ ચરણ, ૨ જાનુ, ૩ હાથ, ૪ હૃદય, ૫ વાણી, ૬ મસ્તક, ૭ નેત્ર, ૮ મન.

આ આઠે અંગ પૃથ્વી ઉપર લાંબા થઇને દંડ એટલે લાકડીની પેઠે આચાર્યની સન્મુખ સ્વાભાવિક રીતે શરીર ઢળી પડે એને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કહે છે. આ આઠે અંગ ઢાળી દેવામાં સમર્પણની ભાવના છે. આઠે અંગની ક્રિયા કેવલ આત્મજ્ઞાન માટે જ કરીશ એવી એમાં પ્રતિજ્ઞા છે. ઉપરાન્ત પોતાના વ્યકિતગત અહંકારને ભૂંસી નાંખે, બ્રહ્મવિદ્ જે રીતે આજ્ઞા અનુજ્ઞા કરે એ પ્રમાણે આચરણ કરીશ, એવો સંકલ્પ છે. (૧) ચરણ અને (૨) જાંઘ વડે જ્યાં જ્યાં જઈશ એમાં ગન્તવ્ય લક્ષ્ય આપ જ હશો, (૩) હાથ, અને (૪) હૃદય વડે જે ક્રિયા થશે એમાં આત્મજ્ઞાન જ ફલ હશે, (૫) વાણી વડે જે બોલીશ એમાં આત્મતત્ત્વની જ ચર્ચા હશે, (૬) મસ્તકમાં જે વિચાર ચાલશે એ આત્મચિંતવનના જ હશે, (૭) આંખથી જ્યાં જ્યાં જોવાશે એ બધામાં આત્મદર્શન જ ભરેલાં હશે અને (૮) મનથી જે જે કલ્પના કે ભાન હશે એ બધાં આત્મભાવનાથી

પરિપૂર્ણ હશે એવો સંકેત એમાં રહેલો છે. તદુપરાંત "હે ગુરુદેવ! આજથી આ ક્ષણથી જ મારાં તન-મન આપને અર્પણ કરું છું, એટલે એનાં ગતિમતિકૃતિને સર્વાંશે એવાં બનાવો કે જેમાંથી મોહમાયાના ભાવ નિર્મૂલ થાય અને સર્વાંગમાં બ્રહ્મભાવનો આનંદસાગર ઊભરાઇ જાય." સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં બાહ્ય દૃષ્ટિએ તો સંપૂર્ણ નિરભિમાન ભાવનું દર્શન છે, પરન્તુ એમાં જે ભયસ્થાન છે એનો પણ ખ્યાલ રાખવો જોઇએ.

આ પ્રણામ જો દેખાવ પૂરતા જ હોય તો એથી પોતાનો અહંકાર વધે છે, ઉપરાંત હું ખૂબ જ નમ્ર છું, ભક્ત છું, નિરભિમાન છું, એ જાતનું અતિ સૂક્ષ્મ માનસિક મિથ્યાભિમાન વધે એટલે અન્ય ભકતોના પ્રતિ ઈર્ષા તથા ઘૃણા આવવા માંડે છે. વળી આત્મજ્ઞાન મેળવવા પૂરતા જ આ પ્રણામ છે, પછી તો "હું યે બ્રહ્મ અને ગુરુ યે બ્રહ્મ: કોણ કોને નમસ્કાર કરશે;" એવી મલિન વાસના પણ આવી જવાનો ભય છે.

* * * *

બીજું સાધન પરિપ્રશ્ન છે; જિજ્ઞાસુ કેવળ પ્રણામ જ કર્યા કરે અને અન્ય સમયે જડ બનીને આચાર્યની પાસે જ બેસી રહે તો એની કિંમત આચાર્યની પાસે પડેલી જડ વસ્તુઓ જેવી પણ નથી. જડ વસ્તુઓ તો ઉપયોગમાં આવી શકે પણ વારંવાર પ્રણામ કરનારો મનુષ્ય તો ઊલટો બોજારૂપ થાય. એવા બુદ્ધિહિનને તો જ્ઞાન પણ કેમ સાંપડે? આ જ્ઞાન જડસુ માટે નથી; બુદ્ધિમાં ચકોર, વિચારમાં કુશળ, વ્યવહારમાં દક્ષ, ધર્માચરણમાં અનુરક્ત તથા ત્યાગવૈરાગ્યમાં વિચક્ષણ તથા વિવેકી પુરુષ જ આત્મા –અનાત્માના વિવેક તથા પરમતત્વના રહસ્યને સમજીને અનુભવી શકે છે. એટલા માટે બીજું બહિરંગ સાધન પરિપ્રશ્ન છે. જગતનું,

પોતાનું, તથા ઇશ્વરનું સ્વરૂપ સમજવા માટેના પ્રશ્નો એના અંતરમાંથી ઉદ્ભવવા જોઈએ. એ પ્રશ્ન પણ સર્વદેશી હોવા જોઈએ. પ્રશ્નની આગળ પરિ–ઉપસર્ગ મૂકવાનું કારણ એ જ છે કે આત્મતત્ત્વ એકદેશી નહિ પણ સર્વદેશી છે. દ્રષ્ટા, દશ્ય, દર્શનની ત્રિપુટીનું સર્વાંશે સમાધાન ન થાય ત્યાં સુધી જ્ઞાનની દઢતા અને પરાકાષ્ટા થતી નથી.

આત્મા આકાર વિનાનો હોવા છતાં સમસ્ત વિશ્વનો આકાર આવરીને તેમ જ તેમાં પ્રવેશ કરીને ભર્યો પડ્યો છે; અરૂપી તેમ જ અનામી હોવા છતાં જ્યાં જ્યાં વાણી, વિચાર કે શબ્દ પહોંચે ત્યાં તથા તેના ઉદ્ગમ સ્થાનમાં પણ એ અશબ્દ જેવો શાંત અને સ્થિર છે. આમ હોવાથી જ ઉપનિષદ્ કહે છે કે એ એકનું જ્ઞાન થવાથી બધું જ્ઞાન થઈ જાય છે. એનું દર્શન કરી લેવાથી બીજા દશ્યની તૃષ્ણા રહેતી નથી; એનું સુખ માણી લેવાથી કશા અન્ય સુખની વાસના ઉદ્ભવતી નથી.

એટલા જ માટે બધા પ્રશ્નોનો જેમાં સમાવેશ થાય એવા પરિપ્રશ્ન પૂછવા માટે જિજ્ઞાસુની બુદ્ધિ વિચક્ષણ હોવી જોઇએ. બુદ્ધિની જડતા, વિચારની મંદતા કે વિવેકની શૂન્ય અવસ્થાવાળાને જિજ્ઞાસુ કહી શકાય જ નહિ; એ ચોવીસે કલાક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને આચાર્યની સમીપ પડ્યો જ રહે તો પણ એનો ઉદ્ધાર ન થાય એટલું જ નહિ, પણ એવા જડસુની તરફ તો સદ્ગુરુ નજર પણ નાંખે નહિ. તાત્પર્ય એ કે જિજ્ઞાસુએ જેવી રીતે પ્રણિપાતવડે સમર્પણ કરીને નિરભિમાન, સરલ, તથા નિષ્કપટ થવું જોઈએ, એ જ રીતે તત્ત્વસંબંધી પ્રશ્નો પૂછીને શ્રુતિજ્ઞાન મેળવવું જોઇએ; કારણ કે શ્રવણ કર્યા વિના વસ્તુ વિષે મનન થઈ શકે નહિ, અને યથાર્થ શ્રવણમનન ન થાય તો કંઈ વસ્તુનું

નિદિધ્યાસન કરે ? વિષયચિંતવનરૂપ નિદિધ્યાસન તો બધાંયનું ચાલુ જ હોય છે, પણ અશ્રુત અમૃત અને અગમ્ય આત્મવસ્તુનું શ્રવણમનન તથા નિદિધ્યાસન કરવા માટે તો એ ગુરુશરણ સ્વીકારે છે. પ્રણિપ્રાતમાં ગુરુશરણાગતિનું જ રહસ્ય છે. એ શરણાગતિની પછી વસ્તુવિવેક શીખવા માટે પરિપ્રશ્નનું બીજું સાધન છે.

* * * *

ત્રીજું બહિરંગ સાધન સેવા છે. પ્રણામ કર્યા કરે, નમ્રતા દાખવે, તનમનધનનું સમર્પણ કરે, વારંવાર તત્ત્વપ્રશ્નો પૂછી આચાર્યની બુદ્ધિને કષ્ટ આપે, કૃપાપ્રસાદની આશા રાખે, અને છતાં પોતાની જાતને આચાર્યની સેવાથી વંચિત રાખે, એમાં તો દેહાધ્યાસની જ વાત આવી. સમસ્ત વિશ્વનાં શરીર પરબ્રહ્મ સ્વરૂપ ગુરુદેવનાં છે એવી શ્રદ્ધા દૃઢ કરવાની હોય, ત્યાં શિષ્ય સ્વદેહને દૂર રાખી, આચાર્યના શરીર તરફ દુર્લક્ષ્ય રાખે, તો જે તત્ત્વોપ્રદેશની એ આશા રાખે છે તેના ઉપર તો પાણી જ ફળી વળે.

પોતાનાં તન-મન-ધનને ગુરુદેનાં માનીને આચાર્યની ઇચ્છાને જ પોતાની ઇચ્છા બનાવવાની. આચાર્યના શરીરની, એ શરીર દ્વારા થતા જ્ઞાનપ્રચારમાં જે પુણ્યલાભ છે એનો લાભ લેવાની, પોતાના પાપસંસ્કારને ગુરુના પુણ્યપ્રતાપથી ભસ્મીભૂત કરવાની અને એ રીતે પોતે નિર્મલ બની અંતઃકરણમાં આત્મજ્યોતનો અખંડ દીપક પ્રોજ્વળ રાખવાની ભાવના સેવામાં ભરપૂર ભરેલી છે.

વ્યાધિના નિવારણ માટે જે ઔષધ લેવું પડે એ ઓષધસેવન કર્યું કહેવાય છે. ઔષધિનું સેવન જેમ શરીરમાં જઈને વ્યાધિને નિર્મૂલ કરે છે, તેવી જ રીતે શ્રી ગુરુદેવની સેવા કરવાથી એમના જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, પવિત્રતા, તપશ્ચર્યા વ. દૈવી સંપદ્ શિષ્યના શરીર તથા અંતઃકરણમાં સહજ રીતે પ્રવેશ કરીને એનાં ત્રિતાપને

દૂર કરે કરે છે; આધિ. ઉપાધિ, અને વ્યાધિને પણ શાંત કરે છે. આ મહાલાભ ગુરુસેવામાં છે એ શાસ્ત્રવિદો જાણતા હતા તેથી જ સર્વત્ર સેવાનું મહત્ત્વ વર્ણવ્યું છે. સેવા દ્વારા આચાર્યની નિકટતા પ્રાપ્ત થાય છે. જેવી બ્રહ્મદષ્ટિથી ગુરુદેવ જીવન વ્યતીત કરતા હોય, તે દષ્ટિનું જ્ઞાન મળે છે. વ્યવહારમાં વારંવાર અને અનિવાર્ય રીતે આવતાં લાભહાનિ, માનઅપમાન, સુખદુઃખ, હર્ષશોક વગેરે દ્વંદ્વો આવીને શિષ્યના ચિત્તને હિંડોળે ચડાવી આમ તેમ અથડાવે છે, તે વખતે ગુરુદેવનું સામીપ્ય એને અત્યંત ઉપયોગી થઇ પડે છે. ગુરુદેવ માનસિક ઉપાધિના અનુપમ વૈદ્યરાજ છે. મનના રોગને કહાડી નાંખે છે; વિશુદ્ધ અને પારદર્શક બનાવે છે; જેથી એમણે જ પ્રકટાવેલી આત્મજયોત દિનપ્રતિદિન વધતી જાય છે. આવું અને આથી પણ વિશેષ રહસ્ય એ સેવાનું છે.

બહિરંગ સાધનમાં પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવાના અલૌકિક લાભ આપણે જોઈ ગયા. એ બહિરંગ કહેવાય છે કારણ કે એમાં શરીર તથા ઈંદ્રિયો સાથે બુદ્ધિનો ઉપયોગ થાય છે. એ ત્રણેયની સાધનાથી નમ્રતા, શુદ્ધબુદ્ધિ અને ચિત્તનિરોધનો લાભ થાય છે જે નાનોસૂનો નથી. ચિત્તમાં પ્રસન્નતા આવતાં સમાહિત અવસ્થા કેળવાય છે. ગુરુદેવની પ્રસન્નતા સાંસારિક કે પાર્થિવ નહીં, પણ અલૌકિક આત્માનંદથી ભરેલી, બ્રહ્મદર્શનના અમૃતકલશ જેવી છે, કે જેના સ્નાન-પાન અને અવગાહનથી શિષ્ય બ્રહ્મવિદ્ બને છે.

*    *    *    *

હવે આપણે ત્યારપછીનો અંતરંગ સાધન બતાવતો શ્લોક તપાસીએ: એમાં ૧ શ્રધ્ધા, ૨ તત્પરતા અને ૩ ઇંદ્રિયસંયમની વાત આવે છે.

મનુષ્ય ખરેખર શ્રધ્ધાનો જ બનેલો છે એવી વેદવાણી છે. એ

વર્તમાનમાં જેવી ભાવના રાખીને ભાવી જીવનના આદર્શ બાંધે છે, એ પ્રમાણે પ્રયત્નશીલ રહે છે. વર્તમાન જીવનમાં પૂર્વ સંસ્કારથી રંગાએલી શ્રધ્ધાથી ભરેલો મનુષ્ય ઉત્સાહ અને ખંતથી સ્વધર્મ-કર્મમાં રચ્યોપચ્યો રહે છે. આત્મજ્ઞાનને માટે તપશ્ચર્યાના પ્રખર સાધનમાં શરૂઆતમાં કઠિનતા લાગે એ સ્વાભાવિક છે. જપ કરવામાં આસન સિધ્ધ થવું જોઈએ; સ્નાન સંધ્યામાં નિયમિત-પણું રાખવું પડે, પાઠ પૂજામાં ઇશ્વરભક્તિ જોઈએ, દાનપુણ્યમાં ત્યાગ રાખવો પડે, શરીરનાં અસંખ્ય કષ્ટ વેઠીને દેહાધ્યાસ મારવો પડે, મનના વિક્ષેપ નિર્મૂળ કરવા હોય ત્યારે અહંતા–મમતાનાં પરિવાર જેવાં લોભ, મોહનાં આવરણો તોડવાં પડે. આ બધામાં જો આત્મપ્રાપ્તિ માટેની અવિરત લગની ન હોય, તો અધવચ્ચે જ અટકી પડાય છે. જરા જેટલું વિઘ્ન આવતાં મન ચંચળ થાય છે; શાસ્ત્ર, સંતસાધુ અને ગુરુદેવના પારબ્ધવશ ચાલતા વ્યવહારમાં પ્રત્યેક ક્ષણે દોષ દેખાય છે અને ચિત્તમાં મલિનતા વધતી જાય છે; માનસિક ક્લેશને નિવારવા માટે શારીરિક દુખઃરૂપ તપશ્ચર્યા કરવાની હોય, ત્યાં તિતિક્ષાને અભાવે અજ્ઞાન ઊભું થાય છે; કર્મ-માત્રને માયા સમજનાર અંધશ્રદ્ધાળુ શુભ અને અશુભ કર્મ, તથા શુભ અને અશુભ વાસનાનો ભેદ ન સમજતાં પ્રમાદ અને આલ-સ્યનો ભોગ બને છે. ઘણીવાર તામસિક ત્યાગી કે રાજસિક ભોગી બનીને ઉન્નતિને બદલે અધોગતિને પગલે લપસી પડે છે.

બહિરંગ સાધનને પોષણ આપે એવાં ત્રણેય અંતરંગ સાધનમાં શ્રદ્ધા મુખ્ય ભાગ ભજવે છે. શ્રદ્ધા ન હોય તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ન થાય. સંતસાધુ અને ગુરુની પરીક્ષા કરવાની વૃત્તિ હોય, તેથી પોતે પરીક્ષકરૂપ ન્યાયધીશની પદવી ધારણ કરે; એના ગુરુદેવ તો પરીક્ષા આપનાર વિદ્યાર્થીની પેઠે, પરીક્ષક

શિષ્યની નીચલી કોટિના-વર્ગના જ લાગે તેથી અભિમાન ઊલટું વધે ત્યાં પછી ઉપદેશગ્રહણની વાત જ કયાં રહી ?

પરિપ્રશ્નની પદ્ધતિમાં ગુરુના શાસ્ત્ર કે અનુભવજ્ઞાનની કસોટી કરવા માટે ઉટપટાંગ પ્રશ્નો પૂછવાની વૃત્તિ હોય, ત્યાં નમ્રતા જ કયાં રહી ! ? જિજ્ઞાસાને બદલે ખોટા તર્કની જો ડાચાકૂટ હોય તો એમાં પણ શ્રધ્ધા દેખાતી નથી. જ્ઞાની પુરુષ પાસેથી જ્ઞાન મેળવવા માટે પોતાને ઉપયોગી હોય, સાધનામાં આવશ્યક હોય, એવા અને એટલા જ પ્રશ્ન પૂછવામાં શ્રધ્ધા ન હોય તો કાલક્ષેપ થાય છે, અને સંતોની કૃપા મેળવવાને બદલે ઉલટો નિરાદર પમાય છે, અને રખડપટ્ટી વધે છે. સાચા સમાધાનની દિશા એવા અશ્રદ્ધાળુ માટે ઊઘડતી જ નથી. સેવામાં પણ શ્રધ્ધા મુખ્ય ભાગ ભજવે છે; શ્રધ્ધા ન હોય તો ભકિત હોતી નથી, ભકિત વિનાની સેવા જડ બને છે; દોષદૃષ્ટિથી કલુષિત થાય છે, અને સૌથી મોટું નુકસાન તો એ થાય છે કે સેવા કરનારને એવું અભિમાન ઉપજે છે કે મેં એમની સેવા ન કરી હોત તો એમનું શું થાત ? એમનો નિર્વાહ શી રીતે ચાલત ? એમના શરીરની શી દશા થાત ? ! એથી સાધનમાં જો શ્રદ્ધા હોય, ગુરુદેવની પ્રતિ ભકિત હોય, તો એમના પ્રસન્નચિત્તમાંથી આત્માનંદનો પ્રવાહ સ્વાભાવિક નીકળે છે, અને એ બ્રહ્મપ્રવાહરૂપ સરિતા શિષ્યના ચિત્તસાગરમાં ઊતરીને એનાં ક્ષારજલને અમૃત સમાન બનાવે છે.

* * * *

બીજું અંતરંગ સાધન છે તત્પરતા. વ્યવહારમાં પણ કોઇપણ જાતની કાર્યસિધ્ધિ કરવી હોય તો લક્ષ્ય ફલ સાથે ચિત્તનું અનુસંધાન જોઈએ. પરગામ જનારો મનુષ્ય પરગામનું નામઠામ જ ભૂલીને દોડવા માંડે તો અરણ્યમાં અથડાય ટીચાય, અને હારીને

પાછો જયાંથી નીકળ્યો હતો ત્યાં જ—ઘેર ને ઘેર જ આવીને ખાલી હાથે બેસી પડે. એવી જ રીતે જિજ્ઞાસુમાં પરમ વસ્તુ પ્રતિ તત્પરતા ન હોય તો લક્ષ્ય ભૂલી જાય છે, અને આત્માને બદલે સંસારનાં વિવિધ સુખભોગની, વિલાસની, ધનદારાસુતનાં ઐહિક હિતની કે લૌકિક માનકીર્તિની જાળમાં ફસાઈ પડે છે.

તત્પરતા શબ્દ વાપરવામાં પણ ખાસ રહસ્ય છે. આ શબ્દમાં બે પદ છે. तत्+परता—આ तत् પદ તો तत्+त्वम्+असि મહાવાકયનો શબ્દ છે. એ મહાવાકયમાં तत् એટલે પરબ્રહ્મ વાચક ઈશ્વર અને त्वम् એટલે વ્યકિતગત ચૈતન્ય સ્વરૂપ જીવ છે. એ બન્નેના વિશેષ ઉપાધિ ભાગને બાદ કરતાં વિશુધ્ધ સામાન્ય ચૈતન્ય રહે છે. જે બન્નેનું આત્મસ્વરૂપ હોવાથી અભેદ અને એક છે એવો એ असि =છે શબ્દનો ભાવાર્થ છે.

હવે તત્પરતા શબ્દનો વિચાર કરો. જિજ્ઞાસુએ તત્પરતા રાખવી જોઇએ એટલે કે એણે પરમતત્ત્વ—तत् છે એમાં જ ચિત્તને પરોવી રાખવું જોઇએ. तत्માંથી ચિત્ત ખસે—ચલાયમાન થાય ત્યારે એને अतत् એવા અનાત્મ વિષયોમાં જ ભટકવું પડે; तत्—પરતા તૂટે એટલે જિજ્ઞાસુનો પુરુષાર્થ શિથિલ થાય, વેગ અટકી પડે, શ્રધ્ધા ચલિત થાય, જજ્ઞાસા કુંઠિત બને અને સેવામાં નરી સ્વાર્થ-વૃત્તિ વધી જતાં સાંસારિક વાસનાઓને માટે જ સકામ ઉપાસના—કર્મમાં જીવ અટવાઈ પડે. આવી ગૂંચવણો દૂર કરવા માટે જ તત્પરતા શબ્દ વાપરીને ભગવાન સમજાવે છે કે શ્રધ્ધાવાનનું પરમ-લક્ષ્ય तत् બ્રહ્મ હોવું જોઈએ. તત્પરતા વિનાની શ્રધ્ધા તો દેહપોષણ માટેની—સ્વાર્થી જ હોય; એમાં સમર્પણ ન સંભવે. એવા સકામ—સાંસારિક વાસનાવાળાનાં પ્રણિપાત, પરિપ્રશ્ન, સેવા, કે શ્રધ્ધા બધાં સાંસારિક પ્રપંચપોષણ માટેનાં હોય છે, જેનાથી તત્ત્વદર્શી

—જ્ઞાની કોઈ કાલે સંતુષ્ટ થાય નહિ. તત્ત્વદર્શી સંતોષાય તો જ પ્રસન્ન થાય અને બ્રહ્મવિદ્‌નો પ્રસાદ જ ભગવાનનો પ્રસાદ કહેવાય કે જેનાથી પરમ શાન્તિ મેળવી શકાય.

જ્ઞાનનો ઉપદેશ કરનારા તત્ત્વદર્શી જ હોય એટલે સાચી તત્પરતા પણ એ પારખી શકે. જે જિજ્ઞાસુનું એકમાત્ર લક્ષ્ય શાંતિ જ હોય, એ જ આત્મજ્ઞાન માટેનો જિજ્ઞાસુ કહેવાય. કારણ કે જ્ઞાનનું ફલ તાત્કાલિક શાંતિ છે એમ આ શ્લોકના બીજા ચરણમાં સ્પષ્ટ કર્યું છે.

*   *   *   *

ત્રીજું સાધન છે સંયતેન્દ્રિય થવાનું : ઇન્દ્રિયોને દુષ્કર્મમાંથી વાળીને સત્કર્મમાં વાળવાનાં જ્ઞાન તથા શકિત એ સંયમ છે. કાણા વાસણમાં જેમ પાણી ટકતું નથી, તેમ સંયમ વગરની ઈન્દ્રિયો વિષયોમાં કયારે દોડી જાય એનું સ્મરણ કે જ્ઞાન રહેતું નથી. એવી વિષયાધીન ઈન્દ્રિયો વાળાનું મન તત્પરતા કયાંથી સાચવી શકે ? વિષયોમાં ભટકતા મનને આત્મતત્ત્વની વિસ્મૃતિ થાય એટલે સકામતા તરફ જ ઈન્દ્રિય તથા મનની પ્રવૃત્તિ થાય છે.

શ્રધ્ધા હોય, તત્પરતા સાચી હોય, તોપણ ઘણીવાર સંયમને અભાવે આત્મજ્ઞાન માટે કરેલો પરિશ્રમ વ્યર્થ જાય છે. મહામુશ્કેલીથી કેળવેલાં તપશ્ચર્યા, ત્યાગ, વૈરાગ્ય, ભકિત અને સ્વાધ્યાય વડે મેળવેલા જ્ઞાનધનનો વિષયવાસનારૂપ વેશ્યાઓ વ્રતભંગ કરાવે છે. પુરાણકથાઓમાં આવાં સેંકડો ઉદાહરણો છે કે જેમાં તપસ્વીઓની જીવનભરની તપશ્ચર્યા વ્યર્થ થઇ છે. ઇન્દ્રિયો ઉપર કાબૂ ન હોવાનું કારણ મનનું વિષયમાં ભટકવાનું છે; મનમાં વિષયચિંતવન ચાલે એટલે મનની ગુલામ બનેલી ઇન્દ્રિયો જાણ્યેઅજાણ્યે પણ વિષયસંયોગ શોધે, મેળવે અને ભોગ દ્વારા સંયમબળની પાળ તોડી

નાંખે. સંયમના પહેલાં તત્પરતા મૂકી છે; અને તત્પરતાની પહેલાં શ્રધ્ધા એટલા માટે જ ગોઠવી છે કે પહેલાં પરમતત્ત્વની શોધ માટે નીકળનાર જિજ્ઞાસુ તત્ત્વદર્શી જ્ઞાનીમાં શ્રદ્ધા રાખે; એને પરમ-તત્ત્વનું જ્ઞાન થશે, થવું જ જોઈએ એવી પરમશ્રધ્ધાનું હૃદયમાં અતૂટ અને અખૂટ બળ ભરે એટલે મનમાં પરમતત્ત્વ સંબંધી તત્પરતાનાં બીજ રોપાય. અહોનિશ પરબ્રહ્મની જ લગની લાગે એ છે શ્રધ્ધા પછીની તત્પરતા; શ્રધ્ધાના શ્રીગણેશ મંડાતાં જ તત્પરતા હાજર થાય છે; શ્રધ્ધાની પરિપકવ દશા થતાં તત્પરતા દૃઢ થાય છે અને તત્પરતા દૃઢ થતાં ચિત્તમાં પરમતત્ત્વની સતત્ જાગૃતિ ભરી સાવધાનતા રહે છે; ઇંદ્રિયો ઉપર સંયમ મેળવવામાં સરલતા થાય છે; શ્રધ્ધા અને તત્પરતા વિનાનો ઇંદ્રિય સંયમ વ્યર્થ પરિશ્રમ છે. જેઓ અપવાસ, વ્રત, તપ, જપ વગેરે વગર સમજ્યે કરે છે, એમની શ્રધ્ધામાં જડતા અને તત્પરતામાં અહંકાર વધે છે. શ્રધ્ધાને પ્રેમ કહીએ તો તત્પરતાને ભક્તિ કહેવામાં હરકત નથી. પ્રેમ અને ભકિતની એકવાકયતા થઈ એટલે ઇંદ્રિયસંયમ આપોઆપ સરલ બની જાય છે; આવો સંયમ જ ત્યાગ તથા વૈરાગ્ય છે. પ્રેમભકિત અને ત્યાગવૈરાગ્યનાં આ અંતરંગ સાધનઃ પ્રણિપાતરૂપ નમ્રતા, પરિપ્રશ્નરૂપ શ્રવણ તથા બ્રહ્મસ્વરૂપ ગુરુદેવની સેવાનો પ્રત્યક્ષ લાભ મળે એ જ છે જીવનમુકિતનો અપરોક્ષ અનુભવ.

*　　*　　*　　*

આ સાધન સંપતિથી જિજ્ઞાસુ જ્ઞાન પામે છે એમ ભગવાન કહે છે. બીજાં બધાં સાધનોનો વિચાર ન કરતાં આ બહિરંગ અને અંતરંગની બે ત્રિપુટી સાધનને જીવનમાં ઊતારીએ તો અન્ય સમસ્ત ત્રિપુટીના ભેદબંધ તોડવામાં વિલંબ થવાનો સંભવ નથી. આત્મસાક્ષાત્કાર સહજ સરલ રીતે સાધ્ય બને છે.

બહિરંગ સાધનનો ઉપદેશ કોણ કરી શકે એ વિષે પણ વિચાર કરવા જેવું છે. ભગવાન શ્રીકૃષ્ણ બે વિશેષણ વાપરે છેઃ જ્ઞાની અને તત્ત્વદર્શી. ભ. શંકરાચાર્ય સ્પષ્ટ રીતે કહે છે કે શાસ્ત્રવિદ્ હોય, બહુશ્રુત હોય, વાદવિવાદમાં ચતુર હોય, એવા શાસ્ત્રજ્ઞાનીના ઉપદેશથી આત્મજ્ઞાન મેળવી શકાતું નથી; પુસ્તક જ્ઞાની બનીને બુદ્ધિની વિચક્ષણ પ્રતિભાથી પ્રશ્ન પૂછનારને નિરુત્તર કરવો અને આત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ સમજાવી એનો યથાર્થ અનુભવ કરાવવો એ બન્ને નિરાળી હકીકત છે.

તરવાની કળાનાં પુસ્તકો વાંચી બીજાને એ વિષે વ્યાખ્યાનો આપી, જળાશય, નૌકા તથા બીજાં સાધનોનું શબ્દચિત્ર વર્ણવીને કોઈને મુગ્ધ કરવાનું સહેલું છે, પણ પાણીમાં સાથે પડીને તરતાં શીખવી જળાશયને સામે પાર કુશળતાથી પહોંચાડવું એ અનુભવની વાત છે. એમાં શબ્દચાતુર્ય નહીં પણ અનુભવ કૌશલ્યની આવશ્યકતા છે. અનુભવના માર્ગે બોલવાનું નહિ પણ કરી બતાવવાનું છે. એટલા જ માટે અહીં જ્ઞાની માટે તત્ત્વદર્શી એટલે તત્ત્વનો અનુભવ કરનાર એવું વિશેષણ વાપર્યું છે. અનુભવ વિનાનું જ્ઞાન લૌકિક વિદ્યાઓમાં પણ નિરુપયોગી છે તેમ પારલૌકિક વિદ્યામાં એવી પંડિતાઇ નરી બોજારૂપ છે.

શાસ્ત્રોનો પાર નથી; ભેદાભેદના વાડા અસંખ્ય છે, અને તેમાંયે અત્યારના છાપખાનાના જમાનામાં શાસ્ત્રકારો અને વિવેચકોને પણ તોટો નથી. વ્યકિતવાદના અહંમાન્યતાવાળા આ યુગમાં જ્યાં શાસ્ત્રના મનમાન્યા અર્થ થાય છે, ત્યાં પંડિતપોથીઓના ઉપદેશમાં એકવાક્યતા જ અસંભવિત છે ઉપરાંત અનુભવની કક્ષાની કસોટીએ ચડાવવાનો યુગ તો જાણે આથમી જ ચૂકયો છે, અત્યારે જ નહિ, પણ ઉપનિષદ્યુગમાં એ ઋષિઓ પંડિતમન્યોની

જાળમાં ફસાઇ ન પડવાની ચેતવણી આપી ગયા છે. કઠોપનિષદ્ કહે છે:-

अविद्यायामन्तरे वर्तमाना:
स्वयं धीरा: पंडितंमन्यमाना: ।
दन्द्रम्यमाणा: परियन्ति मूढा
अन्धेनैव नीयमाना यथान्धा: ॥

અ ૧; વલ્લી ૨-૫

અર્થ:- ( સાંસારિક વિષયોનું જ્ઞાન ધરાવતી) અવિદ્યામાં જ રહેવાવાળા, પોતે પોતાની મેળે જ બહુ જ બુદ્ધિમાન બની બેઠેલા અને પોતાને જ પંડિત માનનારા મૂઢ પુરુષો આંધળા વડે આંધળો દોરાય તેમ અનેક કુટિલ ગતિઓની ઇચ્છા કરતા ભટકયા કરે છે.

* * * *

જિજ્ઞાસુએ જ્ઞાની તત્ત્વદર્શીનું શરણુ લેવું જોઇએ એમ ફલિત થાય છે; એવા આચાર્યને જ વેદાન્તમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ નામથી ઓળખાવ્યા છે. એવા ઉપદેશક અને અનુભવપોષક ગુરુનું પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવારૂપ બહિરંગ સાધન તથા શ્રદ્ધા, તત્પરતા અને સંયમરૂપ અંતરંગ સાધન સાથે જિજ્ઞાસુએ શરણ સ્વીકારી આત્મજ્ઞાન મેળવવું જોઈએ અને આત્માનુભવનું દઢ આસ્વાદન કરીને કૃતકૃત્ય થવું જોઈએ.

આવા જ્ઞાનનું ફલ છે તાત્કાલિક શાન્તિ : એટલે કે આત્મજ્ઞાન અને શાંતિ જાણે એક જ અનુભવના બે જુદા શબ્દો હોય એવા અર્થ નીકળે છે.

જ્ઞાનથી શાંતિ કેમ મળે એ વિષે વિચાર કરીએ. સાંસારિક વિષયની વાસના કર્યા પછી જયાંસુધી એ વિષયનો ઇન્દ્રિયની સાથે

સંયોગ–ભોગ ન થાય ત્યાં સુધી મનોવૃત્તિ કેટલી વિહ્વળ તથા ચંચળ રહે છે એનો તો સૌને અનુભવ હોય છે. એવી વિહ્વળતાને લીધે ક્ષણભરની પણ ચિત્તમાં શાંતિ હોતી નથી; કારણ કે વિષય નથી મળ્યો, કયારે મળશે, કેવા સ્વરૂપમાં મળશે, કેવા પ્રયત્નોથી મળશે, કોની સહાયતાથી મળશે, હશે કે બદલાઇ ગયો હશે, જ્યાં હતો ત્યાંથી દૂર ગયો હશે કે કેમ ?–આવી આશંકાથી એના મનમાં અશાંતિ ઘૂઘવ્યા કરે છે; પરન્તુ સદ્‌ભાગ્યે કે સાચા પ્રયત્નના પરિણામે જ્યાં ઇષ્ટવિષયનો સંયોગ થયો છે એમ સમજાયું–એવું જ્ઞાન થયું એટલે તરત જ મન શાંત થાય છે.

વિષયપ્રાપ્તિમાં જ્ઞાન પછી તરત જ શાંતિ આવી મળે છે ખરી, પણ વિષય અનિત્ય હોવાથી એ શાંતિ પણ અનિત્ય હોય છે. એ જ દૃષ્ટાન્તને આધારે આત્મતત્ત્વ જેવી પરમશાશ્વત સચ્ચિદાનંદ-સ્વરૂપની પ્રાપ્તિનું જ્ઞાન થાય તો નિત્ય શાંતિ મળે એમાં શું આશ્ચર્ય !

ઉપાસના અને ભક્તિના માર્ગમાં એટલા જ માટે વિરહનું સાધન સર્વોત્તમ માન્યું છે. વસ્તુના વિરહનો અગ્નિ હૃદયમાં પ્રકટાવીને ભગવાનના સ્વરૂપનું અહોનિશ ચિંતવન કરવું એ છે ભક્તિની સર્વોત્તમ દશા. એને જ અહીં તત્પરતા કહી છે. આવી તત્પરતામાં વસ્તુલાભ ન થાય ત્યાં સુધી અશાંતિ રહે છે, પણ વસ્તુ મળી ગઈ એટલું પરોક્ષ જ્ઞાન થતાં જ હૈયામાં ઠંડક થાય છે, શાંતિનો હિમાલય જાણે હૃદયમાં શીતલ સુખનો સમીર ફેલાવતો ન હોય ! આવી રીતે ઉપરની બે ત્રિપુટીસાધનના ફલરૂપ જ્ઞાન અને એ જ્ઞાનના પરિપાકરૂપ તાત્કાલિક શાન્તિ મળે છે એમ આ અધ્યાયમાં ભગવાન શ્રીમુખે કહી ગયા છે.

અને શાંત ચિત્ત જ સુખી હોય છે, એ તો ખુલ્લી અનુભવની

વાત છે; અશાંત હૃદયનો તડફડાટ તો જોયો જાય એવો નથી. એનો હૃદયદાહ, ચિત્તમાં વિહ્વળતા, પ્રાણમાં કંપ કે તડફડાટ, મસ્તિષ્કમાં ચિંતાની ગરમી—એ બધાં છે અશાન્ત મનનાં પ્રકટપણે દેખાઇ આવતાં આંતરબાહ્ય લક્ષણો.

अशान्तस्य कुतः सुखम् અશાંતને સુખ ક્યાંથી? એમ ભ. ગી. ના બીજા અધ્યાયના ૬૬મા શ્લોકમાં કહ્યું છે. એ જ અધ્યાયના ૭૦મા શ્લોકમાં શાંતિના અધિકારીની વ્યાખ્યા આપતાં પણ એમ જ કહ્યું છે કે:—" જેમ સર્વ તરફથી ભરપૂર અને અચળ એવા સમુદ્રમાં દેશદેશનાં પાણી સમાતાં રહે છે, તેમ જેના મનમાં ઊઠતી સર્વ કામનાઓ મનને ચલિત ન કરતાં પાછી મનમાં ( આત્મામાં ) જ સમાઈ જાય છે તે મનુષ્ય જ શાન્તિ પામે છે; ભોગોની ઇચ્છાવાળો નહિ."

શાંત મનુષ્યને સમસ્ત કામનાઓનું ફલ તો આત્માનંદરૂપે મળી ગયું હોય છે, એટલે એના મનમાં કામવાસના નહીં, પણ ધર્મકર્મ માટેની શુભેચ્છાઓ જ હોય છે. એનાં કર્મની પાછળ શાંતચિત્તના સંકલ્પ હોય છે; સ્વાર્થને નિર્મૂળ કરેલા અંતઃકરણમાંથી જ્ઞાનાગ્નિના સ્ફુલિંગો ઊડી ઊડીને આસપાસના અધિકારી જિજ્ઞાસુઓના અંતરમાં જ્ઞાનયજ્ઞનો અગ્નિ પ્રજવાળે છે. એની દેહક્રિયામાં ચંચલતા છે, પણ અંતરમાં શાંતિ છે; કર્મમાં શરીર ભમે છે પણ એના મનમાં તો અંતર્યામી રામ રમતા હોય છે. કર્મમાં અકર્મ જોવાનું એનું ત્રીજું જ્ઞાનચક્ષુ ઉઘડી ચૂકેલું હોવાથી એ નથી કર્તા ભોક્તા કે નથી સુખીદુઃખી. એતો અંતઃકરણમાં કર્તા છતાં અકર્તા, કેવળ, સાક્ષી, ચૈતન્ય માત્ર, બધા સંબંધોથી મુક્ત, અસંગ, કેવળ, એકલવિહારી અને અદ્વૈતદર્શી હોય છે. આ છે અનુભવીની, અશાંત દ્વૈતસાગરનાં પ્રચંડ દ્વંદ્વરૂપી ઝંઝાવાતમાં શાંત મનોદશાવાળાની, શરીરી છતાં અશરીરી જીવનમુક્તિ !

અખંડ ચિત્ત-શાંતિને મેળવી ચૂકેલો હોય એ જ આત્મજ્ઞાની છે. ચિત્તમાં નિત્ય શાંતિનો ભોકતા બનીને એ પ્રવાહપતિત ન્યાયે દેહકર્મને જોયા કરે છે, એ કર્મ કરતો નથી; નથી કરતો એમ પણ નથી; પ્રકૃતિના સ્વાભાવિક ધર્મો, ગુણપ્રેરિત કર્મો, પ્રાણ સંચાલિત ચેષ્ટાઓ, અવસ્થાબદ્ધ જ્ઞાનદશાઓ અને શરીરત્રય કે પંચકોશમાં રહેતાં છતાં, સદાસર્વથા મુકત જે તત્ત્વદર્શી હોય, એ આત્મજ્ઞાની. એ જ છે, જિજ્ઞાસુ શિષ્યનું શરણસ્થાન; એ જ છે ભકતોનું યાત્રાધામ.

* * * *

આ ચોથા અધ્યાયમાં કર્મબ્રહ્માર્પણની કૂંચી છે; કર્મ-સંન્યાસનો વિધિ છે; યજ્ઞવિભાગયોગની વ્યાખ્યા છે; કર્મઅકર્મની રહસ્યવિદ્યા છે. આવું આ ઉપનિષદ્‌જ્ઞાન જિજ્ઞાસુ વાંચે, સાંભળે, સમજે, વિચારે અને અનુભવે! સાવધાન થઇને શીખે અને તત્પર થઇને એ જ્ઞાન મેળવે.

જિજ્ઞાસુને માટે આ બે સાધનત્રિપુટી અણમોલ રત્ન જેવી છે; એને જ જીવનમાં ઉતારે-ઉતારી જુએ એમ વિનવું છું. જેનામાં હૃદયશુદ્ધિ હશે, બુદ્ધિમાં વિવેકની જાગ્રતિ હશે, ચિત્તમાં તત્ત્વાનંદનો વિરહ હશે, એ તો પૂર્વસંસ્કારને વશ બનીને સાધન માર્ગે વિચરશે અને પામશે શાશ્વત શાંતિ અને નિરતિશય સુખ! ॐ શાન્તિઃ

(જાન્યુઆરી ૧૯૫૧)

૨

# આત્મશુદ્ધિ

કઠોપનિષદ્‌ના બીજા અધ્યાયની બીજી વલ્લીમાં શાશ્વત સુખ માટેનો નીચે પ્રમાણેનો સંકેત છેઃ-

एको वशी सर्व भूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीराः
तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ १२ ॥

અર્થ:-જે એક (જેના જેવો અથવા જેનાથી અધિક બીજો કોઇ નથી એવો, બધા જગતનો સ્વામી છે તેથી) બધાને અધીન રાખનાર, બધાં ભૂતો (પ્રાણીઓ)નો અન્તરાત્મા, પોતાના એક જ રૂપને જે અનેક પ્રકારનું બનાવે છે, એવા સૌના પોતપોતાના અંતઃકરણમાં રહેલા એ આત્મદેવને જે ધીર (વિવેકી અને જ્ઞાની) પુરુષો અનુભવે છે, તેને નિત્ય સુખ પ્રાપ્ત થાય છે, બીજાને નહિ.

આ મંત્રમાં ત્રણ મુદ્દાની વાત કહી નાંખી છે. (૧) શાશ્વત સુખનું કેન્દ્રસ્થાન બતાવ્યું છે; (૨) પ્રાણીમાત્રના અંતર્યામીરૂપે વસેલો આત્મદેવ જ સુખનું સ્વરૂપ છે; (૩) અંતર્મુખ થઇને એ આત્મદેવનાં દર્શનઅનુભવ કરનારને જ શાશ્વત સુખ મળે છે, બીજાને નહિ.

શાશ્વત સુખસ્વરૂપ આત્મદેવનો મહિમા વર્ણવતાં ઋષિ કહે છે કેઃ-

(૧) એ એક જ છે, એના જેવો, એનાથી અધિક બીજો કોઈ નથી; એટલે કે એ જ સર્વેશ્વર છે.

(૨) એ સ્વતંત્ર છે. એ પોતે અનાદિ સ્વરૂપ છે, એને વશ બધું છે; એટલે કે બીજું બધું સુખાધીન છે; એ સુખને વશ નથી, કારણકે એ સુખ સ્વરૂપ છે.

(૩) પ્રત્યેક પ્રાણી અને જડ ભૂતમાત્રમાં એ અંતર્યામીરૂપે ભરપૂર છે; એ જ નિયંતા છે, એટલે કે સુખની પ્રેરણાથી જ પ્રાણીમાત્ર પરવશ બનીને પ્રવૃત્ત થાય છે.

(૪) એ પોતે એક જ હોવા છતાં પણ અનેક રૂપે આપણને પ્રતીત થાય છે, બધાં જ રૂપ એ એક જ રૂપધારી સ્વરૂપનાં છે, એના વિના બીજું કાંઈ છે જ નહિ. એ સુખ જ સર્વવ્યાપી નામરૂપે વિરાજમાન છે.

ઋષિઓ આત્માને જ સુખસ્વરૂપ માને છે, પરંતુ આધુનિક સુખશોધક જનસમૂહમાં આપણને બે વિભાગમાં દર્શન થાય છે.

(૧) સ્વાર્થ, દંભ, કપટ, પ્રપંચ તથા અધર્મથી વિષયો મેળવીને વૈભવવિલાસી બનનારા કેવળ વિષયી લોકો કે જેઓને ઈશ્વર કે ધર્મનો વિચાર પણ આવતો નથી.

(૨) જગતમાં સર્વત્ર દયા, અહિંસા, નીતિ, અન્નવસ્ત્રથી લોકસેવાની સાધનાથી સર્વત્ર આત્મદર્શનના પ્રયત્નસેવી સર્વહિત-પરાયણ અધ્યાત્મસેવકો વગેરે દ્વારા જનસમૂહને સુખી કરનારો વર્ગ.

પ્રથમ વર્ગના લોકોનો વિચાર કરીએ.

બહારથી ધર્મ, સંપ્રદાય કે ઇશ્વરની માન્યતાવાળો વર્ગ, એનાં કર્મકાંડનાં ચિહ્ન જેવાં બાહ્ય અંગને પકડી રાખે છે. દેવદર્શન પાઠ-પૂજા, સંપ્રદાયની રીતે દાનપુણ્ય, અંધશ્રદ્ધા વડે કરાતાં યજ્ઞયાગ, ભજનકીર્તન અને ઈશ્વરભકતની ધનવૈભવ વડે સેવાદ્વારા એ બધાયના બદલામાં પોતાનાં ધનવૈભવ, માલમિલકત, સ્ત્રીપુત્રપરિવાર, શારીરિક આરોગ્ય જેવી સાંસારિક સુખ સગવડની આશા રાખી ઈશ્વર નિમિત્તે કર્મો કર્યે જાય છે. એવી બાહ્ય ભકિત કે ધનાભિમાની વર્ગનાં દાનપુણ્યમાં પ્રેમ કે ભકિતના કરતાં સુખવૈભવ ખોવાનો ભય વધારે ભાગ ભજવે છે. ભગવાન પ્રસન્ન થાય તો જ વૈભવ મળે એવી અજ્ઞાનજન્ય વાસનામાં બંધાયેલો વર્ગ "જેવું કર્મ તેવું ફલ"નો અટલ સિદ્ધાંત સમજી શકતો નથી. પૂર્વકૃત કર્મો પ્રમાણે જ સુખદુઃખરૂપ ફલભોગ મળે છે. સાક્ષાત્ ઈશ્વર પણ કોઇના પ્રારબ્ધમાં અણુમાત્ર પણ ફેરફાર કરી શકતો નથી કારણ કે ઇશ્વર તો ન્યાયી અને નિષ્પક્ષપાત શકિતસ્વરૂપ સર્વવ્યાપક ચૈતન્ય છે એવી સમજણ બહિરંગ સાધનો જ પકડી રાખનારમાં હોતી નથી.

કર્યાં હોય પાપ અને પુણ્યનું સુખરૂપી ફલ ભોગવવા માટે ઇશ્વર નિમિત્તે ભય રાખીને એવાં કર્મ થાય જેથી અંધશ્રદ્ધા વહેમનું સ્વરૂપ પકડે, એમાં પોતાનું તથા જનસમૂહનું યે અહિત થાય છે. કર્મના સિદ્ધાંતનું જેઓ સ્વરૂપ સમજતા નથી એવાં વિષયાંધ અજ્ઞાનીઓ જ અંધશ્રદ્ધાળુ કહેવાય છે. સુખ તો આત્મામાં છે, વિષયોમાં નથી એવું ઉપરનું ઋષિવાકય એનો ચોક્કસ પૂરાવો છે. એ એવું તો સબળ પ્રમાણ છે કે આત્મદેવ ઈશ્વર જ સુખધામ –સુખસ્વરૂપ છે એમાં શંકા રહેતી નથી.

સંસારનાં સુખ માટે ઇશ્વર પાસે જવું જ વ્યર્થ છે. જો ઇશ્વર સંસારી–વિષયી પુરુષોને મનમાગ્યાં સુખવૈભવ આપતો હોય તો

એ અન્યાયી ઠરે છે. શાસ્ત્ર તો ચોકખી ના પાડે છે. સૃષ્ઠિનિર્માણમાં ઈશ્વર શું ભાગ ભજવે છે એ વિષે ભ. ગી. બીજા અધ્યાયમાં કહે છે કે:–

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥
नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ १५ ॥

અર્થ:–પ્રભુ ( એટલે આત્મદેવરૂપ ઇશ્વર ) લોકોના કર્તૃત્વને ( કર્તાપણાના અહંકારી ભાવને ) સર્જતો નથી; કર્મોને સર્જતો નથી; કર્મફલના સંયોગને (પણ ) સર્જતો નથી ( આવી રીતે એ ઈશ્વર કશુંયે કરતો કરાવતો નથી ત્યારે આ જીવાત્મા કર્મ કરે છે, કરાવે છે, કર્મફલનો સંયોગ ભોગવે છે, અને બધું ભગવાન્ કરાવે છે એમ માને છે ) એમાં તો સ્વ (જીવાત્માના અજ્ઞાનનો–માયાનો) ભાવ જ એવો છે અને એની જ આ પ્રવૃત્તિ છે. (૧૪)

વિભુ ( એટલે સર્વવ્યાપી ઈશ્વર ) કોઇનાં પાપ લેતો નથી (દૂર કરતો નથી, અર્પણ કરેલાં ) પુણ્ય પણ લેતો નથી. ( એ લઇને કરે શું ? જીવાત્મા પાપપુણ્યનાં કર્મો કરે અને ઈશ્વરને અર્પણ કરે એટલે એ સ્વીકારી લે એ કયાંનો ન્યાય ! પણ આ જીવાત્માઓનું ) જ્ઞાન અજ્ઞાન વડે ઢંકાયું છે. ( આત્મસ્વરૂપ જ્ઞાન અંતરમાં તો છે –સાચી સમજણ ઊંડે ઊંડે અંતર્યામી આત્મદેવ રૂપે ભરી પડી છે પરન્તુ એના ઉપર આ અજ્ઞાન છવાયેલું છે ) તેથી પ્રાણધારી જીવાત્માઓ મોહ પામે છે. ( પોતાનાં કર્મને ઈશ્વર ઉપર ઢોળી નાંખે છે. ઈશ્વરની માયા એમ કરાવે છે એમ માને છે; ખરી રીતે જોતાં પોતાનું જ અજ્ઞાન કારણભૂત છે એમ અજ્ઞાની લોકસમૂહ સમજતો નથી. ) (૧૫)

ભગવાન જ્યારે કશું કરતો કરાવતો નથી, ત્યારે પાપકર્મી કે પુણ્યધર્મી, આસ્તિક ભક્ત કે આડંબરી કર્મઠ લોકો વડે કરાતાં પાઠપૂજા, દ્રવ્યદાન, યજ્ઞયાગ, હોમકર્મ વગેરે પુણ્યકર્મ શા માટે કરવામાં આવે છે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તેથી ભગવાન કહે છે કે લોકોનું વિચાર–વિવેકરૂપ જ્ઞાન અજ્ઞાન વડે ઢંકાઇ ગયેલું છે. આત્મસૂર્યના આંતરિક પ્રકાશથી એ દૂર થઇ શકે છે. વિવેક વગરના અજ્ઞાની "હું કરું છું, હું કરાવું છું, હું ભોગવું છું," વગેરે ભાવ રાખીને મોહમાં રચ્યાપચ્યા રહે છે. આ જ ભાવાર્થનું ભ. શંકરાચાર્યે આ બન્ને શ્લોકના ભાષ્યમાં સ્પષ્ટીકરણ કરેલું છે.

"અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે" એમ કહ્યું છે એ ઉપરથી એટલું તો નક્કી થાય છે કે પ્રાણીમાત્રના અંતઃકરણમાં ઊંડે ઊંડે ક્યાંક જ્ઞાન–સમજણ ગુપ્ત કે ગુહ્ય રીતે ભર્યાં પડેલાં છે. ભગવાન શ્રી કૃષ્ણ એની સ્પષ્ટતા કરવામાં ક્યાં ભૂલે એવા છે?! ત્રીજા અધ્યાયના શ્લોક ૩૮–૩૯માં કહી ગયા છે કેઃ-

धूमेनाव्रियते वह्निर्यथाऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥
आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

અર્થ :–જેમ પ્રકાશસ્વરૂપ અગ્નિ પોતાની સાથે જ ઉત્પન્ન થયેલા અપ્રકાશાત્મક (અંધારિયા-કાળા) ધુમાડાથી, અરીસો જેમ મલ (કચરા)થી તથા ગર્ભ જેમ આવરણ–રૂપ ઓરથી ઢંકાયેલ હોય છે (ઢંકાઈ જાય છે) તેમ એ કામ (અજ્ઞાન–વાસના)થી આ (જ્ઞાન) ઢંકાયેલું છે. (૩૮) જ્ઞાનીના નિત્ય શત્રુએ જ્ઞાનને ઢાંકી દીધું છે. એ કામરૂપ જે દુષ્પૂર (પૂરો ન થાય એવો) અગ્નિ મુશ્કેલીથી શાંત થાય એવો છે. (૩૯)

આગળ ચાલતાં આ કામરૂપ અજ્ઞાનનાં સ્થાન બતાવ્યાં છે, જેમનાં નામ ઇંદ્રિયો મન અને બુદ્ધિ છે. આટલા ઉપરથી સમજાય છે કે પ્રાણીમાત્રના અંતરમાં ઊંડે ઊંડે આત્મદેવ શાશ્વતસુખ તથા જ્ઞાન સ્વરૂપે વિરાજે છે, અને એના ઉપરના મન બુદ્ધિ તથા ઇંદ્રિયોમાં અજ્ઞાન ભરેલું છે, એ અજ્ઞાન તે જ કામવાસના છે. મન, બુદ્ધિ અને ઈંદ્રિયોને બિષયોમાં ભટકતા રાખનાર, તથા શાશ્વત સુખસ્વરૂપ આત્મદેવને ભુલાવનાર, એ અજ્ઞાનનો અંધકાર છે. એટલું જ નહિ પણ ઇશ્વરને માથે પોતાનો પાપ–પુણ્યનો ટોપલો ઢોળી દઈને પોતે એમના આપેલાં સુખવૈભવ ભોગવવાની વાસના રખાવે છે.

આત્મા સુખસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, અને એ નિત્ય છે એટલે પ્રાણીમાત્રને એ જ પ્રાપ્તવ્ય છે એમ શાસ્ત્રો અને અનુભવીઓ કહે છે, પણ આપણે આપણા જ પોતાના અજ્ઞાનને લીધે, મન બુદ્ધિ તથા ઇંદ્રિયોને વિષયોમાં જ રમાડયા કરીને એનું જ સ્મરણ કર્યા કરીએ છીએ તેથી એ શાશ્વત્ (સત્) જ્ઞાન (ચિત્) તથા સુખ (આનંદ) ને પામી શકતા નથી. એટલું જ નહિ પણ જેમ જેમ એની વિસ્મૃતિરૂપ અજ્ઞાન વધતું જાય છે તેમ તેમ એ અંતર્યામી પ્રકાશદેવ સમીપસ્થ છતાં દૂર અને દૂર જ લાગ્યા કરે છે.

ઇશાવાસ્યોપનિષદ્ ખરું જ કહે છે : तद्दूरे–तद्वन्तिके । એટલે કે "એ દૂર છે અને સમીપ પણ છે." એને દૂર એટલા માટે કહ્યું છે કે અજ્ઞાનીઓને સેંકડો કરોડો વર્ષો સુધી અપ્રાપ્ય રહેવાથી એ દૂર છે, ત્યારે વિદ્વાનો, એટલે જ્ઞાનીઓને એમનું પોતાનું જ સ્વરૂપ હોવાથી અત્યન્ત સમીપ છે. બૃહદારણ્યક ઉપનિષદ્ પણ કહે છે કે "य आत्मा सर्वान्तर: આ આત્મા સર્વના અંતર સ્વરૂપે છે." એ જ્ઞાન સ્વરૂપ છે એવું પણ એ જ શ્રુતિ કહે છે. "प्रज्ञानघन एव–એ

ઘન ( જેમાં બીજું કશું યે પ્રવેશ ન કરી શકે એવું અનુભવસ્વરૂપ જ્ઞાન એટલે એ ) પ્રજ્ઞાન છે. ઉપર જે શાશ્વત્ સુખ સ્વરૂપ આત્મદેવ કહ્યો (૧) એનું સ્વરૂપ સત્-ચિત્-આનંદ છે. (૨) એ સર્વનું પોતાનું સ્વરૂપ છે. (૩) એ એક છે (૪) સ્વતંત્ર છે (૫) સૌ એના વશમાં છે (૬) એ એક જ સ્વરૂપ હોવા છતાં બધાં રૂપ એનાં પોતાનાં જ, એકનાં અનેક જેવાં. એક જ સુવર્ણતત્ત્વના જુદાં જુદાં આભૂષણ જેવાં છે, એમ ઉપનિષદ્ તથા ભ. ગી. કહે છે.

*  *  *  *

ઉપર જે બીજા તમોગુણી વર્ગની વાત કરી છે એવા અજ્ઞાનીઓ ઈશ્વર-આત્માદેવના સ્વરૂપને સમજતા નથી એ એમનું પોતાનું અજ્ઞાન છે; એમના મનમાં, બુદ્ધિમાં અને ઇંદ્રિયોમાં અજ્ઞાનભર્યું છે. અજ્ઞાનનાં એ નિવાસ્થાન છે, તેથી જ્ઞાન પ્રકટ થતું નથી.

વિષયી મનનો સ્વભાવ ભોગવિષયોની કલ્પના કરવાનો છે. જ્યાંસુધી વિષયોની, વિષય સુખની આશાની, એની પ્રાપ્તિ માટેનાં કર્મની જ મન કલ્પના કર્યા કરે ત્યાં સુધી મનમાં કામવાસના સ્વરૂપ અજ્ઞાન સ્થાન (ઘર) કરીને બેઠું છે એમ સમજવું. વેદાન્ત ગ્રંથોમાં જે મલિન વાસના કહી છે એ જ ઉપર પ્રમાણે મનને -વિષયની કલ્પના કરાવ્યા કરે છે.

બુદ્ધિમાં જ્યાં સુધી કામ-વાસના બેસી રહે ત્યાં સુધી એવા મનની કલ્પનામાં વિષયો માટેના જ વિચાર આવ્યા કરે, મોહને લીધે વિષયોમાં સૌંદર્ય, ભોગ અને એની પ્રાપ્તિ માટેની યોજનાઓ ઘડાયા કરે; એને જ સત્ય માનીને એની યોગ્યતા સ્થાપવાના જ તર્કો તથા યુક્તિઓ જ્યાં ત્યાં વાપરે અને અહોરાત્ર એના જ વિચાર કર્યા કરીને મનને અશાંત રાખ્યા કરે.

મન તથા ઇંદ્રિયોમાં જ્યાં સુધી અજ્ઞાન ભર્યું હોય ત્યાં સુધી પાંચે જ્ઞાનેન્દ્રિયો વિષયોનો સંયોગ થતાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધના વિષયજ્ઞાનમાં જ રચીપચી રહે; એનો સંયોગ હોય ત્યાં સુધી શાંત રહે, વિયોગ થતાં પાછી ચંચલ બની ચિત્તને ચંચલ બનાવે. તેવી જ રીતે કર્મેન્દ્રિયો પણ વિષયપ્રાપ્તિ માટે જ લેવડદેવડ, જવું આવવું, રતિભોગ વ. ક્રિયાઓ વિષયાધીન રહીને જ કર્યા કરે છે.

એ સાચી વાત છે કે ઇંદ્રિયોને મન તથા બુદ્ધિની પ્રેરણા હોય છે. છતાં પણ ઇંદ્રિયોનો ચેતન અંશ એવી રીતે ટેવાઈ જાય છે કે મનની કલ્પના અને બુદ્ધિનો વિચાર જે ઈશ્વરનું ચિંતવન કરતો હોય છતાં પૂર્વ સ્વભાવ–જૂની ટેવને લીધે ઇંદ્રિયો વિષયમાં જ પ્રવૃત્ત હોય છે. મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને એનાં સ્થાન માનીને શાસ્ત્રો યમ નિયમ તથા વૈરાગ્ય વ. સાધનોથી એને શુદ્ધ કરવાનું સૂચવે છે.

આત્મદેવમાં જ મન, બુદ્ધિ તથા ઇંદ્રિયોને પ્રવૃત્ત રાખવાની તથા સંસારી ભાવમાંથી નિવૃત્તિ લેવાની જો ભક્તિ થાય તો પણ આત્મદેવના શુદ્ધ તત્ત્વનું–એના સચ્ચિદાનંદ સ્વરૂપનું જ્ઞાન ન હોય તો સકામ ભાવ આવી જાય છે. વિષયી મનુષ્ય અપ્રાપ્ત વિષય માટે જ્યારે દૃષ્ટ જગતમાંથી સમાધાન કે સાધન મેળવી શકતો નથી, ત્યારે અદૃષ્ટ ઈશ્વરની સહાયતા શોધે છે. જીવ તત્ત્વરૂપે આત્મદેવ હોવાથી સમસ્ત શક્તિનો ભંડાર છે; વિષયોની પાછળ ભમી ભટકીને પોતાના જ સામર્થ્યનો અજ્ઞાનને લીધે ભોગરાગમાં દુરુપયોગ કરે છે, આ બધામાં અજ્ઞાન જ કારણ છે એ સ્પષ્ટ છે.

જીવની પ્રત્યેક ક્રિયા પાછળનાં હેતુ તથા સમજણ સુખ મેળવવા માટેનાં જ છે. પણ સુખસ્વરૂપ એ પોતે જ છે, અંતર્યામી આત્મદેવ સ્વરૂપે એ સચ્ચિદાનંદ છે, એ વિસ્મૃતિરૂપ અજ્ઞાનને

લીધે બ્રહ્માંડનાં જડચેતન વિષયોને સુખરૂપ માને છે. જ્યાં સુધી થોડું ઘણું સામર્થ્ય હોય ત્યાં સુધી યથેષ્ટ વિષયો મેળવે છે, પરન્તુ ભોગ ભોગવવાથી સામર્થ્યનું પૂર ઓસરવા માંડે છે ત્યારે અદષ્ટ ઇશ્વરની ઓથ શોધે છે.

વિષય વાસનાથી પ્રેરાઇને ઈશ્વર તથા ઈશ્વરભકતોનું આવા વિષયી લોકો શરણુ લે છે, જેમાં એમનો હેતુ એ દ્વારા ઈંદ્રિયસુખ મેળવવાનો હોય છે. આવા અજ્ઞાનને લીધે પરિણામે દુઃખ આવે છે કારણકે સુખભોગ પૂર્વજન્મનાં પુણ્યકર્મ સાથે સંબંધ ધરાવે છે. અન્યને સુખી કરવાથી, જેને જે જોઈએ તે ધર્મમાર્ગે સ્વપ્રયત્નથી મેળવીને વહેંચી આપવા રૂપ દ્રવ્યયજ્ઞ કર્યો હોય તો એના ફલસ્વરૂપે સુખસગવડની ઇશ્વર અવશ્ય અનુકૂળતા કરી આપે, જેથી સરલતાથી ઇશ્વરભકિત થઈ શકે.

અનન્ય ભકતનું ઈશ્વર યોગક્ષેમ ચલાવે છે એવું જે ભ. ગી. નું મહાવાકય છે, એનો અર્થ સમજવા જેવો છે. એ યોયક્ષેમનો અર્થ વૈભવ વિલાસ, રાજમહેલ, પુત્રપરિવાર, સ્ત્રીભોગ, કે નાણાંના અમાપ ઢગલા નથી, પરન્તુ ઈશ્વરનું સતત્ સ્મરણ રહે એ છે યોગ, અને એ સ્મરણ સુરક્ષિત રહે એ છે ક્ષેમ, એ યોગક્ષેમ છે. ઈશ્વર-ભકિત સતત્ ચાલુ રહે એ દરમ્યાન સંયમી જીવન ગાળનાર, વિરકત ભકતને જે સામાન્યમાં સામાન્ય અનુકૂળતા જોઇએ એ એને આવી મળે છે. એમાં પણ ભકતના પૂર્વપુણ્યના પરિપાકરૂપે જ બધું બને છે, કારણ કે ભકતોની જીવનકલાનું પ્રારબ્ધ પણ એક સરખું રહેતું નથી. તપસ્વી, ત્યાગી, કે ઐકાન્તિક ભકિત કરનારા સંતો, તપસ્વીઓ, અવતારો કે દેવાંશીઓના જીવનમાં અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ ભરેલી હોય છે. સંસારી મનુષ્યના વૈભવની દષ્ટિએ તો સંતો હમેશાં નિષ્કિંચન અને દુઃખી જ રહ્યા છે. એમના

જીવનનિર્વાહમાં શ્રદ્ધા જ પ્રાણ પૂરનારી હોય છે, અને ઈશ્વરની સાથે એકતા અનુભવનાર સંતો તો પોતાના વ્યવહારને ઈશ્વરનો વ્યવહાર જ માનતા હોય છે, એટલે એની સફલતા નિષ્ફલતાનો વિચાર ન કરતાં, એને માટે મનમાં ચિંતાનો હિમાલય ન વેઠતાં, જે કાળે જેવા સંયોગો આવે એ બધામાં આંતરિક શાંતિથી જ જીવન વ્યતીત કરે છે.

પરન્તુ સામાન્ય મનુષ્યની ભકિત વિષયવાસનાથી ભરેલી હોય ત્યારે એ ઉપાસના સકામ બની જાય છે. જીવ અજ્ઞાનમાંથી ધીરેધીરે, અનેક જન્મે જ્ઞાનની દશામાં પહોંચે છે, "સગવડ (ભોગ) વિના ભકિત નહિ" એવા અજ્ઞાનસૂત્રમાંથી "અગવડ (ત્યાગ)માંજ ભક્તિ કરવી" એવાં શ્રદ્ધા-તિતિક્ષાનાં વાકયો ઉપર જ સંતોનું જીવન ઘડાય છે. અગવડથી ગભરાય એ ભકત નથી. સગવડ શોધે એ પણ ભકત નથી. સગવડ માટે ઈશ્વર ભજન કરે એ ભકત નથી: ભકિત માટે વૈભવવિલાસ વેરે એ પણ ભકત નથી. જેઓ વગર વિચારે પોતાનાં પૂર્વપુણ્યથી વૈભવ પામ્યા હોય તેઓએ ઇશ્વરનાજ સ્વરૂપ જેવા લોકસમૂહમાં જયાં જયાં આવશ્યક હોય, એવાં ધર્મક્ષેત્રમાં પોતાના તન-મન-ધનની વ્યવસ્થાપૂર્વક વહેંચણી કરવી જોઇએ. ભ. ગી. માં જે દ્રવ્યયજ્ઞ કહ્યો છે, અને વર્તમાન યુગમાં જેને લોકસેવા, જનસેવા વ. તરીકે ઓળખાવાય છે, એ જ છે ઈશ્વરભકત માટે પોતાનાં તન-મન-ધનનો યજ્ઞ કરવા માટેનો-સ્વપરહિત માટેનો દ્રવ્યયજ્ઞ.

સકામમાંથી નિષ્કામ ભકિતમાં પહોંચાય ત્યારે જ એ આત્મદેવ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. કારણ કે ભકતે ત્યારે જ અનન્યભાવે ઈશ્વરનું સ્મરણચિંતવન કરેલું હોય છે. મન, બુદ્ધિ અને ઈંદ્રિયોમાંથી વિષયવાસનાને જડ મૂળથી ઉખેડી નાંખી, મનમાં

ઇશ્વરની ઇચ્છા, બુદ્ધિમાં ઈશ્વરસ્વરૂપ જગતના હિતનો વિવેકવિચાર અને ઇંદ્રિયોમાં આત્મદર્શનના પરિણામ જેવી જ્ઞાનક્રિયાઓ થવા માંડે ત્યારે સમજવું કે હવે આત્મદેવનાં અજવાળાં અંધારા ઓરડા જેવા અંતઃકરણમાં પડવા માંડયાં છે. એનામાં નિરભિમાન-પણું, નિઃસ્વાર્થભાવ, નમ્રતા, સેવા, ઉદારતા, ત્યાગ, તથા સમતા વગેરે સત્ત્વગુણનો આવિર્ભાવ થવા માંડે છે.

*   *   *   *

આપણે હવે લોકસેવાના ક્ષેત્રનો વિચાર કરીએ. એમાં ઇશ્વરનો વિચાર હોય કે ન હોય પરન્તુ જગતના દુઃખે દુખી થવાની શુભ, પરોપકારી ભાવનાનું પ્રાબલ્ય છે. પણ જગતનું સ્વરૂપ સાચી રીતે સમજાયું ન હોય તો એમાં અશાંતિ વધવાનો સંભવ છે. જગત ત્રિતાપથી ભરેલું છે. આધિ–ઉપાધિ–વ્યાધિની રમતો ચાલ્યા જ કરે છે. જગત ત્રિગુણાત્મક છે એટલે રજોગુણ અને તમોગુણના પ્રસંગો વિશેષ ભાગ ભજવે ત્યાં બધે વર્ગવિગ્રહ ઊભા થાય, પૃથ્વીના પેટાળમાંથી કે આકાશના ઊંડાણમાંથી અવનવા બનાવો બને અને માનવસમૂહ ઉપર અણધારી આપત્તિઓ આવી પડે. આવા પ્રસંગોમાં દોડી જઈને દુઃખનિવારણ કરવામાં ઈશ્વર પ્રસન્ન થાય છે એવી શુષ્ક ભાવના લોકસેવાની પાછળ ન હોવી જોઇએ.

આ લોકસેવા કે જનહિતનાં કાર્યોમાં ઇશ્વરની ભાવના ન હોય તો પણ ચાલી શકે એમ છે. ઇશ્વરનું અસ્તિત્વ ન માનનારા પણ બીજાનાં દુઃખનિવારણ માટે ત્યક્તપ્રાણ બનીને કર્મો કરે છે. કર્મની ગતિ જ કૈંક એવી વિચિત્ર છે કે ચંચલ મનમાં જ એવા લોકોને શાંતિ લાગે છે. આ ભ્રાન્તિ છે એમ કહેવાનો અર્થ નથી. આત્મશુધ્ધિનો એ પરમોચ્ચ માર્ગ છે, એ વાત સાચી છે. નિષ્કામ કર્મયોગનું એ સર્વશ્રેષ્ઠ બાહ્યસ્વરૂપ છે એ નિર્વિવાદ સત્ય

હોવા છતાં પણ જો એની પીઠમાં આત્મશુદ્ધિની ભાવનાનો આધાર ન હોય તો તેમાંથી નિરાધારની સહાયતા કે સેવા કરવા જતાં ક્રૂર, હિંસક, સ્વાર્થી, આક્રમણ કરનારા વર્ગનો જ્યાં વિરોધ કરવાનો પ્રશ્ન આવે છે કે તે વખતે સામે હિંસક ઉપાય લેવાની બુદ્ધિ થવાનો ભય રહે છે. એવો વર્ગ ઇશ્વરને માનતો નથી, અને વર્ગવિગ્રહમાં ભયંકર હિંસા ઊભી કરે છે. વર્તમાન યુગમાં જે બે વિશ્વયુદ્ધો થયાં અને ત્રીજાનો હજુ જે ભય તોળાઇ રહ્યો છે એ બધાની પાછળ આવી નાસ્તિક અને હિંસક મનોદશા જ મૂળરૂપે કારણભૂત છે. ત્યારે શું લોકસેવા ન કરવી ? આંખની સામે લોકો દુઃખી થતાં હોય, અસહાયોની બૂમો સંભળાતી હોય, ત્યારે કઠોર થઇને બેસી રહેવું એ મહત્પાપ નથી ?

આવો પ્રશ્ન કોઈને સહેજે ઊભો થાય એમ છે; એ સેવાને માટે નાઃ કહેવાય નહિ. લોકહિતમાં જરાયે પાછી પાની કરવાની નથી: પરન્તુ સેવા કરવામાં દ્વેષ, હિંસા કે અભિમાન ન આવવાં જોઈએ. જગતનું સ્વરૂપ તો એવું જ હતું, છે અને સદાકાળ રહેશે જ. વિશ્વશાંતિ, વિશ્વસુખ વગેરેનાં જેઓ સ્વપ્નાં સેવે છે એ મહા અંધકારમાં છે એમ શાસ્ત્રો કહે છે. અત્યારે જે દુઃખ છે એના કરતાં પણ ભવિષ્યમાં વધે એવા સંજોગો દૃષ્ટિગોચર થાય છે. કલેશ, કલહ અને કપટની જાળો ગૂંથવાની જ પ્રપંચીઓની પેરવી ચાલ્યા કરે છે, એ દિવસે દિવસે વધે છે પણ ઘટતી નથી. છેલ્લાં પચાસ વર્ષનો ઈતિહાસ તપાસી જુઓ અને નિષ્પક્ષભાવે વિચારી જુઓ એટલે જણાશે કે જગતમાં પ્રપંચ વધ્યો છે અને નીતિને નામે અહંકાર પોષાય છે. વિષયવાસનાઓમાંથી વિલાસવસ્તુઓના ભંડાર ઊભરાય છે. વિજ્ઞાન અને સગવડને નામે બાહ્ય સાધનો એટલાં બધાં વધી પડયાં છે કે મનુષ્યના કરતાં જડયંત્રની કિંમત વધી ગઈ છે. યંત્રવાદ વધ્યો છે; મનુષ્યની સંખ્યા અમર્યાદ વધે છે;

આ છે બધું વિલાસ, સ્વચ્છંદ, અને કામવિષયનું સેવન, ઉત્તેજન અને પ્રોત્સાહન! યંત્રવાદ જયાં સુધી માનવવાદનું સ્વરૂપ ન પકડે ત્યાં સુધી વિનાશવાદ જવાનો નથી. અક્ષરવિદ્યાની વાત કરીએ તો જયાં ત્યાં વિલાસી વાર્તાઓ, ચલચિત્રો, નાટકો વગેરેનાં થોથાં છડેચોક છપાય, વંચાય અને દેખાડાય છે. સંયમની વાત જ કોઈને ગમતી નથી. સ્વચ્છંદવિહાર અને મુકત આચારને 'આઝાદી' જેવાં ભ્રામક નામ આપીને વિદ્યાની વગોવણી થાય છે. આ વાત લખવા જેવી જ નથી રહી! કારણ કે નિવૃત્તિ અને શાંતિનો પ્રત્યેક ઈચ્છુક પ્રત્યક્ષ જુએ છે અને પ્રત્યેક ક્ષણે નિઃશ્વાસ નાંખે છે કે, આ જગત્ પશુધર્મને પંથે જ ઘસડાઇ રહ્યું છે!!

વિજ્ઞાનની વિદ્યાકલાઓ, સાહિત્યની રસવિદ્યાઓ, અને શિક્ષણની પ્રયોગ જેવી પ્રણાલિકાઓએ જગતને કેવળ બહિર્મુખ બનાવીને સ્વચ્છંદવિહારી કરી મૂકયું છે. 'આભ ફાટે ત્યાં થીંગડું કયાં દેવું" એ ન્યાયે આવા અશાંતિના યુગમાં તપોનિધિ ગાંધીજી, યોગારૂઢ શ્રી અરવિન્દ કે બીજાં ગણ્યાંગાંઠયાં વ્યક્તિપાત્રોની અસર પણ કેટલી થાય?

* * * *

પાછા આપણે મૂળ મુદ્દા ઉપર આવીએ. વેદાન્તનું લક્ષ્ય છે આત્મજ્ઞાનદ્વારા દ્વંદ્વથી મુકિત અને વ્યવહારપ્રધાન જીવનદશામાં ચિત્તશાંતિ. એવા આત્મજ્ઞાનને સ્થાને પહોંચવાનાં બે પગથિયાં છેઃ (૧) આત્મસુધારણા અને (૨) આત્મબળ. એમાં આપણે પ્રથમ આત્મસુધારણાનો પ્રયત્ન કરવાનો છે. માનવપ્રકૃતિમાં-વર્તમાન લોકસમૂહમાં એટલી બધી વિકૃતિ ઊભરાઈ પડી છે કે જયાં જયાં દષ્ટિ કરો ત્યાં ત્યાં સુધારણાની આવશ્યકતા જણાય છે. નિરુદ્યમ, પ્રમાદ, આળસ જેવાં બીજમાંથી સ્વાર્થ, કપટ, પ્રપંચ, વિનાયત્ને

ભોગ મેળવવાની પ્રબળ લાલસા વ. જીવનમાં ઘર કરી બેઠાં હોય એમ લાગે છે. ચતુર્વિધ પુરુષાર્થનો વિચાર કરી જોઈએ.

(૧) ધાર્મિક ક્ષેત્રમાં નીતિની મર્યાદા ભુંસાતી જાય છે; સર્વ-નિયંતા પરમાત્માને પ્રત્યક્ષ સમજીને તથા વ્યવહારના પ્રત્યેક-કર્મમાં લોકહિતની દષ્ટિ રાખીને જીવન ચલાવવાની પ્રાચીન પદ્ધતિનો લોપ થવાથી સર્વત્ર ઐહિક દષ્ટિથી જ વ્યવહાર ચાલે છે. રાજાપ્રજાની મનોદશા સાંસારિક વિષયસુખ જેવા વિકાસને માટે જ યોજનાઓ ઘડે છે. ઇશ્વરનિમિત્તનાં કર્મકાંડો, પાઠપૂજા, વેદોક્ત ઉપાસનાનું મહત્ત્વ ઘટી ગયું છે. પરિણામે જૂનવાણી વર્ગદ્વારા યજ્ઞ-યાગ, ભજનપૂજન, કીર્તનસંગીત, કથાવ્યાખ્યાન, દાનપુણ્ય, મંદિર મઠ, કે ધર્મશાળાનાં સંસ્થાપનો થાય છે, એમાં અપાત્રે દાનનો ભય રહ્યો છે; નવીન વર્ગને લોકહિતનાં કર્મો કરવાની પ્રબળ ઇચ્છા હોવા છતાં એમનામાં જૂનાં શાસ્ત્રો પ્રતિ દ્વેષ નહિ તો દુર્લક્ષ થઇ ગયું છે. જ્યાં ત્યાં સર્વત્ર અવ્યવસ્થા વધી પડી છે. જીવનમાં ધર્મ જેવા પ્રથમ પુરુષાર્થનો હેતુ જ સચવાતો નથી.

(૨) આર્થિક ક્ષેત્રમાં સ્વાર્થી, પેટભરા લોકોએ પોતાની કપટજાળ એવી વણી પાથરી મૂકી છે કે મધ્યમવર્ગના નીતિમાન વર્ગને અન્નવસ્ત્રના સાંસા પડવા માંડયા છે. રાજાપ્રજા ઉભય વર્ગ પોતાની નબળાઈઓ જાણુતા છતાં આ મોંઘવારીનો ઉકેલ લાવી શકતા નથી. સારું કરવાની ઈચ્છા છતાં આવડત તથા સમજણને અભાવે અવળા રસ્તા લેવાય છે. સારું કરી નાંખવાની ઉતાવળમાં ખર્ચ વધે છે, લોકો દુઃખદરિદ્રતાથી રીબાય છે, સર્વત્ર "ત્રાહિ ત્રાહિ" થઈ પડયું છે. નાણાં પ્રકરણ ખૂબ જ તંગ સ્થિતિ ભોગવી રહ્યું છે. આ છે બીજા પુરુષાર્થ અર્થની દિશામાં અવ્યવસ્થા.

(૩) ત્રીજો પુરુષાર્થ કામ નામનો. એટલે સામાજિક પ્રદેશમાં

કેવળ ઇંદ્રિયઆરામ અને ઇંદ્રિયસંબંધને જ મુખ્ય માનીને લોક-સાહિત્યની રચના થાય છે. પતિપત્નીના દેહસંબંધને મુખ્ય માની સંયુકત કુટુંબની સહકાર, સેવા, સંપ, સુખ અને સંપત્તિની પરસ્પર સહાયક ઉપકારક પ્રણાલિકા તૂટી ગઈ છે. અહંકાર અને અહં-મન્યતા એટલાં બધાં વધી પડયાં છે કે વડીલો, મુરબ્બીઓ, મુખ્ય પુરુષો, અનુભવીઓ કે અગ્રગણ્ય ગણાતા નેતાઓનો અનાદર થાય છે. કોઇ કોઈને માનતું નથી. અમર્યાદા સ્વેચ્છચારને લીધે માનસિક સંતાપના કરતાં પણ વધી જાય એવા, આયુર્વેદનાં જૂનાં શાસ્ત્રોમાં નામ પણ ન મળે એવા વ્યાધિઓ ઘર કરી બેઠા છે. વસ્તુતઃ સ્થિતિ અસહ્ય વિકારી બની ગઇ છે. સમાજ આધિવ્યાધિ ઉપાધિથી ગૂંગળાઈ ગયો છે.

(૪) મોક્ષના પ્રદેશમાં તો વાત જ કરવાની નથી. જ્ઞાન-માર્ગીઓ જીવન્મુકિતના અભિમાનમાં ચકચૂર બનીને ડોહ્યા –મહાહ્યા કરે છે; ભકતો ભજનકીર્તન અને ઉત્સવમાંથી જ પર-વારતા નથી. યોગીઓ ચમત્કારોની ઇંદ્રજાળ વણ્યા કરે છે અને અનુયાયીઓ એ બધાંની પાછળ ગાડરિયા પ્રવાહમાં દોડયા જાય છે. આ સ્થિતિ પહેલાં પણ કદાચ હશે પરંતુ અત્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચતુર્વિધ પ્રદેશમાં અંધાધુંધી બહુ વધી પડી છે એ નિર્વિવાદ છે.

*    *    *    *

ભ. ગી.ના સોળમા અધ્યાયમાં દેવાસુરસંપદ્ વિભાગમાં આસુરી વિભાગનું જે આબેહૂબ વર્ણન છે એનું પ્રત્યક્ષ વલણ પ્રકૃતિ ધારણ કરી બેઠી છે. આસુરી–તામસી માયા જીવાત્માઓને એવું ભમાવે છે કે કાળના કીડા જેવા માનવજંતુઓ મિથ્યાભિમાન અને દંભમાં મદમત્ત બનીને અંધશ્રદ્ધાળુ બન્યા છે. નવા–જૂનાનો ભેદાભેદ

પારખવાનો વિવેક ત્યાગીને બાહ્યદૃષ્ટિથી પ્રતીત થતા આ વિકારી જગતમાં નિર્વિકારી સુખ મેળવવાનાં નિષ્ફળ ફાંફાં મારે છે.

ભ. ગી. નું વર્ણન વાંચી જોઇએ :

दंभोदर्पोऽभिमानश्च क्रोधःपारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥ ४ ॥
दैवी संपद् विमोक्षाय निबंधायासुरी मता ॥ ५ ॥

* * * *

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापिचाचारो न सत्यं तेषु विद्यते ॥ ७ ॥
असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत् कामहैतुकम् ॥ ८ ॥

અર્થ :–હે અર્જુન! આસુરી સંપતિ ધારણ કરીને જન્મેલામાં સ્વભાવ ( પૂર્વ સંસ્કાર ) ને લીધે જ દંભ, ગર્વ, માનીપણું, ક્રોધ, કઠોર ભાષણ અને અજ્ઞાન હોય છે. (૪) આમાં દૈવી સપત્તિ મોક્ષ-દાયક ( વ્યવહારમાં આવી પડતાં અસંખ્ય દ્વંદ્વસમૂહમાંથી મનને મુકત રાખવાનું જ્ઞાનબલ ) અને આસુરી સંપત્તિ બંધનકારક ( વારંવાર કલેશકારક ) માની છે. (૫)

પ્રવૃત્તિ ( કરવા યોગ્ય કર્મ અને આચરવા યોગ્ય ધર્મ ) તથા નિવૃત્તિ ( ન કરવા યોગ્ય ધર્મકર્મ અને આચરવા યોગ્ય જ્ઞાનબલ ) ની આસુરી જીવોને ગતાગમ જ હોતી નથી. ઉપરાંત તેમનામાં શૌચ ( આંતરબાહ્ય પવિત્રતા ) આચાર ( સદાચાર ) કે સત્ય ( શાસ્ત્રશુદ્ધ સિદ્ધાન્ત ) પણ હોતાં નથી. (૭). આ જગતને તેઓ અસત્ય (દુરા-ચારથી જ ભરેલું તથા નિભાવી લેવાય તેવું ), નિરાધાર ( એના અધિષ્ઠાનમાં કૈં જ નથી, શૂન્ય હશે એવી માન્યતાવાળું ), ઈશ્વર

વિનાનું (પરમતત્ત્વના અસ્તિત્વ વિનાનું, પુનર્જન્મ, કર્મ તથા કર્મફ્લના નિયમ વિનાનું) તથા પરસ્પર કાર્યકારણુતા વિના જ (જાણે કેવળ બાહ્ય સુખ માટે જ–યથેષ્ઠ સ્વછંદ માટે જ) બનેલું હોય, વિષયોપભોગ વિના બીજો હેતુ એમાં શું હોય ? એમ જ એ બધા માને છે. (૮). ત્યાર પછીના શ્લોકોમાં પણ આવા જનસમૂહ વિષેનું યુગવર્ણન છે. અત્યારે જે હિંસા, દ્વેષ, સ્વાર્થ અને કપટ પ્રવેશ્યાં છે, એ બધાં આસુરી સંપત્તિનાં પરિણામ છે. અને છતાં કોઇની શકિત નથી કે એને દૂર કરે! પ્રયત્નો થાય છે, દૈવી સંપદ્‌ના વિસ્તાર માટે વિભુતિસંપન્ન મહાત્માઓ પ્રવૃત્ત રહે છે, પરન્તુ આસુરી સંપદ્‌પ્રવાહનાં પૂર એટલાં તો ધોધમાર વધ્યે જાય છે કે ભલભલા મહાપુરુષ અને વિચારશીલ મનીષીની બુદ્ધિ પણ બહેર મારી જાય એવું અતડું કામ છે !

* * * *

આવા વિશ્વમાં આપણે અવતર્યા છીએ–આવી ચડયા છીએ. જગતના જેવા જ આસુરી થઇએ તો અશાંતિનો પાર નથી. એને સુધારવાનો જ અહંકાર વધારીએ તો પણ જગતની અશાંતિને જ અંતરમાં ભર્યા કરવાની છે; ઉપરાંત આવા આસુરી જગતના સંસર્ગમાં આવતાં સંગદોષ લાગી ન જાય તેની શી ખાતરી ? આત્મરક્ષા તો કરવી જ જોઇએ એવું સ્વીકારીએ, લોકહિતનાં કાર્યો કરી એમના દુઃખનિવારણ માટે જીવવ વીતાવીએ એમાં ઉદ્દેશ શો રાખવો ? દુઃખી જગતને યાદ કર્યા કરીને રડયા કરવું ? જગત તો ત્રિકાલમાં આવું જ રહેવાનું છે એ નિર્માણ થઇ ચૂકેલી વસ્તુસ્થિતિ છે, નિત્યને માટે સુધરવાનું છે જ નહિઃ ત્રણ ગુણ, દૈવી આસુરીસંપદ્ અને જીવાત્માઓનો સમૂહ પોતાની અવળી સવળી અજ્ઞાનજન્ય રમત તો આંખો મીંચીને રમ્યા જ કરશે

એ નિર્વિવાદ સત્ય છે. બ્રહ્માંડના એક ગ્રહ ઉપર સત્ત્વગુણની અધિકતા હશે તો બીજા કોઇ ખૂણામાં રજોગુણ રાજય કરતો હશે તો કયાંક તમોગુણનાં તોફાન ચાલતાં હશે. વિશ્વેશ્વરની આ વિશ્વલીલામાં સામાન્ય માનવીનું સત્ત્વગુણને વધારવાનું કે વ્યાપક કરવાનું ગજું કેટલું ?

સંસારને અનુભવીઓ ચક્ર કહે છે; એની રેખા આડી ઊભી કે સીધી ચાલી જતી નથી, પરન્તુ ચક્રાકાર વર્તુલ દશામાં ફરે છે; અને એમાં ત્રણ ગુણ તથા તેમાંથી ઊપજતાં કર્મ તથા વ્યવહારનાં દ્વંદ્વોના રંગ પૂરેલા છે. અવિરત ભાવે એ ગતિમાન રહે છેઃ વિશ્વ-સુધારણાની કલ્પના કરનાર જીવાત્મા પણ એ જીવસમૂહ માંહેનો જ એક શરીરધારી, અલ્પજ્ઞ અને અલ્પશકિત હોઈ સુખદુઃખનાં દ્વંદ્વોમાં ખરડાતો પ્રાણી છે. જગતનાં સુખદુઃખનું દૈવી સંપદને પંથે જનારા કોઈ વિરલ પુરુષના કોમલ અંતઃકરણમાં પ્રતિબિંબ પડે છે, ભાવનાવશ બનીને એ યથાશકિત પ્રયત્ન કરે છે, એ વાત સાચી, પરન્તુ આ બધાની પાછળ જે ઉદ્દેશ છે તે કેવલ વિશ્વ-સુધારણાનો નહિ, વિશેષ ભાવે આત્મસુધારણાનો જ છે એ લક્ષ્યની વિસ્મૃતિ ન થવી જોઈએ.

શસ્ત્રક્રિયા કરનાર કે ચેપી રોગવાળા દરદીની સારવાર કરનાર દાક્તર કે વૈદ્ય જો સાવધાનતા ન રાખે તો પોતે જ ચેપ લાગી જવાના ભયમાં રહે છે, તેવી જ રીતે લોકહિત, પરહિત, જન-કલ્યાણના નિમિત્તે કર્મરત રહેનાર મનુષ્ય જો પોતે દ્વંદ્વમુકત ન રહી શકતો હોય, કર્તાપણાના અભિમાનથી, કીર્ત્તિ, ધન, પ્રતિષ્ઠા કે સેવા કરવાના દંભથી મુકત ન રહી શકતો હોય તો જગતના હિત કરતાં પોતાનું વિશેષ અહિત કરે છે.

એટલા માટે આત્મસુધારણા માટે શાસ્ત્ર નિષ્કામ કર્મયોગનો

માર્ગ બતાવે છે. એ કર્મયોગ સાચો છે, હિતકર છે, શ્રેયસ્કર છે પરન્તુ એમાં મુખ્ય ભાવના આત્મસુધારણાની હોવી જોઈએ. વિશ્વમાં જ્યાં જ્યાં ઉપયોગી થઇ પડવાના પ્રસંગો પ્રાપ્ત થાય ત્યાં સેવા કરીને પોતાના અંતરમાંથી સ્વાર્થ, દંભ અહંકાર વગેરે આસુરી ભાવોને નિર્મૂળ કરવાનો ઉદ્દેશ હોવો જોઈએ.

* * * *

શાસ્ત્રમાં આત્મસુધારણા ચિત્તશુદ્ધિના નામથી ઓળખાય છે. માનવીમાત્રના અંતઃકરણમાં ત્રણ દોષ સ્વાભાવિક હોય છે. પરમતત્ત્વ સર્વવ્યાપક, સર્વપ્રકાશક અને સર્વજ્ઞ હોવા છતાં પણ અંતઃકરણમાં એના સચ્ચિદાનંદ ભાવની જાગ્રતિ નથી થઈ શકતી એમાં અંતઃકરણ ઉપર ચડેલા ત્રણ દોષ કારણભૂત છે. અંતકઃરણ નિર્મળ હોય તો એ સ્વયંપ્રકાશ પરમાત્માનો આનંદ સ્વાભાવિક રીતે જ પ્રગટ થાય છે. એ ત્રણેય દોષ નીચે પ્રમાણે છે.

(૧) મલ, એટલે ચિત્તમાં લોકપરલોકના ઈંદ્રિયભોગ મેળવવા તથા ભોગવવાની વાસના. (૨) વિક્ષેપ–વિષયવાસનાના મલને મનમાંથી કહાડવા માટે પરમાત્માનું સ્મરણ ચિંતવન કરતી વખતે વારંવાર ચિત્ત પૂર્વ સંસ્કારને વશ થઈને વિષયોને જ યાદ કર્યા કરે. (૩) આવરણ=સગુણ સાકાર, ગુણકર્મથી વિભૂષિત પરમાત્માનાં પ્રતીક સમા વિષ્ણુ, શિવ વગેરે દેવદેવતા, અવતાર પુરુષો, બ્રહ્મવિદ્ સ્વરૂપો કે ધ્યાનમાં આવશ્યક એવાં દિવ્યસંપદ્વિભૂષિત ધ્યેય તથા ધ્યાતાનું દ્વૈત વાસ્તવિક છે કે માયિક, એ સંબંધે સંશય વિપર્યય થાય એ આવરણ દોષ કહેવાય છે.

* * * *

આ લેખમાં આપણે આત્મસુધારણાનો જ વિચાર કરવાનો છે. મલદોષને દૂર કરવો એનું નામ જ આત્મસુધારણા છે. ચિત્ત જેટલું શુદ્ધ થાય એટલું જ એ સુખી નીવડે છે; કારણ કે એવું વાસના મુક્ત થઈને શુભેચ્છા (શુદ્ધ કર્મભક્તિ)થી ભરેલું ચિત્ત જ ઈશ્વર પ્રતિ વળીને એકનિષ્ઠ ભકિતદ્વારા ધ્યાનધારણામાં પ્રવૃત્ત થઇ શકે છે. આત્મજ્ઞાનની નિષ્ઠા સ્થાયી રીતે ટકાવી રાખવા માટે અતૂટ આત્મબલ (મનોબલ)ની આવશ્યકતા હોય છે. અશુદ્ધ મલિન-વાસનાથી ભરેલું ચિત્ત ધ્યાનમાં એકાગ્રતા કરી શકતું નથી. ક્ષણભર કરી શકે તો પણ નકામું છે, કારણ કે નરી એકાગ્રતા વડે મલિન મનમાં શકિત વધે તો એ આગળ જતાં વધારે વિષયવાસનામાં ફસાઈ જાય છે. સકામ ભકિત કોઈપણ રીતે દ્વંદ્વથી મુકિત અપાવી શકતી નથી. એવી વાસનાવાળી ભકિત રાગદ્વેષ વધારે છે, ઐશ્વર્ય-માંજ ફસાઇ પડે છે. એવા ચિત્તમાં ઇશ્વર, દેવદેવી, સંતસાધુ, કે ઇશ્વરપરાયણ ભકતોનો ભય રહે છે: કારણ કે એ ભકિત પ્રેમથી નહિ પણ વિષય ખોઇ બેસવાના ભયથી થયેલી હોય છે. એ ભકિતથી ઈશ્વર પ્રસન્ન થતા નથી. સાચો ભકત ઈશ્વરને ઇશ્વરને માટે જ ભજે છે અને વ્યવહારનાં પ્રત્યેક કાર્ય શુદ્ધચિત્તથી જ કરવાની કાળજી રાખે છે. અધર્મ અને અનીતિની કમાણીને ઈશ્વર નિમિત્તે વાપરવા જેવાં કર્મો ઇશ્વરને લાંચરૂશ્વત આપવા જેવાં નીચ કર્મો છે. એવાં કાર્યથી વૈભવનો ઊલટો નાશ થાય છે. ઈશ્વર કૃપા તો દૂર રહી પણ લાંબે ગાળે એટલી બધી આપત્તિઓ આવી પડે છે કે એવા ઇશ્વરની સાથે કપટ ખેલનારાની સામે ઇશ્વર દૃષ્ટિ પણ કરતો નથી.

મલિન દર્પણમાં જેમ સ્પષ્ટ રીતે મુખ દેખાતું નથી, તેમ મલિન અંતઃકરણમાં ઈશ્વરનું દર્શન કરવાના પ્રયત્નો વ્યર્થ જાય છે. એ બધું ધૂળ ઉપર લીંપણ છે. રેતીના પાયા ઉપર બાંધેલા

મહેલ જેવું છે. ઉપનિષદ્‌શાસ્ત્ર વિશ્વસુધારણાની પહેલાં આત્મ-સુધારણા ઉપર ભાર મૂકે છે એનું કારણ પણ એ જ છે.

*　　*　　*　　*

ઉપર જે કઠોપનિષત્‌નો મંત્ર ટાંકયો છે એમાં—

(૧) શાશ્વતસુખ ધીર વિવેકી પુરુષને મળે છે એમ કહ્યું છે.

(૨) એ સુખ અંતઃકરણમાં આત્મદેવ રૂપે વિરાજે છે.

(૩) દૃષ્ટા–દૃશ્ય રૂપે બધાં રૂપો આત્મદેવના જ આવિર્ભાવ જેવાં છે.

ધીર શબ્દ વાપરીને એનો અર્થ વિવેકી એટલા માટે કર્યો છે કે પ્રથમ અંતઃકરણની શુદ્ધિ અશુદ્ધિનો તફાવત સાધકે સમજવો જોઇએ. સંસારનાં વિષયસુખની લાલસા એ અંતઃકરણનો મેલ છે. એ મેલને ઓળખી લેવો, એ જ જિજ્ઞાસુનો વિવેક અને એવો વિવેક એટલે જ ધીરજવાળી શુદ્ધ બુદ્ધિ! એ વિના અંતરસ્થ અંતર્યામી આત્મદેવનાં દર્શન અશકય છે–દુર્લભ છે.

મંત્રમાં જે ચાર મુદ્દા ઉપાડયા છે, એ દૃષ્ટિએ વિચારણા:–

(૧) આત્મા જ શાશ્વતસુખનું સ્વરૂપ છે; મન, બુદ્ધિ અને ઇંદ્રિયોમાં જ્યાંસુધી વિષયવાસના ઘર કરીને બેઠી હોય ત્યાંસુધી આત્મસુખની જિજ્ઞાસા થતી નથી. વિષયસુખની વાસના કેવલ મિથ્યા કલ્પના છે એમ શ્રુતિ કહે છે, એટલે વિષયોનો વૈરાગ્ય જોઇએ. એ વિનાનું કર્મકાંડ વ્યર્થ અને ભકિત બાહ્ય આડંબર છે.

(૨) બીજા મુદ્દાની વાતનો ઉપરના મુદ્દામાં સમાવેશ થાય છે. આત્મા શાશ્વત સુખનું કેન્દ્ર છે. એ પ્રાણીમાત્રનો અંતર્યામી છે

એટલે એ માટે મન બુદ્ધિ તથા ઇંદ્રિયોને વિષયમુક્ત કરી-શુદ્ધ કરી અંતર્યામી આત્મદેવ તરફ વાળવાં જોઇએ.

(૩) શાશ્વતસુખ આત્મદેવનાં દર્શન કરનારને જ મળે છે, બીજાને નહિ, એ પરમ સત્ય છે. એ વાક્ય ઉપર શ્રદ્ધા રાખીને અંતઃકરણની શુદ્ધિસ્વરૂપ આત્મસુધારણા માટે પ્રયત્નવાન થાય તેવો ધીર પુરુષ જ આત્મદર્શનનો અધિકારી થઈ શકે છે.

* * * *

આત્મદર્શનના અધિકારીને જે ધીરતા-ધૈર્ય જોઈએ એ જ એનું આત્મબલ છે. એ બલ એકનિષ્ઠ ભક્તિથી મેળવાય છે. પરન્તુ મલિન ચિત્તવાળાનું બલ વિષયવાસનાથી ભરેલું હોઇ આત્મદેવ તરફ અંતર્મુખ ન થતાં વિષયો મેળવવામાં જ ખર્ચાઇ જાય છે.

જગતનું સ્વરૂપ ત્રિગુણાત્મક છે; ત્રણે ગુણો જાણી જોઇને જ -સમજીને જ રમત કરતા હોય તેમ પ્રત્યેક યુગે પોતપોતાનું જોર દાખવે છે. અત્યારે તમોગુણનું જોર વધી પડયું છે; અને નથી વધી પડયું એમ માનીએ તો પણ જેને શાશ્વત સુખની ઝંખના છે, એણે વિષયસુખની વાસનાનો મેલ તો અંતરમાંથી વાળીઝૂડીને કહાડી નાંખવો જોઇએ. શું કર્મકાંડી કે શું ભગવદ્‌ભક્ત, બધાંયે એક વાત ચોક્કસ લક્ષમાં રાખવાની છે કે પોતાની પ્રત્યેક ક્રિયા કે ઇચ્છા સંસારના સુખવૈભવ માટે નહિ, પણ ઈશ્વર પ્રીત્યર્થે હોવી જોઇએ. જે જે ધર્મ, કર્મ કે ઇશ્વરભજન થાય તે અંતરમાંથી મલિન વસનાને ધોઈ નાંખવામાં સહાયક થાય તેવી જ રીતે કરવાં જોઈએ. એ વિનાનાં કર્મકાંડ કે ભકિત કેવળ બાહ્યાડંબર છે, ગધેડાને આભૂષણ પહેરાવવા જેવાં છે; અસંખ્ય વૈભવ સામગ્રીથી ભરેલો કીમતી મહેલ તોફાની વાંદરાને સોંપી દેવા જેવી એ મૂર્ખ રમત છે.

લોકહિત કે જનસેવા કરવાની તૈયારી કરતાં પહેલાં પોતાનું

અંતઃકરણ શુદ્ધ કરી લેવું જોઈએ. પહેલી આત્મસુધારણા અને પછી વિશ્વસુધારણા, એ ક્રમ અનાદિ કાલથી ચાલ્યો આવે છે. સંસારના કોઇ પણ વ્યવહારમાં જ્યાં સુધી યોગ્ય વિદ્યા-કેળવણી -શિક્ષણ ન લીધું હોય ત્યાં સુધી એ કાર્ય સિદ્ધ થતું નથી, તો પછી શાશ્વત સુખની વાતો કરનારો કોઈપણ જિજ્ઞાસુ કે ભક્ત જો શાસ્ત્રોક્ત પદ્ધતિથી સાચાં સાધન વડે ભજન, સેવા તથા સાધના ન કરે, તો એને અશાંતિ જ સાંપડે છે. મહાભારતના પ્રસિદ્ધ યુદ્ધમાં પાંડવપક્ષે ધર્મ અને કૌરવપક્ષે અધર્મ હતાં, પરન્તુ ભ. શ્રીકૃષ્ણના સામીપ્યમાં પાંડવપક્ષે શાંતિ અને શાશ્વત સુખનો અધિકાર મેળવ્યો, કારણ કે એમની પ્રત્યેક ક્રિયામાં ધર્મ હતો; ઉદ્દેશ આત્મસુધારણાનો અને લક્ષ્ય આત્મજ્ઞાનનું હતું. આ શાસ્ત્રસિદ્ધ હકીકત છે. એ જ સ્થિતિ સૌએ સમજી રાખવાની છે.

ધર્મ એટલે આંતરિક શુદ્ધતા; ભક્તિ એટલે આંતરિક મનોબલ; જ્ઞાન એટલે આત્માનું યથાર્થ દર્શન ( અનુભવ ); આ સિદ્ધિત્રય પ્રાપ્ત ન થતી હોય, સાધનમાર્ગે એ સિદ્ધિના લક્ષણ પોતાનામાં નથી વિકસતા એમ જણાતું હોય તો નક્કી સમજવું કે ક્યાંક બહુ મોટી ભૂલ થાય છે.

આખા દિવસના વ્યવહારને અંતે પોતાના મનને તપાસીને ભૂલો માટે પશ્ચાતાપ કરો, શુભ વિચાર અને કર્મ માટે પરમાત્માનો ઉપકાર સમજો; અને પ્રાતઃકાલે બ્રાહ્મમુહૂર્તમાં એ અંતર્યામી આત્મદેવ સમક્ષ પ્રાર્થો કે “ હે, અંતર્યામિન્ ! મારી દિનચર્યામાં ધર્મકર્મ, ભજનભાવ અને આત્મજ્ઞાનનાં શાસ્ત્રીય સાધન પ્રકટાવ.”

ૐ ૐ ૐ

( ફેબ્રુઆરી-૧૯૫૧ )

3

# શુદ્ધિ અને શાન્તિ

બાહ્ય પદાર્થોની શુધ્ધિ કે સ્વચ્છતા માટે જેમ ભૌતિક સાધનો હોય છે, તેમ ચિત્તશુધ્ધિનાં સાધનોમાં સર્વોત્તમ અને અગ્રગણ્ય સાધન આત્મજ્ઞાન છે. વાસનારૂપ મલ, શંકાતર્કરૂપ ચંચલતા, અશ્રધ્ધારૂપ નાસ્તિકતા, અધર્મરૂપ પ્રમાદ અને અવિવેકરૂપ મોહને જો ધોઈને સાફ કરવાં હોય તો એનાં સ્થાનરૂપ અંતઃકરણ તથા ઈંદ્રિયોને નિત્યપ્રતિ આત્માના પરમપાવક અમૃતકુંડમાં તરબોળ કરવાં જોઇએ; અશુદ્ધિને ઇન્ધન માનો તો આત્માને પ્રચંડ જ્ઞાનાગ્નિ સમજી લેજો; વાસનાને અંધકાર માનો તો આત્માને પ્રોજ્વલ જ્ઞાન-ભાસ્કર સમજી લેજો; ચંચલતાને જો વિક્ષેપ માનો તો આત્માને નિશ્ચલ હિમાલય તરીકે ઓળખી લેજો. આત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપે નિત્ય નિરન્તર તાદાત્મ્ય હોવા છતાં જે માનવીના અંતરમાં એનાથી વિરોધી ભાવ જાગતા ઊઠતા હોય, એણે પ્રથમ અંતઃકરણ અને ઈંદ્રિયોને શાંત કરીને અંતર્મુખ કરવી; ત્યાર પછી પરમ પ્રયત્ન વડે આત્માનંદના માનસસરમાં બોળવા-ઝબોળવા અને તરબોળ કરવાની ભક્તિભરી પ્રાર્થના કરવી; અને એમાં શંકા કુતર્કને સ્થાન જ નથી, કશાં બાહ્ય સાધનની આવશ્યકતા નથી; પરન્તુ વાહ રે માનવી મનની શંકાશીલ વૃત્તિ, પ્રવૃત્તિ ! અને પ્રકૃતિ !

આર્યશાસ્ત્રો કહે છે કે પ્રાણીમાત્રને દેખાતું સંભળાતું અને સમજાતું વિશ્વ અનાદિ છે. એનો આરંભ શા માટે, ક્યારે, કેવી રીતે, કેવા સ્વરૂપે થયો હશે એની કલ્પના કરવી વ્યર્થ છે. કોઈ એવો દેહધારી અત્યારે મોજૂદ નથી કે જેને આપણે આદિમાનવ કહીએ, જેની સાક્ષી આપણને વિશ્વના અનાદિપણાનો નિર્ણય કરવામાં ઉપયોગી થાય, જે આપણા વર્તમાન વિશ્વનાં મિતિવાર વર્ણન સંભળાવે, અત્યાર સુધીનો ઈતિહાસ પૂરો પાડે, ભૂગોળ –ખગોળના નકશા વંચાવે.

અને માની લ્યો કે એક અમર પુરુષ આપણી સામે આવીને એમ કહે કે હું અનાદિ છું તો પણ એના અનાદિપણાનાં પ્રમાણ શું ? વિશ્વની સાથે સાથે જ એ દેહધારી બનીને બેઠો છે, એના સત્યાસત્યપણાની ખાતરી શી ? કારણ કે સાંભળનાર તો અનાદિ નિત્યકાય નથી જ; જેવું વિશ્વના ભૂતકાળને માટે છે, એવું જ ભાવિને માટે છે. અસંખ્ય માનવયોગીઓ, જીવન્મુકતો આ ભૂતલ પર અવતર્યા, એમનાં શરીર દટાઈ–બળાઈને માટીમાં મળી ગયાં; એ ક્યાં ગયાં હશે ? ભાવિ વિશ્વના પેટાળમાં ક્યાં કેવા રૂપે, કેવી રીતે, શા માટે, વિચરતા હશે કે નહિ એનું પણ પ્રમાણ શું ? અદૃષ્ટમાંથી એમના અવાજ સંભળાય, વીજળીના ચમકારાની પેઠે કોઈને ક્યાંક એ દેખાય–સંભળાય, તો પણ એ જ ગતાત્મા છે કે કોઇ બીજો એની ખાતરી શી ?

વિશ્વનાં જે ભૂત–ભાવિ છે એ જ વર્તમાન માનવીનાં ભૂત-ભાવિ છે કે જે એને–કદી પ્રત્યક્ષ થવાનાં નથી; છતાં એની ચિંતા જ એનો જીવનવ્યવસાય બની બેઠો છે. આમ થઇ ગયું; હવે શું થશે ? એ વિચારભૂત એના ભાવિમનને ધૂણાવ્યા કરે છે; મનમાં એવો તો ખળભળાટ ઊભો કરે છે કે કોઇ અશાંત મહાસાગરની સાથે પણ એની સરખામણી ન થઈ શકે.

ભૂત અને ભવિષ્યકાળની વચ્ચે કોઈ એવી સ્થિરતા નથી કે જેને આપણે વર્તમાનનું સ્વરૂપ આપી શકીએ, અને છતાં પ્રત્યક્ષને વર્તમાન માનીને ભૂત-ભાવિના વિચારો મનને ભમાવ્યા કરે છે એ જ આશ્ચર્ય નહિ તો બીજું શું ?!

ભૂતકાળમાં અનેક વિશ્વમંડળો રચાયાં-તૂટયાં હશે. આ પૃથ્વી નામના ગ્રહ ઉપર જળસ્થળના ફેરફારો થયા હશે; જમીનમાં ખનિજ, વનસ્પતિ, પક્ષી, પશુ, તથા માનવ વર્ગની અસંખ્ય સંખ્યાના હેરફેર થઈ ગયા છે; પણ કોઈ એવો નિત્યકાય માનવ બચ્યો નથી કે એનું પહેલાનું સ્વરૂપ વર્ણવી શકે, તથા ભવિષ્યમાં એ કેવું રૂપાન્તર પકડશે એની સાચી આગાહી આપી શકે.

અને માનો કે અત્યારે જ કોઈ આદિ માનવ આપણી સામે આવીને ઊભો રહે, હું નિત્યકાય છું, સૃષ્ટિના આદિકાળથી બધા ભૂતપ્રસંગોને મેં જોયા જાણ્યા છે, અને તમે વર્તમાન શરીરે નહિ હો ત્યારે તમારી ભાવિ પેઢીને પણ હું જોતો રહીશ, એવો દાવો કરી પોતાના શરીરને અમરકાય, નિર્વિકારી સિદ્ધ કરવાનાં વચનો કહે તો પણ એ અનાદિ અનંત જીવનાર અમરદેહ છે એની ખાતરી શી ?

વર્તમાન માનવને ૧૦૦ વર્ષનો માનીએ, તો એના જન્મ પહેલાં એ પુરુષ જ હતો એનાં પ્રમાણ શાં? ભવિષ્યમાં પણ એ એવો જ રહેશે એની સાબીતી શી? ઉપરાંત એ યથાર્થ વકતા છે એવા જ્ઞાનનો દાવો આપણે કઈ રીતે સ્વીકારીએ ?

બહુ બહુ તો વર્તમાન માનવ પૃથ્વીનાં પડ ઊખેડે, એમાંથી અનુમાન કહાડે, કે અમુક હજાર પહેલાં આમ અને આવું હતું. પણ એ ય અનુમાન જ ને? કલ્પનાની ગણતરીનો જ બધો

હિસાબ ને ? પ્રત્યેકને વિશ્વાસ બેસે એવી એ વાતો કહેવાય ખરી ? આવા પૂરાવા પણ માનવને ભાવિ જાણવામાં ઉપયોગી ખરા ?

ભૂત અને ભાવિની ચિંતા જ માનવજીવનને અદ્ધરતાલ ઊંચે મને રાખીને નચાવ્યા કરે છે, આશા અને નિરાશાના દોરમાં બાંધીને આમતેમ અથડાવે છે; માયા (પ્રકૃતિ)થી પરવશ બનેલો જીવાત્મા સુખ સગવડની ભાવિ આશાનું ધ્યાન ધરીને અનેકવિધ કર્મો કરે છે, પોતાના સમસ્ત વિષયજ્ઞાનનો ઉપયોગ કરીને સાધનો અને સાધ્યની ભાંજગડમાં અથડાય ટીચાય છે; સંપૂર્ણ શકિતને વગર વિચાર્યે ખરચી નાંખીને નિત્ય સુખ મેળવવા મથે છે. પરન્તુ આ માયા એવી તો અદ્દભુત અને અલૌકિક નટી છે, એ જગ-જ્જનની મોહમાયા એવાં નખરાં કરી બતાવે છે કે માનવભૂત એમાં જેટલો વધારે નાચે એટલો વધારે થાકે છે—અશકત અને પામર બને છે. એના બાહ્ય આડંબરમાં જેટલો વધારે રાચે છે તેટલો વધારે નાચે છે. પરન્તુ એ નાચ–રાચનો કાંઈ છેડો છે ખરો ? કોઇ અમરકાય આવીને એમ કહે છે કે આ નાચ-રાચ નકામાં છે, વ્યર્થ ફાંફાં છે, ખોટાં હવાતિયાં છે, કે સાચાં અને વાસ્તવિક ફલદાયી છે ? !

ઘણાં શાસ્ત્રો લખાઈ ગયાં છે; જૂના અનુભવીઓ કેટલુંએ ભાખી ગયા છે કે વિશ્વ તો ભયંકર અને અવિરત ભાવે ચાલતું યુદ્ધક્ષેત્ર છેઃ મહાભારતકાર એને ધર્મક્ષેત્ર એટલે-કુરુક્ષેત્ર કર્મક્ષેત્ર કહે છે. અને કર્મક્ષેત્ર એટલે જ યુદ્ધક્ષેત્ર એમ નહીં ? પછી એમાં ધર્મ હોય કે અધર્મ !

ભૂતકાળમાં સુખ નહોતું અને તેથી કર્મક્ષેત્રમાં યુદ્ધો જામ્યાં હતાં. ભવિષ્યકાળ પણ ભૂતકાળ જેવો જ હશે એવું આપણે અનુમાનથી સમજી લેવાનું રહ્યું. નજર સામે ખેલાતાં વર્તમાન યુદ્ધ-

ક્ષેત્રોમાં પણ ફળ, ફૂલ, કે બીજ બધાં યુદ્ધનાં જ રોપાય છે: માયાદેવી એટલે જ સતત ગતિમાં રહેનારી કોઈ અગમ્ય, અનિર્વ-ચનીય ક્રિયાશક્તિ. માણસ એ વિશ્વક્ષેત્રમાં જન્મે છે; જન્મ્યા પહેલાંના કાળમાં પૃથ્વી પર પડેલા અવશેષો, અને લખેલાં વંચાયેલાં ઇતિહાસ–ભૂગોળ ભણી ભાવિની યોજનાઓ ઘડે છે; આખું વર્તમાન એ યોજનામાં જ સમાપ્ત થાય છે. શ્વાસોચ્છ્વાસની અંતિમ પળે સંતોષ–અસંતોષ, આશાનિરાશાના જ જાણે નિશ્વાસ નાંખતો હોય એમ અધૂરું મૂકીને એના પ્રાણ શાંત થઇ જાય છે ! જાણે કોઇ યંત્ર અકસ્માત્ બંધ પડયું !

એ કયાં ગયો ?–અદૃષ્ટ ભૂતકાળમાં

કયાં હશે ?–અદષ્ટમાં, અગમ્ય ભાવિમાં.

પુન: દેખાશે ?–અજ્ઞાન જ બતાવવાનું રહ્યું ! એ મૃતાત્મા તો હવે કહેવા આવનાર નથી કે હું કયાં, કેવી રીતે, કેમ રહું છુ ને કયાં જઈશ. અધુરા જ્ઞાનમાં જન્મ મરણ પામીને અદષ્ટમાં આથડતો માનવી અજ્ઞાન પ્રદર્શિત કરે એમાં શું આશ્ચર્ય ? !

ત્યારે કરવું શું ?

આ મહાપ્રશ્નનો કાંઇ ઉકેલ ખરો ?

પૃથ્વીપટ ઉપર વેદકાલીન ઋષિઓ, અવતારો, આચાર્યો, પેગંબરો, સંતસાધુઓ વગેરેનાં શરીર આવ્યાં અને પંચત્વ પામ્યાં, એટલું આપણે એમની સાક્ષી જેવાં ગ્રન્થરત્નોને આધારે કબૂલ રાખીએ. એ રત્નસમૂહમાંથી જ કોઇ સદેહ રૂપે સમક્ષ આવીને કૈંક સલાહ આપે તો આપણે માનીએ ખરા ?

(૧) ભૂતકાળમાં થઈ ગયેલ એ જ વ્યક્તિ હશે કે બીજી કોઈ બનાવટી, વેષધારી, એની ખાતરી શી ?

(૨) અદૃષ્ટનાં એમનાં આપેલાં વર્ણન પણ સાચાં જ હોય એની શી ખાતરી ?

(૩) દેહધારી હતા ત્યારે બ્રહ્માંડ અને બ્રહ્મ વિષે જેવું એ ભાખી ગયા છે એમાં જ એકવાકયતા હતી કે નહિ—એ પ્રશ્ન પાછો તર્કની ધાર ઉપર તપાસવાનો રહ્યો.

(૪) એમની ગ્રન્થવાણીમાં જ વિશ્વાસ ન હોય તો અત્યારે અસંખ્ય વર્ષો અદૃષ્ટ રહ્યા પછી વર્તમાનમાં સદેહે આવે, ત્યારે પણ એમની સાક્ષી સાચી માની શકાય ખરી ?

ઉપરાંત બીજા પણ પ્રશ્નો ઊભા થઇ શકે એમ છે.

(૧) કયા ઋષિએ સત્ય સંપૂર્ણપણે ભાખ્યું ? (૨) કયા અવતારે સંપૂર્ણ સત્યજીવન જીવી બતાવ્યું ? (૩) કયા આચાર્યના આચરણમાં નરી નિર્દોષતા જ ભરી હતી ? (૪) કયા સન્તે નિરન્તર સદાચાર જ દેખાડયો હતો ? (૫) દૃષ્ટ અને અદૃષ્ટ વિશ્વના રહસ્યોનો સાચો ઉકેલ કોણ કરી ગયું છે ? (૬) એમણે પણ અદૃષ્ટ ભૂતભાવિનાં અનુમાન બાંધીને જ વર્તમાન પારખ્યો હશે કે કોઇ બીજી રીતે ?

આ રહી માનવતર્કની મથામણ; બુદ્ધિની આકાશપાતાળ સુધી દોડધામ; મનની બ્રહ્માંડ વીંઝી નાંખે એવી છૂટી મૂકેલી લગામ, અને પરિણામે—

આપણે જયાં ના ત્યાં જ. સૌ હતા એના એ જ જગતમાં ભૂતભાવિની વચ્ચે વર્તમાન છે એવી કલ્પનામાં વિહાર કરીને અથડાતા, ટીચાતા, રીબાતા, મૂઝાતા માનવપ્રાણીઓ !

*　　*　　*　　*

તર્કને અન્ત નથી; મનને કલ્પનામાંથી મુકિત મળે એમ નથી.

આગળપાછળ, આસપાસ, ઊંચેનીચે જોવાની ટેવથી માનવીને ભૂતભાવિમાં ભીંસાઈને કર્મક્ષેત્ર ખેડયા વિના કળ વળે એમ નથી, અને એક જ છે એની અશાંતિ! અશાંતિ જ સૂચવે છે કે એનું આવું અજ્ઞાન વર્તમાનમાં છે એટલે ભૂતભાવિમાં પણ ભર્યું પડયું હશે. અજ્ઞાન હશે ત્યાં સુધી ભૂત, ભાવિ અને વર્તમાનનો કોયડો અણઉકેલ જ રહેશે એમ જ ને?

કહેવાય છે કે ઋષિઓ અંતર્મુખ બનીને સમાધિસ્થ થયા, અને પછી જાગ્યા ત્યારે એમના અંતરમાં આત્માના ઊંડાણમાં પરમ પ્રકાશ ઊઘડયો; અજ્ઞાન ઊડી ગયું; એમની બુદ્ધિપ્રભા ઊજળી બની; એમને સૂઝયાં અગમનિગમનાં, દૃષ્ટાદૃષ્ટ વિશ્વનાં અદ્‌ભુત અને અલૌકિક સનાતન સત્યો. શિષ્યોએ કર્ણશ્રુતિથી ઝીલ્યાં. વંશવારસોને શબ્દપરંપરાથી શીખવ્યાં, એ પ્રમાણે જીવનઆચાર ગોઠવ્યો અને એ શબ્દબ્રહ્મની મુકિત જેવા જ્ઞાનભંડારને વેદ (જ્ઞાન) નામ અપાયું. ગુરુજનોએ કહ્યું અને શિષ્યવર્ગે સાંભળ્યું; અંતર્યામી આત્મબ્રહ્મે સૂચવ્યું અને ઋષિહૃદયે અગમ્ય અગોચર રીતે આંતરધ્વનિરૂપે સાંભળ્યું, એટલે એ જ્ઞાનરાશિનું નામ પડયું ઇશ્વરપ્રેરિત વેદ; શ્રુતિસંગ્રહ!

ત્યાર પછી વ્યાસનારાયણોએ એ જ શ્રુતિજ્ઞાનને આધારે એમાં જ શ્રદ્ધા રાખીને, એ જ પ્રમાણે જીવન જીવીને લોકરુચિ અને માનવતર્કને પોષવા-સંતોષવા માટે બ્રહ્મ અને બ્રહ્માંડની વળી પાછી પૃથક્કરણ એકીકરણ અને સમીકરણની પદ્ધતિ શોધી; ભિન્નભિન્ન દર્શનશાસ્ત્રો ઉદ્‌ભવ્યાં. સૃષ્ટિરચનાના રહસ્યોમાં ભેદાભેદ પડયા, વિભૂતિથી ઐશ્વર્ય દાખવતી, આત્મજ્ઞાનની અનુભવવાણી બોલતી મહાન વ્યકિતઓને અવતાર પદવી મળી. એમનાં ગુણકર્મનાં મહિમાગાન ગાતાં તથા દેવદેવીનાં પણ લૌકિક

અલૌકિક ચરિત્રો આલેખતાં ભિન્નભિન્ન પુરાણો રચાયાં; વેદ, વેદાંગ, દર્શન, પુરાણો તો જૂનાં થઈ ગયાં; પણ ત્યાર પછી આચાર્યો આવ્યા; વેદથી પણ ભિન્ન મતવાદી એવા જૈન, બુદ્ધ, જરથૂસ્ત, ખ્રિસ્તી, મુસ્લીમ, વગેરે બીજા પણ મતમતાંતરોના આચારવિચારમાં બંધાયેલા આ જનસમૂહે એ માટે પણ યુદ્ધ ખેલ્યાં; ક્યાંક વાગ્યુદ્ધ તો ક્યાંક શરીરયુદ્ધ; ક્યાંક વ્યક્તિગત, ક્યાંક સમૂહગત–આવાં યુદ્ધની નોબતો ત્યાં પણ ગાજી હતી, ગાજે છે અને ગાજ્યા કરશે.

આવ્યો આચાર્ય યુગ; ભારતવર્ષમાં આચાર્ય શંકરથી માંડી છેવટના વલ્લભાચાર્ય સુધીના આચાર્યોએ પોતપોતાનાં મન્તવ્યો રજૂ કર્યાં; ચૈતન્ય અને સહજાનંદ જેવાઓના અનુયાયી-ઓએ પોતાના ઇષ્ટ આચાર્યને ભગવત્ સ્વરૂપે નિહાળ્યા અને પૂજ્યા. ત્યાર પછી થઇ ગયા અસંખ્ય સંતો. નાનક, કબીર વગેરે અસંખ્ય સન્તોએ ભારતવર્ષમાં સન્તબાગ ખીલવ્યા; અને અત્યારે આ ભારતવર્ષમાં જ સુમારે ચારસો એક જેટલા સંપ્રદાય, મત, પંથ વગેરેમાં આસ્તિક જનસમૂહ બંધાઈ બેઠો છે; એ બંધનમાં બંધાઈને–એને જ જ્ઞાનબંધ માનીને, આચાર્ય-વાણીને મુક્તિમંત્ર રૂપ અનુભવવાની કળા જાણીને, અજ્ઞાન-બંધમાંથી છૂટવા મથે છે. આ છે વેદધર્મનાં શાખાપ્રશાખા જેવાં પત્રપુષ્પ અને ફલ જેવાં બહુવિધ ભાવે ખીલી રહેલાં એક જ અશ્વત્થનાં પાગર્યાં પમર્યાં કર્મક્ષેત્રો! જ્યાં જ્યાં કર્મક્ષેત્ર ત્યાં ત્યાં યુદ્ધક્ષેત્ર! એ યુદ્ધક્ષેત્ર બે પ્રકારનાં: એક ધર્મક્ષેત્ર અને બીજું અધર્મક્ષેત્ર! એકનું પરિણામ શાંતિ, બીજાનું અશાંતિ! બન્નેમાં હારજીત ખરાં; હારે તે અશાંતિ ભોગવે; જીતે તે વૈરાગ્ય પામે: બન્નેમાંથી વિશ્રાંતિ શોધે; નિવૃત્તિ ઝંખે એ શાંતિ પામે.

* * * *

માનવપ્રાણી ! તને બુદ્ધિ મળી છે તો એને પહેલાં સીધી કરી લે; સંસાર સાગરના ઊંડા પાણીમાં નિહાળી જોતાં ભટકી ભટકીને, અથડાઈ ટીચાઇને એ વાંકીચૂકી થઇ ગઇ છે. સમજણને ચોકખી કર; તારામાં જ્ઞાનની જ્વાલા છે પણ એની સાથે અજ્ઞાનનાં લીલાં ઈન્ધનરૂપ વિષયનાં કાચાં ડાળપાંદડાં નાખ્યાં છે. એના ધૂમાડાથી અગ્નિ ઢંકાઇ ગયો છે; તારી આંખો ઝાંખી બની ગઇ છે; ભૂત, ભાવિ કે વર્તમાનનો, સાચા કે જૂઠાઓલાનો, શ્રદ્ધા, કે અશ્રદ્ધાનો, માનવા ન માનવાનો તારામાં નાસ્તિકતાનો ફણગો ફૂટે તે પહેલાં એના બીજની પરીક્ષા કરી લેજે. પણ બીજ માટે ય તને તો શંકા થશે. વૃક્ષ જોયા વિના તું બીજને કેવી રીતે ઓળખી શકીશ ? અરે ઓ શંકાવાદી ! નાસ્તિક જ્ઞાનબન્ધુ ! શાસ્ત્રોની શોધખોળ, તર્કની આંટીઘૂંટી, ન્યાયશાસ્ત્રની શબ્દજાળ, યોગમાર્ગની ચમત્કારભ્રાન્તિ, વિશ્વરંગના પટાન્તરપ્રયોગ, એ બધા ઉકેલવાની માથાકૂટ કરતાં પહેલાં તું તારા આંતરમનને પૂછ કે જન્મીને જેવડો થયો હોય તેટલાં વર્ષ પછી અત્યારે આ જ ક્ષણે, વર્તમાનકાળે તને તારા જીવનમાં શેની ઊણપ લાગે છે ? તારે જોઇએ છે શું ? મનને દોડાવે છે બ્રહ્મ–બ્રહ્માંડના ગાઢ અરણ્યમાં, પણ શા માટે ? તર્કના સંદેશા મોકલાવે છે આકાશ-પાતાળમાં પણ કોને અને શા માટે ? અહંકાર શ્વાનને દસે દિશામાં ભસતો તો મૂકી દીધો છે, પણ કોની ચોકી માટે ? ઈંદ્રિયોના ઘોડા નાસતા-હાંફતા દોડધામ કરે છે પણ ક્યાં જવું છે ?

તપાસી જો, તું જ્યાં છે ત્યાં જ સ્થિર થા. જ્યાં ઊભો હોય ત્યાં જ બેસી જા; ઘર હોય કે જંગલ, ભોંયતળિયું કે મેડો અગાસી; જ્યાં હોય ત્યાં એકલો બનીને બેસી જા; વિશ્વને

શાંત કરવા મથનાર મુર્ખ માનવી! પહેલાં તારી ઇંદ્રિયોને શાંત કર; બીજાને તર્કથી જ્ઞાન આપનાર ગુરુ! પહેલાં તારા મનને હેઠું બેસાડ; તર્કને ઠરીને નીતરવા દે; અહંકારને હતો નહોતો કરી નાખ; તારી જીવનયાત્રાનો થાક ઉતાર–ઉતારી નાખ પૂરેપૂરો અને પછી એમાંથી જાગ્યા પછી તપાસી જો કે એ ક્ષણે–વર્તમાનકાળમાં તારા અંતરમાં શાંતિ આવી કે નહિ? કે સમજણના અંકુર ફૂટ્યા કે નહિ?

વિશ્વ આવું હશે કે કેવું? બ્રહ્મ અહીં હશે કે ત્યાં? એ શરીરી હશે કે અશરીરી? એ નિર્ગુણ હશે કે સગુણ? આ લોક સાચો કે પરલોક? એ તો બધા માથાકૂટના ઝગડા છે. પંડિતો, તાર્કિકો, ભૂતલના વૈજ્ઞાનિકો કે ખગોળના જ્યોતિષશાસ્ત્રીઓ, દેવદેવીઓના ઉપાસકો કે ભૂતપ્રેતના ભૂવાઓ તને શી સાચી સહાયતા કરવાના હતા, જ્યાં સુધી તું શાંત ન હોય ત્યાં સુધી?

મોંમાં ધૂળ ભરી હોય ત્યાં સુધી સાકર સમાશે ક્યાં? ઇંદ્રિયોમાં વિષયોના ડૂચા માર્યા હશે ત્યાં સુધી બ્રહ્મદર્શન કેવું? બુદ્ધિમાં ન્યાયશાસ્ત્રના તર્કો ગોઠવ્યા હશે ત્યાં સુધી એમાં બ્રહ્મ-પ્રતિભા–બ્રહ્મજ્ઞાન ક્યાંથી? શબ્દજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન. આચાર્યમાન, ગુરુસ્થાન,–એવાં એવાં માનપાન અને ખાનપાનનાં ઝાંખરાં જ્યાં સુધી અહંભાવમાં ખોસ્યાં હશે ત્યાં સુધી તારું બ્રહ્મજ્ઞાન પોપટિયું હશે; વાતોમાં ચૂંથાતું હશે! પ્રમાતા, પ્રમાણ, પ્રમેયની ત્રિપુટીમાં, ષડ્દર્શનોના પ્રમાણોમાં હજુ તો તારું વ્યકિતત્વ–જીવભાવ મપાય અંકાય છે માટે જ લખું છું કે પહેલાં એ બધાંયને શાંત કર; એ બધાં હેઠાં બેસશે એટલે નદી જેમ પોતાના મુખમાં પેસતાં નદી ન રહેતાં અમર્યાદ ક્ષીરસાગર બની જાય છે, તેમ એ સૂક્ષ્મ શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ઇંદ્રિયો બધાં

પાછાં વળીને એકરસ અલૌકિક નામ અને રૂપ વગરના કોઈ અદ્વિતીય પરમ તત્ત્વના સુધાસિંધુમાં એકરસ એકાકાર થઈ જશે.

અને પછી જ્યારે સંસ્કારવશાત્ ઊઠશે, ત્યારે એ ધોવાઇને શુદ્ધ થઇ ગયાં હશે. આવી શાંત દશા એક ક્ષણભર પણ જો તારા પ્રયત્નના પ્રતાપે આવી મળશે, તો તારાં અહોભાગ્ય. તારું ભૂત. ભાવિ અને વર્તમાન, તારી શાસ્ત્રશંકા અને ચર્ચા; તારાં તર્કજાળ અને શબ્દવન, બધાં રહેશે જ નહિ. રહેશે માત્ર ૐ (આધિભૌતિક) શાંતિ! ૐ (આધિદૈવિક) શાંતિ! ૐ (આધ્યાત્મિક) શાંતિ! ભૂતકાળના ઋષિઓ, દાર્શનિકો, વ્યાસો, યોગીઓ, તાર્કિકો, આસ્તિકો, પુરાણીઓ, અવતારો, આચાર્યો, સંતો, સાધુઓ બધાંનાં કહ્યાંને માનવાં ન માનવાં તારી મરજીની વાત છે, વર્તમાનને વગોવવો વખાણવો તારા સ્વભાવની રમત છે; ભાવિનાં સ્વપ્નાં ગોઠવીને ઊંઘવું જાગવું એ તારી ગમતી અણગમતી હોય છતાં વાસનાની ગડમથલ છે.–પણ સો વાતની એક વાત કહું છું કે તેં તારી જાતને પૂછી જોયું છે કે એને શું જોઈએ છે?

અશાંતિ અને શાંતિ, દુઃખ અને સુખ, હર્ષ અને શોક, માન અને અપમાન, એવા ભરતીઓટના વમળમાં તો તું આથડે –અથડાય છે! એ જ તને ગમતાં હોય તો તને મુબારક હો! પણ અશાંતિમાં શાંતિ, દુઃખમાં સુખ, શોકમાં હર્ષ, અપમાનમાં માન વગેરે અત્યાર સુધી અવળી લાગતી પણ સાચે જ સાચી રમત તારે રમવી હોય, લીલાવિહારની પેઠે સંપૂર્ણ સચ્ચિદાનંદ-ભાવે જીવન વિતાવવું હોય તો માર્ગ બદલ; અને એ પણ તારી પોતાની ઇચ્છાની વાત છે! યથેચ્છસિ તથા કુરુ।

* * * *

ભવરોગનાં દર્દીઓ કોઇ સંતસાધુ પાસે જઇને જ્યારે જડની પેઠે કથાપારાયણો સાંભળ્યા કરે છે, દ્વૈત અદ્વૈતના તર્કપ્રધાન ગ્રંથોનું શ્રવણ કે પઠનપાઠન કરે છે, પરિભાષાના શબ્દો ગોખીગોખીને અટપટી વાતો કરતાં શીખે છે, ત્યારે એમ લાગે છે કે ભગવાન શંકરાચાર્ય એમની એ શિષ્યપરંપરામાં ઊતરી આવેલાં એવાં ગુરુશિષ્યનાં દ્વંદ્વોની દયા ખાતા હશે અથવા હસી નાંખીને ઉપેક્ષા કરતા હશે !

વેદના ઋષિઓ, અવતારો, આચાર્યો, તીર્થંકરો, બુદ્ધ, ખ્રિસ્ત, હ. મહમદ કે બીજા અસંખ્ય સંતસાધુઓ અને ભક્તોએ જે ગ્રન્થો ભણ્યા વગર જ સર્વોતમ શાંતિ અને અપૂર્વ આનન્દ મેળવ્યો હશે, એ ગ્રન્થ તો સૌનો પોતપોતાનો જીવનગ્રન્થ છે. એ જ ચારે વેદોનો મૂલ વેદ છે: બધાં દર્શનોનું એ આદ્યદર્શન છે; એમાંથી ભણવાનું હોય એટલું ભણો તમારા અંતરમાં વિરાજતા આત્મદેવરૂપ શબ્દવ્યાસ પાસે; ત્યાં વેદ સંભળાય છે, દર્શન સમજાય છે, પુરાણનો પ્રકાશ પડે છે, વ્યાસોના અનાહત ધ્વનિ-કીર્તન-ગુંજે છે; સંતસાધુઓનાં ભજનોની ધૂન જામે છે; નવધાભક્તિ અને અષ્ટસાત્વિક ભાવ અંતરમાં-તમારા પોતાના જ ઊંડાણમાં ભર્યાં પડયાં છે. નાસ્તિક બનો કે આસ્તિક, શાસ્ત્રોને માનો કે ન માનો, વર્તમાન સંતોને સાંભળો કે એનાથી દૂર નાસો, વાંચો કે ન વાંચો એ બધા વિના ચાલશે, પણ જો તમે સાચે જ શાંતિના ઇચ્છુક હશો તો તમારે સ્વતંત્ર રીતે પણ એ જ માર્ગે આવવું પડશે.

અશાંતિ તો છે જ: શાંતિ ચાહતાં હો તો-

(૧) તમારા પોતાનામાં જ એ ભરી પડી છે એટલું વિચારીને નિર્ણય કરો.

(૨) શાંતિ અનુભવ કરવામાં છે. વાતચિતમાં, ચર્ચામાં, ભાષાજ્ઞાનમાં, પંડિતાર્થમાં દ્વૈત અદ્વૈતના નિર્ણયમાં નથી.

(૩) શાંતિ સાધનામાં છે; એનાં સાધન બહાર નથી; અંતઃકરણ અને ઇન્દ્રિયોને શાંત બેસાડી રાખીને અનુભવવામાં છે. તર્ક અને વાદવિવાદ ઉલટી ચંચલતા વધારશે.

(૪) શાંતિ કેળવ્યા પછી સાચી સમજણ આવશે. ધ્યાન સાચું કે જ્ઞાન? વેદાન્ત સાચું કે પુરાણો? ભગવાનની ભકિતના કેટલા પ્રકાર છે? દ્રષ્ટાને લીધે દૃશ્ય કે દૃશ્યને લીધે દ્રષ્ટા? આવા આવા વિવાદના પ્રશ્નોને એકવાર ગાંસડાં પોટલાં બાંધીને મૂકો વહેતાં સાતસમુદ્રની પાર; આત્મવિચાર કે ભગવદ્-ભાવને પણ એટલી વાર રાખી મૂકો ભાવિ ચિન્તવન માટેના ભંડારમાં, એ બધું પછી એટલું બધું સરલ લાગશે કે ન પૂછો વાત! શાસ્ત્રોનો એક શબ્દ લાખો ગ્રન્થોનું કામ કરશે; અનુ-ભવીનું એક વાકય પંડિતોનાં કરોડો થોથાંની ગરજ સારશે; ભૂતભાવિની સુંદર ભસ્મ તમારે માટે મહાકાલ શિવોઽહમ્‌ની મંગલમય વિભૂતિ બની જશે; સાધક, જીજ્ઞાસુ, ભક્ત, મુમુક્ષુ, પહેલાં આટલું કરી જો! એટલું થશે એટલે તું તારું પોતાનું જ પ્રમાણ બનીશ. તું તારાથી તો નહીં ઠગાય ને? તને તારામાં તો શ્રદ્ધા છે ને? તારી જાતને તો તું ખોઈ શકે એમ નથી ને? તને પોતાને તું ભૂલી જાય એમ નથી ને? તારા સ્વરૂપને તો કોઇ ઠગી જાય એમ નથી ને? તું એકલો, શાન્ત, ગંભીર, આનંદ સ્વરૂપે બની બેસ અને પછી...પછી શું? ૐ આનંદ! શ્રદ્ધા રાખ--તારા પોતાનામાં, તારા પુરુષાર્થ ઉપર! તારી પોતાની જીવનની કહેણી-કરણીવાળી ભવતરણી રૂપ જ્ઞાનનૌકા ઉપર! ૐ શાન્તિ!

(માર્ચ-૧૯૫૧)

## ૪

# અભ્યાસ અને વૈરાગ્ય

વેદાન્તના મુખ્ય અને અંતરંગ સાધન તરીકે (૧) "હું આત્મા છું" અને (૨) "હું શરીર નથી" એ બે વૃત્તિઓ નવી ઊભી કરીને પોતાના પ્રબળ પ્રયત્ન વડે ટકાવી રાખવાની છે. શાસ્ત્ર અને સત્સંગ દ્વારા વેદાન્તના સિદ્ધાન્તને સમજી લેવો એ બૌદ્ધિક જ્ઞાન છે; વેદાન્તમાં એને પરોક્ષ જ્ઞાન કહે છે, બુદ્ધિમાં એકવાર યુકિતપ્રયુક્તિ વડે સમજી લેવું, આત્માના લક્ષણો કે જે શરીર કરતાં વિરુદ્ધ સ્વભાવનાં છે એ સ્મરણમાં ભરી મૂકવાં, અને પંચતત્ત્વનાં બનેલાં જે કારણ, સૂક્ષ્મ તથા સ્થૂલ શરીરો છે, એના મર્ત્ય તથા વિકારી સ્વભાવનો વૈરાગ્ય કેળવીને એ પ્રમાણે જીવનનો વ્યવહાર બાંધવો-ચલાવવો એવા અનુભવ-જ્ઞાનને શાસ્ત્રમાં અપરોક્ષ જ્ઞાન કહે છે.

શ્રી. પતંજલિના યોગશાસ્ત્રમાં તથા ભ. ગી. માં પણ એ જ પ્રમાણે વૈરાગ્ય વડે ચિત્તના નિરોધનો વિધિ બતાવ્યો છે. "હું આત્મા છું" એ જાતનો અભ્યાસ અને "હું શરીર નથી" એવા વૈરાગ્યનાં બીજ રોપીને, વેદાન્તશાસ્ત્ર આત્મભાવનાનો પાઠ શરૂ કરાવે છે. અસંખ્ય જન્મોથી, બ્રહ્માંડના અનાદિકાળથી, અને જ્યારથી જીવાત્માના અહંભાવની શરૂઆત થઇ હશે ત્યારથી "જીવ તથા શરીરભાવ" અને તેની સાથે "હું અને

મારાની ” મોહજાળ ગુંથાઈને એની ગાંઠો—ગ્રન્થિઓ એવી સજજડ થઇ ગઇ હોય છે કે છોડતાં છૂટતી નથી. વેદાન્તના અભ્યાસીઓને સૌથી મોટી મૂઝવણુ થાય છે આત્મભાવનાને દૃઢ પકડી રાખવાની; મૂંઝવણુ જેટલી જ મુશ્કેલી પણુ એ છે કે દેહથી આત્માને પૃથક્ કરવાની સાચી સમજણુ મેળવી શકાતી નથી.

વેદાન્ત ઉપર કેટલાક એવા આક્ષેપો થાય છે કે એ અઘરું છે, આળસ તથા પ્રમાદ ઉપજાવે છે, જીવનના સામાન્ય વ્યવહારથી વિમુખ કરાવે છે, ઈશ્વરભકિત તથા કર્મકાંડમાં અશ્રદ્ધા લાવે છે, કેવલ વાણીમાં આત્મભાવના ભરાવીને જીવનમાં ન ઉતારતાં નાસ્તિક જેવી દૃષ્ટિ વધારી મૂકે છે.

ઉપર જે શંકાઓ કે આક્ષેપો વર્ણવ્યા એ એકલા વેદાન્તને જ શા માટે લાગુ પાડીએ ? યોગ, ભક્તિ, કર્મ, લોકસેવા, સમાજધર્મ, વગેરે બધા માર્ગોમાં જ્યાં સુધી વૈરાગ્ય તથા સાધનનું સાચું જ્ઞાન ન હોય ત્યાં સુધી શરૂઆતનો સાધક એવી ભૂલો અવશ્ય કરવાનો જ. કોઈ આદર્શનો સ્વીકાર કર્યા પછી એને જીવનસિદ્ધ કરવામાં પણુ સમય લાગે છે. અસંખ્ય જન્મોની કાલજૂની દેહભાવના મહિનામાસ કે વર્ષમાં તો શું પણુ એક જન્મમાં પણુ કહાડવી અઘરી છે. ભ. ગી. માં એટલા જ માટે અનેક જન્મોની સાધના પછી જ કોઇ પણુ જાતની સિદ્ધિ થાય છે એમ સ્પષ્ટ કહ્યું છે. એમાં ઉતાવળ કરવા જેવું નથી. પંચદશીકાર શ્રી. વિદ્યારણ્ય સ્વામી સ્પષ્ટ કહે છે કે પ્રતિબંધનો પૂરેપૂરો ક્ષય થયા વિના આત્મજ્ઞાન થતું નથી. દૃષ્ટાંત તરીકે એઓ લખે છે કેઃ—

**कालेन परिपच्यन्ते कृषिगर्भादयो यथा ।**
**तद्वदात्मविचारोऽपि शनैः कालेन पच्यते ॥**

પંચદશી-ધ્યાનદીપ-શ્લોક ૩૭.

અર્થ—જેમ ખેતી, ગર્ભ વ. કાળે કરીને પરિપક્વ થાય છે ( એકદમ નહિ, દરેક વસ્તુને તૈયાર થતાં અમુક સમય લાગે છે જ ) એવી રીતે આત્મવિચાર પણ કાળે કરીને ધીમેધીમે દૃઢ થાય છે.

આવી છે આત્મજ્ઞાનની પરિપક્વ અવસ્થાની સમયમર્યાદાની વાત. એમાં અત્યંત ધીરજ રાખવાનું કામ છે, તેથી જ ભ. ગી. માં ધીરજથી કામ લેવાનું કહ્યું છે. આ વૃત્તિને વેદાન્તશાસ્ત્રકારો આત્માકારવૃત્તિ કહે છે; એની સતત્ ધારાવાહી દશા રાખવા માટેનાં સાધનોમાં જ્ઞાનીઓ ( એવી આત્મભાવના જાગ્રત રાખનારા )નો સત્સંગ, એવી જાતનું વાચન તથા વિચાર ચાલે એવી શાસ્ત્રાજ્ઞા પ્રમાણેનું શ્રવણમનન, અને તેની સાથે સાથે આત્માકાર વૃત્તિની સરલ સાધના માટે આત્માના શબ્દ-નામ જેવા ૐનું સતત માનસિક સ્મરણ, ખાસ જરૂરી છે.

*　　*　　*　　*

ભ. શંકરાચાર્યના નાના એવા પંચીકરણમાં તથા માંડૂક્ય ઉપનિષદ્‌માં ૐના अ, उ, તથા म ને ત્રણ અવસ્થા, તથા ત્રણ દેહ સાથે સરખાવીને એને જ આત્માનું વ્યાપક સ્વરૂપ સમજાવ્યું છે. આત્માના સ્વરૂપનું વેદાન્તશાસ્ત્રોમાં મુખ્યત્વે, તથા ભ. ગી. વગેરે બીજા ગ્રંથમાં અજર, અમર. શાશ્વત્, અજન્મા, નિત્ય, અવિકારી, સત્, ચિત્, આનંદ, તેમ જ પાંચે તત્ત્વોની એના ઉપર અસર ન થાય એવું અશોષ્ય, અછેદ્ય વગેરે ભાવે વર્ણન કર્યું છે. એ બધાનો ભાવ ૐમાં ભરવાનો છે; કારણ કે ૐ અને આત્મા ( બ્રહ્મ ) બન્નેમાં શબ્દભેદ છે, પણ અર્થભેદ નથી એમ વેદાન્તશાસ્ત્રો અસંખ્ય વાર તથા વણથાક્યાં પ્રતિપાદન કરતાં આવ્યાં છે.

પ્રત્યેક સાધનામાં ચિત્તને પ્રયુક્ત કરવાની બે પદ્ધતિ છે;

કર્મકાંડના વિભાગમાં (૧) નિત્ય (૨) નૈમિત્તિક (૩) પ્રાયશ્ચિત (૪) કામ્ય અને (૫) નિષિદ્ધ એવા વિભાગ છે તેવી રીતે જ્ઞાન-કાંડમાં વિવેક વ. ચાર બહિરંગ સાધન તથા શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ અંતરંગ સાધન મળીને કુલ સાત સાધનનાં પગથિયાં છે. એ બધું હોવા છતાં સામાન્ય માન્યતા એવી થઇ પડી છે કે જ્ઞાનમાર્ગનો અભ્યાસી બીજો બધો વ્યવહાર ત્યાગીને રાત અને દિવસ આત્માકારવૃત્તિને દૃઢ કરવાની જ મહેનત કર્યા કરે. ચોવીસે કલાક એવી જ્ઞાનતપશ્ચર્યા કરી શકે એવા કોઈ વિરલ સાધકને ધન્યવાદ આપીએ એ જેટલું સાચું છે એટલું જ એની સાથે વિચારવાનું છે કે આ સાત સાધન વડે તો સાધનાની જ્ઞાન-નૌકા ચલાવવાની છે એ ભૂલી જવાય છે.

કર્મકાંડમાં જેમ કામ્ય તથા નિષિદ્ધ એ કર્મોનો ત્યાગ કરી નિત્ય, નૈમિત્તિક તથા પ્રાયશ્ચિત કરવાનો વિધિ હોવા છતાં એ કાંઇ અહોરાત્રના ચોવીસે કલાક કર્યા કરવાનાં નથી. જીવનનૌકા ચલા-વવાનાં કર્મો કરતી વખતે શૌચાશૌચ તથા બીજા વિધિનિષેધની આજ્ઞાઓનું પાલન કરવું પડે છે, એવી જ રીતે જ્ઞાનકાંડમાં પણ સાધન અને સાધના વિષે નિયમપાલન કરવાનું હોય છે.

(૧) આત્મકાર વૃત્તિને બુદ્ધિપૂર્વક સમજી લેવા માટે જ્ઞાનીઓ-નો જ સત્સંગ તથા વેદાન્ત શાસ્ત્રનું શ્રવણ કરવાનું હોય છે. એનાથી તર્ક વિતર્કની મિથ્યા જાળ તૂટે છે. (૨) શાસ્ત્રનું શ્રવણ કર્યા પછી એમાં કોઈ જાતની શંકા ન રહે એટલે શ્રદ્ધા તથા વિશુદ્ધ તર્કથી વિચાર કરવો જોઇએ, એવી જાતના મનન વડે શાસ્ત્રવાક્યોમાંથી શંકાકુશંકા, નાસ્તિકતા, મિથ્યા તર્ક, દંભ, અભિમાન તથા અશ્રદ્ધાનો નાશ થાય છે અને ચિત્તમાં આત્મભાવ માટેની શાસ્ત્રીય ભૂમિકા બંધાય છે. (૩) વિવેકવૈરાગ્યાદિ

ચાર તથા શ્રવણમનન વગેરે બે સાધનની સાથે સાથે જ ૐ (ઓમ્) માં બ્રહ્મ (સચ્ચિદાનંદ)ની ભાવના ભરીને તથા ૐ એ જ આત્મા, આત્મા એ જ બ્રહ્મ અને બ્રહ્મ એ જ ૐ, એવી અભેદજ્ઞાનની સાધના વડે પોતાના વ્યવહારની અનુકૂળતામાંથી સમય તારવીને ઘરમાં કે વનમાં, જ્યાં જ્યાં એકાન્ત મળે ત્યાં ૐના જપ વડે નિદિધ્યાસન એટલે ચિત્તમાં સતત્ ધારાવાહી અનુસંધાન કરવું જોઇએ. ચિત્ત, પ્રાણ, જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો અંતર્મુખ થઈને ૐના નાદબ્રહ્મમાં, મુરલીના તાનમાં વિષધરનાગ જેમ મંત્રમુગ્ધ બને છે તેમ, સમસ્ત ભાવોના એકીકરણ દ્વારા તદાકાર થઈ જાય છે.

(૪) ઉપર્યુક્ત વિધિ નિત્ય થવો જોઇએ. આને માટે (૧) પ્રાતઃકાળનું બ્રાહ્મમુહૂર્ત (સર્વોત્તમ) (૨) સૂર્યોદય તથા સૂર્યાસ્ત પછીના સંધ્યાસમય (મધ્યમ) (૩) તથા અનુકૂળતા હોય તેમણે મધ્યરાત્રિનો સમય સાધીને નિદિધ્યાસન કરવું જોઇએ.

(૫) આવી આત્માકાર વૃત્તિનાં વૃદ્ધિ તથા વિકાસની ગતિ સતત્ ટકી રહે એટલા માટે, જેમના સત્સંગથી જીવભાવનું વિસ્મરણ થાય એવા જ્ઞાનીઓના ઉપદેશનો લાભ લેવો જોઇએ; જ્યાં અને જ્યારે જ્યારે એવાં નિમિત્તો (પ્રસંગો) સાંપડે ત્યારે કોઈ પણ ભોગે એ સત્સંગ સાધવો જોઇએ.

(૬) આત્માકારવૃત્તિ વધારેમાં વધારે ક્ષણો રહે તેવું વારંવાર સ્મરણ કરીને, તથા એ ધન્ય ક્ષણોના આનંદના ભાવને જાગ્રત કરીને, વ્યવહાર કાલે દ્વંદ્વોનું ભાન થાય ત્યારે એ સુખામૃતથી ચિત્તને ધોઇ નાંખી શુદ્ધ સચ્ચિદાનન્દમય બનાવવાની સાવચેતી રાખવી જોઇએ.

(૭) હમેશાં આત્મનિરિક્ષણ કર્યા કરવું જોઈએ. પ્રત્યેક ક્ષણે, દિવસે અને પક્ષ કે મહિને આપણા ચિત્તમાં આત્માકાર-વૃત્તિની કેટલી સ્થાયી અવસ્થા રહી એ જ જોતાં રહેવું જોઇએ.

(૮) વ્યવહાર કરતી વખતે હમેશાં દ્વંદ્વ આવતાં જ રહેશે, તે વખતે કદાચ સાવધાનતા ન રહે એની ચિંતા નહીં પણ જ્યારે એ પ્રસંગ તથા ક્ષણો વીતી જાય, અને મનને તપાસી જોવાની ફુરસદ મળે, ત્યારે આત્માની નિત્યતા અને જીવની અનિત્યતાનો વિચાર કરીને ચિત્ત ઉપર દ્વંદ્વની જે અસર પડી હોય તેને કહાડીને નિર્મળ કરવાનું ભૂલવું ન જોઈએ.

આ રહી અભ્યાસની વાત; એ માટે આટલી આઠ જ યુક્તિ છે એમ નથી. પણ બધી વાતનો સાર એ છે કે જ્યારે જ્યારે સમય મળે તે દરમ્યાન આત્માકારવૃત્તિ રાખીને એની સત્, ચિત્ અને આનંદ ભાવે પ્રત્યેક નામ રૂપમાં વ્યાપકતા અનુભવવી જોઈએ. જેટલી જેટલી વ્યાપકતા અનુભવાશે એટલો વિક્ષેપ દૂર થશે, કારણ કે આવી આત્માકારવૃત્તિ જ અવિદ્યાના આવરણને તોડી ફાડીને ફેંકી દે છે. આત્મા કોઈ એક જ શરીર, વિષય, પદાર્થ, દેશ, કાલ, નામ રૂપમાં રહે એવો એકદેશી નહિ પણ સર્વદેશી છે; એ બધે વ્યાપક છે, છે ને છે જ; હતો, છે અને રહેશે જ, એટલે એને સત્ રૂપે અનુભવવો જોઈએ. જ્યાં જ્યાં જ્ઞાન, ચૈતન્ય, પ્રભા, પ્રકાશ, પ્રતિભા, ભાન, ભાસ કે એવાં જ્ઞાનસૂચક લક્ષણો દેખાય ત્યાં બધે એ છે એટલે એ ચિત્ છે એમ જાણવું જોઇએ; ઉપરાંત પ્રત્યેક પ્રાણી કે પદાર્થ પોતપોતાની વર્તમાન અવસ્થામાં પોતાની હયાતી-સત્તાને ટકાવી રાખવાની તથા ભાવિમાં સુખની આશા રાખીને જીવવાની વૃત્તિ દાખવે છે એ એનું આનંદ લક્ષણ છે એમ સમજવું જોઈએ. એ સત્, ચિત્,

આનંદ આત્મા હું છું. આત્મા સર્વવ્યાપક છે એટલે હું સર્વવ્યાપક છું. આત્મા સત્-ચિત્-આનંદ છે એટલે હું સત્-ચિત્-આનંદ છું; આત્મામાં નામરૂપ વગેરે નથી માટે હું પણ એ બધાં વિશેષણો કે ઉપાધિઓથી રહિત અને મુક્ત છું એવી ભાવના કેળવવાથી આત્માકારવૃત્તિ નહિ હોય તો થશે, હશે તો વધશે અને દૃઢ થશે, અને એ જ આત્મભાવનું નામ અભ્યાસ છે. આવો અભ્યાસ જે જે સાધનથી થાય એને જ્ઞાનનાં સાધન કહેવામાં આવે છે. એ વિનાનાં બધાં સાધન જિજ્ઞાસુને માટે નકામાં જ નહિ પણ ઉલટાં વિઘ્ન તથા વિક્ષેપ કરે એવાં છે.

*  *  *  *

ઉપર અભ્યાસ માટેની અગત્યતાનો વિચાર કર્યો, વૈરાગ્ય વિના અભ્યાસ તદ્દન નિરર્થક જાય છે. સંસારમાંથી મનને ખેંચી કે વાળી લેવું એ વૈરાગ્ય છે, અને એવા નિવૃત્ત તથા શુદ્ધ મનને આત્માકાર વૃત્તિવાળું કરવું એ અભ્યાસ છે. એ અભ્યાસને જ્ઞાન નામ આપીએ, એટલે એવી આત્માભિમુખ વૃત્તિનું જે સતત્ અનુસંધાન રહે એને જ નિર્ગુણ તથા પરાભક્તિનું નામ આપી શકાય છે. સતત્ આત્મચિંતવન સ્વરૂપ ભકિતને પક્ષીની ઉપમા ભાગવતમાં આપી છે; વૃત્તિને સમજણપૂર્વક આત્મામાં લગાડવાની સમજણને જ્ઞાન તથા સંસારમાંથી મનને ખેંચી લેવાની વૃત્તિને વૈરાગ્ય કહ્યો છે. આવી રીતે ભકિતરૂપી પક્ષીને જ્ઞાન અને વૈરાગ્ય રૂપ બે પાંખ છે એમ આપણા જ્ઞાનીભકત અખાજી પણ કહે છે; અખેગીતાના ૧૦મા કડવામાં જયાં ભકિત, જ્ઞાન અને વૈરાગ્યનું માહાત્મ્ય સમજાવે છે ત્યાં અખાજી કહે છે કે:-

ભાઇ ભકિત એવી પંખણી, જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;
ચિદાકાશ માંહે તે જ ઊડે, જેહને સદ્‌ગુરુરૂપી આંખ છે.

આવું છે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની સહકારી સાધનાનું શાસ્ત્ર, તથા અનુભવી જ્ઞાની અને સંતોના મહાવચનનું પ્રમાણ.

અભ્યાસની પદ્ધતિ ઉપર વર્ણવી એની સાથે સાથે હવે આપણે વૈરાગ્યની સાધના પણ સમજી લેવી જોઈએ. અહીં અખાજીએ જે ત્રિપુટીનો મહિમા વર્ણવ્યો છે, એની વાત કરતાં પહેલાં આપણે અભ્યાસ (આત્માકારવૃત્તિનો પ્રવાહ અને ધારાવાહિની સ્થિતિ)તથા વૈરાગ્ય (અનાત્માકારવૃત્તિ-દેહાધ્યાસકવૃત્તિ-ની આત્માકારવૃત્તિ દ્વારા વિસ્મૃતિ તથા મિથ્યાત્વ (અનિત્યત્વ) દષ્ટિથી ત્યાગ)નો વિચાર કરવાનો છે; વૈરાગ્યને ત્યાગનું સ્વરૂપ આપીએ ત્યારે કેટલીએક સામાન્ય માન્યતામાં ઘર કરી બેઠેલી ગેરસમજણ વિચારવા જેવી છે.

ઈન્દ્રિયભોગના વિષયોના સ્પર્શ કે સંયોગમાં આવતાં આંતરિક મન તરત જ વિષયાકાર બને છે, અને મનમાં ચંચલતા ઊભી થાય છે, વિષયની ઝંખના ચાલ્યા કરે છે, અને ભોગની ભૂખ ઉઘડતાં મનુષ્યની દેહાકારવૃત્તિ વધતી જાય છે. મનને વિષયાકાર ન થવા દેવાના સાધન તરીકે જે ઉપાયો યોજાય છે એને વિચારી જોઈએ. એ બધામાં વિવેક વાપરવો જોઈએ, શરીરની આવશ્યકતાઓ અને ભોગની વાસનાઓ વચ્ચેનો ભેદાભેદ સમજવો જોઇએ, નહિ તો ત્યાગ કરવા જતાં ત્યાગીપણાનું અભિમાન ઘર કરી બેસે છે, અને જેનો આત્માકારવૃત્તિ દ્વારા સમૂળો ઉચ્છેદ કરવાનો છે એ જીવભાવ વિશેષ દૃઢ થાય છે.

(૧) વૈરાગ્યનું પ્રથમ પગથિયું અને સૌથી વિશેષ મહત્ત્વનું સાધન છે જીવભાવ (દેહભાવ) નો ત્યાગ. હું જીવ છું, શરીર છું, અમુક વર્ણ, આશ્રમ, નામ, રૂપ તથા ગુણવાન છું એ બધાના મૂળમાં રહેલી "હું શરીર છું" એ બીજરૂપ

મુખ્ય વૃત્તિનો ઉચ્છેદ કરવાનો છે કારણ કે શરીરભાવ જ્યાં સુધી હોય ત્યાં સુધી આત્મભાવનું બીજારોપણ થતું નથી.

(૨) આત્માકારવૃત્તિ રાખીને વ્યવહાર કેવી રીતે કરવો એ પ્રશ્ન અટપટો છે, અને લેખિત સૂચના આપવી પણ અઘરી છે. આ વાત અનુભવની છે, પુસ્તકોમાંથી આપી શકાય એવી નથી; અનુભવીઓની સાથે રહીને જ, જે વૃત્તિથી તેઓ વ્યવહાર કરતા હોય, તે વૃત્તિથી અને તે જ સમયે એમની ચિત્તવૃત્તિનો એમને પૂછીને તપાસીને તથા શ્રદ્ધાપૂર્વક નિરીક્ષણ કરીને તાળો મેળવવો જોઇએ જેથી મનનું સમાધાન થાય.

(૩) વૈરાગ્યનો અર્થ જ્યાં જ્યાં પ્રથમ રાગ હોય ત્યાંથી ચિત્ત-વૃત્તિને ઉખાડી નાંખવાની છે. ઉખાડીને આત્માકારવૃત્તિ કરવી એ ઉપર અભ્યાસના ભાગમાં લખાઈ ગયું છે.

(૪) જ્ઞાનીનો વ્યવહાર મુક્તવૃત્તિનો હોય છે. પણ એમાં સ્વચ્છંદ હોતો નથી. સામાન્ય જનસમૂહના વિધિનિષેધ એમાં શોધ્યા જડતા નથી. એટલા માટે ખાસ વિચાર કરવો પડે એમ છે.

(૫) પ્રત્યેક મનુષ્યની પેઠે જિજ્ઞાસુ કે જ્ઞાની વડે વિવેક વ. સાધનને જીવનમાં ઉતારી લેવાં જોઈએ. એ વિના જ્ઞાનયોગમાં આગળ વધી શકાતું નથી. પાયા વિનાનો મહેલ જેમ ચણી શકાય નહિ, ચણીને તૈયાર થાય તો તૂટી પડે છે, તેવી જ રીતે જો મુખ્ય પાયા રૂપ સાધનની સાધના ન કરી હોય તો શ્રવણ, મનન, કે નિદિધ્યાસનના અંગ જેવાં અભ્યાસ અને વૈરાગ્ય નકામાં થઈ પડે છે.

(૬) જ્ઞાનેન્દ્રિયના પાંચ વિષય તથા કર્મેન્દ્રિયની પાંચ ક્રિયામાંથી અશુભ ભોગ તથા અધર્મનાં કર્મોને એવી રીતે કહાડી નાંખવાં

જોઈએ કે જાણેઅજાણે પણ એમાં ભૂલ ન થાય; ભૂલ થઇ છે એમ પાછળથી ખબર પડે તો અવશ્ય કોઈ ને કોઇ રીતે પ્રાયશ્ચિત કરી નાખવું જોઈએ.

(૭) મૂળ અહંકારની સાથે ત્રણ વાસનાઓને જીતવાની છે. એ ત્રણેયના બીજા પેટા વિભાગ અસંખ્ય થઈ શકે; એ ત્રણેય વિગતવાર નીચે પ્રમાણે છે.

અ દેહવાસના; આ વાસનાના બે વિભાગ છે: (૧) શરીરને સ્વચ્છ, સુઘડ અને નીરોગી રાખવાના બહાના નીચે સ્વાદની ઇંદ્રિયને ઉત્તેજન મળે, એવાં ખાનપાનનો વગર વિચારે ઉપયોગ ન કરવો જોઇએ. એવા અવિચારી સ્વાદનાં પરિણામ વ્યાધિમાં આવે છે. તે ઉપરાંત એમાં હંમેશાં ગુણનું જ આરોપણ કરવાની કુટેવથી ખાનપાનના તેમ જ વસ્ત્રભૂષાના વિષયમાં વિવેક નથી રહેતો ત્યારે બન્નેમાં વિલાસી ટાપટીપ, બીજાની સમક્ષ વૈભવ દેખાડવાનું અભિમાન, છતનો અધિકાર ભોગવવા-માંથી ઉપજતો કીમતી વસ્તુઓનો અપવ્યય, શરીરને જ આત્મા માનીને એને જ અજર, અમર ભાવથી પાળવાપોષવાની વૃત્તિ દેહવાસનાને લીધે પોષાય છે. એના નિવારણ માટે ખાન-પાનના સાદા નિયમ બનાવી લેવા તે ઉપરાંત સ્વાદની ખાતર, શરીર સશકત બનાવવાની વાસનાને લીધે પૌષ્ટિક આહાર લેવાની વૃત્તિ, વારંવાર ઔષધિસેવનની ટેવ, સુંદર વસ્ત્રભૂષાથી રૂપસૌંદર્ય દેખાડવાનો દંભ એ બધાં નિર્મૂળ થવાં જોઇએ. આવી રીતે દેહવાસનાના બે વિભાગ પડે છે. (૧) ગુણવાસના અને (૨) રૂપ (સાંદર્ય) વાસના એ બન્ને જીતવી જોઈએ.

બ લોકવાસના એટલે કીર્તિની વાસના; મારી બધાં સ્તુતિ કરે, કોઈ દોષ ન કહાડે, મારી વાહવાહ થાય, મારાં કર્મોની

પ્રશંસા જ થયા કરે, મારામાં કશી ભૂલ હોય જ નહિ મારી બધી સંપત્તિ, આવડત, સમજણ સાચાં જ છે માટે એ બધાંને ગમવાં જ જોઈએ, આ જાતની વૃત્તિ હાનિકારક છે.

ક શાસ્ત્રવાસનામાં વિદ્વતાનું અભિમાન આવે છે. હું વેદાંતનો જ્ઞાતા છું, હું જીવનમુકત છું, જ્ઞાની છું, વિદ્વાન છું, પાંચ પચીસ કે સો બસો પુસ્તકોનો લેખક છું, પત્રોમાં લેખો લખું છું, વિદ્યાર્થીઓને ભણાવું છું, તત્ત્વજ્ઞાનનો મને શોખ છે, હું આચાર્ય, અધ્યાપક, મહંત, મંડળેશ્વર કે તંત્રી છું, મારા જેવું વેદાન્તને કોઇ સમજનાર નથી, મેં નવીન સિદ્ધાંતનો વેદાંતની દૃષ્ટિએ વિચાર પ્રચાર કર્યો છે, હજુ મારે અમુક ભણવું જાણવું છે, અમુક વિદ્યા બાકી છે, સહવાસીઓને શિષ્યો માનીને મોહમમતાભરી આજ્ઞા કરવાની વૃત્તિ તથા મારા અમુક શિષ્યો છે, મારાથી અમુકને જ્ઞાન થયું, આવી બધી રજોગુણી વૃત્તિ પણ વિઘ્નકારક છે

(૮) આ ત્રણેય વાસનાનો ત્યાગ કરવો જોઈએ પરંતુ એ ત્યાગનો અર્થ એવો નથી કે દેહવાસનાના ત્યાગને માટે કઠોર તપશ્ચર્યા કરવી; એક જ વખત ખાવું, ફલાહાર કે દૂધ પીને રહેવું, અમુક ચીજો જ ખાવી, કેવલ કૌપીનભર કે દિગંબર શરીર રાખવું, વ્રત નિયમના કડક નિયમોથી શરીરને દમવું, એ બધાં તામસિક અહંકારને વધારનારાં છે; ઉપરાંત એમાં હંમેશાં દેહાધ્યાસ રહે છે તેથી જીવભાવ ( શરીરભાવ ) દૃઢ થાય છે

(૯) કીર્તિની વાસના જીતવા માટે કેવળ એકાન્તસેવન કરવાથી જો કે લોકસંસર્ગ ઘટે છે, પણ બહુ થોડી સંખ્યાના લોકોના સહવાસમાં આવવાથી એકાન્તસેવી તરીકે કીર્તિ વધવા માંડે છે.

પ્રશંસા સાંભળવાની જ ટેવ પડી જવાથી પોતાના દોષ જોવાની તક સાંપડતી નથી; સૌથી સાચો માર્ગ એ છે કે પ્રત્યેક વિચાર કે ક્રિયાને અંતે પોતાના ગુણદોષ તપાસી જોવા, ગુણને માટે નિરભિમાન થવું અને દોષને માટે પ્રાયશ્ચિત કરીને ફરી એ અંતરમાં ન પેસે એની સાવચેતી રાખવી.

(૧૦) એકાન્તસેવનમાં નિવૃત્તિ–પ્રવૃત્તિના યથાર્થ રહસ્યનું જ્ઞાન ન હોય તો બાહ્યનિવૃત્તિ આંતરપ્રવૃત્તિનું રૂપ ધારણ કરે છે; મનની પ્રવૃતિ વધી પડે છે; મંત્ર, જપ, ધ્યાન, ઉપાસના, પઠનપાઠન કે એવી નિવૃત્તિમૂલક આંતરપ્રવૃત્તિમાંથી કેટલીક માનસિક શકિતઓનો વિકાસ થાય છે; પાંચે જ્ઞાનેન્દ્રિયો તથા સૂક્ષ્મ મનની શકિત વધી પડતાં, દૂરશ્રવણ, દૂરદર્શન, ભૂતભાવિના પ્રસંગોનું જ્ઞાન વગેરેની મનની આસપાસ ભૂતાવળ જામે છે અને સિદ્ધિ અને ચમત્કારોમાં મોહ પામે એવાં વિષયી તથા પામર મનુષ્યોનાં ટોળાં આસપાસ વધી પડે છે; એમનાં પૂજાસત્કાર તથા માનપાનમાંથી દેહવાસના અને લોકવાસના જન્મે અને વધે છે, માટે એની સાવચેતી રાખવી જોઇએ.

(૧૧) પાંચ કોષની પદ્ધતિનો વિચાર કરીએ તો અન્નમય, પ્રાણમય તથા મનોમય કોષમાં તો બધું જગત જીવી રહ્યું છે; અન્નમય કોષનાં જન્મમરણ, પ્રાણમય કોષનાં ક્ષુધાતૃષા તથા શીતોષ્ણ દ્વંદ્વ, તથા મનોમય કોષના સુખદુઃખ હર્ષશોક, માનઅપમાન, લોભહાનિ, જયપરાજય, રાગદ્વેષ વગેરે દ્વંદ્વોમાં જ જે મનુષ્ય રમ્યા અને રાચ્યાનાચ્યા કરતો હોય, એણે તો આ જ્ઞાનયોગના-માર્ગમાં આવતાં પહેલાં જ બધાની ખૂબ જ શુદ્ધિ કરી લેવી જોઇએ.

(૧૨) મનોમય કોષમાં જ જીવે છે માટે જ એણે માનવી કે મનુષ્ય કહેવાય છે. એના ઉપર વિજ્ઞાનમય કોષ છે, વિજ્ઞાન એટલે આત્માકારવૃત્તિ વડે શુદ્ધ અને સબળ બનાવેલી બુદ્ધિ. એવી બુદ્ધિ અને વિવેક વિજ્ઞાન વડે જે પોતાનું જીવન સુધારી લે એ વિજ્ઞાની એટલે અનુભવી કહેવાય છે.

(૧૩) વૈરાગ્યની સાધના માટે બાહ્ય વ્યવહારમાં જ્યાં જ્યાં દોષ જણાય, જે વ્યવહારની કે જીવનની રહેણીકરણીથી આત્માકાર-વૃત્તિ ઉપજાવવા કે ટકાવી રાખવામાં અડચણ ઊભી થાય છે એમ લાગે એનો ત્યાગ કરવો પડે તો પણ કરવો જોઈએ. કારણ કે વૈરાગ્ય જો વૃક્ષ છે, તો ત્યાગ એનું બીજ છે.

(૧૪) કોઇ પણ જાતનો કોઈ પણ સાધનમાં અવિવેક આવી જશે તો કરી કમાણી ધૂળમાં મળવાનો ભય રહેશે. માટે કયા અને કેવા નિયમો પોતાના જીવનને ઉપયોગી થઈ પડે એના વિવેક વડે વિચાર કરવો જોઈએ. અમુક પુસ્તકમાં લખ્યું છે, અમુક વેષધારી વેદાન્તના પંડિતે કહ્યું છે માટે કરવું જ જોઈએ, એવી અવિવેકી કે ઉતાવળી ટેવ નકામી છે.

(૧૫) અભ્યાસ અને વૈરાગ્ય વડે સતત્ આત્મભાન રહે એને જ ભ. શંકરાચાર્યે વિવેકચૂડામણિ નામના પ્રકરણગ્રન્થમાં સ્વરૂપાનુ-સંધાન નામની ભક્તિ કહી છે. આવી ભક્તિ થાય ત્યારે જ સાચું નિદિધ્યાસન, દૃઢ ગુરુભક્તિ, સત્સંગનો મહિમા, વિવેકી વ્યવહાર, ત્રણ ગુણનાં લક્ષણનું જ્ઞાન, તથા તૃપ્તિ, શાંતિ અને શુદ્ધિવડે ચિત્ત ભરાવા માંડે છે.

* * * *

શ્રી. અખાજીનો ઝોક ગુરુભક્તિ ઉપર વિશેષ છે; દંભ તથા

મિથ્યાભિમાનને છડેચોક ઉઘાડાં પાડનાર અખાજી જે ગુરુભક્તિની મહત્તા વર્ણવે છે, એ ગુરુભક્તિમાં ગુરુનાં અભિમાન તથા શિષ્યની પામરતાનો લવલેશ પણ નથી. એવો જ્ઞાની અજ્ઞાનીઓની દૃષ્ટિમાં અભિમાની કે દોષદૃષ્ટિવાળો દેખાશે, પરંતુ એનાં કારણ તપાસી જોવાં જેવા છે;

(૧) વૈરાગ્યનું મૂળ બીજ પ્રત્યેક નામરૂપવાળા પ્રાણી પદાર્થમાંથી મનને ખેંચી લેવામાં રહેલું છે. કોઈ પણ વસ્તુનો દોષ ન દેખાય તો એ વસ્તુનો ત્યાગ થઇ શકતો નથી. વેદાન્તના બધા ગ્રન્થોમાં માયાનો વિચાર જ્યાં જ્યાં કર્યો છે, ત્યાં બધે એક સરખી રીતે અસંખ્ય વિષયોની તથા વ્યક્તિઓની અતિશયોક્તિ ભરેલી નિન્દા ભરી પડી છે એમ લાગશે. યોગવાસિષ્ઠ મહારામાયણ જેવા ગ્રન્થમાં પણ પ્રથમનાં બે પ્રકરણોમાં, સ્ત્રીનિંદા, પુત્રપરિવાર નિંદા, ધનનિંદા વગેરેનો ભરપૂર ઉલ્લેખ છે. એ સંસારમાં રચ્યાપચ્યા મનને એમાંથી મુક્ત કરાવવા માટે છે. એ નિંદા શબ્દનો અર્થ જ ત્યાગપ્રધાન છે; એમાં વાસ્તવિક નિરુપયોગિતા નહીં, પણ સમસ્ત સંબંધો બંધનમૂલક છે એટલે ત્યાજ્ય છે એવી લક્ષણા છે.

(૨) વેદાન્ત કેવળ એક પરબ્રહ્મને જ સર્વોપરિ સત્ય તરીકે સ્વીકારી એને જ માનવજીવનનું પરમ ધ્યેય માને છે. તેથી એ વિનાનું બીજું જે કાંઈ હોય, અરે! સાક્ષાત્ ઇશ્વર, ભગવાન, અવતાર, દેવદેવતા કે બીજું જે કાંઈ હોય, એ બધું તિરસ્કારના ભાવ વિના અદ્વૈત સિદ્ધાન્તની પોષક એવી સમજણથી ત્યાગ કરવાનું છે. વેદાન્તને એ જ સમજાવવાનું તથા મનમાં ઠસાવવાનું છે.

(૩) આ અસંખ્ય પ્રાણી પદાર્થો અને વિશ્વ તથા વિશ્વકર્તાનો પણ દ્વૈતમાં જ સમાવેશ થઈ જતો હોવાથી બધાં ભયમૂલક છે એમ ઉપનિષદ્ કહે છે. જ્યાં જ્યાં ભય હોય ત્યાં અભેદ હોય નહિ;

અભેદ વિના ભયનાશ થાય નહિ, એટલા માટે જીવ જ બ્રહ્મ છે એ સિદ્ધાન્તનો સ્વીકાર કરીને "હું (જીવભાવ) બ્રહ્મ (વ્યાપક, એક અખંડ અદ્વૈત, અભય ભાત્ર) છું" એનો જ અભ્યાસ કરવાનું વેદાન્ત કહે છે. એવો અભ્યાસ ત્યારે જ બની શકે કે જયારે બ્રહ્મના વિના બીજું કાંઇ છે જ નહિ, છે તો ત્રણ ગુણના દોષથી ભરેલું છે માટે મનથી ત્યાજય છે, એવું દઢ થઇ જાય.

આવી એકમાત્ર પરમતત્ત્વમાં સંપૂર્ણ સમર્પણની, પ્રેમની પરાકાષ્ઠા જેવી ભાવના થાય એ જ છે જ્ઞાનની ભકિત, એ જ છે આત્મદર્શન, એ જ છે અભેદમાર્ગીઓનો પ્રેમ; એમાં જ છે ગુરુશિષ્ય વગરનું અનિર્વચનીય તત્ત્વજ્ઞાન; પંડિતાઈ કે તર્ક વિનાની શાંતિ; વિદ્વત્તા કે વાગ્વેદાન્ત વગરની વિજ્ઞાનની નિષ્ઠા. એને માટે જ અખાજી કહે છે કે જ્ઞાનવૈરાગ્યવાળી બે પાંખવાળા પક્ષીને સદ્‌ગુરુરૂપી આંખ થઈ છે. જ્ઞાની અને અજ્ઞાનીની દ્રષ્ટિમાં જે ભેદ છે, એ ભેદને ટાળનાર વિજ્ઞાની (અનુભવી)ની અભેદ આંખની આવશ્યકતા છે; ભેદને ટાળીને અભેદનો બોધ આપે, અશાંતિ કહાડીને શાંતિને સમજાવે, વિક્ષેપને કહાડતાં શીખવીને આત્માકારવૃત્તિ રખાવે એ છે અનુભવીના સત્સંગનું ફલ.

શિષ્યો તો જયાં ત્યાં બધેય, જયાં જયાં કોઈને વેદાન્તની વાતો કરતા જુએ, વેદાન્તની કથા સાંભળે, આત્માની સમજણ સાંભળે, ત્યાં બધે ભગવાન્ આપ તો જ્ઞાની છો, મુકત છો, બ્રહ્મસ્વરૂપ છો, એવું પ્રારંભની પરમ શ્રદ્ધાથી સંબોધે અને માને એ સ્વાભાવિક છે, પણ સાચો જ્ઞાની એ વખતે, એવાં પરમ શ્રધ્ધાનાં, સમર્પણવાળી ભકિતનાં વાકયો સાંભળે ત્યારે નથી મૌન રહેતો, કે નથી એમ કહેતો કે દઢ કરાવતો કેઃ–"હા, હું બ્રહ્મ છું અને તું જીવ છે;

માટે તું હંમેશાં મને બ્રહ્મ માનીને મારા શરીરની પૂજા કર, મારી આજ્ઞા માન, અને તું હમેશાં જીવભાવે જ શિષ્ય થઈને પડ્યો રહે–સેવા કર્યા કર.”

સાચો જ્ઞાની તો પ્રત્યેક જિજ્ઞાસુને “ભાઇ, તું પણ બ્રહ્મસ્વરૂપ છે; માત્ર એ પ્રમાણે સાધના કર. હું–તું–તે એવાં કાંઇ બે પાંચ કે અસંખ્ય બ્રહ્મ નથી. તું મને બ્રહ્મ માને છે, સંબોધે છે, પણ તું યે બ્રહ્મ છે.तत्त्वमसि એમ ઉપનિષદો સ્પષ્ટ કહે છે; ગુરુ કે શિષ્ય ઇશ્વર કે જીવ એવા અસંખ્ય ભેદ તારે નિર્મૂળ કરી નાંખવા જોઇએ, નથી હું ગુરુ કે નથી તું શિષ્ય. આપણે બન્ને–બેપણાનું દ્વૈત મિથ્યા છે. છે માત્ર એક અખંડ બ્રહ્મ અને તે તું જ છે. મને ભૂલી જા; તારા સ્વરૂપમાં અભેદભાવે રહે, એ જ છે તારું કલ્યાણ–એ જ છે પરમ ધ્યેય અને શ્રેય.” આવી સાધના સાધવાનું કહે, શીખવે, કરાવે, એમાં પ્રેરણા તથા બલ આપે, એ છે જ્ઞાની, એ જ છે અખાજીની પરિભાષામાં ગુરુ કે સદ્‌ગુરુ.

* * * *

વેદાન્ત સહેલું કે અઘરું છે એમ કહેવું નકામું છે. અધિકારીને સહેલું છે, શુધ્ધ ચિત્તવાળાને સહેલું છે, વિરક્તને વસમું નથી લાગતું; અભ્યાસીને અઘરું નહિ લાગે; જ્ઞાનીની ભક્તિ કરનારને અટપટું નહિ જણાય; જેવો જે અધિકારી તેટલું તેને માટે એ અશક્ય, અસંભવિત અને અઘરું લાગશે.

સાધન પ્રમાણે સાધના કરો; સાચાં સાધન શોધો; સાધનસંપન્ન થયા પછી જ શાસ્ત્રચર્ચા કરો: ત્યાર પછી જ વેદાન્તની યુક્તિપ્રયુક્તિની આંટીઘુંટી તપાસી જુઓ, એ વિના જો વેદાન્તની વાતો શીખશો તો ચેતજો કે ભયંકર નરકયાતના તમારા ભાવિમાં ઊભરાઇ છલકાઈને તમારી આસપાસ દુર્ગંધ ભરી મૂકશે.

આ લખાય છે તે સાચા જિજ્ઞાસુને માર્ગ સૂઝે એટલા માટે. પ્રત્યેક કાળે સાચાના કરતાં ખોટા વધારે હોય છે; હીરાના કરતાં નકલીની સંખ્યાથી બજારો ઊભરાય છે; માટે સાવધાન! ઓ જિજ્ઞાસુ! સાધનસંપન્ન થા, અને સાધનાની તત્પરતા રાખીને સાધ્યને પામવા કટિબધ્ધ તૈયારી કર! ૐ.

( એપ્રીલ ૧૯૫૧ )

## ૫

# કૈંક ધ્યાન વિષે

યુગપ્રભાવ કહો કે ગમે તેમ પણ આજકાલ ધ્યાનના શૉખીનોની સંખ્યા વધી પડી હોય એમ અમને લાગે છે; ઈશ્વરની આળપંપાળ જેવાં જંજાળી ભકતો, કુતૂહલવશ કે થોડું વાંચી ભણીને પોતાને પોતે જ યોગ્ય અધિકારી માનનારાં એવાં કૈંક કરી છૂટતાં લોકોનો મોટો ભાગ "ધ્યાન થઇ શકતું નથી, એકાગ્રતા કેમ કરવી ?" વ. પ્રશ્નોની ઢંગધડા વગરની પૂછપરછ કરતા દેખાય છે.

ધ્યાનના 'શૉખીનો' શબ્દ એટલા માટે વાપરું છું કે એમાંના દશાંશ ભાગના પૂછનારાઓ ધ્યાનનાં સાધન, ચિત્તની ભૂમિકા, ધ્યાનનાં પ્રારંભિક પગથિયાં, વાચન કે વિચાર, સત્સંગ કે ગુરુસેવા તથા આજ્ઞાપાલન જેવા વિધિનિષેધના સામાન્ય નિયમોનું પણ જ્ઞાન ધરાવતા હોય એમ લાગતું નથી.

સાધનજયોતિ કિરણ એક તથા બેમાં, તેમ જ ગુજરાતના અન્ય વિદ્વાન અનુભવી સંતોએ પણ ઘણું લખ્યું છે, અને અનેકવાર એવી સ્પષ્ટતા કરી છે કે ઈશ્વરના ધ્યાનની આવશ્યકતા પહેલાં ચિત્તની શુદ્ધિની વિશેષ મહત્તા છે. શરૂઆતના પાયા તરીકે ચિત્ત-શુદ્ધિની જ પ્રથમ જરૂર છે. તે વિનાનું ધ્યાન હાનિકારક છે.

બીજો વિચાર કરતાં પહેલાં ધ્યાન માટે મુખ્ય બાબતોનો

વિચાર કરી લઈએ. મનુષ્યના અંતઃકરણમાં (૧) અહંભાવ=હું પણાની વૃત્તિ (૨) મનોભાવ=કલ્પના કરવાની કે શંકા કરવાની વૃતિ (૩) ચિત્ત=કોઇ પણ વિષયનો વિચાર કે એનું સતત્ ચિંતવન કરી વારંવાર સ્મરણ કરવાની વૃત્તિ (૪) બુદ્ધિ=કાર્યાકાર્યનો પોતાની સમજણ પ્રમાણે વિવેક અને નિર્ણય કરવાની વૃત્તિ જણાય છે.

અંતઃકરણમાં આ ચાર મુખ્ય વૃત્તિ ભાગ ભજવે છે. કારણ કે વૃત્તિઓના આ ચાર મુખ્ય વિભાગ છે. અસંખ્ય વિષય પરત્વે બીજી અસંખ્ય વડે માનવી જીવન વ્યવહાર કરે છે એમ લાગે પણ એ બધી આ ચાર મુખ્ય વિભાગના પેટાવિભાગ છે. આ ચાર વિભાગમાં બધીનો સમાવેશ સમજવાનો છે. વિષયને સ્મરણમાં રાખીને એનો જ વિચાર કરવાનું, એનું જ ચિંતવન કરવાનું કામ ચિત્ત કરે છે; ચિત્તની એ ક્રિયા ધ્યાન કહેવાય છે; ચિત્ત ધ્યાતા તથા જે વિષયનું ચિંતવન થતું હોય એ ધ્યેય કહેવાય છે. ધ્યેય વિષયનું માનસિક દર્શન ધ્યાનની ક્રિયા કહેવાય છે.

જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં વિષયનું સ્મરણ, ચિંતન અને દર્શન પ્રતિક્ષણ કર્યા કરવું એ ચિત્તનો સ્વભાવ ધર્મ છે. ધ્યાતા ચિત્ત ધ્યેય વિષયનું સતત્ ધ્યાન કર્યા કરે છે; ધ્યાનની ક્રિયા આવી રીતે ચાલુ જ રહે છે. એટલે ધ્યાન શીખવવા કે શીખવાની જરૂર નથી; કારણ કે ચિત્તનો ધ્યાન કરવું એ સ્વભાવ જ છે. જેમ આંખને જોવાનું, કાનને સાંભળવાનું, દાંતને ચાવવાનું, જીભને બોલવાનું, જઠરાગ્નિને અન્ન પચાવવાનું, ફેફસાંને શ્વાસ લેવા–મૂકવાનું શીખવવું પડે એમ નથી, તેમ ચિત્તને ધ્યાન કરવાનું શીખવવું પડે છે એમ કહેવું પડે એ યોગ્ય નથીઃ પ્રકૃતિનો એ તો સનાતન ધર્મ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે “ધ્યાન થઇ શકતું નથી;

એકાગ્રતા થતી નથી" એવી ફરિયાદ કરનારાના પ્રશ્નમાં જ ભૂલ છે. "મારે જીભ નથી તેથી હું કેવી રીતે બોલું" એ જેવો વદતોવ્યાઘાત છે, નરી મૂર્ખતા છે તેવી ધ્યાન શિક્ષણ વિષેના પ્રશ્નમાં વિરોધ છે. વસ્તુતઃ એ પ્રશ્ન આવી રીતે મુકાવો જોઈએ:

"સંસારી વિષયોનું ચિત્ત ધ્યાન કરે છે, એમાંથી ઊખેડીને ઇશ્વરનું, દેવદેવતાનું, કે બીજા કોઈ દિવ્ય પદાર્થનું ધ્યાન કરવાની ઇચ્છા હોવા છતાં ચિત્ત એકાગ્રતા કરી શકતું નથી; એ માટે શું કરવું ?"

આપણે જે વિચાર કરવાનો છે એ હવે સ્પષ્ટ રીતે સમજાશે. દૃષ્ટાંત તરીકે દિવસના દસ કલાક કામ ધંધામાં રહેનારો, કોઈ શહેરી વિષયી લોકો સાથે વાતચીત તથા વ્યવહારમાં ચિત્તની એકાગ્રતા રાખી શકે છે; થાકે ત્યારે પરવશ બનીને સિનેમા નાટક જુએ છે, વર્તમાન પત્રોમાંથી દેશપરદેશની જરૂરી કે બીનજરૂરી ચર્ચામાં ઊતરી પડે છે; મનને ઉશ્કેરે એવી વાર્તાઓ વાંચે છે. આવું વિચાર અને ધ્યાનપૂર્વક પણ અજ્ઞાનને લીધે ધર્મવિરૂદ્ધ જીવન ગાળનારો વર્ગ પણ અવિવેકી શ્રદ્ધાથી પ્રેરાઈને ભૂલોભટકયો કોઈ સંતનાં વ્યાખ્યાનકથામાં, દેવદર્શનમાં, યાત્રાની સહેલગાહમાં, કે હિમાચલના પહેલા પગથિયા જેવાં હરદ્વાર —હૃષીકેશ—લક્ષ્મણઝૂલાની સફર કરી આવે ત્યારે એનામાં ધ્યાન કે સત્સંગની ક્ષણિક કુતૂહલ વૃત્તિ ઉપજે છે. ઢગલાબંધ છપાતાં અંગ્રેજી અને સ્વ-પર ભાષાનાં ઉત્સાહ કે ઉત્તેજન કરાવે એવાં ચોપાનિયાં કે પુસ્તકો વાંચે એટલે આ દિશામાં નવીનતા જાણીને કૈંક કરી છૂટવા આરંભશૂરાની પ્રવૃત્તિ ઉપાડે છે. એ વર્ગના સમજણ વગરના પ્રશ્નોનો શું ઉત્તર આપવો એ કાં તો સર્વજ્ઞ ઈશ્વર આપી શકે, અથવા કોઈ મહાન દંભી! સર્વવ્યાપી ઇશ્વર માનવદેહે

આવે તો પણ એનામાં શ્રદ્ધા રાખે નહિ, એટલે રહ્યા માત્ર માનવ-દેહી દંભી જેની માયાજાળનાં બંધનમાં આવો આરંભશૂરો, પોતાને ઉત્તમ જિજ્ઞાસુ માનનારો વર્ગ ફસાઈ પડે છે. મારા જેવાને તો એમના પ્રશ્ન વિષે વિચાર કરતાં એમના અવિવેકી, પામર અને નર્યાં છીછરા માનસ માટે મૂઝવણ અને આશ્ચર્ય જ થાય છે! અને જગત્ આશ્ચર્યમય જ છેને! અસ્તુ!

* * * *

ધ્યાનનો વિચાર કરતાં પહેલાં ધ્યાન ધારણાના નવા-સવા ઇચ્છુક પર દેશના બાહ્ય જે વાતાવરણનો પ્રભાવ પડે છે, તેનો સાર તપાસી જોઈએ. મનુષ્યને બાહ્ય વ્યવહારના અસહ્ય ભારભર્યા અશાંત દબાણમાંથી, એ બંધનમાંથી મુક્તિની શાંતિની ઇચ્છા થાય છે એ સ્વાભાવિક છે, પણ જેનું નિવારણ કરવું છે તે એના શાસ્ત્રોક્ત અજ્ઞાનનું છે. એ અજ્ઞાનને પોષક વર્તમાન વ્યવહાર છે. શું શહેરી કે શું ગામડાંનું વાતાવરણ યુગપ્રભાવ કે કાલબલને લીધે દંભથી ઊભરાઈ પડયું છે: સ્વાર્થવૃત્તિએ માઝા મૂકી છે, આંખમાંથી અમી ઓસરી ગયાં છે એટલું જ નહિ પણ સામાની આંખમાં ધૂળ નાંખીને કે નજર ચુકાવીને ઠગબાજી રમવાની તક શોધનારાનો તોટો નથી. આવી પ્રપંચની રમતમાં ઓતપ્રોત થઇ રહેલી પ્રજામાં ભોગ મેળવવાની વાસનાઓનાં ટોળાં ઊડતાં હોય એમાં નવાઇ શી? અને સમય જ કૈંક એવો પાકયો છે કે અન્નવસ્ત્રના સાંસા પડયા છે. રીતરિવાજો, રૂઢિઓ, અને કાયદાકાનૂનો ક્ષણે ક્ષણે નવા ઘડાય છે, બદલાય છે અને એટલા જ જોરથી એની ભાંગફોડ થાય છે. વ્યકિતસ્વાતંત્ર્યને બદલે સ્વેચ્છાચારનું બૂમરાણ વધીને બધે એ જ પોકાર સંભળાય છે કે હું, અમે કે અમારો દેશ કહે તે સાચું, સારું અને સમજણવાળું; બીજાનું ખોટું, ખરાબ

અને ભૂલ ભરેલું; આમાંથી થાય છે દેશદેશની પ્રજાની અથડામણો, વાદવિવાદો અને યુદ્ધો.

આધિભૌતિક ક્ષેત્રમાં જીવનનિર્વાહની મુશ્કેલી છે. આધિદૈવિક ક્ષેત્રમાં આસુરી-રાક્ષસી મનોવૃત્તિઓ ઉશ્કેરાએલી છે: અને અધ્યાત્મક્ષેત્રમાં માયાના સૂક્ષ્મ ભાવોની ગડમથલ ચાલે છે. સાચો રસ્તો શોધ્યો જડતો નથી; અને કદાચ લક્ષ્યમાં આવે તો માર્ગમાં વિઘ્નોના હિમાલયો ઊભા જણાય છે. આવી રીતે લખવાનો હેતુ એ છે કે ગુજરાત કે ભારતવર્ષની પ્રજાની નહિ પણ પૃથ્વી ઉપરના સમસ્ત દેશની પ્રજાનાં મન અત્યારે અંધાધુંધીમાં અટવાઇ પડયાં છે. અને જ્યાં સર્વત્ર એક જ પ્રકારની સ્થિતિ હોય ત્યાં કોઈ એક જ દેશની પ્રજાને, પ્રજાના નેતા કે સેવકવર્ગને અથવા ત્યાંના રૂઢિરિવાજ કે જૂનાં શાસ્ત્રો, ધર્મો કે આસ્તિક-નાસ્તિક માન્યતાને દોષ દેવો એ પણ વ્યર્થ છે.

રાતદિવસના આઠે પહોરનો પ્રભાવ જુદો જુદો છે; અજવાળિયા અંધારિયા પક્ષનાં ચાંદની ને અંધારાં બદલાતાં રહે છે; દરેક મહિને હવામાન વત્તાંઓછાં થાય છે; વર્ષની છએ ઋતુઓ પોતપોતાના વાઘા સજીને પૃથ્વીને વારાફરતી રૂપાંતર આપે છે. શિયાળો, ઉનાળો અને ચોમાસા તરીકે જોઇએ તો ત્રણેય ઋતુનાં હવામાન, ખાનપાન, ફલફૂલ અને ધાન્યપાક, વેશપહેરવેશની અદલાબદલી, શીતોષ્ણ વગેરે દ્વંદ્વોમાં ચોકખો તફાવત પડે છે. ઋતુપ્રમાણે વનસ્પતિ તથા કીટકવર્ગમાં જુદી જુદી ભાત પડે છે; પશુપક્ષીના સ્વભાવમાં પણ પરિવર્તન થાય છે, તો પછી એ જ પ્રમાણે અનન્તવર્ષથી ચાલી આવતી માનવજાતિના સ્વભાવમાં પણ કાલભગવાનનો પ્રભાવ પડે અને એ પ્રમાણે એમનાં મનમાં ત્રણ ગુણની વારાફેરી થાય એમાં કશું યે આશ્ચર્ય નથી!

આટલી વાત એટલા માટે કરવી પડી કે તેથી આપણને ક્ષણેક્ષણે પલટાતા, ખરાબ થતા જતા અને ચંચલતાની હદ વટાવી જતા માનવસ્વભાવનું કારણ સમજાય. પરિવર્તન એટલે જ સંસાર, અને સંસારને નિત્ય કૃતિ, પ્રકૃતિ, પ્રવૃત્તિ, અને નિવૃત્તિમાં રાખનાર કોઇ એવી અગમ્ય અગોચર શક્તિ છે કે જેનું સ્વરૂપ ત્રિગુણાત્મક છે. જેમાં કોઇ કાળે સત્ત્વગુણ તો કોઇ કાળે રજોગુણ તમોગુણની વિશેષતા હોય છે. એવું સમજીને જ જ્ઞાની તથા વિવેકી પુરુષોએ ચિત્તમાં શાંતિ રાખીને જીવન-વ્યવહાર ચલાવવો જોઇએ. જગત આવું કેમ છે એ સમજયા વિના એને સત્ત્વગુણી બનાવવાની, સુધારવાની, નીતિ પળાવવાની અને સંયમ શીખવવાની જેટલી રાજનીતિ કે ઉપદેશનીતિ યોજવામાં આવે એ નકામી નીવડે છે. કારણ કે ધર્મ નીતિ, સંયમ અથવા સત્ત્વગુણી સ્વભાવ એ વ્યક્તિગત ધર્મ છે; સમૂહગત નહિ. પ્રત્યેક માનવી જીવનની ક્રમોન્નતિ સ્વાભાવિક છે. સમૂહઉન્નતિ અશક્ય અને અસંભવિત છે. તેથી જ આત્મસુધારણા જ શાસ્ત્રવિદ્યાનું લક્ષ્ય છે. સમૂહ સુધારણા રાજ્યધર્મ છે એનાં શાસ્ત્રો જુદાં છે; વ્યકિતગત ધર્મ અને સમાજ ધર્મનો વિવેક નષ્ટ થાય ત્યારે સમાજમાં જે ક્રાંતિ આવે તો રાજ્યક્રાંતિ. તમોગુણને ચંચલ કરતી એ રજોગુણી પ્રવૃત્તિ છે. મનુષ્યના જીવનની તમો-રજોગુણમાંથી સત્ત્વગુણી બનવાની ક્રાંતિ માનસિક-આંતરિક છે. આટલો વિવેક સમજવા જેવો છે. આ દૃષ્ટિએ વિચારતાં કોઈ હજારમાંથી એકાદ મનુષ્યનાઅંતઃકરણમાં જન્મજન્માન્તરના ઘડતર-ચણતર પછી આપોઆપ સ્ફૂરી આવતી પ્રેરણા અધ્યાત્મ વિદ્યાના પ્રથમકક્ષના શ્રી ગણેશ છે.

કોઈને તમે જબરદસ્તીથી નીતિમાન બનાવી શકો નહીં; ધાર્મિક શિક્ષણ કે નીતિના ઉપદેશ આપી સંયમી કરી શકો નહીં. કોઇ પણ વ્યકિતને એની ઈચ્છા વિરુદ્ધ સત્ત્વગુણી બનાવી શકો નહીં.

આટલા માટે જ સમાજને વ્યસ્થિત રાખવા માટે સ્મૃતિશાસ્ત્રો (કાયદા-કાનૂનો) બનાવવાં પડયાં છે. સામ, દામ, દંડ અને ભેદનીતિનો આશ્રય લઇને જ રાજયો-સામ્રાજયોનો વહિવટ પૂર્વ-કાળમાં થતો હતો અને અત્યારે પણ જેને સ્વરાજયના કરતાં સુરાજયની ઝંખના-ખેવના હશે એને એ જ નિયમ પ્રમાણે કાયદા બનાવવા પડે છે. આ છે મનુષ્યનું વ્યકિતગત સુધારણાનું અને સમૂહગત સમાજની વ્યવસ્થાનું-મહાન અંતર દાખવતું દષ્ટિબિંદુ -અલબત્ત અમારી દષ્ટિએ.

* * * *

વર્તમાન સમાજનો માનવી બહુધા ઉપર લખ્યો છે એવો માની લઇએ, ઉપરાંત એમાં પશ્ચિમની કેળવણી, પૌરસ્ત્ય જીવનની રૂચિ કૈંક સાધનસંપન્ન, અને બાહ્ય દષ્ટિએ સુખીજીવન વીતાવતો હોય એવો સમજીએ, છતાં પણ ઈશ્વર, જીવ અને જગત્‌ની સનાતન ત્રિપુટીનાં રહસ્યજ્ઞાન સમજવાની બુદ્ધિની ઝીણવટ તથા વિવેકવાળી ધીરજ હોય તો જ એ કૈંક ધ્યાનને માર્ગે આગળ વધી શકે, એવી વિવેકી શ્રદ્ધા એના અંતરમાં ઉદ્‌ભવી શકે.

* * * *

વિષયનું ધ્યાન તો સ્વાભાવિક છે એ વિચારી ગયા. શ્રી. ભ. ગી. ના તત્ત્વજ્ઞાનની ભૂમિકા જેવા સાંખ્યયોગ નામના અધ્યાયમાં મનુષ્યનો વિષયસંગ કરવાનો સ્વભાવ છે, એનું સ્પષ્ટીકરણ કરતાં ભ. શ્રી. કૃષ્ણ કહે છે કે મનુષ્યને અશાંતિ અને અસુખ થવાનું કારણ એનો વિષયધ્યાનનો સ્વભાવ છે. બાસઠમા શ્લોકમાં ध्यायतो विषयान् पुंसः संगस्तेषुपजायते એમ કહીને સ્પષ્ટ કરે છે કે વિષયોનું ધ્યાન કરતાં કરતાં મનુષ્યોને વિષયોનો જ સંગ થાય છે; આમાં વિષયનું ધ્યાન કરતાં કહેવાનું તાત્પર્ય જ એ છે કે વિષયોની

પ્રાપ્તિ માટે વિષયનું ધ્યાન આવશ્યક છે. વિષયધ્યાન રાજસી તામસી સ્વભાવનું છે; આ અધ્યાયમાં મનુષ્યની બુદ્ધિને સાત્ત્વિક, પારદર્શી, તથા અંતર્મુખી બનાવવામાં, ઈંદ્રિયસંયમ તથા વિષયોમાંથી ચિત્તને વાળી લેવાનું વર્ણન આપ્યું છે, ત્યાં શ્લોક ૫૫ થી ૫૮ સુધીમાં કાચબાનાં અંગોની પેઠે વિષયોમાંથી ઈંદ્રિયોને વાળી લેવાનું કહીને ૫૨ મા શ્લોકમાં મોહકલિલ-મોહના કીચડમાંથી બુદ્ધિને કહાડી લેવાની યુક્તિ (યોગ) સમજાવી છે. આવી રીતે વિષયોમાંથી બુદ્ધિને વાળી લેવી એ છે વૈરાગ્ય અને કોઈ ઈશ્વર વિષયક ધ્યેયમાં લગાડવી એ છે અભ્યાસ સ્વરૂપ ધ્યાન. વૈરાગ્ય વિના ધ્યાન કરનાર મનુષ્ય તો વિષયોનું જ ધ્યાન કરે છે. તાત્પર્ય કે ધ્યાન તો એ કરે છે જ; પણ વિષયોનું ધ્યાન કરવાથી વિવેકી બુદ્ધિનો નાશ થાય છે, ચિત્ત અશાંત બને છે, અને એવા અશાંતને તો સુખ તો હોય જ કયાંથી, એમ ભગવાન્ કહે છે.

ઈશ્વરવિષયક ધ્યેયનું ધ્યાન કરવાથી જ બુદ્ધિ વિશુદ્ધ થાય છે. પરમસત્ત્વપ્રધાન દેવદેવતા, અવતાર, કે કોઈ બ્રહ્મવિદ્‌નાં ધ્યાનદ્વારા બુદ્ધિના મોહનો કાદવ ધોવાઈ જાય, ત્યારે એ જ બુદ્ધિ પ્રજ્ઞા કહેવાય છે. એવી પ્રજ્ઞા સ્થિર થવા માંડે, સ્થાયી રીતે ચિત્તમાં ઈશ્વરીય ભાવના રહેવા માંડે ત્યારે એ પ્રતિષ્ઠિત (બ્રહ્મ) પ્રજ્ઞા કહેવાય છે.

ધ્યાન માનવી ચિત્તનો સ્વભાવ છે. એ એની જન્મસિદ્ધ આવડત છે, માત્ર એ પોતાના પૂર્વ સંસ્કાર પ્રમાણે ત્રિગુણાત્મક વિષયોનું ધ્યાન કર્યા કરે છે, તેથી દ્વંદ્વથી હેરાનપરેશાન થાય છે; એની ચંચલતા તથા વિક્ષેપ નષ્ટ થતાં નથી.

* * * *

ઉપર પ્રશ્ન ગોઠવ્યો એમાંથી હવે વિવેક વડે વિચાર કરીએ

એટલે સમજાશે કે "ધ્યાનમાં એકાગ્રતા નથી થતી" એવું કહેનારના કથનમાં ચોખવટ નથી. ઇશ્વરવિષયક ધ્યેયનું ધ્યાન કરતાં વિષયો વિક્ષેપ કરે છે, એમ કહેવું યથાર્થ છે. અને એનો ચોકખો જવાબ છે વૈરાગ્યનો અભાવ. પરન્તુ પ્રત્યેક કર્મકાંડમાં જેમ બાહ્યસંયોગોના અને આન્તરિક સાધના ઉપર કર્મફલની સિદ્ધિનો આધાર છે, તેવી જ રીતે ધ્યાનના વિષયમાં જેટલી આંતરિક વૈરાગ્ય, ધૈર્ય, ભક્તિ, શ્રદ્ધા વગેરે વૃત્તિઓની જરૂરત છે, તેટલી જ ગૃહવ્યવસ્થા, ઘરમાં એકાન્ત અને પવિત્ર સ્થાન તથા વાતાવરણ, શાંત જીવનવ્યવહાર, સાત્ત્વિક આહારવિહાર, ઇંદ્રિયોનો સંયમ, બ્રહ્મચર્યપાલન, ઉચિત વાણીવર્તન વગેરે પણ હોવાં જોઇએ. દિવસભરના ધમાલવાળા કામધંધામાં થાકેલું હારેલું કે વ્યવહારના કલેશમાં દુઃખી થયેલું ચિત્ત જેમ રાતે ઊંઘી પણ શકતું નથી, સ્વપ્નમાં પણ દિવસના કલેશવાળા વ્યવહારનાં દશ્યો જોયા કરે છે, તેથી જ રીતે અશુદ્ધ યથેચ્છા વ્યવહારમાં અનુચિત જીવન ગાળનારો હજારો કે લાખો પ્રયત્નો કરે છતાં એનું મન શુભ ઈષ્ટ ધ્યેયમાં એકાગ્ર થઇ શકતું નથી.

આપણે બને તેટલા નિયમો બાંધીએ:-

(૧) સૌથી પહેલાં ધ્યાન માટેના એકાન્તનો વિચાર કરવો જોઇએ. ઘરમાં, મકાનમાં કે બીજે જયાં રહેવાની તક સાંપડે ત્યાં બહારનો શોરબકોર કાનમાં જઇને મનમાં વિક્ષેપ ન કરે એવી કોઇ જગ્યા જુદી પાડી રાખવી જોઈએ.

(૨) જુદા ઓરડા-ઓરડીની સગવડ ન હોય તો દરરોજ એક ૪ ફૂટ સમચોરસ જગ્યા વાળીઝૂડી સાફ કરી ત્યાં પવિત્ર આસન પાથરી બેસી શકાય એવી સગવડ કરવી જોઇએ.

(૩) ધ્યાન માટે ધ્યેય પ્રતિ એકાગ્રતા કરવામાં અનુકૂળતા થાય

એટલા માટે પ્રથમ ધ્યેયનું પૂજન, ભક્તિ તથા શ્રદ્ધા વધે એવો પાઠ, ધૂપ, દીપ, નૈવેદ્યથી સમર્પણભાવ ચિત્તમાં ભરી શકાય, એવું પ્રથમ કરી લેવું જોઈએ.

(૪) મનમાંથી બધા વિચારો કહાડવા માટે ઇષ્ટ દેવની નમ્રતાપૂર્વક પ્રાર્થના કરવી જોઈએ. ધ્યાન સમયે ધ્યેયમૂર્તિને જ મનમાં સ્થિર કરવા માટે એમના ગુણાનુવાદ હૃદયમાં ભરવા જોઈએ. કિંચિત્ પણ દોષદષ્ટિ આવશે કે હશે તો એકાગ્રતા થવાનો સંભવ નથી. ધ્યેયનાં ગુણ અને કર્મમાં પવિત્રતા, નિર્દોષતા, કૃપા કે પ્રેમ લાગે એવાં ગુણકર્મનો વિચાર કરવાથી ધ્યેય પ્રતિ ભક્તિ ઉદ્‌ભવે છે.

(૫) ધ્યાનમાં એકાગ્રતા માટેનો આગ્રહ કે ઇચ્છા રાખતાં પહેલાં ધ્યેય પ્રતિ દૃઢ સંકલ્પથી આત્મસમર્પણ થઇ જવું જોઈએ અને તે પણ પૂરેપૂરું. ધ્યાન કરનારની શુભેચ્છાના મૂળભૂત હેતુ તરીકે "ઈશ્વર જ છે અને હું નથી," એવી અદ્વૈત નિષ્ઠાની શ્રદ્ધા, એમાં દ્વૈતભક્તિ હોય કે અદ્વૈત, પણ પરમાત્મા સર્વજ્ઞ, સર્વસત્તાધીશ, સર્વશક્તિમાન તથા સચ્ચિદાનંદ સ્વરૂપ છે એવી ભાવના રાખવી જોઈએ. પરમાત્માની પ્રાપ્તિ એટલા માટે કરવાની છે કે ધ્યાન કરનાર પોતાને જીવભાવે પરમાત્માથી દૂર કે પૃથક્ માનીને બ્રહ્માંડના લોકલોકાન્તરમાં ભટકીને એને ભૂલી જાય છે. વિશ્વના વિષયોનું સ્મરણ–ચિંતવન કરીને તો જન્મમરણ તથા બીજાં સુખદુઃખનાં દ્વંદ્વોમાં સડે છે; એવું એ સમજતો નથી. ધ્યાન દ્વારા પોતાનું વિસ્મરણ કરીને પરમાત્માનું સ્મરણ કરવું, અહંભાવને ભૂલીને સર્વવ્યાપી આત્મભાવે રહેવું એ જ છે ધ્યાનનો સર્વોચ્ચ અને પરમસત્ય હેતુ.

* * * *

ચિત્તનો ધર્મ—સ્વભાવ જ ધ્યાન કરવાનો છે એટલે અનાદિ-કાલથી અનેક જન્મથી એ વિષયોનું ધ્યાન કરે છે. સાંસારિક ભોગવિષયોને ધ્યાનમાં રાખીને જ પ્રત્યેક કર્મ કરે છે, અને જ્યાં ત્યાં એની કાર્યસિદ્ધિ થાય છે એ જ એનો પૂરાવો છે કે એના ધ્યાનમાં —એના સ્મૃતિપટમાં વિષયો હતા જ.

જન્મથી મૃત્યુ સુધી મથતા ધ્યાતા ચિત્તને ઇશ્વરીય ધ્યેય તરફ વાળવામાં જે મુશ્કેલી પડે છે એમાં મુખ્ય કારણ છે વૈરાગ્યનો અભાવ એ આપણે જોઈ ગયા. કોઈ પણ એક વિષયને ચિત્તમાંથી ભૂલવા માટે કોઇ બીજા વિષયનું ચિંતવન કરવું જોઈએ એ સ્વાભાવિક જ છે.

માનો કે તમે એકાન્ત શોધીને ધ્યાન કરવા બેઠા; આસપાસનો શોરબકોર તમને પહોંચે એમ નથી, અથવા તમે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને કોઇ પણ આસને સ્થિર થઈને બંધ નેત્રે ભગવાન શંકરના અંગુષ્ઠમાત્ર, જ્યોતિર્મય, શુદ્ધ સ્ફટિક સ્વરૂપ શિવલિંગને તમારાં માનસચક્ષુ સમીપ સ્થિર કરવાનો પ્રયત્ન આરંભ્યો; તો એ જ વખતે જેવો તમારો દિવસભરનો વ્યવહાર હશે, જે જે વસ્તુઓ પ્રતિ તમને રાગ-પ્રીતિ હશે, અથવા જેના પ્રતિ દ્વેષ કે અણગમો હશે એ જ વિષયો બલપૂર્વક તમારા ચિત્ત પ્રદેશમાં આવીને ઊભા રહેશે. એ જ છે તમારા શત્રુઓ અને ચિત્તની પરીક્ષા. ધ્યાનના શોખીનો તો એમ જ ધારે છે કે અકસ્માત્ કોઈ મહાત્માની કૃપા થાય અને ધ્યેયનું દૃશ્ય ચિત્તમાં શરૂઆતથી જ સદાકાલ માટે ટકી રહે. પરન્તુ આ માન્યતા ભૂલભરેલી અને અંધશ્રદ્ધાની છે. અશુદ્ધ ચિત્તનું શોધન કરવું સહેલું નથી. જ્યારથી ઈશ્વર પ્રતિ ભકિત કે અનુરાગ ઉત્પન્ન થાય, ધ્યાન કરવાની વૃત્તિની જાગ્રતિ થાય, ત્યાર પહેલાં ચિત્તને વિષયોમાં ભટકવાની ટેવ છે એ

તપાસી જોવું જોઇએ. કયા કયા મુખ્ય વિષયો હઠાત્ આવીને ચિત્ત સમક્ષ ઊભા થાય છે, એવા અસાર વિષયોનો વિવેકવૈરાગ્ય કેળવવો જોઇએ. એવા વિષયોના દોષનો વિચાર કરી, ઈશ્વરની પ્રાર્થના, ગુરુદેવની કૃપા અને પોતાનો પુરુષાર્થ, એ ત્રણેયની એકતા થવી જોઈએ. ત્રણેયમાંથી એકની જ કૃપા નહિ, પણ ત્રણેયની કૃપાનો પૂરો સમન્વય જોઇએ. તે વિનાની સાધના એકદેશી, રાગદ્વેષથી ભરેલી, અભિમાનને પોષનારી અને અવિવેકી–અવિચારી બને છે. ઇંદ્રિયોનો સંયમ, મનસાવાચાપવિત્રતા, અને વ્યવહારમાં નીતિ જરૂરી છે. પ્રાથમિક સાધન જેવાં ઈષ્ટમંત્રનો જપ, પવિત્ર ગ્રન્થનો પાઠ કે અભ્યાસ, ઈષ્ટદેવનાં પૂજાઆરાધના જેવાં સહાયક સાધનો વડે ચિત્તમાં ધ્યેય પ્રતિ ભક્તિ વધારવી જોઈએ. રાગદ્વેષવાળા વિષયો જબરદસ્તીથી મનમાંથી કહાડવા મથીએ તો પણ ખસતા નથી, તેવી જ રીતે ધ્યાનનો વિષય મનમાંથી ન ભૂલાતાં એના ધ્યેયના સ્મરણથી ચિત્તમાં પ્રસન્નતા થાય, સ્મરણ કરતાં વેંત હર્ષ, આનંદ, રોમાંચ કે કોઈ અનેરો ઉત્સાહ ઊભરાઈ આવે, બીજા બધા વિષયોની વિસ્મૃતિ થાય, ચિત્તમાંથી ઇષ્ટ ધ્યેય ખસી જતાં દુઃખ, ગ્લાનિ, વેદના તથા વિરહ થાય; એ પ્રકારની ભક્તિ ન થાય ત્યાં સુધી ધ્યેયમાં એકાગ્રતા કેવી ?

સાંસારિક વિષયો ચિત્તમાં ચોંટી રહે એ વૃત્તિનું નામ મોહ છે. વિષય પરત્વેની એ મમતા કહેવાય છે. ઈશ્વર સંબંધી ધ્યેયમાં ચિત્ત ખેંચાયા કરે એ વૃત્તિનું નામ ભકિત છે; મમતા બન્નેમાં સામાન્ય છે. બીજો તફાવત એ છે કે સાંસારિક વિષયોનુ સ્મરણ, એમાંથી ઉપજતો મોહ, એની પ્રાપ્તિ માટે ઈન્દ્રિયોની ચંચલતા તથા પરિશ્રમ, પ્રાપ્તિ ન થતાં ક્રોધ, દ્વેષ, ભ્રાન્તિ અને બુદ્ધિનો નાશ થાય છે. જ્યારે ઇશ્વરવિષયક ધ્યેયની એકાગ્રતા

ન થતાં ચિત્તમાં વિરહવેદના, પ્રાપ્તિ માટેનાં રુદન, ઇન્દ્રિયોની સંયમીદશા વૈરાગ્યની પરાકાષ્ટા, સમસ્ત વિશ્વને તૃણવત્ સમજીને વિસારી દેવાની તાલાવેલી, ખાનપાન કે શારીરિક આવશ્યકતાઓ પ્રતિ નિસ્પૃહતા, એકાંત પ્રતિ રુચિ, બુદ્ધિમાં તીવ્રતા અને દૈવી ધ્યેયને પકડી રાખવાની સૂક્ષ્મતા જેવાં શાન્તિ તથા સ્થિરતા વગેરે લક્ષણો સ્વભાવિક રીતે પ્રગટ થાય છે. એકંદરે ધ્યાનના ઇચ્છુકે ધ્યેય પ્રતિ અપ્રતિમ નિષ્કામ ભકિત અને અન્ય વિષયો પ્રતિ આન્તરિક અનાસકિત-વૈરાગ્ય વધારવાં જોઇએ. એ વિના જે અન્ય વિષયનું ધ્યાન થાય એ વિષય ચિંતવનથી ભરેલી વાસનાવાળું, ભવિષ્યની ભોગવાસનાથી ખરડાયેલું, સકામ ઉપાસનાના વર્ગવાળું અને તમોગુણ-રજોગુણવાળું હોવાથી ભાવીમાં અસંખ્ય ઉપાધિઓ, માનઅપમાન, લાભહાનિ, હર્ષશોક વગેરે દ્વંદ્વો વધારનારું નીવડે છે.

* * * *

ધ્યાનના ઇચ્છુકે થોડી શાસ્ત્રપદ્ધતિનો વિચાર કરવો જોઈએ, તે વિના એના અશુભ પ્રત્યાઘાત થવાનો સંભવ છે. માણસનું આંતરિક મન અનેક પૂર્વજન્મોમાં અતૃપ્ત રહેલી વિષયવાસનાથી ભરેલું હોય છે. કેવલ ચાલુ જન્મના સ્વભાવ તથા એના સામાન્ય વર્તન ઉપરથી ચિત્તની પરીક્ષા કરવી અઘરી છે. સંસારના અસંખ્ય વિષયોની જેમ વિસ્મૃતિ થઈ જાય છે, સંભાર્યાં યાદ આવતા નથી, કોઈવાર અકસ્માત યાદ આવી જાય છે, તેવી રીતે અસંખ્ય પૂર્વજન્મોમાં જે વાસનાઓ અતૃપ્ત રહી ગઇ હોય, એ આ જન્મમાં નાશ પામી છે એમ માનવાનું નથી. લોકલાજ, સાધનનો અભાવ, તેમ જ બીજાં વિઘ્નોને લીધે ઇષ્ટ વિષયભોગ ન મળતાં આંતરમન કે જેને વેદાન્તની પરિભાષામાં સુષુપ્તિ અવસ્થા તથા કારણ શરીર કહે છે એમાં શાંત પડી હોય છે.

આપણે અત્યારે એ જાણતા નથી એથી નાશ પામી છે એમ માનવું કે કહેવું એ અજ્ઞાન છે.

અતૃપ્ત વાસનાઓ સંયોગોની અનુકૂળતા સાંપડતાં વિષય-ભોગમાં પરિણામ પામે છે. ચંચલતા તથા વિક્ષેપ પમાડી સાધકની કરી કમાણી ધૂળમાં મેળવી દે છે. કલાકો સુધી શાંત, સ્થિર, નિશ્ચેષ્ટ રીતે બેસીને કોઇ મંત્રનો જપ કરતાં ચિત્તની અર્ધનિદ્રા કે સુષુપ્તિ જેવી ચિત્તની સ્થિરતા ભોગવનારને એ સમાધિમાં માની લે છે પરંતુ એ એકાગ્રતા પણ નથી; ચિત્તની જડતા છે. સત્સંગ તથા સિદ્ધાંતના જ્ઞાનના અભાવે એકાગ્રતાનું નામ આપીને ભ્રાંતિમાં કોઇ નિર્વિકલ્પ સ્થિતિનો ભોકતા માની બેસે તો એ ભૂલ છે.

આવી મહા ભયંકર ભૂલો અત્યારે જ થાય છે એમ નથી. પુરાણોમાં અસંખ્ય દૃષ્ટાંતો આવી ગયાં છે. વિશ્વામિત્રની મેનકા, તપસ્વી ભરતને હરિણ, યુધિષ્ઠિરનું અર્ધસત્ય વચન ઈત્યાદિ જે-સ્ખલનો વર્ણવ્યાં છે એ બધાં સુષુપ્ત અજ્ઞાત વાસનામાંથી ઉદ્‌ભવેલાં, આપોઆપ વગર માગ્યે આવી મળેલાં પરિણામ છે.

હવે પ્રશ્ન ઊભો થાય છે કે આવી ભ્રાંત ત્રિપુટીહીન અવસ્થાને સમાધિ માની લેનારાની મનોદશા શુદ્ધ—વાસના વગરની છે કે નહિ એની ખાતરી શી ? એ માટે ચિત્તની ભૂમિકાઓનો થોડો વિચાર કરવો જોઇએ.

(૧) વાસનાની અતૃપ્તિ અને વિષય પ્રાપ્ત કરવાની અશકિતને લીધે ચિત્ત મૂઢ બની જાય છે. એના મનમાં કોઈ પણ જાતના વિચારો સ્ફુરતા નથી; મોહને લીધે ચિત્તની આવી જડ

અવસ્થા થાય એ સમાધિ કે ધ્યાન નથી. આવા ચિતને ધ્યાનમાં બેસતાં પહેલાં નિષ્કામ કર્મદ્વારા શુદ્ધ કરી લેવું જોઇએ.

(૨) જડતાની વૃદ્ધિ થતાં ચિત્તને મૂર્ચ્છા આવી જાય છે; કોઈ પણ જાતનો શરીરને પ્રહાર થતાં જેમ મૂર્ચ્છા આવી જાય છે, તેવી જ રીતે ચિત્તમાં રાગદ્વેષના, અજ્ઞાનભરી જડ ભકિતના, અંધશ્રદ્ધાના અથવા અવિવેકી શાસ્ત્રાભ્યાસના પરિણામે કોઇ ભાવનો આવેશ આવે, ત્યારે થોડો સમય એવું ચિત્ત મૂર્ચ્છામાં પડી જાય છે. ઉદ્દંડ નૃત્ય-કીર્તનને પરિણામે ઘણાનાં શરીરો કલાકો સુધી જડ પડયાં રહે છે, જેને અજ્ઞાની લોકો સમાધિ માને છે. એવા કીર્તનભજન કરનારાઓને મહાન્ સંત માની એની આસપાસ ભકતોનાં ટોળાં ઊભરાય છે. આ સમાધિ નથી પણ મૂર્ચ્છા છે.

(૩) ભકિતના, શોકના, અસહ્ય વેદનાના કે કોઈ એવા બીજા આવેશ કે આઘાતને લીધે ચિત્ત શૂન્ય બની જાય છેઃ એવી અવસ્થામાં પણ બાહ્ય ચેતના એટલી હદે ઊંડે ઉતરે છે કે શરીર જડ બની જાય છે. શરીર પ્રાણ તથા મનની કેવળ અશકિતને લીધે આવી જડ દશા આવી પડે છે. અશકિતનાં કારણોમાં વિષયોની પરમ આસકિત, તમોગુણી હઠ, કે શરીરના કોઈ મર્મસ્થાનનો વ્યાધિ આમાં કારણભૂત હોય છે. આ પણ સમાધિ નથી.

(૪) વિષયો મળતા ન હોય, મેળવવાનું સામર્થ્ય ન હોય, પ્રારબ્ધમાં પૂર્વ પાપકર્મને લીધે બધે પ્રતિકૂળતા ઊભરાઈ પડી હોય, દશે દિશામાં મનને છૂટી લગામે દોડાવ્યા છતાં કયાંય ફલની આશા ન દેખાતી હોય, એવું ચિત્ત પામર

બનીને પ્રમાદ, આળસ કે નિદ્રાધીન જેવું પડી રહે છે, એ પણ ચિત્તની જડતા છે.

(૫) ચંચલ ચિત્તનો અનુભવ તો સૌને સહેજે થાય એવો છે; અંદરથી ઝેરી નાગણોની પેઠે વાસના એક સામટી મનમાં તોફાન મચાવીને ઈંદ્રિયોને ક્ષુબ્ધ બનાવી મૂકે છે. શરીરને ક્ષણ ભરનો વિરામ મળતો નથી; પ્રાણમાં ચંચલતાને લીધે વારંવાર લાગતા થાકથી શરીર લોથ થઈને ઢળીને પડે ત્યારે કાંતો ગાઢ નિદ્રા અથવા અસંખ્ય પ્રકારનાં સ્વપ્નો જોવામાં આવે છે; આવો વિષયી મનુષ્ય જો કોઇ પણ વાસનાને લીધે દેવદેવતા કે ભૂતપ્રેતની બાધામાનતા રાખીને પૂજાપાઠ, મંત્રજપ, દાનપુણ્ય કરતો હોય તો એને એવી જાતનાં સ્વપ્ન આવે છે. સ્વપ્નનાં દેવીદેવી સાથે પોતાની જ મનમાની વાસના અને કલ્પી રાખેલી ફલસિદ્ધિ પ્રમાણે પ્રશ્નોત્તર કરીને સમાધાન મેળવે છે; આને પણ કેટલાક અણુસમજુઓ દેવદેવતાનાં દર્શન માની બેસીને સવિકલ્પ સમાધિનું નામ આપે છે; આ પણ અજ્ઞાન છે, મોટી ભૂલ છે; આ સિદ્ધિ કે ધ્યાનસાધનાનું પગથિયું નહીં પણ મહાન્ વિઘ્ન છે. ચિત્તની આવી જડ મનોદશામાંથી ઉપજતી શરીરની નિશ્ચેષ્ટ અવસ્થા નથી સમાધિ કે નથી એમાં ચિત્તની કોઇ પણ જાતની વાસનામુક્ત પવિત્રતા.

ચંચળ કે મૂઢ ચિત્તનો ધ્યાનમાં અધિકાર જ નથી; એને માટે તો પરોપકારવૃત્તિથી વ્યવહાર અને શુદ્ધ કર્મકાંડનું યથાર્થ પાલન થવું જોઇએ. એના વડે ચિત્તની શુદ્ધિ કરી લેવી જોઇએ. અંતઃકરણ શુદ્ધ કર્યા વિના ધ્યાનની મથામણમાં ઊતરનારો માણસ દહીં નહીં પણ ઝેર વલોવે છે; માખણ નહીં પણ હાલાહલ ઝેર પામે છે; અધોગતિને પંથે ચડીને વિનાશ નોતરે છે.

*     *     *     *

સાચા સાધકે વિવેક અને વિચાર તથા શાસ્ત્રનો અભ્યાસ અને જ્ઞાનીઓના સત્સંગથી સાધન સમજી લઇને અનુભવીની આજ્ઞા તથા દેખરેખ નીચે અભ્યાસ કરવો જોઈએ.

યોગ દર્શનકાર ભ. પંતજલિ યોગદર્શનના બીજા સાધન પાદમાં ચિત્તશુદ્ધિને માટે, યોગચિત્તની ભૂમિકા તૈયાર કરવા કહે છે કેઃ

તપઃસ્વાध्यायेश्वर प्रणिधानानि क्रियायोगः

સૂત્રાર્થ :–તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન એ ત્રણ ક્રિયાયોગ છે.

આ ત્રણ સાધનને યોગમાં ક્રિયાયોગ કહ્યો છે; એ એવી જાતનાં કર્મ છે કે જેથી શરીર અને મન શુધ્ધ થાય છે.

તપ :–હિતકર અને શરીરને માફક આવે એવું ભોજન તથા શીત અને ઉષ્ણ જેવાં દ્વંદ્વો સહન કરવાની સહનશીલતા સાથે ઈંદ્રિયોનો નિરોધ કેળવી શકાય એવા નિયમપાલનનું નામ તપ છે. અહીં જે તપ કહ્યું છે તે ઉપવાસ, કૃચ્છ કે ચાંદ્રાયણ વગેરે તપ નથી; કારણ કે ઉપવાસ વગેરેથી મરણનો ભય, કૃચ્છ તથા ચાંદ્રાયણ વગેરે વ્રતોથી ધાતુની સમવિષમતા થવાથી વ્યાધિ તથા ક્ષુધાતૃષા વેઠવાથી અનેક પ્રકારના રોગ શરીરમાં ઘર કરી બેસે છે કે જે મૃત્યુપર્યંત શરીરને આરામ કે મનને શાંત પડવા દેતાં નથી. तपसाऽनाशकेन એમ શ્રુતિમાં કહ્યું છે. જે દેહનો નાશ કરે એવું તપ હોય એનાથી આત્મજ્ઞાનની યોગ્યતા કેળવાતી નથી. એટલા માટે યુકતાહાર વિહારની પ્રશંસા ભગવદ્‌ગીતામાં પણ કહી છે.

સ્વાધ્યાય :–ૐકાર વગેરે કોઈ મંત્રનો જપ, સ્તોત્ર વગેરેનો પાઠ તથા મોક્ષ શાસ્ત્રોનું અધ્યયન થાય એ બધાં સ્વાધ્યાય કહેવાય છે. આવા સ્વાધ્યાયથી ઇશ્વર પ્રતિ ભક્તિ ઊપજે છે; મનના વિકાર શાંત થાય છે અને ચંચલતા દૂર થતાં ચિત્ત ધ્યાનને માટે અધિકારી બનતું જાય છે; સમજણ વગર કરેલાં પાઠપૂજાથી ઊલટો વિક્ષેપ વધે છે: દા. ત. પૂજા શાલિગ્રામની થતી હોય, પાઠ ચંડીનો કરાતો હોય, મંત્ર ૐ નમઃશિવાયનો જપાતો હોય સાથે સાથે હનુમાન ચાલીસા જેવા સ્તોત્રનું સિદ્ધિના મોહને લીધે અનુષ્ઠાન ચાલતું હોય, દિવસે વખત મળે ત્યારે શિવપુરાણ, ભાગવત કે રામાયણનું વાચન થતું હોય, તેથી ચંચલતા વધે છે; ઇષ્ટદેવની જે ધ્યેયમૂર્તિ હોય, તેના નામ કે મંત્રનો જપ, તેના ગુણાનુવાદ હોય તેવાં જ સ્તોત્ર કે પાઠ, એની જ પૂજા અને એનું જ અધ્યયન હોય તો ચિત્ત શીઘ્ર એકાગ્ર થાય છે.

ઈશ્વરપ્રણિધાન :–જીવનનાં સમસ્ત કર્મો ઈશ્વરને અર્પણ કરીને નિરભિમાનપણે વ્યવહાર ચલાવવો, ગૃહસ્થાશ્રમીએ રાગ-દ્વેષથી મુકત થઈ, અનાસકતભાવે સગાંસંબંધી તથા સ્નેહીવર્ગની સેવા કરવી, અજાણતાં અશુભ કર્મ થઇ જાય એને માટે પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત કરવું, શુભ કર્મ થાય તે ભગવાનને અર્પણ કરી ભગવાનની પ્રેરણાથી જ એ થઈ શકયું છે એવો નિરભિમાન ભાવ વધારવો. કુતર્ક, શંકા, અશ્રદ્ધા, નાસ્તિકતા, કે દંભ તથા કપટભર્યાં વિચાર કે કર્મથી દૂર રહેવાની સાવચેતી રાખવી, ઈત્યાદિ ઇશ્વરપ્રણિધાન કહેવાય છે. ટૂંકામાં ઇશ્વરનું અહોનિશ સ્મરણ ચાલુ રહે એવો ભકિતપૂર્વક અભ્યાસ કરવો એ છે ઇશ્વરનું પ્રણિધાન એટલે ભગવાનને અર્પણ કરેલું સમસ્ત જીવન.

આ ક્રિયાયોગથી અંતઃકરણ શુદ્ધ તથા પ્રસન્ન થાય છે;

ચિત્તમાં વિક્ષેપ આવતા નથી, વ્યવહારના અટપટા પ્રસંગોમાં ગભરામણ થતી નથી; આવેશ તથા ભાવનાના ઊભરા ન આવતાં પ્રત્યેક કર્મમાં સાવધાનતા તથા વિવેકભરી શાંતિ રહે છે, સમત્વ-બુદ્ધિથી વ્યવહાર ચાલે છે અને ચિત્ત ધ્યાનને માટે અધિકારી બનતું જાય છે.

* * * *

વાચનમાં ભ. ગી.માંથી ભકિત તથા ધ્યાનયોગમાં સહાયક થાય એવા અધ્યાયો, ભાગવતનો એકાદશ સ્કંધ, રામાયણનો ભકિત વધે તેવો ભાગ, યોગવાસિષ્ઠરામાયણનાં પ્રથમનાં બે પ્રકરણ, પતંજલિનું યોગદર્શન, ઇશાવાસ્ય, કઠ, તથા માંડુકય ઉપનિષદ્, શંકરાચાર્યના આત્મબોધ, અપરોક્ષાનુભૂતિ, વિવેકચૂડામણિ, હરિમીડે સ્તોત્ર વગેરે પુસ્તકોનું ગુરુમુખે શ્રવણ કરવું જોઈએ. આચાર્ય આપણા અધિકાર પ્રમાણે સાધના કહે તે પ્રમાણે જ કરવી જોઇએ. પોતાની મનોમુખી સ્વેચ્છા પ્રમાણે તો નહીં જ.

પોતે જ પોતાના વૈદ્ય થવું કપરું અઘરું છે. કુશળમાં કુશળ વૈદ્ય કે દાકટર પણ પોતાની કે મમત્ત્વવાળાં સગાં-સંબંધીની દવા કરવામાં મૂઝાય–ગભરાય છે. મમત્વ તથા મોહને લીધે એની પોતાની આવડતમાં ભૂલ થવાનો સંભવ રહે છે. તેથી બીજા વૈદ્ય દાકતરની દવા લે છે. એ જ પ્રમાણે પોતે પોતાના ગુરુ થવાનો સિદ્ધાન્ત સાચો હોવા છતાં પણ એ નિર્ણય કેવલ ઉચ્ચ કોટિના અધિકારી માટે જ છે. એવા અપવાદ જેવા નિયમને અનુસરીને, પુસ્તકો વાંચીને કે કોઇ અનુભવહીનને મુખેથી સાંભળીને પોતાની મેળે જ સાધના કરવાથી સાચો માર્ગ પકડી શકાતો નથી. કારણ કે :–

(૧) પારકાના દોષ અને પોતાના ગુણ જોવા સહેલા છે; મનુષ્ય

એવા મિથ્યાભિમાનથી ભરેલો છે કે પોતાના દોષ જોઈ તપાસી શકતો નથી. અને પોતાની મનોમુખી સાધના કરવાથી ચિત્તશુદ્ધિ થતી નથી.

(૨) કયું પુસ્તક કે કયો વેષધારી સાચો માર્ગ બતાવશે એવી પરીક્ષા કરવી અઘરી છે. સત્યવકતા કરતાં જૂઠાબોલાનો બજાર ઊભરાઇ પડયો છે; ધોળાબજારિયા કરતાં કાળાબજારિયાની સંખ્યા વધારે છે. નિષ્કપટીના કરતાં દંભી અને પ્રપંચીઓથી વસ્તી છકી ગઈ છે; સરકારે દારૂબંધી કરી પણ કપટબંધી કરી શકાતી નથી; અન્નવસ્ત્ર પર અંકુશ છે, પણ પ્રજાનાં અનીતિ, અધર્મ પાપાચરણને નિરંકુશ છૂટ છે. આવા અધર્મ અને નિરંકુશના જમાનામાં સંત તથા શાસ્ત્રવિષયમાં સચાખોટાની પરીક્ષા પણ સરકાર કરી આપે ત્યારે ખરી! ત્યાં સુધી તો આપણે બહુ સાવધાન થઇને અભ્યાસ કરવાનો છે. પ્રત્યેક પુસ્તક સાચું શાસ્ત્ર નથી. પ્રત્યેક વેષધારી સાચો સંત નથી.

(૩) શરૂઆતમાં પ્રાચીન શાસ્ત્રોનો જ અભ્યાસ કરવો. અથવા જૂનાં શાસ્ત્રોને આધારે કે એનાથી વિરુધ્ધ ન હોય તેવા સિધ્ધાન્તવાળાં લખાણો હોય એવાં પુસ્તકોનો જ અભ્યાસ કરવો જોઈએ. વેષધારી ગુરુનો આગ્રહ રાખ્યા કરતાં વર્ણ કે આશ્રમના અભિમાન વગરના સંત હોય, ઈશ્વરનાં દર્શનનો કે આત્માના સાક્ષાત્કારના દાવાનો દંભ ન કરતા હોય, ગુરુપણાની ગાદીનો કે શિષ્યના મમત્ત્વનો મોહ ન હોય, એવા કોઈ નિરભિમાની જ્ઞાનીનો જ સત્સંગ કરવો જોઇએ.

(૪) જયાં સુધી સાચા સાધનની ખબર ન પડે અથવા સગવડ ન થાય ત્યાં સુધી જરાયે ઉતાવળ કરવી નહીં. સૌથી સરલ

માર્ગ છે વ્યવહારને પવિત્ર બનાવવાનો. પાણીમાં ઊતર્યા વિના જેમ તરતાં શીખી શકાતું નથી તેમ વ્યવહારનો ત્યાગ કરવાથી જ ચિત્ત શુદ્ધ થતું નથી. પરન્તુ આવશ્યક વ્યવહારમાં, સંયોગ-વશાત્ આવી મળેલા વ્યવસાયમાં અને નિર્વાહને ઉપયોગી કામકાજમાં લોભ, મોહ, દંભ, કપટ, સ્વાર્થ જેવા દુષ્ટ પ્રલોભનોને દૂર રાખીને ઉદારતા, નિર્મોહીપણું, સરલતા, સ્પષ્ટતા તથા પરોપકાર જેવી વૃત્તિઓ વડે કર્મક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવવાનો ઉદ્યમ કરવો જોઇએ. એની સાથે સર્વેશ્વર, સર્વ-વ્યાપક, ઈશ્વરને માન્ય રાખી એની પ્રેરણા તથા સાધન માટેની અનુકૂળતા કરી આપવા માટે પ્રાર્થના, નામસ્મરણ, ભજન અને ઈંદ્રિયસંયમ વધે એવાં વ્રતનિયમનું પાલન કરવું જોઈએ. કરુણામય ભગવાન અવશ્ય આવશ્યક સાધન મેળવી આપશે, એવી શ્રદ્ધા રાખવી જોઇએ. ભગવાનને આપણે જોઈ, જાણી કે અનુભવી શકતાં નથી, પરંતુ એ સર્વવ્યાપક છે એટલે આપણા રોમરોમમાં ભર્યો છે, સર્વદ્રષ્ટા અને અંતર્યામી છે તેથી આપણા તન-મનને પ્રત્યેક ક્ષણે જુએ-તપાસે છે, સર્વજ્ઞ છે એટલે આપણાં હિત-અહિત સમજે છે; એ સર્વસ્વ છે એટલે આપણી પ્રાર્થના દ્વારા આપણી સમક્ષ જેવો છે તેવો અનુકૂળ અને યોગ્ય સમયે પ્રત્યક્ષ થાય છે જ.

વૃત્તિને બહિર્મુખ રહેવાની જન્મજન્માન્તરની જે જુગજૂની ટેવ છે એનાં મૂળને વિષયના કાદવમાંથી ઉખેડી નાંખીને આત્માના ધર્મક્ષેત્રમાં રોપવાનું કામ સહેલું નથી; ચિત્તવૃત્તિને વિશુદ્ધ બનાવી, અંતર્યામી પરમાત્મામાં રોપીએ તો પણ એનાં મૂળ જમીનમાં રીતસર ચોંટવાં જોઇએ. ત્યાર પછી પણ અભ્યાસરૂપ જળસિંચન તથા વૈરાગ્યરૂપ વાડ વડે એ ચિત્તક્ષેત્રની રક્ષા કરવી જોઈએ; અભ્યાસમાં એકધારો પ્રયત્ન રાખવો જોઇએ. આરંભશૂર બનીને

પાછળથી ક્રિયામાં મંદતા, વેગનો અભાવ, કે અશ્રદ્ધાની ચંચલતા આવીને અભ્યાસ ખંડિત કરે એ ઈષ્ટ નથી.

પ્રત્યેક ક્ષણે, દિવસે કે મહિને આત્મનિરીક્ષણ ચાલુ રહેવું જોઇએ. ચિત્તની શાંતિ અને પ્રસન્નતા, ઇન્દ્રિયોનો સંયમ, બહિર્મુખ-વૃત્તિની નિવૃત્તિ તથા સાધનામાં ઉન્નતિ જ થાય છે એની ખૂબ જ વિવેક ભરી દૃષ્ટિ રાખવી જોઈએ. ઉત્સાહના જેટલું જ ધૈર્ય, ભાવના જેટલી જ શાંતિ, ભક્તિના જેટલો જ વૈરાગ્ય, વિવેકના જેટલો જ વિચાર તથા જ્ઞાનના જેટલો અનુભવ સતત ચાલુ છે એવું સતત્ ભાન રહે તો જ આગળ જતાં વિઘ્નો સતાવશે નહિ, અને આવશે તો પણ એને દૂર કરવાનું સામર્થ્ય વધશે.

તમારું એકમાત્ર ધ્યેય છે સમસ્ત સંસાર અને સાંસારિક વાસનાથી પર તથા મુક્ત એવું સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ કે જે તમારા આત્મસ્વરૂપથી અભિન્ન છે; લક્ષ્ય ચૂકશો તો ચિત્તમાં મલિનતા પ્રવેશશે; સંસારનાં દ્વંદ્વો ચિત્તને એવું તો બંધનમાં નાંખશે કે એનાથી છૂટવું વસમું થઈ પડશે.

શ્રદ્ધા રાખજો કે તમારા પુરુષાર્થ કરતાં સોગણી કૃપા શ્રીગુરુદેવની આવી મળશે, એનાથી હજારગણી કૃપા તમારો આત્મદેવ વરસાવશે, અને એના જ અભિન્ન સ્વરૂપ જેવો સર્વ-વ્યાપક, સર્વજ્ઞ સર્વેશ્વર તો તમારા અંતરને પોતાના પ્રોજ્વલ પ્રકાશથી એવું તો ભરી દેશે કે જેમાં અંધકાર જેવું અજ્ઞાન તો ક્યારે, ક્યાં કે કેવું હતું, એ પ્રશ્ન પણ ઊભો નહિ રહે! શ્રદ્ધા રાખો ને વિજય તમારો છે! ભક્તિ કેળવો અને લક્ષ્ય હાથવેંતમાં લાગશે; સાધનામાં વેગ વધારો એટલે શુદ્ધિ અને સામાર્થ્યના ધોધ વહેવા માંડશે!

( મે ૧૯૫૧ )

## ૬

# ચિત્ત અને વૃત્તિ

"વ્યવહાર વધી પડયો છે, ફુરસદ જ મળતી નથી" એ ફરિયાદો જેટલી કાનમાં અથડાય છે, તેની સાથે સાથે "મનુષ્યો સ્વાર્થી બનતાં જાય છે, વિશ્વાસ, શ્રધ્ધા કે સીધી રીતે વ્યવહાર ચાલતો જ નથી," એવી બધી નિવૃત્તિવાળાની બૂમરાણ પણ વધી પડી છે.

આધુનિક, સુધારક, કે લોકોધ્ધારક પ્રવૃત્તિના યુગમાં આવું સંભળાય એમાં આશ્ચર્ય નથી. કારણ કે પ્રવૃત્તિ અને નિવૃત્તિનો સ્વરૂપભેદ સમજવામાં કેટલીએક મુશ્કેલી રહેલી છે.

ભ. ગી.માં ભ. શ્રીકૃષ્ણ ચોખ્ખું કહે છે કે:

> प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
> बन्धं मोक्षं च या वेत्ति बुद्धिःसापार्थ सात्त्विकी ॥

અ ૧૮–૩૦.

અર્થઃ–જે બુદ્ધિ પ્રવૃત્તિ શું અને નિવૃત્તિ શું, કાર્ય શું અને અકાર્ય શું, ભય શેમાં ને અભય શેમાં તથા બંધ શું અને મોક્ષ શું, એ યથાવત જાણે છે તે બુધ્ધિ, હે અર્જુન, સાત્ત્વિક છે.

સાત્ત્વિકી બુધ્ધિ એટલે સીધી અને સાચી સમજણ કે જે

પ્રત્યેક પ્રસંગે સ્વ-પર હિતને લક્ષ્યમાં રાખીને કાર્ય-અકાર્યનો વિવેક કરે, અને શ્રેયસ્કર કાર્યમાં જ પોતાની જાતનો ઉપયોગ કરે.

સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણનાં લક્ષણો જરા જોઇએ જેથી સત્ત્વગુણી સમજણનો સાચો ખ્યાલ આવે, ભ. ગી. ના ચૌદમા અધ્યાયમાં એ વિષે વિસ્તારથી સમજાવ્યું છે; આપણે માત્ર એક જ શ્લોકનો અર્થ તપાસીએ: સત્તરમા શ્લોકમાં કહ્યું છે કે: "સત્ત્વ-ગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન ઉપજે છે."

પ્રવૃત્તિ અને નિવૃત્તિના ભેદ સમજવામાં બુદ્ધિ સાત્ત્વિક જોઈએ એ આપણે જોયું. જે બુદ્ધિમાં રજોગુણ કે તમોગુણની વિશેવતઃ હોય એ બુદ્ધિ સાચી સમજણમાં ઉપયોગી નથી. શ્રેયસ્કર માર્ગમાં હિતકર નથી, ઉન્નતિમાં બાધક છે; વિપરીત અસર ઉપજાવે એવી છે.

શાસ્ત્રોમાં (પોતાના પર્યાય શબ્દોમાં), અને વિદ્વાનોના સર્વમાન્ય ગ્રન્થોમાં એની ખૂબ જ ઝીણવટભરી ચોખવટ કરેલી છે. શાસ્ત્રીય પરિભાષાનું જેને જ્ઞાન ન હોય એવા જનસમૂહમાં એની જલદી સમજણ પડતી નથી.

કોઈ પણ કામ કરવું એ પ્રવૃત્તિ, કશુંયે ન કરવું એ નિવૃત્તિ એવી ઉંધી લોક માન્યતા ભૂલ ભરેલી છે. જ્ઞાનરક્ષા, ધર્મરક્ષા, કે લોકરક્ષા નિમિત્તે થતાં કાર્યોને જનસમૂહ પ્રવૃત્તિ માનીને નિવૃત્તિ-માર્ગનાં પોષક ધર્મોના શિક્ષણધામો કેન્દ્રો, આશ્રમો, મઠ મંદિરો વ. ને સમાજહિતના વિરોધી પ્રમાદધામ માને છે: પ્રવૃત્તિને માયા અને પ્રમાદને નિવૃત્તિ માનવાની, મિથ્યા ભ્રાંતિ માનનારાની એક અંધ પરંપરા વધી પડી છે.

શાસ્ત્રના અઘરા શબ્દો ન વાપરતાં એ બે શબ્દો વિષે સાદી સમજણથી વિચાર કરવો જોઇએ. વેદાન્તના સાધારણ અભ્યાસીઓ, જિજ્ઞાસુઓ, ધ્યાન, ઉપાસના કે યોગમાર્ગના ઉત્સુકોએ વિવેક શીખવો જોઇએ. અંતઃકરણમાં પ્રત્યેક પળે ભિન્ન ભિન્ન પ્રકારના વિષયવિચારના તરંગો ઊઠે એ ચિત્તની વૃત્તિઓ કહેવાય છે. કર્મ થતાં પહેલાં મનમાં વિચાર ઊભો થાય છે. એ વૃત્તિ કહેવાય છે.

મનુષ્યનાં કે અન્ય પ્રાણીઓનાં જીવન જોતાં–તપાસતાં નીચે પ્રમાણે રહસ્ય સમજાય છે.

(૧) માણસને જગત અને જગતના વિષયનું જ્ઞાન મેળવવા માટે પાંચ જ્ઞાનેન્દ્રિયોનું સાધન મળેલું છે.

(૨) કોઈ પણ વિષયની પ્રાપ્તિ માટે વિચાર થાય, એને આપણે વાસના, ઈચ્છા કે તૃષ્ણા કહીએ છીએ, અને જ્ઞાનેન્દ્રિયોવડે એનું જ્ઞાન મેળવીએ છીએ.

(૩) વિષયનું જ્ઞાન મેળવવામાં જ્ઞાનેન્દ્રિયોની સાથે અંદર જે સમજવાની શક્તિ છે એ બુદ્ધિ કહેવાય છે; એ જેવા ગુણવાળી અને જેટલી હોય તે પ્રમાણે વિષયનું જ્ઞાન કેળવાય છે.

(૪) અંતઃકરણમાંથી ઊઠતી વૃત્તિના ઉદ્‌ગમસ્થાનને ચિત્ત કહેવામાં આવે છે. ચિત્તમાંથી વિષયની વૃત્તિ ઊઠે, તેના ઉપર બુદ્ધિ જ્ઞાનેન્દ્રિયોની સહાયતાવડે વિષયનું જ્ઞાન મેળવે છે.

(૫) વિષયોનું અંતઃકરણમાં સ્મરણ થયા કરે, એની ઝંખના થયા કરે એને વાસના, કે તૃષ્ણા કહી શકાય છે અને એ ચિત્તનો ધર્મ છે.

(૬) એ ઝંખનાની પ્રેરણાથી–એના અંતરમાંથી ઊઠતા વેગભર્યા આવેશથી ઇષ્ટ વિષય મેળવવા માટે પોતાની શકિત પ્રમાણે જે ક્રિયા કરવી પડે, અને શરીરની કર્મેન્દ્રિયોનો ઉપયોગ થાય ત્યારે એ કર્મ કહેવાય છે.

(૭) કર્મેન્દ્રિયોવડે કર્મ કરીને વાસનાપ્રેરિત વિષયને પ્રાપ્ત કરીએ, અને ઇન્દ્રિયો દ્વારા એને ભોગવીએ એ ભોગ કહેવાય; અને એ દ્વારા આનંદ થાય એ તૃપ્તિ કહેવાય છે.

(૮) આવી રીતે થયેલી તૃપ્તિમાંથી વિષયના–ભોગના સંસ્કાર દૃઢ થતા જઈને, અંતરમાં ખેવડાતા જાય છે, એને આપણે મોહ કહીએ છીએ.

(૯) એ મોહમાંથી પુનઃ વિષયની વાસના, વાસનામાંથી વિષયપ્રાપ્તિ માટેનાં કર્મ, કર્મમાંથી વિષયનો ભોગ, અને ભોગમાંથી પુનઃ વિષયની વાસના–આવું જે વિષયચક્ર અંતરમાં ચાલ્યા કરે છે એનું નામ છે પ્રાણીમાત્રનો સંસાર.

(૧૦) આવી વિષયપ્રાપ્તિની વૃત્તિમાંથી વિચાર કર્મ અને ભોગની પરંપરા ચાલે છે એ સંસારચક્રની પ્રવૃત્તિ છે.

એ પ્રવૃત્તિમાં હેતુ તો સુખની પ્રાપ્તિ અને દુઃખના નિવારણનો જ હોય છે. કોઇને દુઃખ જોઇતું નથી બધાં સુખના ઈચ્છુક છે; અને સુખની ઈચ્છાથી પ્રેરાઇને જ વિષયોની વાસના (વૃત્તિ) અંતરમાં ઊભી થાય છે, એને માટે જ સૌ કર્મ કરે છે, અને ભોગ ભોગવવામાં પણ સુખપ્રાપ્તિનો જ ઉદ્દેશ હોય છે.

આ સુખ વિષય કે વિષયભોગમાં નથી. ભોગને અંતે ચિત્તમાંથી ઊભી થયેલી વાસના પાછી વળીને ચિત્તમાં લીન થઇ જાય ત્યારે ચિત્તની શાંત અવસ્થા સુખરૂપે પ્રતીત થાય છે. અશાંતિ પછી

દુઃખ અને શાંતિ પછી સુખ એ ક્રમ પ્રમાણે આવજા કરે છે. ગીતામાં अशान्तस्य कुतः सुखम्: અશાંતને સુખ ક્યાંથી? એમ કહ્યું છે. વિષયવૃત્તિ ચિત્તમાં ઊભી થાય, એ છે ચિત્તની અશાંત અવસ્થા અને સુખનો અભાવ; ભોગને અંતે વાસનાનું ચિત્તમાં શમન થતાં ચિત્તની શાંત અવસ્થા થાય એ છે સુખનો ભાવ અથવા આનંદનો આભાસ. એ સુખ સાચું સુખ નથી તેથી એ સુખનો આભાસ કહેવાય છે, એ નિત્ય નહીં પણ ક્ષણિક છે. નિત્ય સ્થાયી, સ્થિર, અવિનાશી, વિયોગ વગરનું, ઓછુંવત્તું ન થાય એવું એટલે પૂર્ણ, પ્રયત્ન વગરનું એટલે અનાયાસ, તથા સહજ, વિષયવૃત્તિ, વિષયનિમિત્તનાં કર્મ, વિષયભોગ વિનાનું અખંડ, એકરસ, અને અદ્વિતીય આત્મસુખ છે; એ માટેનાં બધાં વિચાર કે કર્મ પરંપરા નિવૃત્તિનો વ્યવહાર કહેવાય છે.

નિત્યસુખ વાસનાના ચક્રમાં મળી શકતું નથી; કારણ કે વિષયો નિત્ય ટકી શકતા નથી. વિષયો મેળવવાનું સામર્થ્ય શરીરની દુર્બલસબલ અવસ્થા તથા ઓછીવત્તી આવડત તથા સાધન પ્રમાણે વધે ઘટે છે; આ જગતમાં હમેશાં સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ થયા કરે છે; ઈંદ્રિયો પણ વૃદ્ધિક્ષીણતા દોષવાળી છે તેથી વિષયો પ્રાપ્ત થયા છતાં ભોગવવાનું સામર્થ્ય એક સરખું રહેતું નથી. ઉપરાંત જગતમાં આપણે એકલા અને સ્વતંત્ર નથી. બીજાં પ્રાણીપદાર્થોનાં વિઘ્નો અવારનવાર આવી નડે છે. સારાંશ એ કે વિષયપ્રાપ્તિ અને વિષયભોગમાં ઈચ્છા પ્રમાણે સુખ સાંપડતું નથી. મોહ, વાસના તથા ક્લેશ વધતાં જાય છે વિષયો તથા ભોગ પ્રાપ્તિ માટેની અશકિતને લીધે વિષયી મનુષ્યનું ચિત્ત સર્વદા વિષયચિંત્વન કરીને પામર બની જાય છે. પામરતાની સાથે જ અશાંતિ વધે છે. અશાંતિ અને સુખ તો પરસ્પર વિરોધી છે એટલે જ્યાં અશાંતિનો અગ્નિ કે ચિંતાની હોળી સળગતી હોય,

ત્યાં સુખ કે શાંતિની શીતળતાનું સ્વપ્ન પણ ક્યાંથી હોય ?

*       *       *       *

યોગદર્શનમાં પ્રથમ પાદના બીજા સૂત્રમાં વૃત્તિની વ્યાખ્યા કરતાં યોગભાષ્યકાર લખે છે કે ચિત્ત એક નદી જેવું છે; નદી જેમ પોતાના ઉદ્ગમ સ્થાન (મૂળ) સરોવરમાંથી નીકળીને વેગથી દોડતી જાય છે, કોઈવાર એમાંથી નાની શાખાઓ નીકળી આસપાસના કિનારા પાસે નાના નાના ખાડાખાબોચિયાંનાં રૂપ ધારણ કરે છે, ઉછળતી કે વેગથી વહેતી હોય ત્યારે મોજાં ઊભાં થઈને અથડાય પછડાય છે, આગળ જતાં સમુદ્રમાં કે રણના પેટાળમાં શમી જાય છે, તેવી રીતે આત્મચૈતન્યની સાથે અવિદ્યા (ચૈતન્યનું અજ્ઞાન)નો મિથ્યા સંબંધ થતાં નામરૂપ બનેલું એ ચિત્ત (મૂળમાં તો ચિત્–ચૈતન્ય) પૂર્વસંસ્કારને લીધે એક બાજુ દ્રષ્ટા અને બીજી બાજુ દૃશ્ય રૂપ બને એનું નામ વૃત્તિઓ છે. ત્રણ ગુણવાળી અસંખ્ય વિષયોના આકારવાળી એ વૃત્તિઓના સ્વભાવભેદે અસંખ્ય દૃશ્યો બને છે એમાં નિદ્રાને પણ એક વૃત્તિ જ માની છે.

નદીનો પ્રવાહ આગળ ઊંચી જગ્યા આવે તો પાછો ને પોતાના મૂળસ્થાન સરોવરમાં જ વળે તો નદીનું અસ્તિત્વ રહેતું નથી. હવે તમે

(૧) આત્મચૈતન્યને સ્થાને સરોવર કલ્પી લ્યો.

(૨) એમાં કોઈ અલૌકિક, અનિર્વચનીય અવિદ્યાને લીધે ક્ષોભ થાય ત્યારે એને ચિત્ત સમજો.

(૩) ક્ષોભને લીધે એમાંથી નદીનો પ્રવાહ નીકળે, તરંગો ઊભા થાય, આડોઅવળો, આડરસ્તે જતો પ્રવાહ ક્યાંક રૂંધાઈને ખાડા-ખાબોચિયાંનો આકાર ધારણ કરે, અથવા ઊંચા ટેકરા કે

પહાડના અવરોધથી રોકાઇ પાછો વળી મૂળ સરોવરમાં શમી જાય, એવું જ ચિત્ત અને એની વૃત્તિઓનું છે.

સરોવર, નદી, તરંગો પ્રવાહ, ખાડાખાબોચિયાં, એ બધાં નામ તથા રૂપે જુદાં જુદાં હોવા છતાં જળરૂપે તો એક જ છે, તેવી જ રીતે ચિત્ત મૂળ એક જ સ્વરૂપે હોવા છતાં વૃત્તિઓ રૂપે ભિન્નભિન્ન દૃશ્ય વિષયોના આકાર ધારણ કરે છે અને શાન્ત થાય છે ત્યારે મૂળ ચિત્તરૂપે એક થઈ જાય છે.

એ ચિત્ત પોતે આત્માના સત્ (નિત્ય), ચિત્ (જ્ઞાન), આનન્દ સ્વરૂપમાંનું ચિત્ એટલે ચૈતન્ય છે. એને અવિદ્યાનું આવરણ લાગે ત્યારે એ જ્ઞાનસ્વરૂપ સ્મરણ ચિંતનનું સાધન બને છે તેથી એનું નામ ચિત્ત પડયું છે. ચિત્તની આ વ્યાખ્યા યાદ રાખવી જોઈએ.

વૃત્તિઓમાં જેમ ત્રણ ગુણનો ભેદ છે, તેવી જ રીતે બીજો ભેદ આત્મા અને અનાત્માનો, અન્તર્મુખ બહિર્મુખતાનો, સાંસારિક કે પારમાર્થિકપણાનો, ક્લિષ્ટ કે અક્લિષ્ટપણાનો, એવો જે શાસ્ત્ર, દર્શન કે સંપ્રદાયભેદે તફાવત છે, એ બધામાં સૌથી સરલતાથી સમજાય એવો ત્રણ ગુણનો છે, અને એમાં ઉપકારક થાય એવો આત્મા અને અનાત્માનો છે.

સાત્ત્વિકવૃત્તિ, રાજસિકવૃત્તિ, તામસિકવૃત્તિનો ભેદ પહેલાં આપણે ઉપર સમજી લીધો છે; એ જ રીતે આત્મા અને અનાત્મા તરીકેના ભેદનો થોડો વિચાર કરીએ, એમ કરતાં એક વાત સ્પષ્ટ કરી લઉં છું કે તત્ત્વની બાબતમાં બહુ આંટી-ઘૂંટીના પ્રશ્નને આપણે છેડવાનો નથી. શ્રદ્ધા અને ભક્તિથી જે સાધક સાધના કરવા ઇચ્છતો હોય, જ્ઞાન તથા વૈરાગ્યના થોડા સંસ્કાર કેળવી શકયો હોય, અદ્વૈત સિદ્ધાન્તનો પ્રાથમિક અભ્યાસ

કરેલો હોય, એવા જિજ્ઞાસુ કે સાધકને લક્ષ્યમાં રાખીને આટલું લખાય છે. તર્કની, શંકાની, ચર્ચાની, દ્વૈત કે અદ્વૈતના નિર્ણયની કડાકૂટ-ડાચાકૂટ કે ભાંજગડ કરવાની જેનામાં હજુ કુતૂહલતા રહી હોય તેઓને માટે તો છ દર્શનોનો અભ્યાસ, ભાષ્યોનું વિવેચન, અને વિચારસાગર, વૃત્તિપ્રભાકર, જેવા તર્ક-પ્રચુર ગ્રન્થોની સહાયતા વડે બુદ્ધિને પ્રથમ સીધી અને સરળ બનાવી નવનીત જેવી કોમળ બનાવી લેવાની જરૂરિયાત છે. અહંકારનું મર્દન કરી કુતર્કનાં સમિધને બ્રહ્મયજ્ઞમાં હોમી લેવાં જોઈએ, કારણ કે જેટલી તીવ્રતા સાધક કે જિજ્ઞાસુના ચિત્તમાં હોય છે, એવી તર્કપ્રચુર, અહંકારી, પંડિત કે વિદ્વાન હોવાનો શોખ ધરાવનારના ચિત્તમાં હોતી નથી. બુદ્ધિની શંકાશીલ વૃત્તિ કરતાં ચિત્તની ભાવભરી શ્રધ્ધા જ સાધનાના શ્રીગણેશ કરાવે છે. અભિમાનની અહંમન્યતાના જ્યાં ગજ વાગતા નથી, ત્યાં નિરભિમાન ઇશ્વરભકતની નોબતો ગડગડે છે. ઇશ્વરપ્રાપ્તિનો પ્રદેશ ભાવભકિતનો છે; તર્કચર્ચાનો નથી.

* * * *

પ્રાણીપદાર્થનું શુધ્ધસ્વરૂપ સત્-ચિત્ અને આનંદ છે; કોઈ અગમ્ય, અકલ્પ્ય અને અનિર્વચનીય એવી ભ્રાન્તિને લીધે એ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે, ત્યારે પોતાને સત્‌ને બદલે અસત્ (નિત્યને બદલે અનિત્ય, જન્મ તથા મૃત્યુરહિતને બદલે જન્મ-મરણશીલ) ચિત્‌ને બદલે જડ (જ્ઞાનવાન, પ્રકાશમય, જયોતિ-સ્વરૂપને બદલે અજ્ઞાની, અણઆવડતવાળો, દષ્ટાદષ્ટના રહસ્યની સમજણ વગરનો, તથા ઇંદ્રિયગોચર અને બુધ્ધિકલ્પિત દેશકાળને જ સત્ય માનનારો) અને આનંદને બદલે દુઃખસ્વરૂપ માને છે. આવું જેને લીધે બને છે એને પૂર્વઋષિઓએ, દર્શનકારો

તથા શાસ્ત્રવિદોએ માયા, અવિદ્યા, અજ્ઞાન, પ્રકૃતિ, તમસ જેવાં નામ આપ્યાં છે; આવું કેમ બને છે, કયારે બને છે, કયાં બને છે એનો સ્પષ્ટ ઉત્તર આપી શકાતો નથી. કારણ કે કોઇ પણ વિષયનું અજ્ઞાન કયાંથી, કયારથી આવ્યું એમ કહેવું સમજવું વ્યર્થ છે. અજ્ઞાનના પ્રદેશમાં રહીને અજ્ઞાનનું મૂળ તથા કારણ શોધવું એ વ્યર્થ પરિશ્રમ છે, એના ઉચ્છેદનો પ્રયત્ન કરવો જ ઉપકારક છે, કારણ કે નાશ થયા પછી અજ્ઞાનનો અભાવ થાય છે, અને કોઈ પણ વસ્તુના અભાવ માટે ચર્ચા કરવી તદ્દન નકામી છે. એટલા જ માટે એ માયાને મિથ્યા કહી છે; માયા પોતે મિથ્યા છે; એને માટે પ્રશ્નો કરવા પણ મિથ્યા અને સમજવા પ્રયત્ન કરવો એ મિથ્યા છે, એને નિર્મૂળ કરવા કર્મો કરવાં નકામાં છે, પ્રાર્થનાઓ કરવી, આક્રંદવિલાપ કરવો નકામો છે, મિથ્યા વસ્તુ માટેના પ્રયત્નો પણ મિથ્યા જ હોય, કારણ મિથ્યાના પારપ્રદેશમાં પહોંચવા માટે જે વાસ્તવિકતા જોઇએ એ માત્ર સાચી સમજણમાં ભરેલી હોય છે; ક્ષણ માત્રના સાદા વિવેકજ્ઞાનથી મિથ્યા સત્યનો નિર્ણય થતાં મિથ્યાનો મિથ્યાપ્રયત્ન શાંત થાય છે; પ્રકટે છે વાસ્તવિકતાનું પોતાનું, આવિર્ભાવ પામતું, બુધ્ધિના તર્ક, ચિત્તની સ્મૃતિ, મનના ભાવ અને અહંકારના મર્યાદિત, પરિચ્છિન્ન કે સંકીર્ણ સ્વભાવને તિલાંજલિ આપતું સ્વરૂપ, સત્-ચિત્-અને આનંદઘન આત્મસ્વરૂપ.

* * * *

ચિત્તનું મૂળસ્વરૂપ છે ચિત્, એ ચિત્ત અશાંત થાય, એમાં ક્ષોભ થાય, ત્યારે સરોવરના તરંગોની પેઠે એમાં છોળો ઊછળે તેમ જે વિષયના વિચારો ઊઠીને વિક્ષેપ કે ક્ષોભ થાય એનું નામ છે વૃત્તિ. એ વૃત્તિઓ જયારે સ્વરૂપના જ્ઞાનવાળી હોય ત્યારે

એ આત્માકારવૃત્તિ કહેવાય છે, ભગવાનના સાકાર સ્વરૂપની હોય ત્યારે ભગવદ્દાકાર કહેવાય છે, અને એને જ અંતર્મુખવૃત્તિ તથા ચિત્તની નિવૃત્તિપરાયણતા કહે છે.

પરન્તુ જ્યારે વિષયાકાર બનીને મન, જ્ઞાન અને કર્મની દ્દસે ઇંદ્રિયોને ચંચલ બનાવી મૂકે, પ્રાણમાં વેગ લાવીને વિષયની પ્રાપ્તિ માટે પોતાના ગુણ તથા સમજણ પ્રમાણે કર્મો કરાવે, વિષય મેળવીને ભોગ ભોગવાવી એમાં સુખદુઃખના, ક્લેશના કે હર્ષશોકના અનુભવ કરાવે ત્યારે એવા વિચાર, વાસના, વૃત્તિ તથા કર્મને પ્રવૃત્તિ કહે છેઃ એવું જીવન પ્રવૃત્તિપરાયણ કહેવાય છે.

પ્રવૃત્તિમાં બે વિભાગ છે: (૧) શુભ પ્રવૃત્તિ તથા (૨) અશુભ પ્રવૃત્તિ. જે કર્મથી ધર્મ, નીતિ, દયા, ક્ષમા વ. શુભગુણોનો વિકાસ થાય, એવાં ઈશ્વરવિષયક કર્મોને શુભપ્રવૃત્તિ કહે છે; વેદોક્ત કર્મ તથા ઉપાસનાનો એમાં સમાવેશ થાય છે; તદુપરાંત સ્મૃતિઓને આધારે જીવનને વિધિનિષેધની આજ્ઞામાં રાખીને પવિત્ર તથા સદાચારી બનાવવાના જે સમાજના નિયમો તથા ધારાધોરણો હોય, તે પણ શુભપ્રવૃત્તિમાં કારણભૂત છે. આમાં સત્ત્વગુણનો વિકાસ થાય એ ઉદ્દેશ છે, કારણ કે સત્ત્વગુણ પ્રકટે અને વધે તો જ પ્રવૃત્તિના શુભઅશુભ ભેદ તથા શુભપ્રવૃત્તિ અને વાસ્તવિક નિવૃત્તિનાં સાધનનું રહસ્ય સમજી શકાય.

વૃત્તિ અને કર્મ એ બેનો તફાવત જોઇએ તો સમજાશે કે અંતઃકરણમાં ભોગના વિષયને માટે વિચાર, કલ્પના કે તરંગો ઉપડે એ છે વૃત્તિ અને વિષયની પ્રાપ્તિ તથા ભોગને માટે ઇંદ્રિયો ચેષ્ટા કે ક્રિયા કરે એ છે કર્મ.

આપણે પ્રવૃત્તિના બે વિભાગ પાડ્યા એ જ વિભાગ કર્મને લાગુ પડે છે, તેની સાથે જ વૃત્તિને પણ એટલી જ અસર

કરે છે. શાસ્ત્રોમાં એ વૃત્તિને જયાં વાસના કહી છે ત્યાં પણ શુભ અને અશુભ એવા બે વિભાગ પાડચા છે. ટૂંકામાં શુભવૃત્તિ, શુભવાસના, શુભકર્મ, શુભપ્રવૃત્તિ વગેરે આત્માભિમુખ થવામાં નિમિત્ત બને એ શુભ વિભાગ અને આત્માથી વિમુખ, બહુર્મુખ કે સ્મૃતિભ્રષ્ટ થાય એવાં વિચાર કર્મ અશુભવૃત્તિનો વિભાગ છે.

*  *  *  *

હવે આપણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ વિષે વિચાર કરીએ. કોઈ પણ કામને પ્રવૃત્તિ અને કામ ન કરવું એવા અકર્મને નિવૃત્તિ કહેવું એવો વ્યવહારપ્રચલિત અર્થ થઇ પડચો છે. નોકરી કે કામધંધો કરવો એ પ્રવૃત્તિ અને પેન્શન લઈને ઘેર બેસવું કે કામધંધો છોડી દેવો એ નિવૃત્તિ એવી સમજણ સમાજમાં પેસી ગઈ છે. સમાજમાં પ્રમાદ, આળસ, મોહ વગેરે વધી પડચાં છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિનું રહસ્ય સૂક્ષ્મ વિવેકબુદ્ધિથી વિચાર કરતાં સમજાશે કે એને કર્મ અકર્મના અર્થમાં ન લેતાં એના ઉદ્દેશ કે હેતુનો વિચાર કરવાનો છે.

પ્રવૃત્તિ એટલે લોકપરલોકના ત્રિગુણાત્મ અનાત્મ વિષયની પ્રાપ્તિ માટેનાં વૃત્તિ અને કર્મ.

નિવૃત્તિ એટલે આત્મવિષયક નિર્ગુણ લક્ષ્ય માટેનાં વૃત્તિ અને કર્મ.

આટલી ટૂંકી વ્યાખ્યા સમજી રાખીએ અને ચિત્તમાં ઊઠતી વૃત્તિને તપાસતા રહીએ તો કર્મ એ જ પ્રવૃતિ અને અકર્મ એટલે નિવૃત્તિની ભ્રાન્તિભરી ભૂલ હશે એ નીકળી શકે. પ્રવૃત્તિમાં જેમ શુભ વિચાર અને કર્મ હોય છે તેવી જ રીતે નિવૃત્તિમાં આત્મજ્ઞાનની વૃત્તિ અને એને પોષક, ઉપકારક તથા રક્ષક કર્મોનો સમાવેશ થાય છે.

દા. ત એક વેપારી વેપારના કામકાજ માટે કાશી, પ્રયાગ, મથુરા, અયોધ્યા વગેરે તીર્થસ્થાનોમાં વેપાર માટે જાય અને સાથે સાથે શ્રદ્ધાળુ હોય તો ત્યાં દેવદર્શનનો લાભ લે એમાં એના ચિત્તમાં વૃત્તિ હોય છે ધન કમાવાની અને કર્મ હોય છે મુસાફરી કરવાનું.

તેવી જ રીતે કોઈ દેવદર્શન કે સત્સંગનો ઉત્સુક એ તીર્થસ્થાનોની મુસાફરી કરે એ યાત્રાનું કર્મ કહેવાય છે; એમાં બંનેનું કર્મ તો એક જ પ્રકારનું હોય છે, પણ યાત્રાળુનો હેતુ વૃત્તિમાં દેવદર્શનનો છે, જ્યારે વેપારીનાં હેતુ-વૃત્તિમાં ધનલોભ છે. મુસાફરી કરવી, એ માટેની તૈયારી, ખર્ચ, સગવડઅગવડ વગેરે કર્મો તો બંનેનાં એકજ સરખાં હોય છે; અને કર્મમાં ફલનો સંબંધ તો હેતુની સાથે છે, કર્મની રીતભાત સાથે નથી.

જેવી રીતે આ વ્યવહારનું દૃષ્ટાંત છે, તેવી જ રીતે આપણે ઈશ્વરપરાયણ વ્યક્તિઓનાં હેતુ તથા કર્મનો વિચાર કરી જોઈએ.

(૧) બાહ્યત્યાગી કોઇ સંત કે સાધુ અસંગ અનિકેત રહેવાના હેતુ ( વૃત્તિ )થી એકસ્થાને ન રહેતાં દેશભરમાં વિચર્યા કરે ત્યારે પોતાની સાથેની સગવડોનો સામાન ફેરવવામાં અડચણો ઊભી થાય છે; વસ્તુ પરિગ્રહને લીધે ધનસંચય કરવો પડે છે; ધનસંચયમાં યોગ્યાયોગ્ય ધનિકોનો સંબંધ સાચવવો પડે છે; એવી બાહ્ય ક્રિયાઓમાં સમય જાય તેથી આત્મચિંતન, ભાવભકિત, ધ્યાનધારણા કે બીજાં કર્મઉપાસનાનાં કર્મકાંડનાં વિઘ્ન ઘટાડવા માટે સાચવી શકાય તેટલાં જ સાધનો પાસે રાખીને દેશભરમાં વિચરે એથી એનું કર્મપરાયણ જીવન બંધ પડતું નથી. જ્યાં જાય ત્યાં અન્નવસ્ત્રની સગવડ, મકાનની જરૂરીઆત, વાહનનો ઉપયોગ, શાસ્ત્રાભ્યાસ માટેની અનુકૂળતા રખાય છે. એમાં

એ પોતે માત્ર પ્રવૃત્તિકર્મથી બચે છે, પરંતુ એમનાં નિવૃત્તિનાં કર્મ ઘટતાં નથી.

અપરિગ્રહી, અસંગી, ત્યાગી, વિરક્ત, નિર્મોહી એવાં વિશેષણો કે ઉપાધિઓ એમને વળગે છે. તે ઉપરાંત એમને માટેનું ખર્ચ પણ ઓછું થતું નથી. મતલબ કે અનિકેત સંતસાધુ એક સ્થાને ન રહેતાં અનેક સ્થાનોમાં ફરે એથી એમની સગવડની સામગ્રીમાં ઉણપ આવતી નથી. લોકો એમને નિવૃત્તિપરાયણ કહે કે ત્યાગી, પરંતુ આવા સંતસાધુની ચિત્તવૃત્તિની પરીક્ષા કરવી જોઈએ. ઋતુ પ્રમાણે ખાનપાન, અન્નવસ્ત્ર કે સ્થાનની વારાફેરીની વૃત્તિઓ, બાહ્યકર્મમાં ચિત્તને રોકવા કે શરીરને વાપરવામાં 'માયા'ના સ્પર્શનો કે ત્યાગની હાનિના ભય વ. ની વૃત્તિઓ હમેશાં ભયભીત રાખે છે; આમાં ત્યાગ, અસંગપણું નિર્મોહ મમત્ત્વ વ. તો એક નહિ અનેક હોય છે. અનેક સ્થાનો અને અસંખ્ય વ્યકિતઓ સાથેના સંબંધો થતાં ચિત્તનો સ્મરણભંડાર વધતો જાય છે. આ નિવૃત્તિ કે પ્રવૃત્તિ એનો નિર્ણય કરવો કઠિન છે.

(૨) બીજા પ્રકારના બાહ્યત્યાગ નહીં પણ આંતરિક અનાસકિત, નિર્મોહીપણું, ઈંદ્રિયસંયમ કે ઇશ્વરાર્પણવૃત્તિથી જીવન વ્યતીત કરનાર સંતસાધુ દેશવિદેશમાં ન વિચરતાં કોઈ એકાંત કે પવિત્ર સ્થાન શોધી ત્યાં સ્થાયી જીવન ગાળે, ત્યારે અન્નવસ્ત્ર, સ્થાન વગેરેની ત્યાં સગવડો એકઠી થાય, સત્સંગ માટે આવનાર વર્ગને માટે ત્યાં અનુકૂળતા થાય એટલે જરૂર પડતાં મકાનો ત્યાં બંધાય, ઈશ્વરભકત હોય તો ત્યાં દેવમંદિરની સ્થાપના થાય અને બાહ્યકર્મની વિશાલતા કે વ્યાપકતા થતાં ત્યાં વ્યવહારની યોજના ઘડાય, બંધાય, એમાં પણ ભયસ્થાન તો

એટલાં જ છે. આંતરિક નિવૃત્તિ કે આત્માકાર વૃત્તિને બહાને મોહ, લોભ, અભિમાન, આસક્તિ વગેરે અંતરમાં વિક્ષેપ મચાવે, રજોતમોગુણી વૃત્તિઓ સત્ત્વગુણને દબાવીને આગળ પડતો ભાગ ભજવે ત્યારે અધ્યાત્મલાભને બદલે હાનિ થાય છે. આવા વિચરતા કે સ્થાયી રહેનાર–સાધક, સંતસાધુ માટેની વિવેકભરી દૃષ્ટિ જિજ્ઞાસુને ન હોય તો મહાભ્રાંતિમાં એ ફસાઇ પડે છે. બધું વિવેકથી જોવું. જાણવું અને કર્મને નહિ પણ વૃત્તિનું વિવેકી દર્શન કરવું અનિવાર્ય છે.

બાહ્યત્યાગી કે આન્તરત્યાગી બન્નેના જીવનવ્યવહારમાં સાધનસગવડ તો સરખાં જ હોય છે; બન્ને વિવેકી હોય એટલે કોઈ પણ કર્મમાં હેતુ મૂલવૃત્તિ સચવાય, કર્મની ક્ષેત્રમર્યાદામાં સત્ત્વગુણની પ્રધાનતા રહે તો પછી નિવૃત્તિમાર્ગના આ બે વિભાગનો ભેદ ઉકેલવામાં વાંધો આવતો નથી–એ ભેદ ઓગળી જ જાય છે.

કેવળ કર્મથી કે જીવનના બાહ્યાચારનાં લક્ષણથી કોઇના ચિત્તની વૃત્તિઓની પરીક્ષા અવિવેકી કરી શકતો નથી. લોક-સમાજમાં અવિવેકીઓની સંખ્યા વધારે હોય છે અને એમની બહિર્મુખ, અનાત્મ તથા લૌકિક કર્મપ્રધાન દૃષ્ટિ હોવાથી નવીન જિજ્ઞાસુ, તાજો ભકત કે પગથિયાં ગણતો ધ્યાનયોગી ડગલે ને પગલે મૂંઝાય છે. કર્મયોગનું ક્ષેત્ર અત્યારે વિશાલ છે. જનસમૂહ અર્થ અને કામના ક્ષેત્રમાં રીબાયભીંસાય છે, અને અવ્યવસ્થા વ્યાપક બની છે એવી લોકદશામાં પ્રવૃત્તિ અને નિવૃત્તિનો વિવેક જો જનસમૂહને જ સોંપી દઇએ, લોકમતને આધારે જ જીવનનાં ધોરણ બાંધીએ–ઘડીએ, તો વેષાચારને પ્રધાનતા મળશે. બાહ્ય આડંબરને સહેલાઈથી સરલતા મળશે;

બાહ્યત્યાગ સહેલો છે કે અઘરો, શારીરિક તપ કઠિન છે કે સરલ, આન્તરિક ત્યાગ ( અનાસક્તિ અને નિર્મોહ ) સહેલાં કે વિષમ એની પરીક્ષા કે વિવેચન કરવું કઠિન છે, પરંતુ જ્યાં બાહ્ય લક્ષણને જ મુખ્ય માનવામાં આવે છે, ત્યાં સંત-સાધુઓનાં જેવાં ભગવાં, ધોળાં કે પીળાં વસ્ત્ર, શિખાસૂત્ર, તિલક-છાપ, માળાપૂજા, શાસ્ત્રપાઠ કે ભોગરાગનાં ચિહ્નોનો આગ્રહ જોવામાં આવે છે. તેવી જ રીતે લોકસેવામાં કામ કરનારા વર્ગમાં પણ ખાદી પહેરવી સેવાને બહાને લોકહિતના કાર્યમાં જોડાવું, મ. ગાંધીને નામે વ્યાખ્યાનો આપીને એમનાં કથેલાં -લખેલાં વાક્યો ટાંકી બતાવવાં, એ બધી વિકૃતિઓ તો આ પ્રકૃતિમાં નિરન્તર પ્રવૃત્તિ કરી રહી છે, કારણ કે માયાનો સ્વભાવ જ એવો છે. શાસ્ત્રમાં કે સમાજમાં વિવેકી લઘુમતની મહત્તા અવિવેકી બહુમતના કરતાં વધારે આંકી છે. અવિવેકીની બહુમતિ તો અજ્ઞાનથી ભરેલી હોવાથી એ પ્રમાણે સમાજ કે રાજ્યની વ્યવસ્થા થાય તો રજોતમોગુણના લક્ષણથી સમાજ અવ્યવસ્થિત થાય; પ્રજામાં લોભ, મોહ, કામ, ક્રોધ, સ્વાર્થ, વિષયવાસના, દંભ, અભિમાન, આળસ, પ્રમાદ વગેરે વધે છે. વિવેકી લઘુમતમાં રહેનારા, સત્વગુણી, ધર્માત્મા, તથા શુભકર્મ કરનારાને ત્રાહિત્રાહિ થઈ પડે ! વર્તમાન દશામાં ક્લેશનું સામ્રાજ્ય ચાલે છે, વર્ગવિગ્રહ, યુદ્ધ, હિંસાખોરી અને અહંમન્યતાની વાડાબંધી થઇ ને વિલાસ અને વિનાશની નોબતો વાગીવાગીને ધર્મ અને આત્મકલ્યાણના શુભમાર્ગીની મતિને મૂંઝવીને ગૂંચવી દે છે. વિવેકીની દૃષ્ટિમાં સત્ય અને અહિંસા, ત્યાગ અને દયા, સેવા અને સહકાર હોય છે, જ્યારે અવિવેકીના અંતરમાં અસત્ય અને હિંસા વિલાસ અને દ્વેષ, સ્વાર્થ અને કુસંપનાં અંધારાં ભર્યાં રહે છે.

*      *      *      *

પ્રવૃત્તિ અને નિવૃત્તિની આંતરિક અવસ્થા તથા ચિત્તની શાંતિ વિષે વિચાર કરતાં વ્યકિત તથા સમાજમાં વિવેકને અભાવે ગડબડ–ધાંધલ મચી રહે છે એનાં કારણો તપાસ્યાં, એ વિષે સમજણ મેળવવાનો યત્ન કર્યો; પરંતુ આપણો ઉદ્દેશ તો આત્મજ્ઞાનની, ઈશ્વરભકિતની, તથા ધ્યાન-ત્યાગની દૃષ્ટિનો છે, એટલે એ દૃષ્ટિએ પ્રવૃત્તિ નિવૃત્તિનું સ્વરૂપ સમજવાનું છે. વેદકાલીન ઋષિઓ શિષ્યમંડળને અધ્યયન કરાવતા, યજ્ઞયાગમાં ભાગ લેતા, રાજર્ષિઓ સભામાં તત્ત્વચર્ચા ચલાવતા, આશ્રમોમાં શિષ્યપરિવાર અને ગોધન સાચવી વ્યવહારકુશળ આચાર્ય બનતા, અને એની સાથે જ એવા તત્ત્વદર્શી હતા કે જેમના સિદ્ધાન્તો હજારો વર્ષે પણ અત્યારે અદ્વિતીય અને અલૌકિક સિદ્ધસત્ય પૂરવાર થાય છે. ત્યાર પછીના અવતારો અને આચાર્યોએ દિગ્વિજયના ડંકા વગાડયા છે. અસંખ્ય ભકત –મુમુક્ષુઓને તત્ત્વામૃત પાઇ અમરપદો અપાવ્યો છે. ભારતવર્ષમાં અસંખ્ય દેવમંદિરો, મઠો, આશ્રમો, અને સંસ્થાઓને સ્થાપી –ઉછેરીને એ બધાંને નિવૃત્તિપોષકમાં મૂકી દીધાં છે. કર્મ એટલે નહિ પ્રવૃત્તિ કે નહિ નિવૃત્તિ. પરન્તુ જે વૃત્તિ કે કર્મથી સાંસારિક–લોકપરલોકના ભોગ માટેની વૃત્તિ કે ક્રિયા થાય એ પ્રવૃત્તિ અને જે વૃત્તિ કે ક્રિયાથી અધ્યાત્મ માર્ગમાં પ્રગતિ થાય એ નિવૃત્તિ, એ વિવેકપૂર્ણ સિદ્ધાન્ત અને આચરણો પ્રત્યક્ષ પાઠ આપી ગયાં છે અને આપે છે. આપણે એ આર્ષદૃષ્ટિ કેળવીએ અને ધર્મનું પુનરુત્થાન થવામાં પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિવેક કેળવીને મિથ્યાવાદ ને વાડાબંધીથી મુકત રહીને શુભ નિમિત્ત બનીએ એ સ્વધર્મ છે.

* * * *

"વ્યવહાર વધી પડયો છે ને ફુરસદ નથી" એવી બૂમરાણમાં કેવળ તમોગુણ જ પ્રકટ થાય છે; કર્મમાં જાણુપરાણુ ઘસડાતો લોકસમૂહ રજોગુણી લોભમોહ તથા તમોગુણી એશ-આરામના પ્રમાદનો ગુલામ બનીને સત્ત્વગુણને ભૂલી બેઠો છે. શરીરનાં વ્યવહારનાં કર્મોને ચાલુ રાખીને, અંતરની મનોવૃત્તિમાં વિશુદ્ધિ આવે, વિષયને બદલે વિશ્વકર્તાનું લક્ષ્ય રહે, ભોગને બદલે યોગનું ધ્યેય બંધાય, સ્વાર્થને બદલે સેવાની સાધના થાય, તો પ્રવૃત્તિ કે નિવૃત્તિનાં કર્મમાં સાત્ત્વિક ભાવના વધશે પણ વ્યવહાર બંધ નહીં પડતાં ઉલટો વિશુદ્ધ થશે, આત્મજ્ઞાનની પરાકાષ્ટા જે મંત્રમાં બતાવી છે એ ઇશાવાસ્ય ઉપનિષદ્‌ના-

यस्तुसर्वाणिभूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषुचात्मानं ततो न विजुगुप्सते ॥ ६ ॥
यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र कोमोहः कः शोक: एकत्वमनुपश्यतः ॥ ७ ॥

અર્થ:-જે સર્વપ્રાણીઓને પોતાના આત્મસ્વરૂપે અનુભવે છે, અને પોતાને આત્મરૂપે બધાં પ્રાણીઓમાં વ્યાપકરૂપે અનુભવે છે, તેને કોઈની ઘૃણા થતી નથી; (૬) જે જ્ઞાની પુરુષની દૃષ્ટિમાં સર્વ પ્રાણીઓ આત્મરૂપ જ અનુભવાય છે, અને જે બધે એકતા જ અનુભવે છે એને પછી મોહ કે શોક કેવો ? (૭)

આ સ્થિતિ વાસ્તવિક નિવૃત્તિ પરાયણતાની છે; વિવેકી ધર્મપ્રવૃત્તિની છે, સત્યસ્વરૂપ આત્મદર્શીની છે; આમાં વિશુદ્ધ વ્યવહાર બાધા કરતો નથી; નિવૃત્તિનાં ધર્મકર્મમાં અધર્મ પ્રવેશ કરી શકતો નથી કે દ્વંદ્વનો ભય દાખવતો નથી.

*  *  *  *

કર્મનો ત્યાગ અસંભવ છે કારણ કે એ શરીરનો સ્વભાવ છે; વૃત્તિનો નાશ થઇ શકતો નથી કારણ કે એ અંતઃકરણનો ધર્મ છે; જે કરવાનું છે એ તોઃ-

(૧) કર્મમાં શુદ્ધિ લાવવા માટે ઇંદ્રિયસંયમ કેળવવો.

(૨) વ્યવહારશુદ્ધિ કરવા માટે વિષયવાસનાને બદલે લોકહિત-ભાવના વધારવી.

(૩) પ્રત્યેક કર્મ પરહિત માટે છે અને ફલ ઈશ્વર પ્રીત્યર્થ છે એવી વૃત્તિ રાખવી.

(૪) બાહ્યત્યાગમાં ત્યાગીપણાનું, સેવામાં સેવકના અધિકારનું, અને અંતરમાં જ્ઞાનના અભિમાનનું ભૂત ન પેસી જાય એવી વિવેકભરી દૃષ્ટિ સાચવવી.

(૫) વૃત્તિમાં અને કર્મમાં શુદ્ધિ આવશે, ઉદ્દેશ કેવળ ઈશ્વર-પ્રાપ્તિનો હશે તો પ્રવૃત્તિ નિવૃત્તિનો ભેદ ન રહેતાં ભગવાન શંકરાચાર્ય શિવમાનસ પૂજા સ્તોત્રમાં

यद्यत्कर्म करोमि तत्तदखिलं शंभो तवाराधनं

"હે શિવસ્વરૂપ પરમાત્મા, જે જે કાર્ય કરું છું એ બધાં તારી આરાધના છે" એમ કહે છે એનો સાક્ષાત્કાર થશે.

(જૂન-૧૯૫૧)

૭

# સાધનસમીક્ષા

આ પહેલાંના લેખોમાં કેંક ધ્યાન વિષે, વૃત્તિઓના નિરોધ અને ત્રિગુણાત્મક દૃષ્ટિથી વૃત્તિઓને તપાસી જોવા માટે લખ્યું છે એ વિષે થોડું સ્પષ્ટીકરણ આવશ્યક છે. ધ્યાન વિષે લખવામાં યોગદર્શનકાર ભ. પતંજલિના સિદ્ધાન્તનો સ્વીકાર કરીએ ત્યારે જ વિશેષ સ્પષ્ટીકરણ થાય એ સ્પષ્ટ વાત છે. વેદાન્તની દૃષ્ટિએ વિવેક વ. બહિરંગ સાધન તથા શ્રવણ વ. અંતરંગ સાધનનો વિચાર કરવામાં અહંગ્રહ ઉપાસનાનો સમાવેશ થાય છે પણ ધ્યાનનાં સાધન અને સાધનાનો વિચાર કરીએ ત્યારે વેદાન્તના સર્વોત્તમ સિદ્ધાન્તરૂપ ब्रह्म सत्यम् जगत् मिथ्यानो આધાર લઈ શકાતો નથી. વિષયદર્શનમાં લોલુપ થયેલું ચિત્ત સર્વત્ર આત્મદર્શન કરવામાં સમર્થ ન થતાં, ઉલટું વેદાન્તના અદ્વૈતવાદથી તત્ત્વસમીક્ષણ કરવા જતાં તર્કમાં ઊતરી પડે તેથી ચિત્તની ચંચલતા વધી પડે છે; કારણ કે વિક્ષેપને દૂર કરવાનું સાધન ઉપાસનાવાળું ધ્યાન છે, તર્ક નથી. વિક્ષેપને દૂર કર્યા વિના આવરણભંગના જ્ઞાનકાંડનો ઉપદેશ અપાય તો વ્યર્થ નીવડે, એવી લેખકની નમ્ર માન્યતા છે.

એક બીજી વાત વિચારવા જેવી છે: સાધકના ચિત્તના

અધિકાર વિષેની પરીક્ષા કર્યા વિના કર્મ, ઉપાસના કે જ્ઞાનમાંથી કોઈ એક જ પ્રકારના સાધનનો યદ્વાતદ્વા ઉપદેશ અપાય, તો ગમે તેવા શ્રદ્ધાળુ સાધકને પણ મતિભ્રમ ઊભો થવાનો ભય છે.

અને થોડો પણ મતિભ્રમ થાય તો અવિદ્યાકૃત ભ્રાંતિનું આવરણ ગાઢ અને દૃઢ થતું જાય છે. ભ. શંકરાચાર્ય આત્મજ્ઞાન માટે કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ક્રમસાધનમાં માને છે. એ આદ્ય આચાર્યવીરે ત્રણેય જાતના અધિકારી માટે ભાષ્યોમાં અત્રતત્ર સંકેત, તથા ત્રણેયને ઉપયોગમાં આવે એવા પ્રકરણગ્રંથો લખ્યા છે.

દ્વિજ માટેના સાધનપ્રાણ જેવા ગાયત્રીમંત્ર ઉપર એમણે ભાષ્ય લખ્યું છે; વિષ્ણુસહસ્રનામ ઉપર ભાષ્ય છે; પ્રકરણગ્રંથોમાં જેમ અપરોક્ષાનુભૂતિ, શતશ્લોકી, ઉપદેશસાહસ્રી, આત્મબોધ જેવાં જ્ઞાનકાંડનાં પ્રકરણો છે, તેવાં જ ઉપાસના માટે શિવ, વિષ્ણુ, શકિત વ. માટેનાં સ્તોત્રો છે.

દક્ષિણામૂર્તિ સ્તોત્રના દશ શ્લોકમાં બાહ્ય દૃષ્ટિએ સ્તુતિ લાગે છે પણ એના લક્ષ્યાર્થમાં બિંબપ્રતિબિંબવાદની દષ્ટિએ અદ્વૈતજ્ઞાનનું નિરૂપણ છે. એમાં લયયોગની ગૂઢ સાધના ભરેલી છે એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ એમના વિદ્વાન શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્યે એ દસ શ્લોક ઉપર જે દસ પ્રકરણ લખ્યાં છે, તેના છેવટના પ્રકરણમાં કર્યો છે.

સૌંદર્યલહરી જેવા સ્તોત્રમાં ભગવતીની સ્તુતિ છે તેની સાથે મંત્રયોગની એમાં ગૂઢ વિદ્યા ભરેલી છે. શત શ્લોકીના પ્રત્યેક શ્લોકમાં મંત્ર, ઉપાસના માટે યંત્ર, એનું અનુષ્ઠાન અને ફલસિદ્ધિ પણ ગોઠવી આપ્યાં છે.

આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર, આત્માનુભવ, મોક્ષ, જીવન્મુકિત વ. શબ્દો અને એવી સ્થિતિએ પહોંચેલા મહાપુરુષોનો મહિમા સર્વોચ્ચ કોટિનો હોઇ વેદાન્તના ગ્રંથોમાં એનાં ભરપૂર અને રોચક વર્ણનો આવે છે. એટલાથી જ લુબ્ધ-મુગ્ધ થઇને જ્ઞાન તથા મોક્ષને માટે વેદાન્તનું વાચનશ્રવણ કરનાર પોતાને જિજ્ઞાસુ કે મુમુક્ષુ કહેવરાવે એ યોગ્ય નથી. વાતવાતમાં અદ્વૈત, આત્મા, જ્ઞાન, મોક્ષ વગેરેની વ્યાખ્યાઓ બોલે, અને કર્મ કે ઉપાસના, ધ્યાન કે આસનપ્રાણાયામ, ઇશ્વરપૂજા કે ભકિત વગેરે બધાં અવિદ્યાનાં કાર્ય છે એમ કહીને એ સાધનનો નિરાદર કરે છે. એ દ્વૈત છે, બધું માયાના ક્ષેત્રનું છે, એથી મુકિત મળતી નથી, એવી અર્ધદગ્ધ સ્થિતિ થઈ જાય છે. બ્રહ્મ જ સત્ય છે, એ પરમ સિદ્ધાન્ત હોવા છતાં અવિદ્યાગ્રસ્ત વાગ્-વેદાન્તીઓ જેવું પોપટિયું જ્ઞાન બોલવા માંડે તો એવા રઘવાટીઆ વેદાન્તીઓને આપેલો વેદાન્તનો ઉપદેશ ભયંકર હાનિકારક છે. સંત-શાસ્ત્રો તો-અલબત્ત જ્ઞાનીઓ તો વારંવાર એ માટે ચેતવણી આપે જ છે.

પ્રત્યેક સાધન આચારમાં ઉતારવા માટે છે; જીવનમાં અનુભવ કરવા માટે છે, વાણીવિલાસ માટે નથી. ભકત હોય તો નિરભિમાનપણે ભગવદ્દર્શનનો, કર્મકાંડી હોય તો વિશુદ્ધ-પણે ભગવદ્નિમિત્તે નિષ્કામ ભાવનાનો, ધ્યાનયોગી હોય તો વ્યવહાર-પરમાર્થ ઉભયમાં ચિત્તની સ્થિર ગંભીર તથા શાંત ઉપરત દશાનો, અને અદ્વૈત વેદાન્તનો અનુયાયી હોય તો આંતરબાહ્ય સ્વપરમાં અભેદભાવે આત્મદર્શનનો અદ્વિતીય આનંદ મ્હાણે અને એ રીતે જીવનને ધન્ય બનાવે એ જ શ્રેયસ્કર હેતુ છે.

અનેકવિધ સાધનોમાંથી પોતાના સ્વભાવને જે અનુકૂળ

પડે, એવા આચાર્યે ઉપદેશેલા કોઈ પણ એક સાધનથી અધ્યાત્મ-માર્ગે એકાદ પગથિયું પણ આગળ વધાય કે ઉન્નતિ સધાય, શાસ્ત્ર કે સંતદ્વારા ઉપદેશ મેળવીને એ પ્રમાણે સાધના કરવામાં તત્પર થવાય તો જ સ્વહિત છે. જેવો સ્વભાવ અને જેવું ચિત્ત તે પ્રમાણે અધિકારમાં ભેદ હોય છે; અને તેથી ભ. ગી.માં કર્મયોગનો અધિકારી અર્જુન ધર્મયુદ્ધ છોડીને ચતુર્થાશ્રમના ભિક્ષાધર્મને સ્વીકારવા તૈયાર થયો ત્યારે ધર્મકર્મજ્ઞાની ભગવાન શ્રી કૃષ્ણે એના સ્વભાવને યોગ્ય ઉપદેશ આપીને કહ્યું કેઃ-

स्वे स्वे कर्मण्यभिरत: संसिद्धिं लभते नरः

અર્થ:-પોતપોતાના સ્વાભાવિક (અધિકાર પરત્વેના) કર્મમાં અભિરત રહેનાર મનુષ્ય (ઈષ્ટ પ્રાપ્તિરૂપ) સિદ્ધિને પામે છે.

અઢારમા અધ્યાયમાં આગળ કહે છેઃ-

श्रेयान्स्वधर्मो विगुण: परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥

શ્લોક ૪૭.

અર્થ: સારી રીતે આચરણમાં ઉતારેલા બીજાના ધર્મ (ગુણકર્મ)ના આચરણ કરતાં વિરુદ્ધ ગુણકર્મવાળો પોતાનો સ્વધર્મ પોતાને માટે શ્રેષ્ઠ છે કારણ કે સ્વભાવથી નિયત થયેલું કર્મ કરતો મનુષ્ય પાપને પામતો નથી.

તાત્પર્ય કે-

સ્વભાવ પ્રમાણે કર્મ, ધર્મ, અને ગુણના ભેદ જીવનમાં મુખ્ય ભાવ ભજવે છે; એ જ પ્રમાણે ચિત્તમાં વૃત્તિઓ અને

ભાવમાં પણ તફાવત હોય છે. બ્રહ્મ, ઇશ્વર, માયા, જીવ, જગત, અવિદ્યા, સત્ચિત્ આનંદ, દ્વૈત, અદ્વૈત, વિશિષ્ઠાદ્વૈત, શુદ્ધાદ્વૈત, જેવા સૂક્ષ્માતિસુક્ષ્મ વિષયના નિર્ણય માટે જે વિચક્ષણ, સૂક્ષ્મ, અનાસક્ત બુદ્ધિ-વિચારશકિત તથા શ્રદ્ધાશીલ, સંયમી, આર્દ્ર, કોમળ, વિશુધ્ધ, ગંભીર ભાવવાળી હૃદય જોઇએ, બધા મનુષ્યોમાં એ એક સરખાં હોતાં નથી; એમાં અધિકાર હોય છે. ઊંચીનીચી પાયરીની કક્ષાઓ હોય છે તે પ્રમાણે જ સાધન સાધનામાં તફાવત હોય એ સ્વાભાવિક છે.

બાળવર્ગના વિદ્યાર્થીના અભ્યાસની કીમત વિદ્યાલયના સ્નાતકના અભ્યાસ કરતાં જરાયે ઓછી નથી તેવી જ રીતે કર્મ કે ઉપાસનાની કીમત જ્ઞાનયોગ કરતાં કોઇ રીતે ઊતરતી આંકી શકાય એમ નથી. પ્રમાદ, આળસ કે અન્ય દોષને લીધે અધુરો અભ્યાસ મૂકીને આડે રસ્તે ચડી જતા વિદ્યાર્થીને અભ્યાસની કશીયે કીમત નથી, એમ કહીને અભ્યાસની નિન્દા અને આગળના અંતિમ શ્રેણીના અભ્યાસની પ્રશંસા કરાય છે. આવાં એકની અપેક્ષાએ બીજાનાં નિન્દા સ્તુતિ થાય એ ક્રમભેદનું રહસ્ય છે. જ્ઞાનયોગની અંતિમ ફલદાયિની મોક્ષવિદ્યા ન પમાય તો કર્મ કે ઉપાસના નિરર્થક છે એવી જે નિન્દા થાય છે એ ખરી રીતે જોતાં નિન્દા નથી, પણ વિદ્યાર્થીને અંતિમ વિદ્યાધર થવા માટેના પ્રોત્સાહન માટે વપરાયેલાં સહેતુક સ્તુતિ વાકયો છે- અર્થવાદ છે.

જ્ઞાન માટેનાં પુસ્તકોમાં દ્વૈતવાદની, કર્મ તથા ઉપાસનાની તેમ જ અન્યાન્ય સાધન તથા સાધનાની સહેતુક અવગણના જોઈએ છીએ એ બધાં કર્મઠની કર્મજડતા, તથા ઉપાસકની દ્વૈતભ્રાન્તિ દૂર કરાવીને જ્ઞાન માટેની મોક્ષધરી વિદ્યાપ્રતિ ઉત્સાહ

વધારવા માટેના રોચક–પ્રેરક ઉપદેશો છે એ ભૂલવા જેવું નથી.

*　　*　　*　　*

ભ. શંકરાચાર્યના વિદ્વાન શિષ્ય શ્રી સુરેશ્વરાચાર્યે ઉપનિષદ્ ભાષ્ય ઉપર વાર્ત્તિક લખ્યાં છે. ભાષ્યકારનાં પ્રકરણ ગ્રન્થો ઉપરનાં વાર્તિક બધાં બહુ અર્થસૂચક છે. ઉપનિષદોમાં પણ આત્મદર્શન માટેની ભિન્નભિન્ન પ્રક્રિયાઓ છે. નાનાં એવાં પ્રકીર્ણ ઉપનિષદો ભલે પાછળથી લખાયાં હોય, પરન્તુ એ બધાંને ઉપનિષદ્‌ની સંજ્ઞા મળી ચૂકી છે. એમાં મંત્રયોગ, લયયોગ, હઠયોગ, રાજયોગ વગેરેની સાધનાના ઉલ્લેખ છે. બધાં કેવલાદ્વૈતનું જ પ્રતિપાદન કરતાં છતાં પણ એમાં વિષ્ણુ, શિવ, રામ, કૃષ્ણ, સરસ્વતી વગેરે દેવદેવતાના ધ્યાન માટેના સંકેત છે.

શ્રી સુરેશ્વરાચાર્યે ભ. શંકરાચાર્યના દક્ષિણામૂર્તિ સ્તોત્ર ઉપર વાર્તિક લખ્યું છે, જેના નવમા તથા દસમા પ્રકરણમાં ધ્યાન માટે ઉપાસના બતાવી છે; અષ્ટાંગયોગનું વર્ણન છે, અને ધ્યાન દ્વારા પ્રાપ્ત થતા ઐશ્વર્યનું પણ વિવેચન છે; ધ્યાનના વિષયમાં લખે છે કેઃ–

ध्यानादस्पन्दनं बुद्धेः समाधिरभिधीयते
अमनस्कसमाधिस्तु सर्वचिन्ताविवर्जितम् ॥

પ્ર. ૯–૩૦

અર્થઃ ધ્યાન વડે બુદ્ધિનું સ્પન્દન (ચંચલતા) ન થાય એનું નામ સમાધિ છે. સમસ્ત ચિન્તા (વિચાર) વગરની સ્થિતિ એ અમનસ્ક સમાધિ છે.

આગળ જતાં લખે છે કેઃ–

गुरुप्रसादाल्लभते योगमष्टांगलक्षणम् ।
शिवप्रसादाल्लभते योगसिद्धिंचशाश्वतम् ॥

પ્ર. ૯–૪૬

અર્થ: ગુરુના પ્રસાદ (કૃપા)થી અષ્ટાંગયોગ સિદ્ધ થાય છે અને શિવની કૃપાથી સનાતન યોગસિદ્ધિ પમાય છે.

અનેક સિદ્ધિઓનું વર્ણન કરીને પછી એમાં વૈરાગ્ય અને મિથ્યાત્વ વિષે ચેતવણી આપે છે; કારણ કે સિદ્ધિ તો પ્રત્યેક પ્રકારની સાધનાની પાછળ પાછળ અનાયાસ આવીને ઊભી જ રહે છે. વિરક્ત જ્ઞાની એમાં અહં–મમતા ન રાખતાં અન્ય માયિક પદાર્થની પેઠે એને કાકવિષ્ટાવત્ માને છે, એનાથી ત્યકતપરિગ્રહ રહે છે; જ્યારે અજ્ઞાની તથા આસક્ત સાધક એમાં જ ચિત્તને પરોવીને ફસાઈ પડે છે; એને જ આત્મસિદ્ધિ માને છે. આત્મજ્ઞાન અને સર્વાત્મભાવ પણ કાંઈ સહજ સ્વભાવે સિદ્ધ થતા નથી; એને માટે તો વિશુદ્ધ અને નિરુદ્ધ ચિત્ત જોઈએ એમ વેદાન્તશાસ્ત્ર ઘોષણા કરીને કહ્યા કરે છે: શ્રી સુરેશ્વરાચાર્ય વળી પાછા કહે કે:–

सर्वात्मभावनावन्तं सेवन्ते सर्वसिद्धयः ।

પ્ર. ૧૦ શ્લોક ૨૨

અર્થ: જેને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે, (અર્થાત્ જે પોતાના સ્વરૂપમાં સમસ્ત વિશ્વ અને વિશ્વમાં પોતાના આત્મ-સ્વરૂપની સત્તાની ભાવના કરે છે એને સિદ્ધિઓ (આપોઆપ) આવી મળે છે. આ સિદ્ધિઓ ઇષ્ટ નથી; એમાં જરાયે આસક્તિ કે મમતા રાખવાની નથી; વિવેક વૈરાગ્ય વગેરે સાધનોની યોજના એના ત્યાગ માટે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કેવળ યુક્તિ –તર્ક વડે જ અદ્વૈતવેદાન્તને, વિવર્ત, બિંબપ્રતિબિંબ, આભાસ, અવચ્છેદ, દૃષ્ટિસૃષ્ટિ જેવા વાદો સિદ્ધ કરીને બુદ્ધિની કસરત કરવી કરાવવી એ અનુભવનું સાધન નથી. એથી તો સાધનાના પ્રદેશમાં

રતીમાત્ર પણ પ્રગતિ ન થતાં ચંચલતા તથા વિદ્યામદ વધે છે.

એવું જ બીજું નાનામાં નાનું પણ અનુભવ માટે પરમ ઉપયોગી ભ. શ્રી. શંકરાચાર્યનું પંચીકરણ છે. એના ઉપર પણ શ્રી સુરેશ્વરાચાર્યે વાર્તિક લખ્યું છે. એ પંચીકરણમાં વિશ્વનું પૃથક્કરણ કરીને ચિત્તને આત્મસ્વરૂપમાં નિમગ્ન કરવા રૂપ લયચિંતનનો પ્રયોગ બતાવ્યો છે જેનો છેવટનો શ્લોક નીચે પ્રમાણે છે.

इमां विद्यां प्रयत्नेन योगी सन्ध्यासु सर्वदा ।
समभ्यसेदिहामुत्र भोगानासक्तधीस्सुधीः ॥

અર્થ: બુદ્ધિમાન યોગીએ આ વિદ્યાનો ત્રણે સંધ્યા સમયે પૂરા પ્રયત્નથી, આલોકપરલોકના ભોગમાં અનાસકત રહીને અભ્યાસ કરવો જોઇએ.

આ યોગી એટલે પરમહંસ એવો અર્થ થાય છે કારણ કે આ પંચીકરણના પ્રારંભનું વાકચ નીચે પ્રમાણે છે.

अथातः परमहंसानां समाधिविधिं व्याख्यास्यामः

અર્થ: અહીં હવે પરમહંસો (ચતુર્થાશ્રમી?) માટેની સમાધિના વિધિની વ્યાખ્યા કરીએ છીએ.

ચતુર્થાશ્રમી સંન્યાસીઓ જ જ્ઞાનનો આશ્રય લેનાર હોય એવું માનીએ તો એમણે પણ ધ્યાન-ઉપાસનાપરાયણ રહેવું જોઈએ. બીજા પણ નિયમપાલનથી આશ્રમવ્યવસ્થા સચવાવી જોઇએ.

શ્રી વિદ્યારણ્ય સ્વામીકૃત જીવન્મુકિતવિવેક ગ્રન્થ પણ સાધન પરત્વે બહુ જ ઉપયોગી છે. એમાંના મનોનાશ પ્રકરણનું સૌને વિશેષભાવે વાચન મનન કરી જવાની વિનંતી કરીએ છીએ.

પંચદશી નામના ગ્રન્થમાં પણ ધ્યાનદીપમાં ઉપાસના વિષે સ્પષ્ટીકરણ છે.

આ બધું લખતાં એક વિચાર જરૂર આવે છે કે આત્મજ્ઞાન માટેની જે નિર્ગુણ–અહંગ્રહ વગેરે ઉપાસના છે, એ પણ મધ્યમ અધિકારી અથવા જ્ઞાનની ઇચ્છા રાખનારા–જ્ઞાન મેળવવા માટે સંન્યાસ લેનાર વિવિદિષુ સંન્યાસી માટે છે, એ વાત તદ્દન સાચી હોવા છતાં પણ–ૐ!!!

સમય એવો આવ્યો છે કે વેદાન્તનો એકડો ઘૂંટનારો પણ પોતાને ઉત્તમ અધિકારી માનીને વેદાન્તનો તર્કવિલાસ મ્હાણે છે. બ્રહ્મચર્ય, સત્યકથન, સ્વાર્થી વ્યવહારનો ત્યાગ, વગેરે અદ્વૈત ભાવનાને પોષક એવો જીવનમાં ફેરફાર ન થાય તો ગમે તેવા અધિકારીનું ચિત્ત આત્મજ્ઞાનને માટે વિશુદ્ધ અને નિરુધ્ધ છે કે નહીં એ વિષે શા માટે શંકા ન થાય એ સમજાતું નથી.

કર્મ, ઉપાસના, તથા જ્ઞાનકાંડનાં સાધન તથા સાધનની પ્રક્રિયામાં અનેક પ્રકાર છે. ચિત્તની ભૂમિકા પ્રમાણે શાસ્ત્રોક્ત સાધના જ સફલ થાય છે. મનોમુખી સાધનાથી બુદ્ધિભ્રમ ઊભો થાય છે. શ્રી સુરેશ્વરાચાર્ય લખે છે :–

यया यया भवेत् पुंसां व्युत्पत्तिः प्रत्यगात्मनि ।
सा सैव प्रक्रियेह स्यात् साध्वी चानवस्थितिः ॥

અર્થ : જે જે પ્રક્રિયા (શાસ્ત્રશ્રવણ પછી તત્ત્વમાં નિર્ણયાત્મક પ્રવેશ માટે તર્કદ્વારા થતા મનન)થી પ્રત્યગાત્મા (અંતર્યામી આત્મતત્ત્વ)નું પુરુષોને જ્ઞાન ઉપજે તે તે પ્રક્રિયા (એ વ્યક્તિને અધિકાર ભેદે) સારી છે એવો વેદાન્તશાસ્ત્રોનો અભિપ્રાય છે.

બ્રહ્મ એક અને અદ્વિતીય છે; બ્રહ્માંડ અંતર્ગતભેદે દેશ,

કાલ અને વસ્તુના પરિચ્છેદવાળું હોઈ મંદ, મધ્યમ અને ઉત્તમ શાસ્ત્રોક્ત સાધનોમાં અધિકારભેદવાળું છે; પિંડે પિંડે રુચિભેદ, મતિભેદ, ગતિભેદ, ક્રિયાભેદ, બુદ્ધિભેદ, એવા એવા સ્વભાવ પરત્વે અધિકારભેદ છે; શરીરભેદે નામરૂપમાં ભેદ છે; એક એક માનવપિંડ બીજા માનવપિંડથી પરમ તત્ત્વની દૃષ્ટિથી એક અને અદ્વિતીય હોવા છતાં પંચતત્ત્વોના પંચીકરણભેદે ભેદવાળો છે. આધિભૌતિક તથા આધિદૈવિક ક્ષેત્રના ભેદ જેવો જ આધ્યાત્મ ક્ષેત્રમાં પણ ભેદ છે. અને એ જ અધિકાર ભેદ છે.

બીજી રીતે વિચાર કરીએ. જે યુગમાં ઋષિઓ આચાર્યપદે વિરાજતા, ત્યારે ન્યાયદર્શનની યુક્તિ, સાંખ્યદર્શનનું-તત્ત્વોનું પૃથક્કરણ, યોગ-ઉપાસનાનું અદ્‌ભુત અને અલૌકિક મનોબળ અને સામર્થ્ય હોવાની સાથે જ ન કલ્પી શકાય એવું પારદર્શીય બ્રહ્મજ્ઞાન હતું.

અવતારોમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણના જીવનમાં કર્મ-ઉપાસના-જ્ઞાનનો સમન્વય હતો; આચાર્ય શ્રી શંકરથી માંડીને શ્રી વલ્લભ સુધીમાં, શ્રી ગૌરાંગ મહાપ્રભુ કે શ્રી સહજાનંદ સ્વામીમાં અદ્‌ભુત સામર્થ્ય હતાં; એ બધા કેવળ શુષ્ક શાસ્ત્રચર્ચા કે વાદવિવાદ દ્વારા સમ્માજિત થવાનાં લક્ષણ નહોતાં. એમના જીવનમાં ઉપર કહ્યું તેમ છએ દર્શનોનો -અરે જેટલાં દર્શનો વાદો કે મતો માનો, એ બધાંયનો સુંદર, સુયોગ્ય અને સદ્‌ભાવશાલી સુમેળ-સમન્વય હતો. અને એ જ સંતજીવનની દિવ્ય કલામય મહત્તા છે.

સંન્યાસી પરમહંસોમાં અદ્વૈતસિદ્ધિ જેવા તર્કપ્રચુર વેદાન્તગ્રન્થના પ્રણેતા સ્વા. શ્રી. મધુસૂદન સરસ્વતી શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા. એમનો ભક્તિરસાયન નામનો ગ્રન્થ પણ

સુપ્રસિદ્ધ છે. સિખ સંપ્રદાયના આદ્યદ્રષ્ઠા નાનકદેવથી માંડીને એમની શિષ્યશાખા, તત્ત્વવેત્તા કબીર અને એમની શાખાપ્રશાખાના અનુભવીઓ, જ્ઞાનેશ્વર, રામદાસ, એકનાથ, તુકારામ, નરસિંહ મહેતો, મીરાંબાઈ, વગેરે અસંખ્ય સંતોએ ભારતભૂમિમાં આત્મભાસ્કરનાં અજવાળાં પાડયાં છે એ બધા ઉપાસનાસિદ્ધ હતા કે નહિ એ પ્રશ્ન વિચારવા જેવો નથી? ઉપાસના-યોગ વિના એમની તૈલધારાવત્ ભગવદ્ભકિત કે આત્મવૃત્તિ ટકી રહી હશે? એમના જીવનમાં સંયમના બંધ સજજડ હતા. એમનું ચારિત્રકુંદન કઇ સાધનાથી સુરક્ષિત અને સુંદર રહી શકયું હશે, એની કલ્પના તો કરો! વેદાન્તના સિધ્ધાન્ત, એનાં સાધનક્રમ, એનો વિવેકભંડાર, એનાં મોક્ષપ્રદાનનાં શિક્ષા-શિક્ષણ તો સર્વોત્તમ છે અને સર્વોચ્ચ જ રહેશે; પરન્તુ વિરોધ કે ભયસુચન માત્ર એટલું જ છે કે આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાનના અદ્વૈત સાધનમાર્ગનો ઉપદેશ આપ્યા કે ગ્રહણ કર્યા પહેલાં ગુરુ-શિષ્યનો અધિકાર કેવો અને કેટલો હોવો જોઇએ એનો વિવેક અત્યારે સચવાતો નથી, અને એ ખેદનો વિષય છે!

સમદર્શીપણું, બ્રહ્મદર્શીપણું-એવાં એવાં અભિમાનવાકય બોલીને લખું તો પછી કહેવાનું જ શું છે?-બધુંય બ્રહ્મ જ છે, બધાય બ્રહ્મ છે, બસ થઇ ચૂકયું; નથી નિરોધ કે નથી ઉત્પત્તિ; નથી સમાધિ કે નથી જ્ઞાન!-આવાં આવાં વાકયો ઉચ્ચારવાં-બોલવાં સહેલાં છે, પણ એનો અનુભવ...ॐ!

* * * *

આ લેખસંગ્રહમાં ચિત્તશુધ્ધિ માટેનાં કર્મના રહસ્ય વિષે, વિક્ષેપના નિવારણ માટે ધ્યાન-ઉપાસના વિષે જે કાંઇ લખાય છે એ વેદાન્તના અદ્વૈત સિધ્ધાન્તને બાધક નહીં પણ સાધક-

પોષક છે; જિજ્ઞાસુ તથા મુમુક્ષુના પણ મંદ, મધ્યમ, કે ઉત્તમ એવા પ્રકાર હોય છે; સાધકનો એક માત્ર ઉદ્દેશ આત્મસાક્ષાત્કારનો છે એ વિષે શંકા નથી. સૌનું પોતાનું આત્મસ્વરૂપ પોતે જ હોવા છતાં પોતાના અજ્ઞાનના આવરણથી એ ઢાંકયું પડયું છે. સ્વરૂપવિસ્મૃતિના પરિણામ જેવા દેહાધ્યાસમાંથી ઉદ્ભવ પામતા અવિદ્યા વગેરે કલેશો મનને બહિર્મુખ બનાવીને ત્રણેય દેહને આત્મવત્ માને છે.

આ ભ્રાન્તિ લખવામાં કે બોલી બતાવવામાં સહેલી છે; તેમ જ ब्रह्म सत्यम् जगत् मिथ्यानुं ઉચ્ચારણ થોડા જ શબ્દોનું હોઈ બોલવામાં જરાયે અઘરું નથી, પરન્તુ (૧) સ્વચ્છ, (૨) સ્થિર, (૩) એવા દર્પણની સહાયતા વિના કોઈ પોતાનું મુખ જોઇ શકતું નથી, તેવી રીતે બ્રહ્મદર્શન માટે એવાં જ સાધનોની જરૂર છે. મુખદર્શનમાં (૧) દર્પણ, (૨) એની બાહ્ય સ્વચ્છતા, (૩) અને સ્થિરતા જોઈએ તેવી જ રીતે અહીં પણ (૧)બ્રહ્મવિદ્ ગુરુ, (૨) સ્વચ્છ અંતઃકરણ અને (૩) નિરુદ્ધ ચિત્તની આવશ્યકતા છે.

જિજ્ઞાસુ પોતાના સ્વરૂપજ્ઞાનના અભાવે બ્રહ્મદર્શીને બ્રહ્મસ્વરૂપ ગુરુ કહીને સંબોધે છે; બ્રહ્મવિદ્ ગુરુ એની સમક્ષ શાસ્ત્રરૂપ દર્પણ રાખીને મહાવાકયરૂપ ઉપદેશ આપે છે; એ तत्त्वमसिनुं આદાન પ્રદાન કરનાર ચિત્તરૂપ દર્પણ સ્વચ્છ જોઈએ; એની અનુભવાત્મક મીમાંસા કરીને શિષ્યને શાસ્ત્રોકત અનુભવ પ્રચુર ઉપદેશ મળવો જોઇએ. સ્થિરતા રૂપી તૈલધારાવત્ અનુભવાત્મક ઉપદેશ ચાલુ રહે ત્યારે જ अहंब्रह्मास्मि ના સફલ ઉદ્ગાર શિષ્યના શુદ્ધ, સ્થિર અંતરમાંથી સહજ ઉદ્ભવે છે.

(૧) સદ્ગુરુનો બોધ, (૨) શાસ્ત્રવાકયને યથાર્થ સ્વરૂપે

સમજવા, ધારણ કરવા અને અનુભવ કરવા જેવી અને જેટલી સૂક્ષ્મ બુદ્ધિ (૩) તથા એ સમજી લીધા પછી ચિત્તમાં એકધારી ધારણા વડે સ્થિર રાખવાનું સામર્થ્ય, એ ત્રણેય એક સરખાં ન હોય તો મહાવાક્યનો ઉપદેશ, વેદાન્તનું શ્રવણ કે ઉપનિષદ્‌નાં વાચનકથન કંઈ કામ કરી શકતાં નથી.

એટલા માટે આ ત્રણેયને પ્રતિબિંબ રૂપે ઝીલવા માટે મુમુક્ષુનું અંતઃકરણ (૧) શુદ્ધ જોઇએ (૨) સ્થિર જોઇએ, અને (૩) એમાં કોઇ જાતના ભેદભાવની અસર ન જોઈએ. સ્વચ્છ તથા સ્થિર દર્પણમાં જ પ્રતિબિંબ યથાવત્ દેખાય છે. અંતઃકરણમાં બ્રહ્મદર્શી આચાર્યના તત્ત્વબોધનો પ્રભાવ ઝીલનાર શિષ્યનું અંતઃકરણ બ્રહ્મવિદ્‌ના જેવું જ શુદ્ધ, અને સ્થિર હોવું જોઇએ. નિરાવરણ થવા માટે વેદાન્તના અભ્યાસમાં વિવેકથી માંડી નિદિધ્યાસન સુધીનાં સાત અને ત્યાર પછી નિર્વિકલ્પ સમાધિ નામના આઠમા અંગનો પણ સમાવેશ થાય છે; તે પહેલાં સાંસારિક વિષયચિંતવનથી મલિન થયેલું અંતઃકરણ નિષ્કામ કર્મ, વિશુદ્ધ વ્યવહાર તથા સાત્ત્વિક સદ્‌ભાવના આચરણ દ્વારા શુદ્ધ થવું જોઇએ. મનને શુદ્ધ કરવા માટે એક જ પ્રકારનાં કર્મ જોઈએ એવો નિયમ નથી. મતમતાંતર કે સંપ્રદાય ભેદે જે જે નિષ્કામકર્મ હોય એનાથી ચિત્ત શુદ્ધ થાય છે.

ચિત્ત શુદ્ધ થયા છતાં ચંચલ રહે છે; આ દેવ સાચા કે બીજા દેવ? આ માર્ગ સાચો કે બીજો? ફલાણો સંપ્રદાય સરલ કે બીજો કોઈ? સૌથી ટૂંકો માર્ગ કે યોગ કયો હશે? કયા સંતનો સંગ કરવો? બાહ્ય લક્ષણોથી જ સંતની પરીક્ષા કર્યા કરવી કે બીજાં કોઈ લક્ષણ જોવાં જોઇએ?

બધાય દેવને એક સરખા માનવા કે કોઇને ન માનવા,

અથવા બધાયને પૂજીને સૌનો ભય રાખવો, બધાય સંતને સરખા માનીને મનમાન્યું સાધન કરવું અથવા ભધેય જવું આવવું અને બાહ્ય વિવેક જ દાખવવો એ મોટી ભ્રાંતિ છે. તેમ જ શાસ્ત્રોમાંથી સત્શાસ્ત્ર, સંતોમાંથી સદ્‌ગુરુ, બધા સંગમાંથી સત્સંગ, બધી કથાઓમાંથી વિવેકગ્રહણ, બધા જપમાંથી એક જ જપદ્વારા મનોલય, કે એવી એવી અસંખ્ય ભાંજગડમાં મન એક જ ધ્યેય કે લક્ષ્ય ન બાંધી શકે એવી ચંચલતા એ ચિત્તનો બીજો દોષ છે; એના નિવારણ માટે બધા દેવ બ્રહ્મસ્વરૂપ છે હોવા છતાં એકાગ્રતા માટે એકમાં જ બ્રહ્મદર્શન કરવાનું છે, કારણ કે બ્રહ્મ તો એક જ છે. એકમાં જ બ્રહ્મદર્શન કરવાથી સર્વત્ર બ્રહ્મદર્શન થઇ શકશે એવી શાસ્ત્રપ્રમાણની શ્રદ્ધા રાખીને, એક દેવ, એક ગુરુ, સંતોનો સમાગમ, તથા શાસ્ત્રોનો સાર આત્મદર્શનમાં જ છે એવાં શ્રદ્ધા ભકિતથી મનનો વિક્ષેપ દૂર થાય છે.

વિક્ષેપ દૂર કરવા માટેની એક જ ઇષ્ટદેવ એક જ આચાર્યની આવશ્યકતામાં સંપ્રદાય, મત, પંથ તથા સિદ્ધાન્તભેદ કે ઉપાસનાભેદ રહેશે. બધાયમાં એક સરખી વાત નીકળવાની છે. ધ્યાન કરતી વખતે બીજા બધા વિષયોમાંથી મનને ખેંચી લઇને એક જ ધ્યેયમાં ધારણા સ્થિર કરવી જોઇએ. મંત્રભેદ, ક્રિયાભેદ, મૂર્તિભેદ, દેવદેવતાભેદ વગેરે હોય, પરન્તુ ચિત્તનું ધ્યેય પરત્વેનું જે ભક્તિભર્યું વલણ તથા તેલધારાવત્ ચિંતન ચાલ્યા કરે છે, એ તો બધામાં એક જ પ્રકારનું હોય છે. ચંચલતા એથી જ દૂર થાય છે અને મનોબલ વધે છેઃ ઉપનિષદ્ એટલા જ માટે કહે છે કે न अयम् आत्मा बलहीनेन लभ्यः આ આત્માને બલવગરનો પામી શકતો નથી. આ બલ તે ઉપાસના–એટલે એકનિષ્ઠ ધારણા વડે મેળવેલું મનોબલ છે; ઉપાસના (યોગ) જિજ્ઞાસુમુમુક્ષુ માટે અત્યંત શ્રેયસ્કર છે.

*   *   *   *

ચિત્તશુદ્ધિ માટેનાં ભિન્નભિન્ન પ્રકારનાં નિષ્કામ કર્મ, ચિત્તની નિરોધપદ્ધતિ માટે જુદા જુદા સ્વરૂપમાં ઈશ્વરભાવ જાગ્રત કરવાનાં ઉપાસના-યોગ, તથા જડચેતનમિશ્ર જીવ, જગત અને ઈશ્વરના ઉપાધિભેદના આવરણનો ભંગ કરવા માટે આત્મજ્ઞાન માટેની જુદી જુદી પ્રક્રિયાઓ છે. આપણા સ્વભાવભેદે અધિકારભેદ, અને અધિકારભેદે સાધન-સાધનાભેદની યોજના શાસ્ત્રોની લોકોત્તર મહત્તા છે.

એકની અપેક્ષાએ બીજાનું ખંડન કરવાની પદ્ધતિ હોય, એકની સ્તુતિ અને બીજાની નિન્દા કરવા જેવાં વાકયો કે પ્રકરણો હોય, એ બધાં તે તે ધ્યેયમાં સાધકના ચિત્તને અભિમુખ બનાવીને ભકિત તથા ધારણા-બલ વધારવા માટે છે; વારંવાર ધ્યેય બદલનાર માનવીને વ્યવહાર કે પરમાર્થના બન્ને માર્ગમાં કશુંએ સફલ થતું નથી. કઠોપનિષદ્ એટલા જ માટે સ્પષ્ટ કરે છે કે

श्रवणायापि बहुभिर्यो न लभ्यः
श्रृण्वन्तोऽपि बहवो यं न विद्यु : ।

आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा
आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ।।

અ. ૧- વ. ૨-૭

અર્થ : જે (આત્મા) ઘણાઓને તો સાંભળવા માટે પણ નથી મળતો, જેને વિષે સાંભળ્યા પછી ઘણા તેને સમજતા નથી કે સમજી શકતા નથી, તે આત્મતત્ત્વનું નિરૂપણ કરનાર પણ આશ્ચર્યરૂપ છે, અર્થાત્ ઘણો દુર્લભ છે; તેને પ્રાપ્ત કરનાર પણ કોઈ

નિપુણ પુરુષ જ હોય છે. તેમજ કુશળ આચાર્ય વડે ઉપદેશ કરાયેલો તેને જાણનારો પણ આશ્ચર્યરૂપ એટલે અત્યંત દુર્લભ છે.

આ સિદ્ધાન્ત સનાતન અને સત્ય છે; સામાન્ય મનુષ્યને વિષયોનું સ્મરણ પણ ટકી રહેતું નથી, લૌકિક વિદ્યાઓ પણ ચાલુ અભ્યાસ વિના ભૂલી જવાય છે; એક જન્મનું વિષયજ્ઞાન બીજા જન્મમાં યાદ આવતું નથી, તો અસંખ્ય જન્મોથી, અનન્ત કાલથી અને ચિત્રવિચિત્ર દેશવિદેશ કે લોકપરલોકમાં ફરી ભટકીને આવેલું માનવપ્રાણી 'આત્મજ્ઞાન'ની કથાનું કેવલ શ્રવણ કે પુસ્તકનું વાચન કરીને જ આત્મતત્ત્વને ચિત્તમાં સતત ધારણ કરી શકે એ કલ્પના જ હસવા જેવી છે!

અત્યાર સુધી આપણે જે વિચાર્યું તેનો સાર તપાસીએ.

(૧) આત્મજ્ઞાનના જિજ્ઞાસુ થવા માટે નિષ્કામકર્મ દ્વારા ચિત્તની શુદ્ધિ થવી જોઇએ.

(૨) કોઈ પણ જાતની યૌગિક ભકિતભરી ઉપાસના દ્વારા ચિત્તનો વિક્ષેપ દૂર કરીને દૃઢ મનોબળ મેળવવું જોઈએ. આ જ છે ઇશ્વરકૃપા, ઇષ્ટકૃપા, ગુરુકૃપા કે શાસ્ત્રકૃપા.

(૩) ત્યાર પછી સંતોના સમાગમ સેવીને વિવેક વૈરાગ્યાદિ સાધન વડે જીવનને વિવેકી. વિરકત, શાન્ત, દાન્ત, ઉપરત તિતિક્ષુ, સમાહિત અને શ્રદ્ધાળુ બનાવવું જોઇએ.

(૪) આટલું થયા પછી કર્મઉપાસનાની સાધના પર્યન્ત જીવ, ઇશ્વર અને જગતની ત્રિપુટીની સત્યાસત્યતા માટે શાસ્ત્રીય રીતે ચર્ચા કરવા માટે બુદ્ધિ વિચક્ષણ બનાવવી જોઇએ.

(૫) અનેક સન્તોના સમાગમથી પોતાની જ્યાં અતૂટ શ્રદ્ધા જામે

તેવા સંતને બ્રહ્મસ્વરૂપ ( ગુરુ ) ધારણ કરીને એમના ઉપદેશ પ્રમાણે અવિચારે સાધન કરવું જોઇએ.

(૬) ત્રિપુટીના બંધનું અનુભવ અને શાસ્ત્રના કથન દ્વારા જેટલું ભાન થતું જાય તે પ્રમાણે મોક્ષની મંદ, મધ્ય તથા તીવ્ર ઈચ્છા જાગ્રત કરવી જોઇએ.

(૭) પરમ સત્યના દર્શન માટે બ્રહ્મવિદ્ આચાર્યની તથા સર્વ-વ્યાપક, સર્વાત્મા ઇશ્વર ( સગુણ બ્રહ્મ )ની અનન્ય સેવા અને આરાધના દ્વારા વ્યાવહારિક જીવનની રહેણીકરણી ગોઠવીને જીવનનો માર્ગ સરલ, શુદ્ધ અને વિક્ષેપહીન બનાવવો જોઇએ.

(૮) દ્વૈત કે અદ્વૈતના નિર્ણય માટે શાસ્ત્રીય ઉહાપોહ એટલે પ્રશ્નોત્તર દ્વારા શંકાસમાધાનની પદ્ધતિમાં બુદ્ધિનો સદુ-પયોગ કરવાનો છે. શ્રદ્ધાભરી જિજ્ઞાસા અને તર્કની સહાયતા વડે અટપટા વિષયનું સંશોધન થાય છે; તે ઉપરાંત સ્વરૂપ ચિંત્વન માટે સાવધાનતા રાખવી જોઈએ. શ્રદ્ધા, ભકિત અને ધ્યાન એ અજોડ સાધન છે એમ ઉપનિષદ્ સત્ય જ કહે છે.

(૯) પહેલાં શાસ્ત્રની એકવાકયતા માટે વિચાર દ્વારા સંશયરહિત નિર્ણય થાય, એ છે પરોક્ષ જ્ઞાન; નિદિધ્યાસન ( ધ્યાન ) દ્વારા કોઇ ધન્યક્ષણે એ આત્માનંદના ઊભરા-ભાવ હૃદયમાં આવવા માંડે એ છે અદૃઢ અપરોક્ષ જ્ઞાન; અને સતત્ અભ્યાસ દ્વારા સદાસર્વથા આત્મજાગૃતિ રહે એ છે આત્મનું દૃઢ અપરોક્ષ જ્ઞાન.

(૧૦) આત્માનું એક, અદ્વિતીય અને અલૌકિક સ્વરૂપને બુદ્ધિગત

કરવા માટે વેદાન્તમાં પણ ભિન્નભિન્ન પ્રક્રિયાઓ છે; દેહાધ્યાસને નિર્મૂળ કરીને જીવનમાં અનુભવ કરવો જોઇએ.

(૧૧) બધી પ્રક્રિયાઓ બધા માટે નથી; જિજ્ઞાસુએ, ગુરુદેવ એનો અધિકાર જોઈ તપાસીને જે સાધન કહે-શીખવે અને પ્રેરણા આપે તે પ્રક્રિયા દ્વારા અનુભવ કરવો જોઇએ.

(૧૨) પ્રક્રિયાઓનું વાચિક જ્ઞાન મેળવવાનો આગ્રહ રાખવા જતાં શુષ્ક શાસ્ત્રચર્ચા કે પંડિતાઈની જાળમાં ફસાઈ પડવાનો સંભવ છે. સાવધાન !

(૧૩) વાદવિવાદનો આશ્રય લઈને સભાજિત થવાની, બીજાને હરાવવાની, ચર્ચામાં ઊતરીને પોતાની પ્રક્રિયા જ સર્વોત્તમ છે એવું સિદ્ધ કરવાની મિથ્યા મથામણ ન કરવી જોઇએ.

(૧૪) વેદાન્તસિદ્ધાન્તની સામાન્ય સમજણ માટે કેટલીએક સાદી પ્રક્રિયાઓ છે; જેવી કે :–

(૧) અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય એવા પાંચ કોષ કરતાં આત્મા ભિન્ન છે એવો વિવેક.

(૨) સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ શરીર કરતાં આત્મા પૃથક્ છે એ વિવેક.

(૩) જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા એ અવસ્થા કરતાં આત્મા જુદો છે એ વિવેક.

(૪) પચીસ તત્ત્વો કરતાં આત્મા ભિન્ન સ્વરૂપનો છે એવો વિવેક.

આવી સીધી અને સાદી પ્રક્રિયાઓથી અન્વય વ્યતિરેકવડે આત્માનું સ્વરૂપ સમજીને અનુભવવું જોઈએ. એ બધાંમાં વિવેક

નામનું પ્રથમ બહિરંગ સાધન ખાસ ઉપયોગી છે. આ સિવાય પણ કેટલીએક પ્રક્રિયાઓ છેઃ રામબાવાકૃત નાના એવા ગુજરાતી ભાષાના પંચીકરણ નામના પુસ્તકમાં આનું સાદું અને સીધું વર્ણન છે.

અન્નપૂર્ણા ઉપનિષદ્‌માં બ્રહ્મવિદ્ ઋભુ ઋષિ પાસે શિષ્ય નિદાઘ જાય છે. એને ભ્રાન્તિ દૂર કરવા માટે નીચે પ્રમાણે કહે છેઃ–

"ભ્રમ પાંચ પ્રકારના છે એમ કહેવાય છે; (૧) જીવ અને ઈશ્વર જુદા સ્વરૂપવાળા છે, આ પહેલો ભ્રમ છે. (૨) કર્તાપણાના ગુણ આત્મામાં ભાસે છે તે વાસ્તવિક (સાચો) છે, આ બીજો ભ્રમ છે. (૩) જીવાત્મા ત્રણ શરીરથી યુકત તથા સંગવાળો છે, આ ત્રીજો ભ્રમ છે. (૪) જગતના કારણનું સ્વરૂપ (બ્રહ્મ) વિકારી છે, આ ચોથો ભ્રમ છે. (૫) જગતના તેના કારણ સ્વરૂપ (બ્રહ્મ)થી જુદું (એટલે જગત પણ ત્રિકાલાબાધિત) હોઈ સત્ય છે, આ પાંચમો ભ્રમ છે." આ પાંચ પ્રકારની ભ્રાન્તિને દૂર કરવા માટે જે પ્રક્રિયા કે વાદની આવશ્યકતા છે એ સમજાવે છેઃ–

(૧) બિંબ અને પ્રતિબિંબને જોતાં તે બન્નેની એકતા સમજાય ત્યારે પ્રથમ ભેદની ભ્રાન્તિ દૂર થાય છે (૨) સ્ફટિક મણિમાં દેખાતી રતાશ કોઈ ફૂલ વગેરેના સમીપપણાથી જ છે, એમ દૃષ્ટાન્ત પૂર્વક સમજવાથી આત્મામાં સત્ય જણાતા કર્તા-પણાનો બીજો ભેદ દૂર થાય છે. (૩) ઘટાકાશ, મઠાકાશ વગેરે આકાશોને ઘડો–મઠ (ઘર) વગેરે ઉપાધિનો લગારે સંગ નથી, એ દાખલો જોવાથી આત્મામાં સંગીપણાનો ત્રીજો ભ્રમ દૂર થાય છે. (૪) દોરડીમાં દેખાતો સર્પ સાચો સર્પ નથી એમ સમજવાથી જગત એના કારણથી જુદું અને સાચું છે એ ચોથો ભ્રમ દૂર થાય છે. (૫) સોનું તથા દાગીના

ખરી રીતે જુદા હોતા નથી એમ દાખલો જોવાથી 'જગતનું કારણ બ્રહ્મ વિકારી છે' એ પાંચમો ભ્રમ દૂર થાય છે. આ પાંચેય પ્રક્રિયાનું રહસ્ય સંસ્કૃત ગ્રંથ વેદાન્તસંજ્ઞાવલીમાં તથા હિન્દી ગ્રન્થ વિચારચંદ્રોદયમાં સમજાવ્યું છે.

આત્મજ્ઞાન માટે જે અસંખ્ય યુક્તિઓ છે એ બધી અકારણ છે. ચિત્તની ભિન્નભિન્ન દશાઓને લીધે દ્વંદ્વોના ચિત્ત પર થતા આઘાત આત્મભાવનાને દઢ થવા દેતા નથી. આત્મા એક અને અદ્વિતીય છે; માયા અને એનો કાર્ય પ્રદેશ, એટલે બ્રહ્માંડ તથા પિંડના ભાગવિભાગની ગણના અસંખ્ય છે; જીવાત્માને ભ્રમને લીધે દેહસંબંધ થતાં ત્રણ શરીર, ત્રણ અવસ્થા, પંચકોશ, દશ ઇંદ્રિયો, અંતઃકરણની બુદ્ધિ, અહંકાર, મન અને ચિત્ત એ ચાર મુખ્ય વૃત્તિભેદ, તેવી જ રીતે દ્વંદ્વોની વિવિધતાના અધ્યાસને લીધે વારંવાર આત્મભાવનામાં ભૂલ પડતાં દેહભાવના વિસ્મૃત થતી નથી.

જિજ્ઞાસુએ શ્રવણ મનન અને નિદિધ્યાસન માટેની પ્રક્રિયાઓનો વિવેકથી સદુપયોગ કરવો જોઇએ; જ્યારે જ્યારે દેહભાવના દઢ થાય, ત્યારે ત્યારે તેની વિરોધી પ્રક્રિયા વડે આત્મભાવ જાગ્રત કરવો જોઇએ. આ બધામાં મુખ્યત્વે વિવેકજાગ્રતિ હોવી જોઈએ. દષ્ટાંત તરીકે અપમાન થાય ત્યારે દેહબુદ્ધિથી ગુણનું અભિમાન થાય ત્યારે હું સગુણ દેહ નહિ પણ નિર્ગુણ આત્મા છું અથવા દેહ પંચભૂતાત્મક, અસંખ્ય દોષથી ભરેલો, અવિદ્યારૂપ મહાદોષના કાર્યકારણવાળો છે, તેથી એ તો અપમાનને જ યોગ્ય છે એમ સમજવું જોઈએ અને અપમાન કરનારે દેહના દોષ દર્શાવી એનાથી વિરક્ત થવાનો ભાવ ઉપજાવી આપ્યો તેથી એ ધન્ય છે, એવી વિરક્ત વૃત્તિ લાવીને હું સ્વરૂપથી નિર્ગુણ હોઇ માન-અપમાનથી મુક્ત છું, એવી ભાવના કરવી જોઈએ.

આ તો એક દૃષ્ટાન્ત છે. વિવેકી સાધક જોઇ શકશે કે અન્વય વ્યતિરેક ભાવ વડે આવી રીતે આત્મભાવનાને જાગ્રત રખાવવામાં શરીરનો શુધ્ધ વ્યવસાય કે વ્યવહાર બાધક નહીં પણ સાધક નીવડે છે.

પ્રક્રિયાઓ વારંવાર ગોખવી પડે એ તો બુધ્ધિની જડતા છે; પ્રક્રિયાઓ વડે તો અંતર્મુખ વૃત્તિથી ત્રિદેહશોધન થવું જોઇએ. ત્રિદેહના મર્મોનું પૃથક્કરણ કરવું એ છે સાંખ્ય દર્શનનું પરમ ઉપકારક જ્ઞાન અને એ દ્વારા આત્મતત્ત્વને ચિત્તમાં ધારણ કરીને આત્માકાર વૃત્તિનું સાતત્ય જાળવી રાખવું એ છે યોગદર્શનનું ધારણાબલ.

*    *    *    *

બુદ્ધિવાદ કે શ્રદ્ધાવાદથી ગમે તે સંપ્રદાય, સિદ્ધાન્ત કે સંતગુરુનો આશ્રય લ્યો, પણ નિરંકુશવાદને અળગો રાખજો.

ઈશ્વરભકિત કે ગુરુભકિતનું પાલન કરજો, પણ દેહભકિતનું નામ પણ લેશો નહીં.

નિર્જનમાં નિવાસ કરો કે સ્વજનોના સંગમાં રાચો, પણ નાસ્તિક દુર્જનથી હમેશાં દૂર રહેજો.

કર્મયોગ આચરો કે ભકિતયોગ વધારો પણ આત્મવિયોગ જરાયે સહન કરશો નહીં.

જ્ઞાનયોગના પેટા ભાગ જેવા બધા વાદોનો અભ્યાસ કરજો પણ મિથ્યા અહંવાદમાં ફસાશો નહિ.

શિવ, વિષ્ણુ, શકિત, ગણપતિ અને સૂર્ય એ પંચદેવની આરાધના કરજો, પણ અવિદ્યા દેવીને ભૂલેચૂકે પણ સંભારશો નહીં.

જ્ઞાની ન થશો; આનંદી ન થશો, પણ જ્ઞાન અને આનંદ જ છો, એવું સમજી લેજો.

અગ્નિને ટાઢ ન લાગે, પાણીને તરસ ન લાગે, સાકરને ગળપણ ન જોઇએ,-તમે સત્ ચિત્ અને આનન્દ છો; તેથી તમારે નિત્ય બનવા માટે, જ્ઞાન મેળવવા માટે, સુખ શોધવા માટે કાંઈ કર્ત્તવ્ય નથી, માત્ર સમજી લેવાની જ જરૂરત છે, એ શીખી લેજો.

ત્રિતાપ એ પ્રકૃતિનું સ્વરૂપ છે, આત્મા સમસ્ત ત્રિપુટીથી મુકત છે; ત્રિતાપ તમારામાં કે તમે નથી; આત્માની સ્મૃતિ એ જ ત્રિતાપની વિસ્મૃતિ છે.

દેવદેવતાનું, સદ્‌ગુરુનું, પ્રણવ (ૐ)નું, છ ચક્રોનું, એવું એવું ધ્યાન ધરજો, પણ દેહ-ઇંદ્રિય-વિષયોનું ધ્યાન તો સ્વપ્ને પણ રાખશો નહિ.

આત્માથી ભિન્ન તે જગત્; એ જગત્ એટલે ત્રિદેહ; એ દેહયોગને ભૂલો અને આત્મયોગને સાધો.

સાધ્ય, સાધન અને સાધનામાં સમન્વય રાખજો; નહિ તો કશો મેળ નહીં ખાય; શીખવાનું સાચું શીખજો; ખોટું શીખ્યા છો તે ભૂલવાનું છે.

કર્મયોગ, ભકિતયોગ, જ્ઞાનયોગ, મંત્રયોગ, લયયોગ, હઠયોગ, રાજયોગ, અનાસકિતયોગ, અમનસ્કયોગ, અસ્પર્શયોગ, નાદાનુસંધાનયોગ જેવા બધા યોગ આચરજો, પણ પ્ર-યોગ કે વિ-યોગ ન કરશો.

પૂર્વમીમાંસાદર્શન, વૈશેષિકદર્શન, ન્યાયદર્શન, સાંખ્યદર્શન,

યોગદર્શન, ઉત્તરમીમાંસાદર્શન, જૈનદર્શન, બુદ્ધદર્શન, એવાં એવાં બધાં દર્શન ભણજો-કરજો પણ અનાત્મદર્શન ન કરશો.

ઇશ્વરસેવા, દેવસેવા, ગુરુસેવા, સંતસેવા, બ્રાહ્મણસેવા, લોકસેવા, ગ્રામસેવા, દેશસેવા, જનસેવા, દીનસેવા, હરિજનસેવા વ. કરજો પણ વિષયસેવા (સેવન) ન કરશો.

જે થાય તે શુદ્ધ અને પવિત્ર સાધન કર્યા કરજો, અનિચ્છાથી કરજો, યદચ્છાથી કરજો, સ્વેચ્છાથી કરજો, પરેચ્છાથી કરજો, પણ લોકપરલોક કે દેશવિદેશની વિષયેચ્છાથી કશું યે ન કરશો.

* * * *

સંતોના મહિમા અદ્ભુત છે! શાસ્ત્રોની રહસ્યવિદ્યા અલૌકિક છે; એ બેનો પાર પામવો એ જ ખરી ગુરુકૂંચી છે; એનું શિક્ષણ અનુશાસન ગુરુવિદ્યા છે; બ્રહ્મ એ મહાનમાં મહાન છે! તેથી બ્રહ્મવિદ્ હોય તે ગુરુ; બ્રહ્મવિદ્ હોય તે જ બ્રહ્મ એટલે બ્રહ્મ એ જ ગુરુ તથા ગુરુ એ જ બ્રહ્મ! બ્રહ્મ મહાન્ –ગુરુ મહાન્!

શાસન શોધે, પોતાના જીવભાવ ઉપર ગુરુબ્રહ્મ બ્રહ્મ શાસન કરે,–રાજ્ય કરે સત્તા ભોગવે, એમ ઇચ્છે એ શિષ્ય! એ આજ્ઞાના બહુવિધ ભંડાર ભર્યા હોય છે; એ શાસન-વિધિથી જ ભવનિધિ તરી જવાય જ છે માટે જ એનું નામ શાસ્ત્ર!

શાસ્ત્ર અને શિષ્ય એ બન્નેના આવા અહોભાવ છે! સાધક તું શિષ્ય થજે, અને છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી શિષ્ય રહેજે; કારણ કે બ્રહ્મવિદ્‌ને ગુરુપદવી તેં તારી સ્વેચ્છાથી, શાસન શોધવાની ઉત્કટ જિજ્ઞાસાથી અર્પી છે; નહિ તો તારા

એ ગુરુદેવ, એમના પોતાના ગુરુદેવના તો શિષ્ય જ છે ને! તું શિષ્ય છે; ગુરુદેવ શિષ્ય છે! પરંપરા જોતાં બધા શિષ્ય જ છે; સાચા ગુરુદેવ, સનાતન, નિત્ય સદ્દેવ, પરંપરાપ્રાપ્ત ગુરુદેવ તો સાક્ષાત્ પરબ્રહ્મ, અને એ છે તારું સત્-ચિત્-આનન્દ સ્વરૂપ! તારુ અંતર્યામી પરમ તત્ત્વ! એ જ તને તારા ગુરુદેવે સંભળાવ્યું છે ને?!

જો ત્યારે; તારું અંતર્યામી તત્ત્વ બ્રહ્મસ્વરૂપ અને એ જ "તું" એક અદ્વિતીય સત્ય, જ્ઞાન અને અનન્ત! અને તું જીવભાવે રહ્યો શિષ્ય! અંતર્મુખ જો અને ગુરુદેવ-સ્વરૂપે તું પ્રત્યક્ષ છે; બહિર્મુખ થા અને શિષ્ય ભાવે તું હાજર છે! શી અદ્ભુત લીલા છે ગુરુદેવની!

અખાજી સાચું જ કહે છે કેઃ-

"ગુરુ થા તારો તું જ, નથી કોઈ બીજો ભજવા;
બાહ્ય સૂરતને ટાળ્ય વાળ્ય અંતરમાં સજવા."

(ઑગસ્ટ-૧૯૫૧)

૮

# બ્રહ્મદૃષ્ટિ

શ્રી વરાહોપનિષદનું પરમ સત્ય સમજાવતું એક સુંદર રહસ્યવિધાન છે. વેદાન્તશાસ્ત્ર જેને માટે સાધનસાધ્યની શુદ્ધિ સાથે બલવતી સાધના ગોઠવીને મુમુક્ષુને કટિબદ્ધ થવાનું કહે છે, એનું એ રૂપાન્તર વા મૂલવાકચ જેવું લાગે છે. એમાં નીચે પ્રમાણે શ્લોક છે:–

अस्ति ब्रह्मेति चेद्वेद परोक्षज्ञानमेवतत् ।
अहं ब्रह्मेति चेद्वेद साक्षात्कारस्स उच्यते ॥

ભાવાર્થ–'બ્રહ્મ છે' એટલું સમજાય એ પરોક્ષજ્ઞાન છે અને 'હું બ્રહ્મ છું' એવું સમજાય એ સાક્ષાત્કાર કહેવાય છે.

મુમુક્ષુએ આ શ્લોકને વિસ્તારથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જે કોઈ 'બ્રહ્મ છે' એવી આસ્તિક બુદ્ધિ કરે, એના અસ્તિત્વ (સત્તા)માં પરમ શ્રદ્ધા રાખે, એના વિના બીજું કાંઈ જ નથી એવી માન્યતા ધરાવે અને એ વિષે અંતરમાં ભાવ-જાગ્રતિ ઊભી કરીને એ વિના કાંઈ અન્ય જણાય એ દ્વૈતમય, દ્વંદ્વમય, ચંચલ, ગતિમાન, આવિર્ભાવ તિરોધાનવાળું જગત છે, એમાંથી છૂટવાની પ્રબલ ઇચ્છા ધરાવે એ મુમુક્ષુ કહેવાય છે.

બ્રહ્મને જાણવાની ઇચ્છા કરે એટલે કે એનાં અસ્તિત્વ, સ્વરૂપ, સાધન તથા સાધના વિષે સમજવાની ઈચ્છા કરે એ છે જિજ્ઞાસુ અને એટલું પરોક્ષજ્ઞાન થયા પછી અબ્રહ્મ-રૂપ જે આ દ્વંદ્વમય જગત તથા દેહધારી બનીને એમાં જન્મ-જન્માંતર પર્યટન ભટકવા ભમવા તથા ભોગ ભોગવવાનાં બંધનમાં જે પડયો છે, તેમાંથી છૂટવા માટે ઇચ્છા કરે એ છે મુમુક્ષુ.

વેદાન્તમાં જે સાધનનો ક્રમ ગોઠવી આપેલો છે એમાં (૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) (अ) શમ, (आ) દમ, (इ) ઉપરતિ, (ई) તિતિક્ષા, (उ) શ્રદ્ધા અને (ऊ) સમાધાન અને (૪) મુમુક્ષુતા છે. પહેલાં બે, પછી શમ વગેરે છનું ઝૂમખું એ ત્રીજું તથા છેવટની મોક્ષેચ્છા એમ ચાર સાધનને જીવનમાં ઉતારે એ જ મુમુક્ષુ કહેવાય છે.

આ શ્લોકમાં 'બ્રહ્મ છે' એવું જાણે એ પરોક્ષજ્ઞાની છે એમ કહ્યું છે. એથી એવું અનુમાન થાય કે એવો સાધક (૧) આત્મા અને અનાત્માનો વિવેકી હોવો જોઈએ. (૨) અનાત્મા પ્રતિ એનો વિરક્તભાવ થવો જોઈએ. (૩) આત્મા પ્રતિ શ્રદ્ધાભર્યો ભક્તિ ભાવ હોય એટલે ચિત્ત શાંત હોવું જોઇએ. (૪) અંતરમાં આત્મભાવની શાંતિ હોય એથી ઈંદ્રિયોને યોગ્ય પ્રસંગોએ દાબી શકે એવી દમનશકિત હોવી જોઈએ. (૫) અનાત્મ વિષયમાં અરુચિ હોય એટલે આત્મભાવનાં પોષક સ્વધર્મ કર્મમાં સ્વરત રહેવાની વૃત્તિ હોવી જોઈએ. (૬) સ્વધર્મકર્મમાં અનુરક્તિ હોય એટલે પ્રારબ્ધ યોગે આવી પડતાં અનાત્મ સ્વરૂપ દ્વંદ્વને સહન કરવાની શકિત હોવી જોઈએ. (૭) શાન્ત, દાન્ત, ઉપરત, તથા તિતિક્ષુ ભાવની અંતરમાં જમાવટ થાય

એટલે આત્મભકિતના અનુકૂળ પ્રવાહ તથા અંતર્મુખ આનંદની ઝાંખી થવા માંડે છે. શાસ્ત્ર તથા સદ્‌ગુરુનાં વાકયોમાં એથી શ્રદ્ધા થવી જોઇએ. (૮) અને ત્યાર પછી તો સંસારની અનિત્યતા તથા બ્રહ્મની સત્યતા વિષેના નિર્ણયને લીધે ચિત્ત હંમેશાં સ્થિર અને આત્મભાવ માટે સતત્ જાગ્રત રહેતાં શંકાકુશંકાનું નામનિશાન એનામાં રહેતું નથી. એવું ચિત્ત સમાહિત કહેવાય છે. આટલું થયા પછી દ્વૈત તથા દ્વંદ્વના સમૂળા બાધ માટે અંતરમાં તીવ્ર ઈચ્છા થાય એ છે મોક્ષની ઇચ્છા. એ છે મુમુક્ષુપણું.

આટલાં સાધન જીવનમાં ઉતારનાર પરોક્ષજ્ઞાની કહેવાય છે. વિવેકવૈરાગ્યનાં સાધનસંપત્તિ વડે જીવનનું સામર્થ્ય વધે છે. વેદાન્તશાસ્ત્રના જીવનશોધક પ્રશ્નોની ચર્ચા દ્વારા બુદ્ધિમાં અદ્વિતીય તત્ત્વના સિદ્ધાન્તની નિષ્ઠા જામવા માંડે છે. 'બ્રહ્મ છે' એવી તત્ત્વનિષ્ઠા વધે છે. જીવન (૧) વિવેકી, (૨) વિરકત, (૩) શાન્ત, (૪) દાન્ત, (૫) ઉપરત, (૬) તિતિક્ષુ, (૭) શ્રદ્ધાળુ, (૮) સમાહિત તથા (૯) મોક્ષેચ્છુ થાય છે જ એ નિર્વિવાદ સત્ય છે.

આ સાધનસંપત્તિથી બુદ્ધિ શુદ્ધ થાય છે; શુદ્ધ બુદ્ધિ વડે વિજ્ઞાનમય કોષમાંથી અજ્ઞાન દૂર થાય છે. અજ્ઞાન (અવિવેક) દૂર થતાં શાસ્ત્રનું રહસ્ય યથાર્થ રીતે સમજવાની શકિત આવે છે. મનની ચંચલતા દૂર થવાથી મનોમય કોષપર સંયમ આવે છે; વૈરાગ્યની દઢતાને લીધે અશુભ વાસનાઓનો નાશ થતાં તત્ત્વજિજ્ઞાસારૂપ શુદ્ધ વાસનાનો ઉદય થાય છે. એટલું જ નહિ પણ એ શુદ્ધ વાસનામાં વેગ આવે છે. મનમાં શાંતિ રહેવાથી ઈંદ્રિયોમાં યથેચ્છ સંયમ આવે છે. કાર્યાકાર્યનો વિવેક આવવાથી સ્વધર્મનું રહસ્ય સમજાય છે, સ્વધર્મકર્મમાં જ અનુરકત

રહેવાથી મિથ્યા વ્યવહારનો સહજ સ્વભાવે ત્યાગ થાય છે, દ્વંદ્વથી તો આ વિશ્વ ભરેલું જ છે એવી સમજણ આવવાથી એ મિથ્યા સમજાય છે; સહન કરવાની તિતિક્ષા શકિત વધે છે. બ્રહ્મજ્ઞાનની ઉત્સુકતા માટેનાં સ્વધર્મકર્મનું જ આચરણ સહજ બને છે. ઇંદ્રિયોની ચંચલતાનો સંભવ જ રહેતો નથી. ઈંદ્રિયો એવી રીતે કાબૂમાં આવી જાય છે કે એનો નિરર્થક વ્યવસાય ભાગ્યે જ થાય છે. અશુભ વાસનાભરી પ્રવૃત્તિ એના સ્વભાવમાં જ રહેતી નથી. શ્રધ્ધા તથા સમાધાન વડે એના ચિત્તમાં શાંતિ તથા શીતલતા હોય છે. જીવનમાં એકમાત્ર કર્તવ્ય-પ્રાપ્તવ્ય-જ્ઞાતવ્ય બ્રહ્મ જ છે એવી મુખ્ય વૃત્તિનું સામર્થ્ય વધે છે. આત્માકાર વૃત્તિ મુખ્ય તથા અન્ય વ્યવસાયની વૃત્તિ ગૌણ થતાં જીવન સ્વધર્મ કર્મરત બને છે.

અંતઃકરણનો સમસ્ત વૃત્તિપ્રદેશ શુધ્ધ અને સ્થિર થવાથી જીવનમાં જે પ્રારબ્ધ-પ્રાપ્ત વ્યવહાર હોય એમાં મુખ્ય અને ગૌણ એવા ભેદ પારખવા સરલ બને છે. પરમાર્થને મુખ્ય અને વ્યવહારને ગૌણ સમજવાથી જીવન એવું તો સરસ, શુધ્ધ, શાંત, ગંભીર તથા યમનિયમબધ્ધ બને છે કે એમાં અનાત્મ-વૃત્તિને ઊઠવા, ઊગવા કે સતાવવાનો ભાગ્યે જ સંભવ ઊભો થાય છે.

વેદાન્તના નાનામાં નાના ગ્રંથમાં પણ આ સાધનક્રમ માટે આગ્રહ રાખવાનું એ જ મુખ્ય કારણ છે. સંસારના મલિન વાતાવરણથી ખરડાયેલી મેલી બુદ્ધિ તથા અસંખ્ય પ્રસંગોના વિરોધી વાતાવરણમાં રખડેલું, ભટકેલું ચંચલ મન જ્યાં સુધી પોતાના મલ-વિક્ષેપને દૂર ન કરે, એને ધોઇ નાંખીને શુદ્ધ ન થાય (એમાંથી છૂટીને શાંત સ્થિર ન થાય) ત્યાં સુધી

'બ્રહ્મ છે' એવી નિશ્ચયાત્મક આસ્તિકય બુદ્ધિરૂપ પરોક્ષજ્ઞાન થવાનો સંભવ નથી.

* * * *

પરંતુ જગત્ વિચિત્ર છે. સંસારના વ્યવહારમાં નિપુણ, ચતુર તથા કુશળ ગણાતો માનવી સ્વચ્છ કપડાં પહેરવા માટે જેટલી કાળજી રાખે છે, એટલી મનને શુદ્ધ કરવા માટેની વૃત્તિ રાખી શકતો નથી. ચોકખા તથા શૃંગારયુક્ત વસ્ત્ર, સ્વાદુ અને પરિપકવ ભોજન, સુંદર, સુશોભિત તથા ભવ્ય મકાન, વિભવશાલી ધનવૈભવની વિપુલતા દાખવતા અલંકાર (વસ્તુ)નો ભંડાર વધારવાની જેટલી ઝંખના માનવીના મનમાં હોય છે, એનો હજારનો ભાગ પણ—

(૧) સ્વચ્છ વસ્ત્રના જેવું જ મનને પવિત્ર રાખવાનું,

(૨) કપડાં પર દાગ ન લાગવા દેવાની કાળજી રાખે એટલી જ કાળજીથી મનને દુષ્ટ વિચાર કે કર્મનો મેલ ન લાગવા દેવાનું,

(૩) ચિત્તમાં મલિન વિચાર કે ઇંદ્રિયો વડે પાપી કર્મ અકસ્માત થાય તો પ્રાયશ્ચિત્તકર્મ વડે તરતજ ધોવાની કાળજી રાખવાનું,

(૪) સ્વાદુ ભોજન માટે પરિશ્રમ કરે છે, એટલી જ મહેનત શુદ્ધ વિચાર, શુદ્ધ કર્મ, ભગવદ્ભક્તિ તથા તત્ત્વસ્મરણ માટે સાવધાનતા સાચવવાનું તથા

(૫) ધનવૈભવની પ્રાપ્તિ કરવાનાં કર્મમાં જીવનભર મંડ્યો રહીને પાછી પાની કરતો નથી, તેટલી જ તીવ્રતાથી પરમાત્મપ્રાપ્તિ માટેનાં સાધનમાં એકચિત્તે વળગ્યો રહે, એમાંથી હારે જ

નહિ, કટિબદ્ધ થઈને નિષ્કામ કર્મભક્તિમાં અવિરતભાવે ધર્મસેવી બનીને તિતિક્ષા તથા શ્રધ્ધા વધારવાની સાવચેતી રાખવાનું—

ધ્યાન રાખે તો એવા સાધનસંપન્ન મુમુક્ષુને તત્ત્વદર્શન સુલભ નીવડે છે.

વ્યવહારમાં સારાખોટાનો તથા નાનામોટાનો જેવો વિવેક રાખે છે તેવો જ વિવેક આત્મા તથા અનાત્માનો રાખે. જગતમાં અનુરાગ રાખે છે એને બદલે એ જ અનુરાગ આત્મામાં રાખે તો વૈરાગ્ય સહજ થઈ પડે છે. વ્યવહારમાં દુઃખ આવી પડતાં શાંતિ રાખી શકાય છે. દ્વંદ્વના આઘાત શાંતિથી સહન કરી લે છે, ભવિષ્યમાં આત્મસુખ મેળવવાની શ્રદ્ધા રાખે છે; એવું ન કરતાં અવિવેકી મનુષ્ય ધનવૈભવ કમાવામાં ટાઢતડકો વેઠે છે. વ્યાધિ વખતે જ ધનનો ત્યાગ કરે છે, વ્યાપારવાણિજ્યમાં નુકશાન થાય છે ત્યારે દુર્બલ બનીને સહન કરી લે છે—અરે ! આવા અનુભવોની પરંપરા જ મનુષ્યનું જીવન છે; મનુષ્ય જેટલું જીવ, જગત્ અને શરીર માટે કરે છે, એટલું પરમાત્મા માટે કરવા માંડે, એમ જ શાસ્ત્ર તથા સંતો આપણને કહે છે; એટલું સમજી લેવાય તો સાધનસંપત્તિ કેળવવી જરાયે અઘરી નથી.

અંતઃકરણનો જે પ્રવાહ જગત્ તરફ થાય છે એને ઊર્ધ્વગામી કરીને પરમાત્મા તરફ વાળવાનું સૂઝે, તો લોકલોકાન્તરના વિષયો મેળવવામાં જે કઠિનતા લાગે છે એના કરતાં પરમતત્ત્વની સાધના માટેનાં સાધન મેળવવાં કેળવવાં સહજ સુલભ અને સરલ લાગે છે, એવી લેખકની નમ્ર માન્યતા છે, પણ એ માટેની તીવ્રતા અંતરમાં ઊઠે તો.

*　　*　　*　　*

'બ્રહ્મ છે' એવું જે પરોક્ષજ્ઞાન થાય, એવા બ્રહ્મને ઉપનિષદ્ એકમેવાદ્વિતીયમ્ કહે છે. એટલે કે બ્રહ્મ (૧) એક, (૨) એવ અને (૩) અદ્વિતીય છે. બ્રહ્મમાં કોઇ પણ જાતનો ભેદ નથી. સંસારમાં ત્રણ જાતનો ભેદ પ્રસિદ્ધ છે.

(૧) સ્વગતભેદ:- એક જ શરીરમાં અવયવી અને અવયવીનો જે ભેદ છે એ સ્વગતભેદ કહેવાય છે; શરીર અને એના અવયવના ભેદ તથા વૃક્ષમાં શાખા પ્રશાખાના ભેદ સ્વગત ભેદ કહેવાય છે, એવો ભેદ બ્રહ્મમાં નથી કારણ કે એ અશરીરી છે.

(૨) સજાતીયભેદ:-બ્રહ્મ બે નથી એટલે બ્રહ્મના જેવું કે એના જ વર્ગ-જાતિનું બીજું કોઈ કે કાંઈ કશું છે જ નહિ તેથી એમાં સજાતીય ભેદ નથી.

(૩) વિજાતીયભેદ:- એના વિના કે એના કરતાં કોઈ જુદી જાત -ભાતનું બીજું બ્રહ્મ કે એવું કાંઈ નથી. એ તો (૧) એક (૨) જ (૩) અદ્વિતીય છે એમ કહીને ઉપરના ત્રણેય ભેદનો ઉપનિષદ્ નિષેધ કરે છે. આ 'બ્રહ્મ છે' એટલું જ્ઞાન થાય એની સાથે જ બ્રહ્મ એક જ છે એવી રીતે સમજાય એટલે બ્રહ્મથી ભિન્ન જે કાંઇ ભાસમાન થતું હોય એ અબ્રહ્મ છે એમ સમજવું જ જોઇએ.

*  *  *  *

"બ્રહ્મ હું છું" એવું જ્ઞાન થાય એ અપરોક્ષ એટલે સાક્ષાત્કારસ્વરૂપ જ્ઞાન કહેવાય છે. આ અનુભવ કરવામાં સરલતા થાય તેથી ગણ્યાગાંઠ્યા ભાવનું નિરીક્ષણ કરીએ.

(૧) પોતાના તરફ દૃષ્ટિ કરતાં અંતરમાં હું=અહમ્પણાનું

ભાન થાય છે. સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણ એવા ત્રણે શરીરોના દૃષ્ટા તરીકે આપણે તરત જ એ અહમ્‌ને ઓળખીએ છીએ.

(૨) પોતાને અહમ્ તરીકે માનીએ છીએ ત્યારે અહમ્ વિનાનું જે કાંઇ છે એ इदम् = આ તરીકે ઓળખાય છે. આવી રીતે અહમ્ અને પોતાના વિના બીજું બધું इदम् છે એમ સમજાય છે.

(૩) પ્રત્યક્ષ થતા इदम्‌ની સાથે અહમ્‌ને વ્યવહારનો પ્રસંગ પડે ત્યારે એને त्वम् કહે છે; એટલે અહમ્ અને इदम्‌માંથી અહમ્ અને त्वम् બને છે.

(૪) અહમ્ અને त्वम्-હું અને તું બન્ને પરસ્પર વ્યવહાર કરે ત્યારે એ વિનાનાં આસપાસ બીજાં અસંખ્ય પ્રાણી કે પદાર્થો હોય તે બધાં तत् બને છે. આવી રીતે "હું, તું અને તે"ની ત્રિપુટી બને છે.

(૫) મુખ્યત્વે તો અહમ્ અને इदम् જ છે. સૌ પોતાનો જ વિચાર જ કરે ત્યારે બધા અહમ્ હોય છે, પોતાના સિવાય બીજા માટે इदम्, त्वम् તથા तत् શબ્દ તથા ભેદ ભાવનો ઉપયોગ કરે છે.

(૬) એનાથી પણ આગળ જતાં જ્યારે વ્યવહાર વધે છે અને સમસ્ત સૃષ્ટિનો વિચાર આવે છે ત્યારે બધી સંખ્યા-વાચક વ્યક્તિઓ કે પદાર્થોને सर्वम् તરીકે ઓળખાવાય છે.

(૭) અહમ્, इदम्, त्वम्, तत्, सर्वम् આવાં સર્વનામની પરંપરા આગળ ચાલે છે. વ્યવહારની સાંકળના આંકડા જેમ જેમ વધતા જાય છે તેમ તેમ એ બધાં સામાન્ય નામમાળામાં વિશેષ નામની માળાના મણકા ઉમેરાતા જાય છે.

આવી નામમાળા એક, અદ્વિતીય બ્રહ્મમાં છે એ સર્વનો

સામાન્ય અનુભવ છે. પ્રાણી પદાર્થની આ નામમાળા બધા પૂરતી હોવા છતાં એમાં ઉપર કહ્યા એવા સ્વગત, સજાતીય, વિજાતીય ભેદ પડે છે. એ જ ભેદના અસંખ્ય પેટા ભેદ પડી આ સમસ્ત વિશ્વ ભેદભંડાર બને છે અને જીવાત્મા એવા ભેદભંડારનો કુબેર બને છે. અસંખ્ય નામમાળામાં ત્રણ ગુણના, વર્ણ તથા જાતીના, લઘુગુરુત્વના, એવા વિશિષ્ઠ ભાવો ભરીને જીવાત્મા વ્યવહાર કર્યે જાય છે અને પરિણામે અહમ્‌ના વિભાગ પાડવા રૂપ વિભક્તિઓ થતાં (૧) હું, (૨) મને, (૩) મારાથી, (૪) મારા માટે, (૫) મારામાંથી, (૬) મારું અને (૭)મારામાં એમ એક જ અહમ્ સાત વિભક્ત નામ ધારણ કરે છેઃ એને વ્યાકરણમાં સાત વિભક્તિ કહે છે.

જેમ જેમ સંસારનો વ્યવહાર વધતો જાય તેમ તેમ ઇદમ્ ભાવનો લોપ થઈ જાય છે. અહમ્‌માં દેહાધ્યાસ વધતાં એમાં નામરૂપ તથા ગુણકર્મનો અધ્યારોપ દૃઢ થાય છે, અને છેવટે શુદ્ધ અહમ્ તો શોધ્યો જડતો નથી. વિભક્તિઓ વડે વહેંચાઇ ગયેલો, ગુણથી રંગાએલો, વિશેષણોથી વિશિષ્ટ થયેલો, અસંખ્ય નામરૂપધારી બનીને મૂળ સ્વરૂપ જેવાં, વિશિષ્ઠ નામરૂપ વિનાનાં-અહમ્ અને ઇદમ્ જેવા સામાન્ય મૂલ સ્વરૂપને ભૂલી જાય છે.

ખરી રીતે જોતાં તો સમસ્ત વિશ્વ અહમ્ અને ઇદમની જ લીલાભૂમિ છે. સૌ પોતાને અહમ્ અને પોતાના વિના બીજાં બધાંને ઇદમ્ તરીકે જ માને છે. આ ભ્રાન્તિ ( ભૂલ )ને નિર્મૂળ કરવા માટેનો વિચાર કરતાં એમ જણાશે કે અહમ્ પોતાનામાંથી પોતે જ ઊભો કરેલો દ્વૈતભાવ મૂકીને પોતાનું જ ભાન રાખવા માટે દ્દષ્ટા બનીને બેસી જાય તો અહમ્‌નું શુધ્ધ સ્વરૂપ સમજાય. ધીરે ધીરે એ અહમ્‌ના જ્ઞાનની વિશુધ્ધ સાધના થાય, તો એ

अहम् જ બ્રહ્મ છે; એક જ અને અદ્વિતીય છે એવો ઉપનિષદ્‌ના ઉપદેશનો અનુભવ થાય છે.

પરંતુ એ अहम् જો પોતાના ઉપરાંત અન્યનો જ વિચાર કરે તો બીજાનું થતાં જ इदम्‌ની સ્ફૂર્તિ થાય છે. વળી એ इदम् પણ પોતાને તો अहम् જ માનતું હોય છે આ ઉપરથી એમ સમજાશે કે આ अहम् અને इदम्‌ની બન્ને માન્યતાએ એક-બીજાની અપેક્ષાએ ગોઠવેલા–ભ્રાન્તિભર્યાં ભાવમાત્ર છે.

*            *            *            *

(૧) ઉપનિષદ્ સમૂહ આ મૂળ ભાવને પકડે છે. એની સાપેક્ષતાનો વિચાર કરીને अहम् બ્રહ્મ છે એવી ઘોષણા કરે છે. બ્રહ્મ જેમ એક અને અદ્વિતીય છે તેમ આ अहम् પણ एकमेवाद्वितीयम् છે. એમાં શરત માત્ર એટલી જ કે જયારે તમે अहंब्रह्मास्मिની ભાવના કરો ત્યારે अहम्‌ને પણ एकमेवाद्वितीयम "એક અને અદ્વિતીય જ' સમજી લેવું જોઈએ, अहंब्रह्मास्मिની ભાવસાધનામાં इदम्–त्वम्–तत्, सर्वम् કશુંયે રહેવું ન જોઇએ. આ છે अहम्‌માં બ્રહ્મભાવ ભરવાની ઉપનિષદ્‌ની વાત્સલ્યભરી ઉપદેશ પ્રક્રિયા.

(૨) अहम्‌ને બ્રહ્મભાવ આપતાં વ્યવહાર કાલે બીજા બધામાં इदम्‌નું ભાન થાય ત્યાં इदम्‌ને વિશિષ્ટ નામરૂપની ભાવનાથી મુકત કરીને જોશો તો इदम् સર્વવ્યાપક બનશે. એવા શુધ્ધ, વિમુકત इदम् માટે ઉપનિષદ્ કહે છે કે सर्वम् खलु इदम् ब्रह्म। ખરેખર इदम् (આ) બધું सर्वम् બ્રહ્મ છે. अहम्‌ને ब्रह्म કહ્યું તેવું જ આ इदम् અને सर्वम् પણ ब्रह्म જ છે; એ પણ एकमेवाद्वितीयम् છે. એમાં પણ કોઇ જાતનો ભેદભાવ નથી, अहम्‌ને બ્રહ્મ માનો, इदम्‌ને ब्रह्म માનો, सर्वम्‌ને બ્રહ્મ માનો; અને એમાં કયાંય, કશો

પણ ભેદભાવ ન રાખો-સમજો-અનુભવો એ છે ઉપનિષદ્‌ની બીજી બ્રહ્મ ઘોષણા.

(૩) પછી આવશે त्वम् અને तत्‌નો વિચાર, એમાં પણ નામરૂપ તથા ગુણકર્મધર્મનો બાધ કરશો એટલે મુખ્યત્વે તો इदम्‌ની ભાવના જ દેખાશે, છતાં પણ अहम् જ્યારે પ્રત્યક્ષ રીતે इदम्‌ની સાથે વ્યવહાર કરે ત્યારે अहम् અને त्वम्‌ની અપેક્ષાએ तत्‌ની વ્યાપકતા, વિશાલતા, તથા સતાની કૈંક વિશેષતા એને લાગે છે. એ વિશેષ ભાવના ભાગને છોડી દેતાં સામાન્ય अहम् इदम् જ રહે છે. વ્યવહારકાલે अहम्, त्वम् તથા तत् બને છે, એને માટે પણ ઉપનિષદ્ આપણને સચેત કરે છે કે तत् त्वम् असि, તે તું છે. જે ઉપદેશ દ્વારા अहम् ब्रह्म છે એવું ભાન થઇ ચૂકયું; જીવાત્માના અંતરમાં ઉદ્ભવ પામતો अहंभाव ब्रह्मभावમાં નિમગ્ન થયો, त्मम्‌ને એવા માટે પણ ब्रह्मभावનો ઉપદેશ થાય એમાં શું આશ્ચર્ય । अहम् ब्रह्म त्वम्‌ને ब्रह्म કહીને સંબોધે; હું-તું એક જ છે માટે એ અદ્વિતીય છે, એ બે-બન્ને કે જુદાં જુદાં નથી માત્ર શબ્દ કે ધ્વનિભેદ છે; વસ્તુભેદ નથી એટલે त्वम्‌ને अहम् ભાવનું સ્વરૂપ સમજાવી ब्रह्म-ભાવથી ભરી દે, ત્યારે એ त्वम् પણ अहं ब्रह्मास्मिનો અનુભવ કરે છે; ઉપરાંત બાકી રહ્યું तत ભાવનું વ્યાપકરૂપ, એ પણ પોતે પોતાતું સ્વ તપાસે તો अहम् જ છે; એટલે એ પણ ભેદભાવરહિત-અભેદ સ્વરૂપ ब्रह्म છે એટલે त्वम्-તું પણ तत् છે; એવો સદ્‌બોધ અંતરમાં જાગ્રત થાય, અને બ્રહ્મ હું છું એનું અપરોક્ષ જ્ઞાન થાય એ છે બ્રહ્મનો સાક્ષાત્કાર.

अहम्, इदम्, त्वम्, तत्, अयम्, सर्वम्, એ બધાં સર્વ-નામ છતાં ભેદવાચક શબ્દોનો ત્યાગ કરીને શેષભાગમાં બ્રહ્મ-

ભાવના ભરવા માટે ઉપનિષદ્‌ના ઋષિઓ પોતાના અંતેવાસી શિષ્યોને ઉપદેશ આપી ગયા છે. अहं ब्रह्मास्मि. सर्वम् खलु इदम् ब्रह्म, तत्–त्वम् असि, अयम् आत्मा ब्रह्म, વગેરે ભેદનાં બાધક અને અભેદબ્રહ્મનાં બોધકવાકય- મહાવાકયોના ભંડાર જેવાં ઉપનિષદો જે ઉપદેશ આપે છે, એ બધાના નિદિધ્યાસન દ્વારા આત્મસાક્ષાત્કાર થાય એ જ છે–હું બ્રહ્મ છું–એવું અભેદજ્ઞાન.

* * * *

(૪) ભ. શંકરાચાર્યના અપરોક્ષાનુભૂતિ નામના પ્રકરણ ગ્રંથમાં શ્લો. ૧૦૧થી નિદિધ્યાસનની મહત્તા સમજાવીને આત્માનો અનુભવ કરવા માટે સુંદર યોજના કરી છે. એમાં નીચે પ્રમાણે જ્ઞાનનાં પંદર અંગો બતાવ્યાં છે.

(૧) યમ (૨) નિયમ (૩) ત્યાગ (૪) મૌન (૫) દેશ (૬) કાલ (૭) આસન (૮) મૂલબંધ (૯) દેહની સમતા (૧૦) દૃષ્ટિની સ્થિરતા (૧૧) પ્રાણનો નિરોધ (૧૨) પ્રત્યાહાર (૧૩) ધારણા (૧૪) આત્મધ્યાન (૧૫) સમાધિ.

પ્રત્યેકની વ્યાખ્યા તપાસીએ.

(૧) યમ :– सर्वम ब्रह्म=બધું બ્રહ્મ છે એવા વિજ્ઞાનના સામર્થ્યથી ઇંદ્રિયોના સમૂહને અનાત્મ વિષયોમાંથી, અધર્મમય કર્મોમાંથી તથા ચંચલતામાંથી રોકી રાખવો એ યમ છે.

(૨) નિયમ :– “ હું આત્મા છું ” એ વૃત્તિના સજાતીય પ્રવાહને ચાલુ રાખવો, અને એ વિના અનાત્મવૃત્તિના વિજાતીય પ્રવાહને અંતરમાં ન ઊઠવા દેતાં, આવે તો તિરસ્કારપૂર્વક એનો ત્યાગ કરીને अहंब्रह्मास्मि–હું બ્રહ્મ છું એ ભાવનું સતત

અનુસંધાન રાખવું એ નિયમ છે. આ નિયમના પાલનથી પરમતત્ત્વના આસ્વાદનરૂપ પરમાનંદનો અનુભવ થાય છે.

(૩) ત્યાગ :– ચૈતન્ય સ્વરૂપ આત્મા, વિશુદ્ધ અહમ્‌ની વિશાલતા તથા વ્યાપકતાને દૃષ્ટિમાં રાખીને સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ દ્વારા પંચતત્ત્વના વિસ્તારરૂપ બ્રહ્માંડ પ્રપંચનો આંતરિક ભાવ વડે ત્યાગ કેળવવો એ ત્યાગ જ તાત્કાલિક આનંદ આપનારો નીવડે છે. આત્મા આનંદ સ્વરૂપ હોવાથી મનોવૃત્તિમાં બ્રહ્મભાવના જાગ્રત થતાં જ આનંદની સ્ફૂર્તિ આવવા માંડે છે. મહાપુરુષોએ એને જ ત્યાગ કહ્યો છે.

(૪) મૌન :– મન તથા એમાંથી ઉદ્‌ભવતી વાચા જે પરમતત્ત્વનો વિચાર કરતાં ત્યાંથી પાછી ફરે છે, જ્યાં વાણી કે મન નથી એવું બ્રહ્મજ્ઞાન જ મૌન સ્વરૂપ છે. એવું મૌન જ યોગીઓએ પ્રાપ્ત કરવું જોઇએ કે જ્યાં વાણી, વિચાર, તર્ક કે કલ્પના જ નથી. આત્મજ્ઞાનનો વિવેકી સાધક મનવાણીથી પર એવા બ્રહ્મનું ચિંત્વન સ્વરૂપ મૌનનું સેવન કરે.

(૫) દેશ :– દેશ એટલે જ્યાં તત્ત્વચિંત્વન સરલતાથી થઇ શકે એવો નિર્જન પ્રદેશ, જે પરમતત્ત્વ સ્વરૂપ આત્મામાં આદિ, મધ્ય કે અંતમાં જન (ઉત્પત્તિ જ) નથી. જ્યાં કોઈ પ્રાણી પદાર્થ નથી છતાં જે નિર્જન પરમ તત્ત્વથી આ સમસ્ત જગત સર્વદા વ્યાપેલું છે એવો જનરહિત દેશ છે, એ જ સર્વ દૃશ્ય વિનાનો આત્મપ્રદેશ છે.

(૬) કાલ :– તત્ત્વનું ચિંત્વન કરવા માટે સમયનો નિર્ણય કરનારે વિચાર કરવો જોઇએ કે આંખના પલકારા જેટલા કાલથી માંડી બ્રહ્માના કલ્પ સુધીના સમયમાં પણ અખંડ, એક અને

આનંદ સ્વરૂપ આત્મા છે, એ કાલાતીત હોવા છતાં પણ દ્વૈતસંહાર માટે મહાકાલ સ્વરૂપ છે, એવી ભાવના વધારવી જોઈએ.

(૭) આસન :– જેવી રીતે બેસવા કે રહેવાથી કર્તવ્ય અકર્તવ્યની ચિંતાથી રહિત થઇને સુખપૂર્વક નિરંતર બ્રહ્મનું સતત્ ચિંત્વન થઇ શકે, એવા આત્મનિશ્ચયને જ આસન સમજવું જોઇએ. એ સિવાયનાં બીજાં આસનો તો શરીરની સ્વાભાવિક તથા સહજ અવસ્થાનાં સુખનો નાશ કરનારાં છે.

(૮) મૂલબંધ :– બ્રહ્મ સમસ્ત પ્રાણી માત્રનું, બધાં તત્ત્વોનું મૂલ છે, જે ચિતના નિગ્રહનું પણ નિમિત્ત છે, જે બ્રહ્મની પ્રાપ્તિ માટે ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો પડે છે, તે બ્રહ્મરૂપ મૂલબંધનું મુમુક્ષુઓએ નિરંતર સેવન કરવું જોઈએ. આવો મૂલબંધ વ્યવહારમાં પણ જેના ચિત્તમાં વિક્ષેપ થતો નથી એવા રાજયોગીઓ માટેનો યોગ છે.

(૯) દેહની સમતા :–બ્રહ્મમાં આરોપિત થયેલી વિષમતામાં પણ બ્રહ્મના સમત્ત્વનું જે જ્ઞાન કેળવે, અધિષ્ઠાનમાં જ દષ્ટિ રાખી સમસ્ત બ્રહ્મનું આસ્વાદન કરે એવા યોગીનું ચિત્ત બ્રહ્મમાં લીન થાય છે, આવી રીતે જે ન સમજે તેમનું મન તલ્લીન થતું નથી, સમરસ બ્રહ્માનંદના આસ્વાદન વિનાનું ચિત્ત બ્રહ્મદષ્ટિએ સૂકા વૃક્ષના જેવું સરલ દેખાય ખરું, પરંતુ એ કેવળ નીરસ, આંતર બાહ્ય જડતા જ હોય છે.

(૧૦) દષ્ટિની સ્થિરતા :– ચિત્તની વૃત્તિને અખંડ બ્રહ્માકાર કરીને સમસ્ત જગતને બ્રહ્મસ્વરૂપે જુએ, એવી ઉદાર બ્રહ્મદર્શિની

વૃત્તિ જ દૃષ્ટિની સ્થિરતા છે. નાસિકાના અગ્ર ભાગમાં જોનારી દૃષ્ટિ વાસ્તવિક સ્થિર દૃષ્ટિ નથી. ઉપરાંત જે બ્રહ્મમાં દ્રષ્ટા, દર્શન તથા દૃશ્યનો લય થાય છે, જ્યાં સમસ્ત ત્રિપુટી શાંત થાય છે, એ બ્રહ્મમાં જ્ઞાનદૃષ્ટિ રાખવી અને એવી સતત્ ધારાવાહિની આત્માકાર વૃત્તિ કેળવવી એ જ સાચી સ્થિર દૃષ્ટિ છે.

(૧૧) પ્રાણાયામ :– જગત મિથ્યા છે એવી વૃત્તિ રાખીને દ્વૈતભાવને અંતરમાંથી કહાડી નાખવો એ રેચક પ્રાણાયામ છે. હું બ્રહ્મસ્વરૂપ છું એવી ભાવના રાખીને અંતર્મુખ રહેવું એ પૂરક પ્રાણાયામ છે, અને ત્યાર પછી બ્રહ્માકાર વૃત્તિની નિશ્ચલતા ટકાવી રાખવી એ કુંભક પ્રાણાયામ છે. આવા પ્રાણાયામને જ જ્ઞાનીઓ પ્રાણાયામ કહે છે. નાસિકાઓને દાબી રાખવી એ તો અજ્ઞાનીઓનો પ્રાણાયામ છે.

(૧૨) પ્રત્યાહાર :– પ્રત્યેક દૃશ્ય પદાર્થોમાં સત્–ચિત્–આનંદસ્વરૂપની પ્રતીતિ થાય છે એવું ચિત્તનું અનુસંધાન રાખીને નામરૂપ તથા કર્મના સ્મરણને કહાડી નાંખી પરમ તત્ત્વસ્વરૂપ ચૈતન્યમાત્રમાં ડૂબાડી રાખવું એ જ સાચો પ્રત્યાહાર છે; એક નામરૂપ ઉપરથી બીજા નામરૂપ ઉપર ગુણ કે ક્રિયા ભેદે ચિત્તને વાળવું એ પ્રત્યાહાર તો અજ્ઞાનીઓનો છે. જિજ્ઞાસુએ આવી રીતે નામરૂપનો બાદ કરીને પ્રત્યેક વિષયના અધિષ્ઠાનસ્વરૂપ સચ્ચિદાનન્દમાં મનને નિમગ્ન રાખવાનો અભ્યાસ કરવો જોઈએ, કારણ કે એ જ સાચો પ્રત્યાહાર છે.

(૧૩) ધારણા :– મન પોતાના સ્વભાવ પ્રમાણે જે જે પ્રાણી-પદાર્થમાં જાય ત્યાં અસ્તિ–ભાતિ–પ્રિયતા રૂપ રહેલા પ્રસિદ્ધ બ્રહ્મના અનુસંધાનથી મનને સ્થિર–નિશ્ચલ કરવું એ જ ધારણાનું સર્વોત્તમ સ્વરૂપ છે.

(૧૪) ધ્યાન :– "હું બ્રહ્મ છું" એવા પરમસત્યનું કોઈ પણ પ્રમાણ વડે બાધ ન થઈ શકે એવી નિર્વિષયી ચિત્તવૃત્તિથી ધ્યાન રાખીને એમાંથી ઉદ્‌ભવ પામતી પરમાનંદનો અનુભવ કરનારી મનોદશા ધ્યાન કહેવાય છે.

(૧૫) સમાધિ :– વિષયનું લેશ પણ અનુસંધાન કે સ્મરણ ન થાય, બ્રહ્માકારવૃત્તિની પરિપકવ અવસ્થાને લીધે ધ્યાતા, ધ્યાન, તથા ધ્યેયની ત્રિપુટીનું વિસ્મરણ થાય અને સ્મરણ–વિસ્મરણની લેશ પણ ભ્રાન્તિ ન ઊભી થ.ય એ જ જ્ઞાનદશાની સર્વોત્તમ સમાધિ છે, અને એ જ વાસ્તવિક સમાધ છે.

આવી રીને જે જ્ઞાન-સમાધિનો અભ્યાસ કરવાનો કહ્યો છે, એની રૂપરેખા આપીને ભ. શંકરાચાર્ય સમજાવે છે કે જિજ્ઞાસુની જ્ઞાનસાધનામાં ચિત્ત, પ્રાણ કે ઇંદ્રિયોનો નિરોધ કરવાનો નથી. પરન્તુ એ બધાં પોતપોતાના સ્વભાવગત ધર્મમાં રહીને જે ક્રિયા કરે ત્યાં નામરૂપનો બાધ કરીને સર્વત્ર એક, અખંડ, અદ્વિતીય બ્રહ્મની ભાવના ભરીને નિત્ય શાન્તિ મેળવવાની છે.

*   *   *   *

કર્મ, ઉપાસના તથા જ્ઞાનનો સાધનક્રમ સમજી લીધા પછી એ પ્રમાણેની સાધના તથા ફલનો વિચાર કરવો જોઇએ. કોઇ બ્રહ્મવિદ્‌ની અનુભવપૂર્ણ આજ્ઞા મેળવીને સ્વચિત્તની પરીક્ષા નિરીક્ષા કરાવીને શુદ્ધિ–અશુદ્ધિનો નિર્ણય કરી લેવો જોઇએ; ચિત્તની મલિનતા એટલે તો દેહવાસના શાસ્ત્રવાસના અને લોકવાસનાની અંતરમાં ભરી રાખેલી અનેક જન્મજન્માંતરની અંધકારમયી દુર્ગંધ મારતી ભોગલાલસા. એને દૂર કરવા માટે વ્યવહારમાં શુદ્ધિ લાવવી જોઇએ. પ્રાપ્તવ્યવહારને ઓળખવા માટે

પોતાના સ્વભાવનું નિરીક્ષણ કરતાં શીખવું જોઇએ. નિયમિત કર્મકાંડનો ત્રિકાલ અભ્યાસ કરીને દિનચર્યાના કામકાજમાં ભાવશુદ્ધિ તથા ક્રિયાશુદ્ધિ રાખીને ચિત્તને ક્ષણેક્ષણે તપાસવું જોઈએ. વ્યવહાર કરતાં કરતાં ચિત્તમાં પૂર્વસંસ્કારવશાત્ વાસનાનો, ભોગવિલાસનો, દ્વંદ્વનો મેલ ચડી જાય તો પ્રાયશ્ચિત કર્મ તથા પ્રાર્થના દ્વારા એ ધોઈ નાંખવાં જોઈએ. એ વિનાનું ઈશ્વરસ્મરણ, કે આત્મચિંતન લાભ કરતાં અસંખ્યગણી હાનિ કરે છે. વાણીમાં શાસ્ત્રચર્ચા આવે છે, પણ જીવનમાં અશાંતિ વધે છે. શ્રદ્ધાના શ્લોકો બોલાય, પણ અંતરમાં અહંકારનું કંટકવૃક્ષ ઊગે છે; ભક્તિની પારાયણો થાય, પણ ચિત્તની ઊષર ભૂમિમાં રેતીનાં રણ જામીને ભયંકર વંટોળિયા તોફાન મચાવે છે. માટે સાવધાન! પ્રથમ ચિત્તને વાસનામુકત કરો!

* * * *

ચિત્તની શુદ્ધિ કર્યા પછી સર્વત્ર ઇશ્વરદર્શન કરવાની આવશ્યકતા છે; આ દ્વૈતસંસાર ત્રણ ગુણના નામરૂપનો વિસ્તાર છે. પ્રત્યેક દેહધારી ત્રણ ગુણને વશવર્તી બનીને કર્મ કરે છે. એ કર્મસમૂહમાં ધર્મ અધર્મ તથા પાપપુણ્યના રંગ પૂરેલા છે, મારા–તારાના બંધ બાંધેલા છે, સ્વાર્થ-નિઃસ્વાર્થની ભાત-ભાતની ગૂંથણી છે. એવા પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહારના ક્ષેત્રમાં પોતાને માટે દૈવી સંપદ ઇષ્ટ છે, સાધન સંપદ્ જ વાસ્તવિક ધનસંપદ્ છે, એ દૃષ્ટિ રાખીને ત્રણે ગુણમાં એક જ અધિષ્ઠાન-સ્વરૂપ નિર્ગુણબ્રહ્મ સગુણ બનીને ઇશ્વરસ્વરૂપે વિહાર કરે છે એમ માનવું. એમાં જ્યાં તમોગુણ દેખાય એ રુદ્રનું સ્વરૂપ, રજોગુણનું ભાન થાય એ બ્રહ્મા, અને સત્ત્વગુણનું દર્શન થાય એ વિષ્ણુનું સ્વરૂપ છે એવું જ્ઞાન, ભાન તથા ધ્યાન રાખીને

વિશ્વમાં વ્યવહાર કર્યે જાઓ. આવો ભગવદ્‌ભાવ સર્વત્ર કેળવવાથી ચિત્તમાં, વ્યવહાર કરવા છતાં પણ ગુણનું નહિ પણ નિર્ગુણ બ્રહ્મનું દર્શન થશે. ગુણ નહીં પણ ગુણીનાં દર્શન કરવાં, કર્મ નહીં પણ કર્માતીત પરમશકિતની ભાવના કરવી, ધર્મ નહીં પણ ધર્મીની સાત્ત્વિકતા જોવી એ છે સાધક, જિજ્ઞાસુ તથા મુમુક્ષુનું ધર્મ-ભાવનાનાં કર્મકાંડ અને ઉપાસનાકાંડનું મૂલભૂત રહસ્ય.

વ્યવહારનાં કર્મ કરવા છતાં પણ સર્વત્ર સગુણ–ત્રિગુણાત્મક બ્રહ્મ એટલે ઈશ્વરનું દર્શન કરવું કે જેથી દિવસભરના વ્યવહારને અંતે ચિત્તમાં ગુણકર્મ નહીં પણ ભગવાનનો વિશુદ્ધ સચ્ચિદાનંદ ભાવ સ્થિર થવા માંડે. આવી ભકિતભરી ભાવના વડે સગુણ દર્શનનો અવધિ થયા પછી જે બ્રહ્મદર્શનની ભાવના કરવાની બાકી રહે છે, એ માટે આ લેખની યોજના છે. ગુણધર્મ એટલે જ નામરૂપ, એ નામરૂપમય વિશ્વ એટલે ભગવાન અને એની અચિંત્ય માયાશકિતનો વિલાસ, એ લીલા છે. ઇશ્વરના એ લીલાવિલાસમાં દિનચર્યા અને જીવનચર્યા વીતે એ છે ભકિતનું નિર્મળ પ્રેમજીવન; એ પ્રેમજીવનમાંથી સત્ત્વશીલ ચિત્તમાં સ્થિરતા આવવા માંડે, એક જ અધિષ્ઠાનના અભેદ દર્શનની જિજ્ઞાસા જાગે, ત્રિગુણાત્મક વિશ્વનાં દ્વંદ્વમાંથી છૂટવાનો તીવ્ર સંવેગ ઊઠે એ છે મોક્ષની ઈચ્છા; પછી મોક્ષેચ્છા માટે સાધન-સંપત્તિ જોઇએ. એ સાધનધનની સહાયતાથી સંપન્ન થયા પછી શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠનું શરણ ગ્રહણ થાય એ છે શરણાગતિ–આત્મસમર્પણની અંતિમ મનોદશા. એવી અધિકારી મનોદશામાંથી બ્રહ્મનું સ્વરૂપ સમજવા માટે બુદ્ધિમાં શાસ્ત્રાનુકૂલ તર્ક ઊભા થતાં ગુરુશિષ્ય વચ્ચે ઉહાપોહ થાય, શાસ્ત્ર અને અનુભવ પ્રમાણે બ્રહ્મસ્વરૂપનો નિર્ણય થાય, ત્યારે એ ગુરુ-મુખજ્ઞાનનું જે અમૃત પીવાય એ છે શ્રવણ. શ્રવણ કરેલા

સિદ્ધાન્તોનું શુદ્ધ બુદ્ધિ વડે ચિંતન ચાલે એ છે મનન; અને શ્રવણમનન પછી જે નિદિધ્યાસનની યોજના છે, જ્ઞાનયોગ માટેનાં જે સાધનો છે, એનું જ ભ. શંકરાચાર્ય, ઉપર બતાવ્યું છે તેવી રીતે અપરોક્ષાનુભૂતિમાં સ્પષ્ટીકરણ કરે છે.

આ પંદર અંગોની સાધના માટે કશો ખાસ બાહ્ય નિયમ નથી; ચિત્ત તથા ઇંદ્રિયોનો નિરોધ નથી; જ્યાં જ્યાં સ્થાન મળે, જ્યાં જ્યાં એકાંત મળે, એકલા પડવાનો પ્રસંગ સાંપડે, વ્યવહારમાંથી ફુરસદ મળે, ત્યાં ત્યાં અને ત્યારે બ્રહ્મભાવનાનું જે સુંદર બીજ બ્રહ્મનિષ્ઠ ગુરુ તથા બ્રહ્મદર્શનનાં શાસ્ત્રવાક્યોએ તમારા ચિત્તમાં રોપેલું છે, એને આવી સર્વોત્તમ ચિત્તવૃત્તિવડે પોષણ આપો. પણ! સાવધાન! એમાં ભૂલ ન આવે! એમાં દેહદૃષ્ટિ નથી; ઇંદ્રિયભોગની ગંધ નથી; બુદ્ધિનો તર્કવિલાસ નથી. એ તો છે જીવનમાં સર્વત્ર, સર્વથા, સર્વદા બ્રહ્માનુભવ કરવાનો રાજમાર્ગ! એ જ છે રાજવિદ્યા! એ છે પરમગુહ્ય એટલે જ રાજગુહ્ય જે માટે જુઓ ભ. ગી. ના નવમા અધ્યાયમાં એનું સુંદર સ્પષ્ટીકરણ છે તે. બીજા શ્લોકમાં એની પ્રશંસા કરતાં કહે છે કે:-

राजविद्या राजगुह्यं पवित्रम् इदम् उत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुम् अव्ययम् ॥

ભાવાર્થ :- સર્વત્ર બ્રહ્મદર્શન કરવાની આ મહાન વિદ્યા છે એટલે એ રાજવિદ્યા કહેવાય છે. પરંતુ સાવધાન! એ વિદ્યા કેવળ સાધનસંપન્ન અધિકારી જ સાચવી-સમજી શકે એવી છે, ઉત્તમ રહસ્યવાળી છે, તેથી ગુપ્ત રાખવા જેવી છે. અનધિકારીને કહેવા બતાવવા જેવી નથી. છતાં એ પવિત્ર છે; એટલે

બધાને પાવન કરનારી છે. સૌથી ઉત્તમ છે, બધાં સાધન કરતાં શ્રેષ્ઠ છે, સૌથી છેવટના સાધનરૂપ છે; ઉપરાંત એ સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવ કરવા જેવી છે, ધર્મમાં પ્રેરણા કરાવે એવી છે, આચરણમાં ઉતારવા જતાં સુખ ઉપજાવે એવી છે એટલે કે સુખપૂર્વક સાધી શકાય એવી છે; અને કદી પણ નાશ ન પામે એવી છે કારણ કે એ સર્વના નિત્યસ્વરૂપ આત્માની વિદ્યા છે; એ બ્રહ્મવિદ્યા છે તેથી બ્રહ્મના જેવી જ શાશ્વત્ છે, અનન્ત છે, આનંદ સ્વરૂપ છે!

*        *        *        *

જિજ્ઞાસુ કે મુમુક્ષુ! સાવધાન બનીને સાધના કર્યે જા! જ્ઞાનયોગનું રહસ્ય સમજી લે! વાણીમાં મૌન, ચિત્તમાં શાંતિ અને બુદ્ધિમાં આત્મનિશ્ચય થાય એટલે અનાયાસે, સહજ સ્વભાવે સમજાશે કે આત્મજ્ઞાનનું ફલ છે શાંતિ! બ્રહ્મવિદ્યાનો અનુભવ તો છે આનંદ, આનંદ અને આનંદના શાંત સૌરભમય અમૃતસાગરમાં ચિત્તનું સતત્ અવગાહન!

( ઑકટોબર-૧૯૫૧ )

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૧૬ | (દેખાવ) | (દેખાવ |
| ૪ | ૨૨ | બાહ્ય | બાહ્ય, |
| ૫ | ૧૫ | હેક | કહે |
| ૬ | ૧૯ | બુદ્ધિહિનને | બુદ્ધિહીનને |
| ૮ | ૧૫ | બનાવવાની | બનાવવાની છે. |
| ,, | ૨૦ | આષધસેવન | ઔષધસેવન |
| ,, | ૨૨ | એમના | એમનાં |
| ૯ | ૨૦ | જેના | જેનાં |
| ૧૦ | ૮ | અ સંખ્ય | અસંખ્ય |
| ,, | ૧૩ | પ્રારબ્ધ વશ | પ્રારબ્ધવશ |
| ૧૨ | ૧૮ | જજ્ઞાસા | જિજ્ઞાસા |
| ૧૪ | ૧૭ | સાધના | સાધના છે. |
| ૧૬ | ૨૧ | એવા | એવો |
| ૧૭ | ૨ | સાને | સૌને |
| ,, | ૨૦ | એટલું પરોક્ષ | એવું અપરોક્ષ |
| ,, | ૨૩ | એ વખત કેવળ શબ્દ છે તેમાંથી એક રાખો. | |
| ,, | ૨૬ | જીવનમુક્તિ | જીવન્મુક્તિ |
| ૧૯ | ૭ | એજ છે, | એ જ છે |
| ૨૨ | ૧ | વર્ગ, | વર્ગ |
| ,, | ૨ | દેવદર્શન | દેવદર્શન, |
| ,, | ૧૫ | સાધંના | સાધનોને |
| ૨૫ | ૪ | ઉપરના | ઉપરનાં |
| ,, | ૧૨ | પ્રાત્યવ્ય | પ્રાપ્તવ્ય |
| ૨૬ | ૯ | આત્માદેવના | આત્મદેવના |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૮ | ૧૪ | યોયક્ષેમને। | યોગક્ષેમને। |
| ૩૧ | ૧૩ | નઃ | ના |
| ૩૨ | ૧૦ | કહ્યું છે | રહ્યું છે. |
| ૩૩ | ૧૯ | જાણુતા છતાં | જાણુતા હોવા છતાં |
| ,, | ૨૫ | નામને।, એટલે | નામને। છે. |
| ૩૪ | ૭ | અમર્યાદા સ્વેચ્છચારને | અમર્યાદ સ્વેચ્છાચારને |
| ,, | ૧૦ | અસહ્ય વિકારી | અસહ્ય તથા વિકારી |
| ૩૬ | ૩ | યથેષ્ઠ સ્વછંદ | યથેષ્ટ અને સ્વચ્છંદ |
| ,, | ૧૯ | જીવવ | જીવન |
| ૪૧ | ૨૦ | વસનાને | વાસનાને |
| ૪૩ | ૧ | ભાતિક | ભૌતિક |
| ,, | ૧૭ | મનનીશંકાશીલ | મનની શંકાશીલ |
| ૪૪ | ૨૨ | એને-કદી | એને કદી |
| ૪૮ | ૧૮ | સુધી | સુધીની |
| ૫૦ | ૨૧ | પાગર્યાં | પાંગર્યાં |
| ૫૨ | ૧ | મુર્ખ | મૂર્ખ |
| ૫૪ | ૨ | અદ્વતના | અદ્વૈતના |
| ૫૫ | ૯ | પ્રશ્નાને | પ્રશ્નોને |
| ૫૬ | ૫ | બાદ્ધિક | બૌદ્ધિક |
| ,, | ૬ | આત્માના | આત્માનાં |
| ૫૭ | ૧૩ | તથા | તથા બીજાં |
| ૫૯ | ૧૮ | આત્મકાર | આત્માકાર |
| ૬૧ | ૨ | આત્મનિરિક્ષણુ | આત્મનિરીક્ષણ |
| ૬૪ | ૫ | પુસ્તકોમાંથી | પુસ્તકોમાં |
| ૬૫ | ૯ | ઇન્દ્રિયને | તથા ઇન્દ્રિયને |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૫ | ૨૩ | ( સાંદર્ય ) | (સૌંદર્ય) |
| ૬૮ | ૧ | એણુ | એને |
| ,, | ૧૩ | એના | એનો |
| ૭૦ | ૧૪ | દ્રષ્ટિમાં | દષ્ટિમાં |
| ૭૪ | ૮ | અસંખ્યવડે | અસંખ્ય વૃત્તિવડે |
| ૭૬ | ૨ | પોતાને | પણ |
| ૭૮ | ૧૮ | રાજ્યક્રાંતિ | રાજ્યક્રાંતિ થાય છે. |
| ,, | ૨૩ | પ્રથમકક્ષના | પ્રથમકક્ષાના |
| ૭૯ | ૨૧ | તેષુ | તેષૂ |
| ૮૧ | ૩ | અને એનો | એનો |
| ૮૫ | ૨ | સંયમી દશા | સંયમી દશા, |
| ,, | ૨૦ | કોઇવાર | પણ |
| ૮૬ | ૧૩ | વિશ્વામિત્રની | વિશ્વામિત્રને |
| ,, | ૧૪ | યુધિષ્ઠિરનું | યુધિષ્ઠિરને |
| ૮૮ | ૭ | ઢળીને | ઢળી |
| ૮૯ | ૧૬ | થવાથી વ્યાધિ— | ચેકી નાંખવાના શબ્દો છે. |
| ૯૨ | ૧૨ | સાચાખોડાની | સાચા ખોટાની |
| ૯૪ | છેલ્લી | સામાર્થ્ય | સામર્થ્ય |
| ૯૫ | ૬ | આધુનિક | આધુનિક, |
| ૯૬ | ૧૧ | વિશેશતા | વિશેષતા |
| ૯૯ | ૧૭ | થયા | રહ્યા |
| ,, | ,, | વૃદ્ધિક્ષીણુતા | વૃદ્ધિક્ષીણુતાના |
| ૧૦૧ | ૧૪ | અન્તર્મુખ | અન્તર્મુખતા |
| ૧૦૨ | ૭ | બનાવી નવનીત | નવનીત |
| ,, | ૧૧ | હેવાનો | હોવાનો |
| ૧૦૩ | ૧૭ | વાસ્તવિકતાનું | વાસ્તવિકતાનું |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૮ | ૧૧ | હેતુ મૂલવૃતિ | હેતુમૂલક વૃત્તિ, |
| ૧૧૪ | ૨૨ | શત શ્લોકીના | એના |
| ૧૧૭ | ૬ | અધિકાર | અધિકારભેદ |
| ૧૨૨ | ૭ | આધ્યાત્મ | આધ્યાત્મિક |
| ૧૨૩ | ૧૧ | મોક્ષપ્રદાનનાં | મોક્ષપ્રદાનનાં |
| ૧૨૬ | ૨ | ભધેય | બધેય |
| ,, | ૮ | બ્રહ્મસ્વરૂપ છે | બ્રહ્મસ્વરૂપ |
| ,, | ૧૪ | ઇષ્ટદેવ એક | ઈષ્ટદેવ કે એક |
| ,, | ૧૬ | બધાયમાં | બધામાં ફલ માટેની |
| ૧૨૭ | ૧૨ | ધ્વેય | ધ્યેય |
| ૧૨૮ | ૧૭ | વેરાગ્યાદિ | વૈરાગ્યાદિ |
| ૧૨૯ | ૪ | મધ્ય | મધ્યમ |
| ,, | છેલ્લી | આત્માનું | આત્માના |
| ૧૩૧ | ૧૨ | જગતના | જગત |
| ૧૩૨ | ૧૯ | થાય ત્યારે | થતાં |
| ૧૩૬ | ૯ | અન્તમુર્ખ | અન્તર્મુખ |
| ૧૪૧ | ૬ | ચોકખા | સ્વચ્છ |
| ૧૪૫ | ૬ | જાતીના | જાતિના |
| ,, | ૨૧ | નિમૂર્ળ | નિર્મૂળ |
| ,, | ૨૩ | મૂકીને | ત્યાગીને |
| ૧૪૬ | ૪ | બીજાનું | બીજું |
| ,, | ૧૦ | પણા | પણ |
| ૧૫૧ | ૨૦ | બાદ | બાધ |
| ૧૫૨ | ૮ | થ:ય | થાય |